णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણુ - ૨૧

'વિશેષોપનિષદ્' ભાવાનુવાદથી અલંકૃત

# વિશેષશતકમ્

❁ મૂલકાર ❁

ઉપાધ્યાયશ્રી **સમયસુંદરગણિવર્ય**

❁ ભાવાનુવાદ + સંપાદન ❁

પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજય
**કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ

❁ પ્રકાશક ❁

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

- **પુસ્તકનું નામ** : વિશેષશતકમ્
- **ભાવાનુવાદ + સંપાદન** : પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ
- **વિષય** : ૧૦૦ વિશિષ્ટ પ્રશ્નોના સમાધાનો.
- **વિશેષતા** : વિદ્વાનોને પણ મુંઝવતા પ્રશ્નો. પ્રત્યેક સમાધાનમાં શાસ્ત્રસાક્ષી સાથે વિશદ છણાવટ. આ એક અનેકાનેક વિષયોનું શાસ્ત્રીય જ્ઞાન મળી શકશે.
- **પ્રકાશક** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ
- **પઠનપાઠનના અધિકારી** : ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા
- **પ્રતિ** : ૫૦૦
- **આવૃત્તિ** : પ્રથમ, **પ્રકાશન વર્ષ**-વિ.સં.૨૦૬૬, વી.સં.૨૫૩૬, ઈ.સ.૨૦૧૦
- **મૂલ્ય** : રૂા.૧૮૦/-
- © **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  પ્રસ્તુત ગ્રંથના કોઈ પણ અંશનો ઉપયોગ કરતાં પૂર્વે લેખક અને પ્રકાશકની લેખિત મંજૂરી જરૂરી છે.
  આ ગ્રંથ જ્ઞાનદ્રવ્યમાંથી પ્રકાશિત થયો હોવાથી ગૃહસ્થોએ તેની માલિકી કરવી હોય, તો તેનું મૂલ્ય જ્ઞાનખાતામાં અર્પણ કરવું.
- **પ્રાપ્તિ સ્થાન** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

**શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા**, દુ.નં.૫-૬, બદ્રિકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ ઈ રોડ, **મુંબઈ**-૨. ફોન : ૨૨૮૧૮૩૯૦, ૨૨૬૨૪૪૭૭

**શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**, ૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા ગરનાળા પાસે,
**પાટણ**-૩૮૪૨૬૫. (ઉ.ગુ.), મો. : ૯૯૦૯૪૬૮૫૭૨

**શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા**, સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
હીરા જૈન સોસાયટી, સાબરમતી, **અમદાવાદ**-૫. મો. : ૯૪૨૬૫ ૮૫૯૦૪.

- **મુદ્રક** : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૫૪૬૦૨૯૫

......અનુમોદના..... અભિનંદન....... ધન્યવાદ.......

❁ સુકૃત સહયોગી ❁

પ.પૂ. મહાન આગમ–શાસ્ત્રોદ્ધારક
આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા
પ.પૂ. તપસ્વીરત્ન આ.શ્રી વિજય **રવિરત્નસૂરિ** મ.સા.
પ.પૂ.આ.શ્રી વિજય **કલ્યાણબોધિસૂરિ** મ.સા.
આદિ વિશાળ પરિવારની નિશ્રામાં
**ગુલાબગંજ નગરે** (રાજ.)
વિ.સં. ૨૦૬૬ માગસર સુદ૧૦ ના રોજ થયેલ
મુમુક્ષુ **શ્વેતાકુમારી અમૃતલાલ શાહ**ની
દીક્ષા પ્રસંગે થયેલ જ્ઞાનનિધિની
ઉપજમાંથી

# શ્રી ગુલાબગંજ જૈન સંઘ

**રાજસ્થાન.**

*જ્ઞાનનિધિ સદ્વ્યયની*
*ભૂરિ ભૂરિ*
*અનુમોદના*

......અનુમોદના..... અભિનંદન....... ધન્યવાદ.......



## સમાધાનની સરિતા

- ❑ ‘સિરસા મણસા મત્થએણ વંદામિ’ આ પાઠમાં પુનરુક્તિ નથી ?
- ❑ શિથિલાચારીને વંદન કરાય કે નહીં ?
- ❑ ધરતીકંપ કેમ થાય છે ?
- ❑ ઊંટનું દૂધ પીવાય કે નહીં ?
- ❑ કુત્રિકાપણ શું હોય છે ?
- ❑ ૧૮ ભાર વનસ્પતિનો શું અર્થ ?
- ❑ શય્યાતરનું શું વહોરી શકાય ? અને શું નહીં ?
- ❑ દીવાનો પ્રકાશ સચિત્ત અને સૂર્ય-ચંદ્રનો અચિત્ત, એનું શું કારણ ?

આવા અનેક પ્રશ્નો અનેકોના મનમાં ઉદ્ભવે છે. પણ સમાધાન મળતું નથી. પ્રસ્તુત ગ્રંથમાં આવા જ વિશિષ્ટ ૧૦૦ પ્રશ્નોના સમાધાનો આપવામાં આવ્યા છે. તેથી તેનું ‘વિશેષશતક’ એવું નામ સાર્થક છે.

**ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી**
**ધન્ય પુંડરિકગિણી ધામ...**

આ સ્તવન દ્વારા શ્રીસંઘમાં જેઓ પ્રખ્યાત બની ચૂક્યા છે, તેવા ઉપાધ્યાયશ્રી સમયસુંદરગણિ આ ગ્રંથના કર્તા છે.

**સમયસુંદરની વિનતિ જી માનજો વારંવાર...**

આ પંક્તિ બોલનારાઓમાં કદાચ ભાગ્યે જ કોઈને ખબર હશે, કે પૂ. સમયસુંદરજીએ આવા ગંભીર ગ્રંથની પણ રચના કરી છે. અહીં પ્રત્યેક સમાધાનોમાં તેમણે સાક્ષીપાઠોને રજુ કર્યા છે. સરળ અને સુગમ શૈલી અપનાવી છે. તેઓશ્રી ખરતરગચ્છના હોવાથી સામાચારીભેદની છાંટ ક્યાંક આવી જાય તે સહજ છે, પણ એ સિવાય આગમો, છેદગ્રંથો, ભાષ્યો, પૂ. હરિભદ્રસૂરિ આદિ પૂર્વાચાર્યકૃત ગ્રંથો વગેરેમાંથી અહીં પ્રચુર પ્રમાણમાં સાક્ષીપાઠો આપવામાં આવ્યા

છે. અને એકંદરે અન્ય ગચ્છોમાં પણ આ ગ્રંથ પ્રાયઃ સ્વીકાર્ય અને ઉપાદેય બની શકે છે. આમ છતાં વિશિષ્ટ પદાર્થો અંગે શંકા થાય, તો સ્વ-સ્વ ગચ્છના નાયકને પૂછીને તેનું સમાધાન મેળવી શકાય.

આ ગ્રંથની ઉપયોગિતા જોઈને તેનો ભાવાનુવાદ 'વિશેષોપનિષદ્' ના નામે પ્રસ્તુત કરતા આનંદ અનુભવું છું. પરમકૃપાળુ પરમાત્મા અને પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની કૃપાથી આ ભાવાનુવાદનું સર્જન અને સંપાદન સંપન્ન થયું છે. શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ - શ્રી વિમલભાઈનો સહકાર પણ સ્મરણીય છે. આ પ્રબંધ સ્વ-પર-કલ્યાણનું નિમિત્ત બને એ જ શુભાભિલાષા સાથે જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.

- પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો ચરણકિંકર
વિજય **કલ્યાણબોધિસૂરિ**

અષાઢ વદ ૧,
વીરસંવત્ ૨૫૩૫, વિરમગામ



**શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણુ**

# ज्ञानामृतं भोजनम्...

**પરિવેષક**

**પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આ. હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય**
**આ. કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.**

૧. સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્ - સાનુવાદ.
૨. ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્ - સાનુવાદ, સવાર્તિક.
૩. સમતાસાગર મહાકાવ્યમ્ - સાનુવાદ.
૪. પરમપ્રતિષ્ઠા કાવ્યમ્ - સાનુવાદ, કલાત્મક આલ્બમ સાથે.
૫. જીરાવલીયમ્ કાવ્યમ્ - સાનુવાદ.
૬. પ્રેમમંદિરમ્ - કલ્યાણમંદિરપાદપૂર્તિ સ્તોત્ર - સાનુવાદ, સવાર્તિક.
૭. છંદોલંકારનિરૂપણમ્ - કવિ બનવાનો શોર્ટકટ - પોકેટ ડાયરી.
૮. તત્ત્વોપનિષદ્
૯. વાદોપનિષદ્
૧૦. વેદોપનિષદ્
૧૧. શિક્ષોપનિષદ્
} — શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી અને અષ્ટાદશી દ્વાત્રિંશિકા પર સંસ્કૃત ટીકા - સાનુવાદ.
૧૨. સ્તવોપનિષદ્ - શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞશ્રીહેમચન્દ્રાચાર્યકૃત અદ્ભુત સ્તુતિઓના રહસ્ય - સાનુવાદ.
૧૩. સત્ત્વોપનિષદ્ - યોગસાર ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)
૧૪. દેવધર્મોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત દેવધર્મપરીક્ષા ગ્રંથની ગુર્જર ટીકા
૧૫. પરમોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજી આદિ કૃત પાંચ 'પરમ' કૃતિઓ પર ગુર્જરવૃત્તિ
૧૬. આર્ષોપનિષદ્-૧
૧૭. આર્ષોપનિષદ્-૨
} શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત ઋષિભાષિત (ઈસિભાસિયાઈ) આગમસૂત્ર પર સંસ્કૃત ટીકા.

१८. वैराग्योपनिषद् - श्रीहरिहरोपाध्यायकृत भर्तृहरिनिर्वेद नाटक-ભાવાનુવાદ.

૧૯. સૂક્તોપનિષદ્ - પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ

૨૦. કર્મોપનિષદ્ - સિદ્ધાન્તમહોદધિ શ્રીપ્રેમસૂરીશ્વરજીકૃત કર્મસિદ્ધિ ગ્રંથ પર ભાવાનુવાદ.

૨૧. વિશેષોપનિષદ્ - શ્રી સમયસુંદરોપાધ્યાયજીકૃત વિશેષશતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ.

૨૨. હિંસોપનિષદ્ - શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત હિંસાષ્ટક ગ્રંથ પર ગુર્જર ટીકા.

૨૩. અહિંસોપનિષદ્ - અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રીહરિભદ્રસૂરિ મહારાજા કૃત) નાનાચિત્તપ્રકરણ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ.

૨૪. ધર્મોપનિષદ્ - વેદ થી માંડીને બાઈબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય.

૨૫. શમોપનિષદ્ - નવનિર્મિત સપ્તક પ્રકરણ - સાનુવાદ.

૨૬. લોકોપનિષદ્ - શ્રી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણય ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧).

૨૭. આત્મોપનિષદ્ - શ્રી ઉદયનાચાર્યકૃત આત્મતત્ત્વવિવેક ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧).

૨૮. સામ્યોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત સમાધિ-સામ્યદ્વાત્રિંશિકા સચિત્ર સાનુવાદ.

૨૯. સદ્બોધોપનિષદ્ - સદ્બોધચન્દ્રોદય પંચાશિકા પર સંસ્કૃત વાર્ત્તિક - સાનુવાદ

૩૦. સ્તોત્રોપનિષદ્ - શ્રીવજસ્વામિકૃત શ્રીગૌતમસ્વામિસ્તોત્ર - સચિત્ર સાનુવાદ.



૩૧. દર્શનોપનિષદ્-૧ }
૩૨. દર્શનોપનિષદ્-૨ } શ્રી માધવાચાર્યકૃત સર્વદર્શનસંગ્રહ ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ.

૩૩. રામાયણના તેજ કિરણો - રામાયણી માટે પર્યાપ્ત આલંબન

૩૪. અસ્પર્શોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત અસ્પૃશદ્ગતિવાદ પર ગુર્જર વૃત્તિ

૩૫. હિતોપનિષદ્ - અધ્યાત્મકલ્પદ્રુમના યતિશિક્ષોપદેશાધિકાર તથા યતિશિક્ષાપંચાશિકા પર ગુર્જર વાર્ત્તિક + સાનુવાદ સાવચૂરિ યતિવિચાર

૩૬. જ્ઞાનોપનિષદ્ - અષ્ટાવક્ર ગીતા પર સંસ્કૃત વૃત્તિ.

૩૭. સંબોધોપનિષદ્ - સટીક શ્રીરત્નશેખરસૂરિકૃત સંબોધસપ્તતિ ગ્રંથ પર ગુર્જરવૃત્તિ

૩૮. ઈષ્ટોપનિષદ્ - શ્રીપૂજ્યપાદસ્વામિકૃત ઈષ્ટોપદેશ ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ

૩૯. વિમોહોપનિષદ્ - શ્રીયશપાલમંત્રીકૃત મોહરાજપરાજય નાટક પર વિષમપદવ્યાખ્યા અને અનુવાદ

૪૦. શ્રામણ્યોપનિષદ્ - દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામ શ્રમણશતક)

૪૧. સફળતાનું સરનામું - સફળ જીવન જીવવા માટે સફળ કિમિયાઓ

૪૨. સૂત્રોપનિષદ્ - શ્રીસૂત્રકૃતાંગસૂત્ર-દ્વિતીયશ્રુતસ્કંધ પર સંસ્કૃત સંગ્રહણી. (શ્રીસૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ના પુનઃ સંપાદન સાથે.)

૪૩. પ્રવ્રજ્યોપનિષદ્ - અજ્ઞાતપૂર્વાચાર્યકૃત પ્રવ્રજ્યાવિધાન પ્રકરણ પર ગુર્જર વૃત્તિ

૪૪. પ્રસન્નતાની પરબ - વક્તા-શ્રોતા બંનેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા.

૪૫. દેશનોપનિષદ્ - વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીની વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ.

૪૬. જીરાવલા જુહારીએ - ગીત ગુંજન.

૪૭. ઉપદેશોપનિષદ્ - ઉપદેશરત્નકોષ ગ્રંથ પર વિશદ વૃત્તિ.

૪૮. પ્રાર્થનોપનિષદ્ - અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ.

# I n P rocess.....

❇ અંગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ અંગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃતવૃત્તિ

❇ વર્ગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ વર્ગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃતવૃત્તિ

❇ બોટિકોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ-બોટિક પ્રતિષેધ, બોટિક નિરાકરણ, દિગંબરમત ખંડન, બોટિકોચ્ચાટનના સમન્વય સાથે અનેક પ્રાચીન ગ્રંથોના આધારે દિગંબરમતની ગંભીર સમીક્ષા

❇ આગમોપનિષદ્ - આગમપ્રતિપક્ષનિરાકરણ (વિસંવાદ પ્રકરણ) પર વિશદ વિવરણ

❇ દુઃષમોપનિષદ્ - દુઃષમગંડિકા ગ્રંથ પર વિશદ વૃત્તિ.

❇ આચારોપનિષદ્ - શ્રીદેવસુંદરસૂરિકૃત સામાચારી પ્રકરણ પર વિશદ વૃત્તિ



## શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ

**(૧) નયનબાળા બાબુભાઈ જરીવાલા**
**હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા પરિવાર (મુંબઈ)**

**(૨) મૂળીબેન અંબાલાલ શાહ**
**હ. રમાબેન પુંડરીકભાઈ શાહ પરિવાર - ખંભાત (મુંબઈ)**

## શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ

**(૧) નયનબાળા બાબુભાઈ જરીવાલા**
**હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા પરિવાર (મુંબઈ)**

## ❁ શ્રુતસમુદ્ધારક ❁

૧. ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.)

૨. શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ

૩. શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ.તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.સા.)

૪. શ્રી શ્રીપાલનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.ગ.આ.રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ.મ.સા.)

૫. શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ.પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્ય)

૬. નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ
(પ્રેરક : પ.પૂ.મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૭. કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ
(પ્રેરક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ)

૮. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઈ

૯. શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ
(આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

૧૦. શ્રી સાંતાક્રુઝ શ્વે. મૂર્તિ. તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ
(પ્રેરક : આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૧૧. શ્રી દેવકરણ મૂલજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ
(પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ.મ.સા.)

૧૨. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત (પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.તથા પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩. બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬. (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા પૂ.મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.)

૧૪. શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ
(પ્રેરક : પૂ. મુનિશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ.મ.)

૧૫. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ (પ્રેરક : પ.પૂ. આચાર્યદેવ શ્રી રુચકચંદ્રસૂરિ મ.)

૧૬. શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૧૭. શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ
(પ્રેરક : પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.)

૧૮. શ્રી કલ્યાણજી સોભાગચંદજી જૈન પેઢી, પીંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના સંયમની અનુમોદનાર્થે)

૧૯. શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૨૦. શ્રી આંબાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પૂ.મુનિ શ્રીકલ્યાણબોધિ વિ.મ.)

૨૧. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ (પ્રેરક : પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા.)



૨૨. શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ
(પ્રેરક : પૂ.ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજીમ.)

૨૩. મહાવીર જૈન શ્વે.મૂર્તિપૂજક સંઘ, પાલડી, શેઠ કેશવલાલ મૂલચંદ જૈન ઉપાશ્રય, અમદાવાદ. (પ્રેરક : પ.પૂ. આચાર્ય શ્રીરાજેન્દ્રસૂરિ મહારાજ સા.)

૨૪. શ્રી માટુંગા જૈન શ્વે. મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ

૨૫. શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા (રાજસ્થાન) (પ્રેરક : પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.સા.)

૨૬. શ્રી વિશા ઓસવાલ તપાગચ્છ જૈન સંઘ, ખંભાત
(પ્રેરક : વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ.આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.)

૨૭. શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૭.

૨૮. શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ (પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના સંવત ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે)

૨૯. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ (પ્રેરક : મુનિશ્રી નેત્રાનંદ વિજયજી મ. સા.)

૩૦. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પ્રેરક : મુનિશ્રી સંયમબોધિ વિ.મ.)

૩૧. શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ (પ.પૂ. આચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ.સા.ના પ્રેરણાથી)

૩૨. શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા

૩૩. શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના (પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ

આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા.)

૩૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પ્રેરક : પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિ વિજયજી મ.સા.)

૩૫. શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત (પ્રેરક : પૂ.પં. અક્ષયબોધિ વિજયજી મ.સા.)

૩૬. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી અપરાજિત વિજયજી મ.સા.)

૩૭. શ્રી જવાહર નગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ, મુંબઈ (પ્રેરક : પૂ. આ. શ્રીરાજેન્દ્રસૂરિ મ.સા.)

૩૮. શ્રી કન્યાશાલા જૈન ઉપાશ્રય, ખંભાત (પ્રેરક : પૂ.પ્ર.શ્રી રંજનશ્રીજી મ. સા. અને પૂ. પ્ર.શ્રી ઈંદ્રશ્રીજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ.પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા.)

૩૯. શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ (પ્રેરક : પૂ. પંન્યાસપ્રવર શ્રીજયસુંદરવિજયજી ગણિવર્ય)

૪૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) (પ્રેરક : પૂ.પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્ય)

૪૧. શ્રી આદિનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી (પ્રેરક : પ.પૂ.આ. શ્રીગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રીપુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રીયશોરત્નવિજયજી ગણિવર્ય)

૪૨. શ્રી કોઈમ્બતૂર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતૂર

૪૩. શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ (પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા. ની ગુરુમૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ-દિક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૪. શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા.)



૪૫. શ્રી હીરસૂરીશ્વરજી જગદગુરુ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઈ

૪૬. શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ. પૂ. જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.મ.)

૪૭. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ જૈન- નગર, અમદાવાદ (પૂ.મુનિશ્રી સત્યસુંદર વિ.મ.ની પ્રેરણાથી ચાતુર્માસમાં થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૮. રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિશ્રી રત્નબોધિ વિજયજી મ.સા.)

૪૯. શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ

૫૦. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી સત્વભૂષણ વિજયજી)

૫૧. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ, મુંબઈ (પ્રેરક:ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.)

૫૨. શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઈ

૫૩. શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ,મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલવિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)

૫૪. શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ જૈન સંઘ (પ્રેરક : ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિ.)

૫૫. શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલ વિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)

૫૬. સાધ્વીજી શ્રી સુર્યયશાશ્રીજી તથા સુશીલયશાશ્રીજીના પાર્લા(પૂર્વ) કૃષ્ણકુંજમાં થયેલ ચાતુર્માસની આવકમાંથી

૫૭. શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ (પ્રેરક : પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવજિયજી મ.)

૫૮. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમા રોડ, વડોદરા (પ્રેરક : પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિવર્ય)

૫૯. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ, કોલ્હાપુર (પ્રેરક : પૂ. મુનિરાજ શ્રી પ્રેમસુંદર વિજયજી)

૬૦. શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ. પંન્યાસપ્રવર પુણ્યરત્નવિજયજી મહારાજા)
૬૧. શ્રી દિપક જ્યોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ (પ્રેરક : પૂ.પં. શ્રી ભુવનસુંદર વિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદર વિજયજી ગણિવર્ય)
૬૨. શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના
(પ્રેરક : પં. કલ્યાણબોધિ વિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે, પં. વિશ્વકલ્યાણ વિજયજી)
૬૩. ઓમકાર સૂરીશ્વરજી આરાધના ભુવન, સુરત
(પ્રેરક : આ. ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય મુનિશ્રી જિનેશરત્નવિજયજી મ.)
૬૪. શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૬૫. શ્રી આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ
(પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૬૬. શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ
(પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.)
૬૭. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.પં.શ્રી કલ્યાણબોધિવિ.મ.સા.)
૬૮. શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટીઝ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ (પ્રેરક પ.પૂ.આ.શ્રીહેમચંદ્રસૂરિમ.સા.)
૬૯. શ્રી નેન્સી કોલોની જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, બોરીવલી, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.પં.શ્રી કલ્યાણબોધિ વિ. મ.સા.)
૭૦. માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર
(પ્રેરક : પ.પૂ.પં. શ્રીકલ્યાણબોધિ વિ.ના શિષ્ય મુનિ શ્રીભક્તિવર્ધન વિ. મ.તથા સા. જયશીલાશ્રીજીના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. સુપુત્રો નવીનભાઈ, ચુનીલાલ, દિલીપ, હિતેશ)
૭૧. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ)
(પ્રેરક : પ.પૂ.પં.શ્રીકલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)



૭૨. શ્રી ધર્મવર્ધક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, કાર્ટર રોડ નં.૧, બોરીવલી
(પ્રેરક : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રીકલ્યાણોધિ વિજયજી ગણિવર્ય)
૭૩. શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી)
(પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી જિનેશરત્ન વિજયજી મ.સા.)
૭૪. શ્રી કેશરીયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજસ્થાન
(પ્રેરક : પ.પૂ. મુ.શ્રી મેરુચંદ્ર વિ.મ. તથા પં. શ્રી હિરણ્યબોધિવિ.ગ.)
૭૫. શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ
(પ્રેરક : પ.પૂ.મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ.સા.)
૭૬. શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા
૭૭. શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (પૂર્વ), મુંબઈની આરાધક બહનોં દ્વારા જ્ઞાનનિધિમાંથી
૭૮. શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ
(પ્રેરક : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)
૭૯. શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરિટેબલ ટ્રસ્ટ, ચંદનબાલા, વાલકેશ્વર, મુંબઈ
૮૦. શાહ જેસીંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે
(હ : પ્રકાશચંદ્ર જે. શાહ, આફ્રિકાવાળા)
(પ્રેરક : પંન્યાસપ્રવર શ્રીકલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)
૮૧. શ્રી નવા ડીસા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, બનાસકાંઠા
૮૨. શ્રી પાલનપુર જૈન મિત્રમંડળ સંઘ, બનાસકાંઠા
(પ્રેરક : પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)
૮૩. શ્રી ઊંઝા જૈન મહાજન (પ્રેરક : પૂ.પંન્યાસપ્રવર અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ.મુનિરાજ શ્રી હેમદર્શનવિજય મ.)
૮૪. શ્રી સીમંધર જૈન દૈરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ
(પ્રેરક : પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીના શિષ્યા પૂ.સા.શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)
૮૫. શ્રી બાપુનગર શ્વે.મૂ. જૈન સંઘ, અમદાવાદ.

८६. શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ
૮૭. શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ
(પ્રેરક : સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા. શ્રી રત્નત્રયાશ્રીજી મ.)
૮૮. શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ
(પ્રેરક : આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)
૮૯. શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી શ્રેયસ્કર મંડળ, મહેસાણા.
૯૦. શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વીરમગામ
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)
૯૧. શ્રી મહાવીર શ્વે.-મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ.
૯૨. શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ), મુંબઈ.
(પ્રેરક : આ.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)
૯૩. શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)
૯૪. શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ અને શ્રી ફૂલચન્દ્ર કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત
૯૫. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન) (પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)
૯૬. પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ મુંબઈ)
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)
૯૭. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ. જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૯૮. શ્રી ઋષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી ઘાટકોપર (વે),
(પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૯૯. શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી.
(પ.પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાથી)



## अथ विशेषशतकस्यानुक्रमणिका


| प्रश्नाङ्कः | प्रश्नम् | पृष्ठाङ्कः |
|---|---|---|
| १ | श्रीकृष्णस्य भवचतुष्टयम्। | १ |
| २ | शुद्धाऽशुद्धं क्षायिकं द्विविधम्। | २ |
| ३ | देवानां नाटककालप्रमाणम्। | ४ |
| ४ | जमालेः पञ्चदश भवाः। | ५ |
| ५ | ज्ञानपञ्चम्यां पुष्टालम्बने उपवासाऽकरणेऽपि विस्मृत्यादिना उपवासमध्ये भुक्तिकरणेऽपि न भङ्गः। | १३ |
| ६ | साधूनाम् अनशने दीपकरणम्। | १४ |
| ७ | तालवृन्तादिजनितवायोरचितत्त्वम्। | १६ |
| ८ | सार्द्धत्रिकोट्योऽपुनरुक्ताः कथाः। | १८ |
| ९ | चेटकराजसप्तपुत्रीणां स्वस्वपतिनिर्णयः। | २२ |
| १० | द्वारिकां समुद्रपाथसा पिहितां सती प्रादुश्चकार। | २४ |
| ११ | समुद्रविजयराजस्य षोडशपुत्रनिर्णयः। | २५ |
| १२ | जम्बूद्वीपे उत्कृष्टपदेऽपि जिनचतुष्टयजन्मेति। | २६ |
| १३ | मत्थएण वंदामि इत्यस्यार्थः। | २७ |
| १४ | सर्वाङ्गेभ्यः पूर्वं पूर्वाणीतिविचारः। | २८ |
| १५ | शीतार्त्तसाधोरग्निना तापने गृहस्थस्य पुण्यप्राग्भारोपार्जनम्। | ३० |
| १६ | स्थविरकल्पिकानां वस्त्रप्रक्षालनविचारः। | ३१ |
| १७ | विकलेन्द्रियाणां शोणितसद्भावः। | ३२ |
| १८ | मिथ्याश्रुतं भारतादि सम्यग्दृष्टिपरिगृहीतं सम्यक् श्रुतं भवतीत्यष्टादशो विचारः। | ३४ |
| १९ | युगलिनोऽप्यन्तर्मुहूर्तायुः। | ४० |
| २० | पार्श्वस्थादिकारितचैत्येऽपि वन्दनाधिकारः। | ४५ |
| २१ | चतुर्थप्रहरेऽपि तीर्थकरदेशनाधिकारः। | ५१ |
| २२ | अनुकम्पया अन्यदर्शिनिनामपि भक्तादिदानाधिकारः। | ५३ |

| प्रश्नाङ्कः | प्रश्नम् | पृष्ठाङ्कः |
|---|---|---|
| २३ | देशतः पार्श्वस्थस्य वन्दनीयत्वम्। | ५७ |
| २४ | साधूनां प्रासुकपानीयोत्पन्नपूतरादिजीवपरिष्ठापनविधिः। | ६० |
| २५ | दिगम्बरचैत्यस्य अनायतनत्वेनाऽवन्द्यत्वम्। | ६१ |
| २६ | सम्पूर्णपौरुषीं यावत्तीर्थकरदेशनाधिकारः। | ६३ |
| २७ | श्रावकाणामपि त्रिविधं त्रिविधेन प्रत्याख्यानम्। | ६३ |
| २८ | प्रहरद्वयादिकं यावत्तीर्थकरदानम्। | ६५ |
| २९ | यतीनां रात्रौ विहारः। | ६६ |
| ३० | दिवसे साधूनां निद्राधिकारः। | ६८ |
| ३१ | चन्द्रस्य पूर्वभवे उत्तरगुणविराधना। | ७० |
| ३२ | शिष्यकादिनिमित्तं साधूनां द्रव्यरक्षणम्। | ७१ |
| ३३ | श्राद्धानां प्रतिमापूजावसरे प्रासुकाऽप्रासुकनीराभ्यां निजदेहस्नानं श्वेतवस्त्रपरिधानं च तदधिकारः। | ७२ |
| ३४ | प्रोतपुष्पैः पूजाधिकारः। | ७५ |
| ३५ | सामायिकलाभाद् देवगृहकार्यकरणे लाभो भूयान्। | ७६ |
| ३६ | तामलिनः सम्यक्त्वप्राप्त्यधिकारः। | ७७ |
| ३७ | द्वात्रिंशज्जीवभेदाः। | ७९ |
| ३८ | मूलतो लवणारात्रिकादीनां वामावर्त्ततया उत्तारणम्। | ७९ |
| ३९ | अपवादतः साधूनां पुस्तकपञ्चकग्रहणम्। | ८२ |
| ४० | सामायिकग्रहणे नाममुद्रिकोत्तारणम्। | ८९ |
| ४१ | लब्ध्यपर्य्याप्तकरणापर्य्याप्तविचारः। | ९० |
| ४२ | भूकम्पे हेतुत्रयम्। | ९१ |
| ४३ | नन्दनवने बलकूटस्थितिविचारः। | ९५ |
| ४४ | उन्मग्ननिमग्ननदीनिर्गमप्रवेशविचारः। | ९७ |
| ४५ | गजदन्तानां विचारः। | ९९ |
| ४६ | लवणान्तर्गतशीताशीतोदाश्रोतोनिवर्त्तनहेतुः। | १०१ |





| प्रश्नाङ्कः | प्रश्नम् | पृष्ठाङ्कः |
|---|---|---|
| ४७ | आदित्यादिवर्षपञ्चकविचारः। | १०२ |
| ४८ | केवलिमनःप्रयोजनविचारः। | ११० |
| ४९ | आनतादिदेवलोकचतुष्टयदेवानां मनसा भोगसेवाविचारः। | ११४ |
| ५० | सचित्ताऽचित्तलवणपानीय परिष्ठापनविधिः। | ११७ |
| ५१ | बारसयोजनमुसभे इति गाथा अप्रमाणीभूता। | १२३ |
| ५२ | विद्धाविद्धमुक्ताफलानि स्वस्थानच्युतानि प्रासुकानि। | १२५ |
| ५३ | गड्डरिकाकरभीक्षीरस्य अभक्ष्यत्वाधिकारः। | १२८ |
| ५४ | अचित्तवनस्पतीनामपि यतना। | १३५ |
| ५५ | विद्युत्प्रदीपादिप्रभाणां स्पर्शेऽपि दोष इति विचारः। | १३६ |
| ५६ | तन्दुलमत्स्याधिकारः। | १४२ |
| ५७ | क्षुल्लकभवविचारः। | १४५ |
| ५८ | सम्यक्त्वलाभानन्तरमपि नवपल्योपमस्थितिकर्मक्षये व्रतप्रतिपत्तिः। | १५० |
| ५९ | एकबादरपर्य्याप्तकनिश्रया असङ्ख्येया बादरापर्याप्ताः। | १५४ |
| ६० | भविष्यत्तीर्थकरादयो नरके शुभपुद्गलान् आहारयन्ति। | १५६ |
| ६१ | व्यन्तरेभ्योऽपि केचिद् भवनपतयोऽल्पर्द्धयः। | १५७ |
| ६२ | विग्रहगतिविचारे समयत्रयं चतुष्टयं वा जीवानामनाहारकत्वम्। | १५८ |
| ६३ | श्रीसिद्धसेनदिवाकरस्य को गच्छः ? | १७२ |
| ६४ | मासादीनां लोकोत्तराणि नामानीति। | १७३ |
| ६५ | प्रथमतो जीवाः क्षयोपशमिकसम्यक्त्वम् उपशमिकसम्यक्त्वं वा लभन्ते इति विचारः। | १७४ |
| ६६ | दर्शनज्ञानयोर्भेदविचारः। | १७६ |
| ६७ | स्त्रीपुरुषनपुंसकवेदानां कालः। | १७६ |
| ६८ | योनिकुलभेदविचारः। | १८४ |

| प्रश्नाङ्कः | प्रश्नम् | पृष्ठाङ्कः |
|---|---|---|
| ६९ | सर्वेषामुत्तरो मेरुः। | १८५ |
| ७० | कोटिशिलाविचारः। | १८५ |
| ७१ | सिद्धदेहमानविचारः। | १८८ |
| ७२ | बलवीर्यपुरुषाकारपराक्रमाणाम् अर्थभेदः। | १८९ |
| ७३ | लवणसमुद्रशिखायां चन्द्रसूर्यगत्यव्याघातहेतुः। | १८९ |
| ७४ | सम्पूर्णदशपूर्वाणि यावन्मिथ्यात्वनिषेधः। | १९१ |
| ७५ | अष्टाहिकात्रयोत्सवसंमतिः। | १९१ |
| ७६ | स्त्रीणां मुक्तिगमननिषेधनिरासः। | १९३ |
| ७७ | कुत्रिकापणविचारः। | १९४ |
| ७८ | निगोदान्निसृत्य मनुष्यभवं प्राप्य मरुदेवा सिद्धा। | १९५ |
| ७९ | व्यवहारतः साधवः। | १९६ |
| ८० | भव्यजीवानां लक्षणम्। | १९७ |
| ८१ | श्रीमहावीरतपोमेलविचारः। | १९९ |
| ८२ | पृथिव्यादीनां पञ्चानामपि अचित्तत्वम्। | २०१ |
| ८३ | पञ्चेन्द्रियविषयविचारः। | २०६ |
| ८४ | कुणालाया विनाशात्तृतीयवर्षे कुरुटोत्कुरुटसाध्वोर्नरकगमनम्। | २१० |
| ८५ | पदषट्कव्याख्या। | २१२ |
| ८६ | साधूनां कटौ दवरकबन्धनम्। | २१२ |
| ८७ | झाणंतरिवट्टमाणस्स अर्थः। | २१४ |
| ८८ | अष्टादशभारवनस्पतिस्वरूपम्। | २१७ |
| ८९ | मरुदेवी देहमानम्। | २१८ |
| ९० | तदुक्करं वा नरपासमोयण इति शुद्ध पाठः। | २२० |
| ९१ | मिथ्यात्वस्य गुणस्थानत्वम्। | २२१ |
| ९२ | छद्मस्थावस्थायां श्रीमहावीरस्य उक्तिः। | २२४ |





| | | |
|---|---|---|
| ९३ | अपवादे सचित्ताऽऽधाकर्माहारग्रहणम्। | २२६ |
| ९४ | पिप्पलीमरिचग्राह्यग्राह्यत्वविचारः। | २२७ |
| ९५ | साधूनां ग्राह्याग्राह्यत्ववस्त्रविचारः। | २२८ |
| ९६ | बहिःपरिभोगार्थे साधूनां मांसादिग्रहणम्। | २३२ |
| ९७ | शय्यातरगृहेऽपि पीठफलकादिग्रहणम्। | २३५ |
| ९८ | साधूनां कूपतडागादिखनने उपदेशो न देयो न च निषेधनीयः। | २३५ |
| ९९ | साधूनां कारणे सति प्रासुकाम्रग्रहणम्। | २३७ |
| १०० | गच्छवासिसाधूनां वस्त्रधावनविधिः। | २३८ |

अर्हम्

श्रीखरतरगच्छेशयुगप्रधानश्रीजिनचन्द्रसूरीणां पौत्रैरुपाध्याय-

श्रीमत्समयसुन्दरगणिभिर्विरचितम्

# श्रीविशेषशतकम्।

सुधर्मस्वामिनं नत्वा तदीयवचनानुगम्।

विशेषशतकं वक्ष्ये शिष्यप्रश्नोत्तरप्रदम्।।१।।

ननु-श्रीकृष्णवासुदेवस्तृतीयनरके समुत्पन्नस्तत्र चोत्कृष्टत्वेऽपि तस्यायुः सप्तसागरोपमाणि एव, अथ च श्रीनेमेर्भाविश्रीमदममतीर्थंकरस्य द्वादशस्य चान्तरं महत्, ततः कथङ्कारं सङ्गतिमङ्गति चैतद् ? 'उच्यते' शृणु शिष्य ! श्रीकृष्णवासुदेवस्य तृतीयनरकात् निर्गतस्यापि नरदेवरूपभव-द्वयस्यान्तराले करणाद् न काऽप्यसङ्गतिः, यदुक्तं श्रीसङ्घदासगणि-कृतवसुदेवहिण्डौ, तथाहि– "[1]**कण्हो तइयाए पुढवीए उव्वट्टित्ता,**

विशेषोपनिषद्

श्री सुधर्मस्वामिने नमस्कार करीने तेमना वचनने अनुसारे शिष्यना प्रश्नोनो उत्तर देनारा 'विशेषशतक' ग्रंथने कहीश. ।।१।।

(१) **प्रश्न** :- श्री कृष्णवासुदेव त्रीजी नरकमां उत्पन्न थयो. तेमां तेमनुं आयुष्य उत्कृष्ट होय, तो पण सात सागरोपम ज होई शके. पण श्रीनेमिनाथ अने भावि चोवीशीना बारमा तीर्थंकर अममस्वामीनुं आंतरुं तो मोटुं छे. तो पछी नरकमांथी नीकळीने श्रीकृष्णनो जीव बारमा तीर्थंकर बनशे – ए वात शी रीते संगत थाय ?

**उत्तर** :- श्रीकृष्ण नरकमांथी नीकळीने मनुष्य अने देव एम बे भव पण ते आंतरामां करशे. माटे कोई असंगति नथी. आ वात श्री संघदास गणिवरे **वसुदेवहिंडी**मां कही छे –

१. केनापि प्रोच्यते कृष्णस्तृतीयनरके जघन्येन त्रिसागरोपमायुः। ब्रह्मदेवलोके च मध्यमायुः सप्तसागरोपमायुः, अत एव अममतीर्थंकरवारके बलभद्रसिद्धिः।



**इहेव भारहे वासे सयदुवारे नयरे जियसत्तुस्स रन्नो पुत्तताए उववज्जिऊण पत्तमंडलिअभावो पव्वज्जं पडिवज्जिय तित्थयर-नामकम्मं समुज्जणित्ता बंभलोए कप्पे दससागरोपमाऊ होऊण तओ चुओ वारसमो अममो नाम अरहा भविस्ससि"** इति। रत्नसञ्चयेऽप्युक्तम्–

**निरयाओ नरभवम्मि देवो होऊण पंचमे कप्पे।**

**तत्तो चुओ समाणो वारसमो अममतित्थयरो।।१।।**

इति कृष्णस्य भवचतुष्टयविचारः।।१।।

ननु– [1]सप्तकक्षये क्षायिकम् - इति उक्तत्वात्, सति क्षायिके सम्यक्त्वे श्रीकृष्णवासुदेवः कथं तृतीयनरकावनीं जगाम श्रेणिकश्च प्रथमामिति ?

विशेषोपनिषद्

'कृष्ण तृतीय नरकमांथी नीकळीने आ ज भारत वर्षमां शतद्वार नगरमां जितशत्रु राजाना पुत्र तरीके उत्पन्न थईने मंडलिकपणुं प्राप्त करीने, प्रव्रज्यानो स्वीकार करीने तीर्थंकर नामकर्मनुं उपार्जन करीने ब्रह्मलोक नामना पंचम (वैमानिक) देवलोकमां दश सागरोपम आयुष्यवाळा थईने, त्यांथी च्यवी बारमा अमम नामना अरिहंत थशे.' आ ज रीते **रत्नसंचय**मां पण कह्युं छे –

'नरकथी नीकळीने मनुष्यभवमां जशे. पछी पंचम देवलोकमां देव थईने, त्यांथी च्यवीने बारमा 'अमम' तीर्थंकर थशे.'

आ रीते कृष्णना चार भवनो विचार कर्यो. ।।१।।

(२) **प्रश्न** :- अनंतानुबंधी क्रोध-मान-माया-लोभ, मिथ्यात्व-मोहनीय, सम्यक्त्वमोहनीय अने मिश्र मोहनीयनो क्षय थाय छे त्यारे क्षायिक सम्यक्त्व उत्पन्न थाय छे. श्रीकृष्ण वासुदेव अने श्रेणिक महाराजा पासे क्षायिक सम्यक्त्व हतुं, तो पण तेओ त्रीजी

१. अनन्तानुबन्धिनां क्रोध-मान-माया-लोभानां, मिथ्यात्वमोहनीयस्य सम्यक्त्व-मोहनीयस्य मिश्रमोहनीयस्य च क्षये।

उच्यते, क्षायिकं द्वेधा शुद्धमशुद्धं चेति, तत्र श्रीकृष्णश्रेणिकयोरशुद्धं क्षायिकं, तस्य सादिसपर्य्यवसत्त्वादिति न विरोधः, यदुक्तं श्रीनवपद-प्रकरणवृत्तौ, तथाहि– क्षायिकस्य शुद्धाऽशुद्धभेदेन द्विभेदत्वात्, तत्र अपायसद्द्रव्यविकला भवस्थकेवलिनां मुक्तानां च या सम्यग्दृष्टिस्तच्छुद्धं क्षायिकम्, तस्य च साद्यपर्य्यवसानत्वात् नास्ति एव भङ्गः, यदाह गन्धहस्ती – भवस्थकेवलिनो द्विविधस्य सयोगायोगभेदस्य सिद्धस्य वा दर्शनमोहनीयसप्तकक्षयाविर्भूता सम्यग्दृष्टिः सादिरपर्यवसानेति। या त्व-पायसहचारिणी श्रेणिकादेरिव सम्यग्दृष्टिः तदशुद्धं क्षायिकम्, तस्य च सादिपर्यवसानत्वात् अस्ति प्रतिपातः, यदुक्तं गन्धहस्तिना– तत्र या च



અને પહેલી નરકમાં કેમ ગયા ?

**ઉત્તર** :- ક્ષાયિક સમ્યક્ત્વ બે પ્રકારનું હોય છે, શુદ્ધ અને અશુદ્ધ. તેમાં શ્રીકૃષ્ણ અને શ્રેણિકનું અશુદ્ધ ક્ષાયિક હતું. કારણ કે તે સાદિ સાંત હતું. માટે તેમનું નરકગમન થયું તેમાં વિરોધ નથી. શ્રી **નવપદ પ્રકરણ**ની વૃત્તિમાં કહ્યું છે –

ક્ષાયિક શુદ્ધ-અશુદ્ધ એમ બે પ્રકારે છે. તેમાં અપાય તથા સદ્દ્રવ્યથી રહિત એવી ભવસ્થકેવલીઓ અને સિદ્ધના જીવોની જે સમ્યગ્દૃષ્ટિ, તે શુદ્ધ ક્ષાયિક છે. તે સાદિ-અપર્યવસિત છે, માટે તેનો ભંગ થતો નથી. ગંધહસ્તિએ કહ્યું છે –

ભવસ્થ કેવલી બે પ્રકારે છે, સયોગી અને અયોગી. તે બંનેને કે સિદ્ધના જીવને દર્શનમોહનીય વગેરે સપ્તકના ક્ષયથી પ્રગટ થયેલી જે સમ્યગ્દૃષ્ટિ તે સાદિ અનંત છે. પણ જે અપાયસહિત એવી શ્રેણિકરાજા વગેરે જેવી સમ્યગ્દૃષ્ટિ છે, તે અશુદ્ધ ક્ષાયિક છે. તે સાદિ સાંત છે. તેથી તેનો પ્રતિપાત છે.

**ગંધહસ્તિ**એ ત્યાં કહ્યું છે– 'જે અપાયસદ્દ્રવ્યવર્તિની હોય. અહીં અપાય એટલે મતિજ્ઞાનનો અંશ. સદ્દ્રવ્યો એટલે શુદ્ધ



अपायसद्द्रव्यवर्त्तिनी अपायो मतिज्ञानांशः, सद्द्रव्याणि शुद्धसम्यक्त्व-दलिकानि, तद्वर्त्तिनी, श्रेणिकादीनां च सद्द्रव्यापगमे भवति अपायसह-चारिणी, सा सादिःसपर्यवसाना चेति, केवलज्ञानोत्पत्तौ अपायक्षये, अपायो मतिज्ञानांशस्तत्क्षये असौ भवति, न प्रथमकषायोदये, तत्काले तदुदयाऽभावात्, तत् क्षये एव तस्योत्पत्तिरिति,अलं प्रसङ्गेन, इति शुद्धाशुद्धं क्षायिकं द्विविधम्।।२।।

ननु– देवानाम् एकस्मिन् नाटके कियान् कालो लगति ? क्वापि शास्त्रे दृष्टं श्रुतं वा ? 'उच्यते' श्रीपार्श्वनाथदशगणधरसम्बन्धे सप्तमगण-धराधिकारे देवनाटकस्य चतुर्वर्षसहस्रमानस्योक्तत्वात्, तथा च तत्पाठः- **"जाणं देवाणं पेछणयं पि चउहिं वाससहस्सेहिं समप्पइ"** इति



સમ્યક્ત્વના દલિકો. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ વર્તતી હોય, શ્રેણિક વગેરેને સદ્દ્રવ્યનો અપગમ થાય, ત્યારે તે અપાયસહિત એવી સમ્યગ્દૃષ્ટિ બને છે. અને તે સાદિ સાંત છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે અપાયનો ક્ષય થાય છે. અપાય એટલે મતિજ્ઞાનનો અંશ. તેના ક્ષયે આ (નરક) થાય છે. પ્રથમ (અનંતાનુબંધી) કષાયના ઉદયમાં થતી નથી. કારણ કે તે કાળે તેનો ઉદય હોતો નથી. કારણ કે અનંતાનુબંધી કષાયનો ક્ષય થાય, ત્યારે જ ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. માટે પ્રસંગથી સર્યું. આ રીતે શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારે ક્ષાયિક સમ્યક્ત્વ છે. ।।૨।।

(૩) **પ્રશ્ન** :- દેવોના એક નાટકમાં કેટલો સમય લાગે છે ? શું એ કોઈ પણ શાસ્ત્રમાં જોવાયું કે સંભળાયું છે ?

**ઉત્તર** :- શ્રી પાર્શ્વનાથના દશ ગણધરના સંબંધમાં સપ્તમ ગણધરના અધિકારમાં દેવનાટક ચાર હજાર વર્ષો સુધી ચાલે છે, એમ કહ્યું છે. તે પાઠ આ પ્રમાણે છે –

'જે દેવોનું નાટક ચાર હજાર વર્ષે સમાપ્ત થાય છે.' આ

देवानां नाटककालप्रमाणविचारः।।३।।

ननु– जमालेर्भगवद्वचनोत्थापकत्वेन, अजिनोऽपि जिनोऽहमिति असत्प्रलापपूर्वं भगवता समं वादकारकत्वेन च अनन्तसंसारित्वं केचिद् वदन्ति तत् सत्यम् असत्यम् वा, उच्यते, नैतद् अनन्तसंसारिकत्वं विचार्यमाणं चर्चाचञ्चुभिः सङ्गतिमङ्गति, जमालेः श्रीउपदेशमालाविवरणान्तर्गतव्याख्याप्रज्ञप्तिपाठानुसारेण पञ्चानां त्रिभिर्गुणने पञ्चदशानामेव भवानां भावात्, एतदर्थसंवादकं च श्रीहेमाचार्यकृतवीरचरित्रं तथाहि–

**"च्युत्वा ततः पञ्चकृत्वो भ्रान्त्वा तिर्यग्नृनाकिषु।**
**अवाप्तबोधिर्निर्वाणं जमालिः समवाप्स्यति।।१०६।।"**

इति एवम् एव पञ्चदशभवप्रतिपादिकं श्रीमदभयदेवसूरिसन्तानीयश्रीगुणचन्द्रगणिभिः एकोनचत्वारिंशदधिकैकादशशतसंवत्सरे (११३९)

विशेषोपनिषद्

દેવોના નાટકના કાળના પ્રમાણનો વિચાર થયો. ॥3॥

(૪) **પ્રશ્ન** :- જમાલીએ પ્રભુનું વચન ઉત્થાપ્યું હતું. પોતે જિન ન હોવા છતાં પણ 'હું જિન છું' એવો મિથ્યાપ્રલાપ કરીને ભગવાન સાથે વાદ કર્યો હતો. તેથી તે અનંતસંસારી છે, એવું કેટલાક કહે છે, તે સત્ય છે કે અસત્ય ?

**ઉત્તર** :- વિચાર કરીએ તો લાગે છે કે એ અનંતસંસારીપણું ઘટતું નથી. કારણ કે **ઉપદેશમાલા**ના વિવરણની અંદર **વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ**નો પાઠ આપ્યો છે, તેને અનુસારે પાંચને ત્રણથી ગુણતા પંદર ભવો જ થાય છે. શ્રી **હેમચન્દ્રાચાર્ય** કૃત **શ્રીવીરચરિત્ર** પણ આ વાતનો સંવાદ કરે છે –

'ત્યાંથી ચ્યવીને પાંચ વાર તિર્યંચ-મનુષ્ય અને દેવમાં ભ્રમણ કરીને જમાલિ બોધિ પ્રાપ્ત કરીને નિર્વાણ પામશે. ॥૧૦૬॥

**શ્રીઅભયદેવસૂરિ**ની પરંપરામાં થયેલા **શ્રીગુણચન્દ્રગણિ**એ વિ.સં. ૧૧૩૯ માં **શ્રીવીરચરિત્ર**ની રચના કરી હતી. તેમાં પણ કહ્યું છે –



कृतं श्रीवीरचरित्रमपि। तथाहि–

**"पुणरवि गोयमसामी पुच्छइ भयवं तओ सठाणाओ।**
**चइउं कईहिं भवेहिं पाविस्सइ मोक्खपुरवासं।।१।।**
**जिणनाहेण भणियं सुरतिरिअनरेसु पंचवेलाओ।**
**भमिऊण पत्तबोही लहिइ निव्वाणसोक्खाइं ति।।२।।"**

एवं श्रीउपदेशमालावृत्तावपि कर्णिकानामिकायाम्, तथाहि–

**"प्रत्यनीकतया धर्माचार्यादीनां तु तत्र सः।**
**किल्बिषी किल्बिषेष्वेव देवत्वम् अपि लब्धवान्।।१।।**
**तिर्यग्मनुष्यदेवेषु भ्रान्त्वा च कतिचिद् भवान्।**
**भूत्वा महाविदेहेषु दूरान्निर्वृत्तिमेष्यति।।२।।**

पुनः श्रीभगवतीसूत्रलघुवृत्तावपि जमालेः पञ्चदशभवानां सम्मतिः स्पष्टा निर्दिष्टा, तथाहि **"चत्तारि पंचत्ति"** चतुः पञ्च भवान् नैरयिकतिर्यग्योनिकमनुष्यदेवेषु कृत्वा देवाः किल्बिषिकाः सिध्यन्तीत्यर्थः, इति सामान्याधिकारे देवकिल्विषिभवाः, जमालिमपेक्ष्य तु ईदृशो जमालिस्तिर्यक्षु

विशेषोपनिषद्

'ફરીથી ગૌતમસ્વામિ પૂછે છે કે– સ્વસ્થાનથી ચ્યવીને તે કેટલા ભવે મોક્ષે જશે ? જિનનાથે કહ્યું - પાંચ વાર સુર-તિર્યંચ-મનુષ્યમાં ભમીને બોધિને પ્રાપ્ત કરીને તે મુક્તિસુખોને પામશે.'

આ જ રીતે **ઉપદેશમાલા**ની વૃત્તિ **કર્ણિકા**માં પણ કહ્યું છે –

'ધર્માચાર્ય વગેરેના પ્રત્યનીકપણાથી તે કિલ્બિષિયા દેવોમાં કિલ્બિષીપણું પામ્યો છે. કેટલાક ભવો સુધી તિર્યંચ-મનુષ્ય-દેવગતિમાં ભ્રમણ કરીને મહાવિદેહમાં ઉત્પન્ન થઈને ચિરકાળે નિર્વાણ પામશે.' વળી **શ્રીભગવતીસૂત્ર**ની લઘુવૃત્તિમાં પણ જમાલિના ૧૫ ભવો છે એવી સંમતિનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે –

**'ચાર પાંચ**– ચાર-પાંચ ભવો નરક-તિર્યંચ મનુષ્ય-દેવગતિમાં કરીને કિલ્બિષિયા દેવો સિદ્ધ થાય છે, એવો અર્થ છે. આ રીતે

मनुष्येषु देवेषु एवं प्रत्येकं पञ्च पञ्च भवनेन जमालिभवेन एकेन सह जातान् षोडशभवान् कृत्वा सेत्स्यतीत्यर्थरिति।

ननु– भगवत्यां सूत्रादर्शेषु **"चत्तारि पंच तिरिक्ख जोणिअ मणुस्सदेवेसु"** इत्यादिपाठो दृश्यते। ततस्तस्य त्रयोदशाश्चतुर्दशा वा भवाः स्युः, कथम् ? त्रयाणां तिर्यगादिपदानां द्वाभ्यां **"चत्तारि पंचेति"** पदाभ्यां संयोजनात्, ततः स्थानद्वये चत्वारश्चत्वारः (८) एकत्र पञ्चेति त्रयोदशा, अथवा एकत्र चत्वारः पदद्वये पञ्च पञ्चेति चतुर्दशा भवन्ति, न तु पञ्चदशा इति। 'उच्यते', **"चत्तारि पञ्चेति"** पाठः श्रीप्रज्ञप्तिवृत्तिकृता न व्याख्यातः, नापि श्रीहेमाचार्यादिभिः सूत्रादर्शेषु

विशेषोपनिषद्

સામાન્ય અધિકારમાં કિલ્બિષિ દેવના ભવો કહ્યાં છે. જમાલિની અપેક્ષાએ તો આવો આશાતના કરનાર જમાલિ તિર્યંચ, દેવ અને મનુષ્યોમાં પ્રત્યેકમાં પાંચ-પાંચ ભવ કરીને, જમાલિના ભવને સાથે ગણીને સોળ ભવ કરીને સિદ્ધ થશે, એવો અર્થ છે.

**પ્રશ્ન** :- ભગવતીસૂત્રના હસ્તાદર્શોમાં તો 'ચાર પાંચ તિર્યંચ-મનુષ્ય દેવોમાં' ઈત્યાદિ પાઠ દેખાય છે. માટે જમાલિના તેર કે ચૌદ ભવો થાય. કેવી રીતે ? તો તિર્યંચ વગેરે ત્રણ પદોને 'ચાર-પાંચ' આ બે પદો સાથે જોડવાથી. તેથી બે સ્થાનમાં ચાર-ચાર એમ જોડવાનું અને એક સ્થાનમાં પાંચ એમ જોડવાનું આ રીતે ૪+૪+૫ = ૧૩ભવ થાય.

અથવા તો એકમાં ચાર અને બેં માં પાંચ એમ જોડવાનું, એટલે ૪+૫+૫ = ૧૪ ભવ થાય. પણ ૧૫ ભવ ન થાય.

**ઉત્તર** :- 'ચતારિ' વગેરે જે પાઠ વર્તમાન આદર્શોમાં મળે છે, તેની **શ્રીપ્રજ્ઞપ્તિવૃત્તિકારે** વ્યાખ્યા કરી નથી. વળી **શ્રીહેમચન્દ્રાચાર્યે** પણ સૂત્રના આદર્શોમાં તે પાઠ જોયો નથી, કારણ કે તેમણે પોતે



दृष्टः, स्वकृतग्रन्थेषु पञ्चदशभवानाम् एव प्रतिपादनात्, पुनः श्रीउपदेशमालावृत्तिकृतापि श्रीभगवतीमूलग्रन्थाभिधानं पञ्चदशभवसम्मतितया प्रतिपादितम्, तथाहि–

**"आजीवगगणणेया रज्जसिरिं पहिऊण य जमाली।**

**हिअमप्पणो करिंतो न य वयणिज्जे इह पडंतो"**।।४५९।।

इति गाथायाम्, आजीवन्ति द्रव्यलिङ्गेन लोकमिति आजीवका निह्नवास्तेषां गणो गच्छस्तस्य नेता नायको गुरुरित्यर्थः, राज्यश्रियं प्रहाय परित्यज्य प्रव्रज्यां गृहीत्वा, 'च'शब्दाद् आगमं च अधीत्य जमालिर्भगवज्जामाता हितमात्मने अकरिष्यत्, यदि इत्यध्याहारः, ततो न च नैव वचनीये क्रियमाणं कृतम् इति अश्रद्दधानः, कृतमेव कृतं विपरीतप्ररूपणलक्षणाद् अहिताचरणादेव निह्नवोऽयमिति लोकमध्ये

विशेषोपनिषद्

રચેલા ગ્રંથોમાં પંદર ભવ જ કહ્યા છે.

વળી **ઉપદેશમાલા**ના વૃત્તિકારે પણ **શ્રીભગવતીસૂત્ર**ના મૂળ ગ્રંથનો સાક્ષી પાઠ ૧૫ ભવમાં સંમતિરૂપે આપ્યો છે –

**'આજીવક ગણનો નેતા જમાલિ રાજ્યલક્ષ્મીને છોડીને જો આત્મહિત કરત, તો તે અપયશમાં ન પડત.'**

આ ગાથાની ટીકા - જે દ્રવ્યલિંગથી લોકો પર ગુજારો કરે છે તેઓ આજીવક = નિહ્નવો છે. તેમનો ગણ = ગચ્છ. તેના નેતા = નાયક = ગુરુ. રાજ્યલક્ષ્મીને છોડીને = દીક્ષા લઈને. 'ચ' શબ્દથી આગમ ભણીને પ્રભુવીરનો સંસારીપણે જમાઈ, આત્માનું હિત કરત, અહીં 'જો' શબ્દનો અધ્યાહાર કરવાનો છે, તો અપયશમાં ન પડત.

તેણે 'કરાતુ હોય તે થઈ ગયું છે' એ વચનમાં શ્રદ્ધા ન કરી, 'થઈ ગયું હોય એ જ થઈ ગયું છે' એવી વિપરીત પ્રરૂપણારૂપ અહિતાચરણ કર્યુ. તેથી જ લોકોમાં 'આ નિહ્નવ છે' એવો તેનો અપયશ થયો. વળી દુષ્કર તપ કરવા છતાં પણ તે કિલ્બિષિયા

वचनीये पतितः, दुष्करतपोविधानेऽपि किल्बिषिदेवत्वं च निर्वर्त्तितवान् इति, उक्तं च प्रज्ञप्तौ **"कहं णं भंते ! जमाली अणगारे अरसाहारे जाव कालगये लंतयकप्पे तेरससागरोवमट्ठियेसु देवेसु किव्विसिएसु देवत्ताए उववन्नो ? गोयमा ! जमाली णं आयरियपडणीययाए इत्यादि"** जाव जमाली णं भंते ! ताओ देवलोगाओ आउक्खए जाव कहिं उवज्जिहित्ति ? गोयमा ! **"चत्तारि पंच पंचिंदिय तिरिक्खयोणिय मणुस्सदेव भवग्गहणाइं। संसारमणुपरियट्टित्ता तओ पच्छा सिज्झहि"** इत्यादि।

ततोऽयं पाठोऽसाम्प्रदायिक इव प्रतिभासते।

ननु– उपदेशमालाविवरणे अनन्तं भवं च निर्वर्त्तितवान् इत्युक्तम्, तत्कथं न विरोधः, 'उच्यते' अनन्तम् इति स्वरूपतः संसारविशेषणमस्ति,

विशेषोपनिषद्

દેવોમાં ગયો. **પ્રજ્ઞપ્તિ**માં કહ્યું છે –

'ભગવંત ! જમાલિ અણગાર તો અરસ આહાર વાપરતા હતા યાવત્ કાળ કરીને લાંતક દેવલોકમાં ૧૩ સાગરોપમની સ્થિતિવાળા દેવોમાં કિલ્બિષ દેવરૂપે કેમ ઉત્પન્ન થયા ? ગૌતમ ! જમાલી આચાર્યની પ્રત્યનીકતાથી ઈત્યાદિ... યાવત્ ભગવંત ! જમાલી આયુષ્યનો ક્ષય થતા તે દેવલોકમાંથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! ચાર-પાંચ ભવો પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવોમાં કરીને સંસારમાં ભમીને પછી સિદ્ધ થશે.' ઈત્યાદિ.

માટે પ્રસ્તુત પાઠ (પૂર્વોક્ત ચત્તારિ૦ પાઠ) અસાંપ્રદાયિક = આગમ પરંપરાને ન અનુસરતો હોય એવું લાગે છે.

**પ્રશ્ન** :- **ઉપદેશમાલા**ના વિવરણમાં સંસાર અનંત કર્યો એવું કહ્યું છે, તો વિરોધ કેમ નથી ?

**ઉત્તર** :- અનંત એ સંસારનું સ્વરૂપ વિશેષણ છે. તેને જમાલિ સાથે જોડવાનું નથી. સંસાર અનંત છે, એ તો સર્વ લોકોને પ્રતીત



न तु जमालिना सम्बन्ध इति, संसारस्य अनन्तत्वं तु सर्वजनप्रतीतम् एव, अन्यथा तु सर्वेषां मुक्तिपक्षः कक्षीकृतः स्यात्, पञ्चदशभवानामपि संसाररूपत्वात्, इति सर्वं समञ्जसं जातम्, वृद्धहेयोपादेयवृत्तौ तु अनन्तम् भवम् इति पाठ एव नास्ति।

ननु– तथापि श्रीसमवायाङ्गसूत्रवृत्तिपाठानुरोधेन जमालेश्चतुरन्त-संसारकान्तारतापत्तिरापन्ना, तत्पाठो यथा **"इच्चेयं दुवालसंगं गणिपिडगं अतीते काले अनंता जीवा आणाए विराहित्ता चउरंतसंसारकंतारं अणुपरियट्टिंसु"** साम्प्रतं द्वादशाङ्गविराधनानिष्पन्नत्रैकालिकं फलमुप-दर्शयन्नाह **"इच्चेयं"** इत्यादि, इत्येतद् द्वादशाङ्गगणिपिटकम् अतीतेकाले-ऽनन्ता जीवा आज्ञया विराध्य चतुरन्तसंसारकान्तारम् **"अनुपरियट्टिंसुत्ति"** अनुपरिवृत्तवन्तः, इदं हि द्वादशाङ्गं सूत्रार्थोभयभेदेन त्रिविधम्, ततश्चाज्ञया

વિશેષોપનિષદ્

જ છે. જો એવું ન માનો, તો બધાની મુક્તિ માની લેવી પડશે. ૧૫ ભવો પણ સંસારરૂપ છે. માટે જમાલિએ એટલો સંસાર વધાર્યો એવી વિવક્ષા અહીં સમજવાની છે. આ રીતે બધું સંગત થાય છે. વળી, વૃદ્ધ **હેયોપાદેયા** વૃત્તિમાં તો 'અનંત સંસાર' એવો પાઠ જ નથી.

**પ્રશ્ન** :- તો પણ **સમવાયાંગસૂત્ર**ની વૃત્તિના પાઠના અનુરોધથી જમાલિ ચતુર્વિધ સંસારવનમાં ભટક્યો એવું માનવું પડશે. તેનો પાઠ આ મુજબ છે –

અતીત કાળમાં અનંત જીવો આ દ્વાદશાંગીની વિરાધના કરી ચાતુરંગ સંસારવનમાં ભટક્યા છે. વર્તમાનમાં દ્વાદશાંગીની વિરાધનાથી થયેલું ત્રૈકાલિક ફળ બતાવતા કહે છે – 'આ રીતે આ' ઈત્યાદિ. આ રીતે અતીત કાળમાં અનંત જીવો આ દ્વાદશાંગીની આજ્ઞાથી વિરાધના કરીને ચાતુરંગ સંસારવનમાં ભટક્યા છે. આ દ્વાદશાંગી સૂત્ર-અર્થ-ઉભય આમ ત્રણ પ્રકારનું છે. તેથી આજ્ઞાથી એટલે કે સૂત્રાજ્ઞાથી-કદાગ્રહથી મૂળ પાઠ કરતા જુદો પાઠ બોલવો વગેરેથી

सूत्राज्ञया अभिनिवेशतोऽन्यथापाठादिलक्षणया अतीतकालेऽनन्ता जीवाश्चतुरन्तसंसारकान्तारं नारकतिर्यग्नरामरविविधवृक्षजालदुस्तरं भवाटवीगहनम् इत्यर्थः, अनुपरिवृत्तवन्तो जमालिवत्।।१।। अर्थाज्ञया पुनरभिनिवेशतोऽन्यथाप्ररूपणादिलक्षणया गोष्ठामाहिलवत्।।२।। उभयाज्ञया पुनरेवंविधाचारपरिज्ञानकरणोद्यतगुर्वादेशादेरन्यथाकरणलक्षणया गुरुप्रत्यनीकद्रव्यलिङ्गधार्यनेकश्रमणवत्।।३।। सूत्रार्थोभयम् विराध्य इत्यर्थः, इत्यत्र 'उच्यते' जमालेः सूत्राज्ञा-विराधनायाम् अत्र एकदेशदृष्टान्तो ज्ञातव्यः, न चतुरन्तसंसारकान्तारतायाम्, अन्यथा चतुरन्तसंसारकान्तारम् अनुपरावृत्तवन्त इत्युक्तत्वेन अनन्तजीवानाम् इव जमालेरपि अतीतकाले संसार-

विशेषोपनिषद्

અતીતકાળમાં અનંત જીવો નારક-તિર્યંચ-મનુષ્ય-દેવરૂપ વિવિધ વૃક્ષ સમૂહથી દુસ્તર ગહન ભવાટવીમાં ભટક્યા છે, જમાલિની જેમ. ।।૧।। અર્થાજ્ઞાથી અભિનિવેશથી અન્યથા પ્રરૂપણા વગેરે કરવાથી, ગોષ્ઠા માહિલની જેમ. ।।૨।। ઉભયાજ્ઞાથી– આ રીતે પંચવિધઆચારના જ્ઞાન અને આચારણમાં ઉધત એવા ગુરુની આજ્ઞા વગેરેથી અન્યથાકરણ દ્વારા, ગુરુપ્રત્યનીક દ્રવ્યલિંગી શ્રમણની જેમ. ।।૩।। સૂત્રાર્થ ઉભયની વિરાધના કરીને, એવો અહીં અર્થ છે.

**ઉત્તર** :- 'જમાલિને સૂત્રાજ્ઞાવિરાધનામાં ઉદાહરણ તરીકે કહ્યો છે. તે ઉદાહરણ એકદેશ સમજવું. અર્થાત્ જમાલિએ સૂત્રાજ્ઞાની વિરાધનાથી સંસારભ્રમણ કર્યું. એટલું જ અહીં તાત્પર્ય સમજવું. ચાતુરંગસંસારવનમાં ભ્રમણ કર્યું, એવો અર્થ ન લેવો.

જો આ રીતે એકદેશપણું ન સ્વીકારો તો જેમ અનંત જીવોએ સંસારભ્રમણ કર્યુ હતું એમ ભૂતકાળમાં નિર્દેશ છે, તેમ જમાલિએ પણ ભૂતકાળમાં સંસારભ્રણણ કર્યું એવો અર્થ થાય. અને તેમાં તો પ્રત્યક્ષ આગમ વિરોધ છે. કારણ કે શાસ્ત્રમાં તો ભવિષ્યકાળમાં જમાલિનું ભવભ્રમણ કહ્યું છે. **પંચલિંગિપ્રકરણ**ની વૃત્તિમાં કહ્યું છે -



पर्यटनम् आपद्येत, तत्सद्भावे च प्रत्यक्षागमविरोधः स्यात्, जमालेरागामिकाले भवभ्रमणस्य प्रतिपादनाद् यदुक्तं पञ्चलिङ्गिवृत्तौ, तथाहि–

**ततश्च्युतः क्षयिकवन् निकाममुद्दाममारातुरमानसोऽसौ।**
**अन्यान्ययोनीरुपभोक्ष्यते यद् मिथ्याऽभिमानस्य विजृम्भितं तत्।।१।।**

पञ्चलिङ्गिटिप्पनगतविषमपदार्थस्तु अयम्, क्षयव्याधिमत्पुरुष इव मारः कामो मरणं च, योनयो भवानि, जीवोत्पत्तिस्थानानि चेति। पुनस्तपागच्छीयश्रीहीरविजयसूरिप्रसादीकृतप्रश्नोत्तरसमुच्चये तच्छिष्यपण्डितकीर्त्तिविजयगणिसमुच्चिते महोपाध्यायश्रीकल्याणविजयगणिकृतनवमप्रश्नेऽपि प्रत्युत्तरं तथैव, तथाहि, तथा श्रीभगवत्यनुसारेण कर्णिकावृत्तिवीरचरित्राद्यनुसारेण च जमालेः पञ्चदशभवा एव ज्ञायन्ते, इति। पुनरत्रार्थे एकोनपञ्चाशदधिके षोडशशतसम्वत्सरे, पोषपूर्णिमायां श्रीराजनगरे तपागच्छीयश्रीधर्मसागरोपाध्यायैरपि सङ्घसमक्षं मिथ्यादुष्कृतपञ्चकदाने

विशेषोपनिषद्

'ત્યાંથી ચ્યવીને જમાલિ ઉત્કટ કામાતુર મન વાળો થઈને ક્ષયવાળી વ્યક્તિની જેમ અન્યાન્ય યોનિઓમાં દુઃખી થશે, તેનું કારણ તેનું (જમાલિના ભવનું) મિથ્યાભિમાન જ છે.'

**પંચલિંગિ**ના ટિપ્પણમાં વિષમ પદનો અર્થ આ રીતે આપ્યો છે-

'ક્ષય રોગવાળા પુરુષની જેમ. માર એટલે કામ અને મરણ, યોનિઓ એટલે જન્મો અને ઉત્પત્તિસ્થાનો.'

વળી તપાગચ્છીય શ્રીહીરવિજયસૂરિએ કૃપા કરીને પ્રરૂપેલ પ્રશ્નોત્તર સમુચ્ચયનો તેમના શિષ્ય પંડિત કીર્તિવિજય ગણિએ સંગ્રહ કર્યો છે. તેમાં મહોપાધ્યાયશ્રી કલ્યાણવિજયગણિકૃત નવમાં પ્રશ્નમાં પણ તે જ પ્રમાણે પ્રત્યુત્તર છે –

'શ્રી ભગવતીને અનુસારે, કર્ણિકા વૃત્તિ અને વીરચરિત્ર વગેરેના અનુસારે જમાલિના પંદર ભવ છે – એવું જ જણાય છે.'

વળી આ વિષયમાં વિ.સં. ૧૬૪૯ માં પોષ સુદ પૂનમના દિવસે

पत्रे इत्थम् एव लिखितम्, तथाहि– तथा अम्हे श्रीभगवतीसूत्र नइ मेलि जमालिना अनन्ता भव कहता, पणि श्रीभगवतीसूत्र।।१।। श्रीहेमाचार्यकृतवीरचरित्र।।२।। श्रीमदभयदेवसूरिसन्तानीयगुणचन्द्रकृतप्राकृत-श्रीवीरचरित्रादिकग्रन्थ नइ अनुसारि जमालिनइ।।१५।। भव जणायइ छिये ते माटे ए विपरीत कह्युं एहनुं पणि मिच्छामिदुक्कडं इति, साम्प्रतिनः सर्वगच्छीया गीतार्था अपि जमालेः पञ्चदशभवानेव निगदन्ति, पुनः केवलिवचो यद् अस्ति तत् सत्यम्, इति जमालिपञ्चदशभवाः।।४।।

ननु– केनापि ज्ञानपञ्चमीतपःकारिणा ज्ञानपञ्चम्यामसामर्थ्यादिपुष्टा-लम्बनवशेनोपवासः कर्त्तुं न शक्यतेऽग्रिमदिने च पूर्यते, तदा पञ्चमीभङ्गो भवेत् न वा, उच्यते, न भङ्गः। यदुक्तं श्रीतिलकसूरिकृतयोगविधौ

विशेषोपनिषद्

રાજનગરમાં તપાગચ્છીય શ્રી ધર્મસાગર ઉપાધ્યાયે પણ સંઘ સમક્ષ પાંચ મિચ્છામિ દુક્કડમ્ આપ્યા હતા. તેમાં તેમણે પત્રમાં આ રીતે લખ્યું હતું. –

‘મેં ભગવતીસૂત્રની ઉપેક્ષા કરીને જમાલિના અનંતા ભવ કહ્યા હતા, પણ (૧) **શ્રી ભગવતીસૂત્ર** (૨) **શ્રી હેમાચાર્યકૃત વીરચરિત્ર** (૩) **શ્રીઅભયદેવસૂરિ** સંતાનીય ગુણચંદ્રકૃત પ્રાકૃત **શ્રીવીરચરિત્ર** વગેરે ગ્રંથને અનુસારે જમાલિને ૧૫ ભવ જણાય છે. તે માટે વિપરીત કહ્યું, એનું પણ મિચ્છામિ દુક્કડમ્.’ વર્તમાનના સર્વ ગચ્છોના ગીતાર્થો પણ જમાલિના ૧૫ ભવ છે, એવું જ કહે છે. વળી કેવળીનું વચન જે છે, તે સત્ય છે. આ રીતે જમાલિના ૧૫ ભવો સિદ્ધ થાય છે. ॥૪॥

(૫) **પ્રશ્ન** :- કોઈને જ્ઞાનપંચમીનો તપ ચાલતો હોય. અને તે જ્ઞાનપંચમીના દિવસે અસામર્થ્ય વગેરે પુષ્ટાલંબનને કારણે ઉપવાસ ન કરી શકે અને આગલા દિવસે તે તપ કરે, તો પંચમીનો ભંગ થાય કે ન થાય ?

**ઉત્તર** :- ન થાય, કારણ કે **શ્રીતિલકસૂરિકૃત યોગવિધિમાં**



ज्ञानपञ्चम्यधिकारे तथाहि–

**“जइ कहवि असामत्थं होइ सरीरस्स दिव्वजोगेणं।**
**तो उत्तरकालं पि हु पूरिज्जा असढभावाउ।।१।।**
**एगंतेणं जेणं चउत्थवयपालणं दढं भणियं।**
**तेण जहा सत्तीए सेसे खलु होइ कायव्वं।।२।।”**

एवं ज्ञानपञ्चमी केनापि न ज्ञाता तद्दिने अथ च भुक्तम्, अथवा कृतेऽपि उपवासे विस्मृत्यादिना भुक्तम्, तथापि न भङ्गो, यतो **“अण्णत्थणाभोगेणं सहस्सागारेणं”** इत्यादि आकारपञ्चकं वर्त्तते, अन्यथा आकारपाठस्य नैरर्थक्यम् आपद्येत, इति ज्ञानपञ्चम्यां पुष्टालम्बने उपवासाकरणेऽपि विस्मृत्यादिना उपवासमध्ये भुक्तिकरणेऽपि न भङ्गः।।५।।

ननु– साधुनाम् अनशने रात्रौ प्रदीपः कुत्रापि कैश्चित् क्रियमाणो

विशेषोपनिषद्

જ્ઞાનપંચમીના અધિકારમાં કહ્યું છે કે –

‘જો નસીબજોગે કોઈ રીતે શરીરનું અસામર્થ્ય થાય, તો અશઠભાવથી પછી પણ તે તપ કરી આપવો જોઈએ. કારણ કે એકાંતે તો દૃઢતાપૂર્વક કરવાનું હોય તો તે ચતુર્થ વ્રતનું પાલન છે. માટે તે સિવાયની જે આરાધના છે, તે યથાશક્તિ કરવી જોઈએ.’

આ રીતે ‘આજે જ્ઞાનપંચમી છે’ એવો કોઈને ખ્યાલ ન રહે અને જમી લે. અથવા તો ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યા પછી પણ વિસ્મરણ વગેરેથી જમી લે, તો પણ ભંગ નથી. કારણ કે ‘અન્યત્ર અનાભોગથી સહસાકારથી’ ઈત્યાદિ પાંચ આગારો હોય છે. જો એ આગારો બોલવા છતાં પણ પચ્ચક્ખાણનો ભંગ ગણાતો હોય, તો એ આગારોનો પાઠ નિરર્થક થઈ જાય. માટે જ્ઞાનપંચમીએ પુષ્ટાલંબને ઉપવાસ ન કરે, અથવા તો વિસ્મરણ વગેરેને કારણે જમી લે તો પણ ભંગ થતો નથી.

(૬) **પ્રશ્ન** :- સાધુઓ અનશન કરે, ત્યારે કેટલાંક રાતે દીવો

दृश्यते, तदुचितम् अनुचितं वा, उच्यते, उचितमेव, श्रीहरिभद्रसूरिकृत-श्रीआवश्यकबृहद्वृत्तौ पारिष्ठापनिकाधिकारे त्रिशतपत्रे।।३००।। अनशनिनो दीपकरणप्रतिपादनत्वात्। तथा च तत्पाठः "**अह पुण संजयस्स अगणिकाएण कज्जं जायं अहिडंक्को वा डंभिज्जइ फोडिगा वा वातगंठी वा अन्तवृद्धिर्वा वसहीए दीहजाईओ पविट्ठो पोट्टसूलं वा तावेयव्वं एवमादीहिं आणिए कज्जे कए तत्थेव पडिछुब्भइ न देइ तो तेहिं कट्ठेहिं जो अगणी तज्जाइओ तत्थेव विगिंचिज्जइ न होज्जा सो पि न देज्ज वा ताहे तज्जाएणं छारेणं उच्छाइज्जइ पच्छा अन्नजाइएण वि दीवएसु तेलं गालिज्जइ वत्तीय निपीलिज्जइ मल्लगसंपुडए कीरइ पच्छा अहाउगं पालेइ भत्तपच्चक्खायगादिसु मल्लसंपुडए काऊण अत्थइ सारक्खिज्जइ**

———— विशेषोपनिषद् ————

કરે છે. તે ઉચિત છે કે નહીં ?

**ઉત્તર** :- ઉચિત જ છે. શ્રી **હરિભદ્રસૂરિકૃત બૃહદ્ આવશ્યક-વૃત્તિ**માં પારિષ્ઠાપનિકાના અધિકારમાં ૩૦૦માં પાના પર અનશની માટે દીવો કરવાની વાત કરી છે. તે પાઠ આ પ્રમાણે છે–

સંયમીને અગ્નિકાયનું પ્રયોજન થાય, સાપનો ડંખ લાગે (?), ગુમડા, વાતગ્રંથિ (?), આંતરડાની વૃદ્ધિ (?) વસતિમાં સાપ પ્રવેશ્યો હોય, પેટમાં શૂળ થાય, તેની ચિકિત્સા માટે તાપણું કરવું હોય, ઈત્યદિ પ્રયોજનોમાં અગ્નિકાય લાવવામાં આવે, કામ સમાપ્ત થતા જ્યાંથી લાવ્યા હોય, ત્યાં જ પાછું આપવામાં આવે, ન દે તો તે કાષ્ઠો વડે તે જ જાતનો અગ્નિ હોય, તેમાં તેનો ત્યાગ કરવામાં આવે. એવો અગ્નિ ન મળે અથવા તે ન આપે, તો તે જ જાતિની રાખથી ઢાંકી દે, ન હોય તો પછી અન્યજાતીય રાખથી પણ ઢાંકે, દીવાઓમાં તેલ ગાળી લે, વાટને પીલી દે, કોડિયાના સંપુટમાં અગ્નિને લઈ લે અને પછી તેનું આયુષ્ય હોય તેટલો સમય તેનું રક્ષણ કરે.



**कए कज्जे तहेव विवेगो।"**

इति साधूनाम् अनशने दीपकरणम्।।६।।

ननु– तालवृन्तादिजन्यो वायुः सचित्तोऽचित्तो वा मिश्रो वा ? 'उच्यते', अचित्त एव, यत ओघनिर्युक्तिवृत्तौ तथैव भणितम्, तथाहि-**इदानीं वायुकायः उच्यते, असौ अपि त्रिविधः, सचित्तादिरूपः। तत्र नैश्चयिकसचित्तप्रतिपादनाय आह–**

**"सवलयतणुघणवाया अइहिमअइदुद्दिणे य नेच्छइओ।**
**ववहारपाईणादी अक्कंतादी य अचित्तो।।५५२।।"**

सह वलयैर्वर्त्तन्ते इति सवलया घनवातास्तनुवाताश्च (१) ते निश्चयतः सचित्ताः। तथा अतिहिमपाते यो वायुः (२) अतिदुर्दिने च यो वायुः (३) स नैश्चयिकः, व्यवहारतः पुनः प्राच्यादिः–पूर्वस्यां यो

———— विशेषोपनिषद् ————

અનશની સાધુ વગેરેને કારણ પડે ત્યારે કોડિયાના સંપુટમાં સાચવી રાખે. કાર્ય થઈ જાય એટલે તે જ મુજબ (પૂર્વોક્ત રીતે) ત્યાગ કરે.

આ રીતે સાધુઓના અનશનમાં દીવો કરવાની વાત કહી.॥૬॥

(૭) **પ્રશ્ન** :- પંખા વગેરેથી થયેલો વાયુ સચિત્ત, અચિત્ત કે મિશ્ર ?

**ઉત્તર** :- અચિત્ત જ છે. કારણ કે **ઓઘનિર્યુક્તિ**ની વૃત્તિમાં તે જ મુજબ કહ્યું છે – હવે વાયુકાય કહેવાય છે. એ પણ ત્રણ પ્રકારનો છે. સચિત્ત વગેરે રૂપ. તેમાં નિશ્ચયસચિત્તનું પ્રતિપાદન કરવા માટે કહે છે –

'વલયસહિત તનુવાત, ઘનવાત, અતિહિમ અતિ દુર્દિનમાં નૈશ્ચયિક સચિત્ત વાયુ છે. વ્યવહારથી પ્રાચીનાદિ (પૂર્વાદિ દિશાનો) સચિત્ત વાયુ છે. અને આક્રાન્તાદિ અચિત્ત છે. ॥૫૫૨॥

જે વલયસહિત વર્તે છે તે સવલય છે. સવલય ઘનવાત છે અને સવલય તનુવાત, તે નિશ્ચયથી સચિત્ત છે. અતિ હિમપાત થાય, ત્યારે જે વાયુ હોય અને અતિ દુર્દિન (વાદળાઓ અત્યંત

दिशि, आदिग्रहणाद् उत्तरादिः परिग्रहः। एतद् उक्तं भवति– अतिहिमाऽतिदुर्दिनरहितो यः प्राच्यादिवायुः स व्यवहारतः सचित्तः (४)। इदानीमचित्तः– **"अक्कंतादीय अचित्तोत्ति"** यः कर्दमादौ आक्रान्ते सति भवति सोऽचित्तः, स च पञ्चधा "अक्कंते १ धंते २ पीलिए ३ सरीराणुगमे ४ समुच्छिमे ५ तत्थ अक्कंतो चिक्खिल्लादिसु १ धंतो दितिमादीसु २ पीलिओ पुत्तचम्माइसु ३ ऊसासनीसासवाऊ उदरत्थाणिओ ४ संमुच्छिमो तालविंटादीहिं जणिओ ५" इदानीं मिश्र उच्यते, आह किं पुनः कारणम् इह मिश्रः पश्चाद् व्याख्यायते, 'उच्यते' अचित्तेनैव साधुर्व्यवहारं करोति, स च गृहीतः सन्नेव मिश्रीभवति, अस्य अर्थस्य प्रदर्शनार्थं पश्चाद् मिश्र उच्यते।

विशेषोपनिषद्

ઘેરાયેલા હોય એવો દિવસ) હોય, ત્યારે જે વાયુ હોય તે નૈશ્ચયિક રીતે સચિત્ત છે. વ્યવહારથી જે પૂર્વ વગેરે દિશામાંથી 'વગેરે'થી ઉત્તર આદિ સમજવી. આશય એ છે કે જે અતિહિમ અને અતિ દુર્દિન સિવાયનો જે પૂર્વ વગેરે દિશાનો વાયુ હોય, તે વ્યવહારથી સચિત્ત છે. 'અને આક્રાન્તાદિ અચિત્ત છે' એટલે કાદવ વગેરે દબાવાથી જે વાયુ થાય તે અચિત્ત છે. તે વાયુ પાંચ પ્રકારે છે. (૧) આક્રાન્ત (૨) ધાન્ત, (૩) પીલિત (૪) શરીરાનુગમ (૫) સમ્મૂર્છિમ.

તેમાં (૧) આક્રાન્ત કાદવ વગેરેમાં હોય છે. (૨) ધાન્ત ધમણ (ધમણ = ચામડાની કોથળીરૂપ લુહારનું ઉપકરણ) વગેરેમાં હોય છે. (૩) પીલિત વસ્ત્ર, ચર્મ વગેરેમાં (૪) શરીરાનુગમ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ રૂપ ઉદર સ્થાનીય હોય છે. (૫) સમ્મૂર્છિમ પંખા વગેરેથી થયેલો. (ઓઘનિર્યુક્તિ ॥૩૬૧॥ વૃત્તિ) હવે મિશ્ર કહેવાય છે.

**શંકા** :- મિશ્ર પછી કહેવાનું કારણ શું ?

**સમાધાન** :- સાધુ અચિત્ત વાયુથી જ વ્યવહાર કરે છે. તે લેતાની સાથે જ મિશ્ર થાય છે આ અર્થ બતાવવા માટે પછી મિશ્ર



**"हत्थसयमेगगंता दइओ अचित्तविइयए मीसो।**

**तइयम्मि ओ सचित्तो वत्थी पुण पोरिसिदिणेहिं त्ति।।१।।"**

श्रीभगवतीसूत्रवृत्तिप्रथमशतकदशमोद्देशकेऽपि, यथा **"वाउयाएणं"** इत्यादि। अथ उच्छ्वासोऽपि वायुत्वाद्, अन्येन उच्छ्वासवायुना भाव्यम्, तस्यापि अन्येन, एवम् अनवस्था, नैवम्, अचेतनत्वात् तस्य, इति तालवृन्तादिजनितवायोरचित्तत्वम्।।७।।

ननु– पूर्वं ज्ञाताधर्मकथायां कति कथानकानि पुनरुक्ताऽपुनरुक्तानि, कति चापुनरुक्तानि आसन् ? 'उच्यते' शृणु, पुनरुक्तापुनरुक्तानि

विशेषोपनिषद्

કહેવાય છે. સો હાથ સુધી દતિ જાય ત્યાં સુધી તેનો વાયુ અચિત્ત હોય, બીજા સો હાથ જાય ત્યાં સુધી મિશ્ર હોય છે અને ત્રીજા સો હાથ જાય ત્યારે સચિત્ત હોય છે. બસ્તિ = ચામડાની ખાલ. તેને અચિત્ત વાયુથી ભરવામાં આવે તો તે ઉત્કૃષ્ટ સ્નિગ્ધકાળે એક પ્રહર જેટલા સમય સુધી અચિત્ત રહે છે. એમ કરતા યાવત્ ઉત્કૃષ્ટ રૂક્ષ કાળે તર્ણ દિવસ સુધી અચિત્ત રહે છે. (ઓઘનિર્યુક્તિ ॥૩૬૨॥ વૃત્તિ) ॥૧॥'

શ્રી ભગવતીસૂત્રના પ્રથમ શતકના દશમા ઉદ્દેશામાં પણ કહ્યું છે – 'વાયુકાયથી' ઈત્યાદિ. ઉચ્છ્વાસ પણ વાયુ છે. માટે તેનાથી અન્ય ઉચ્છ્વાસવાયુ હોવો જોઈએ. એ ઉચ્છ્વાસ જેનું શરીર છે એવો 'ઉચ્છ્વાસવાયુ' અલગ જીવ માનવો પડશે. તે પણ વાયુ છે. તેથી અન્ય ઉચ્છ્વાસવાયુ માનવો પડશે. આમ અનવસ્થા થશે. આવો દોષ કોઈ આપે તો તે ઉચિત નથી. કારણ કે ઉચ્છ્વાસવાયુ અચિત્ત હોય છે.'

આ રીતે પંખા વગેરેનો વાયુ અચિત્ત હોય છે. ॥૭॥

(૮) **પ્રશ્ન** :- પૂર્વે જ્ઞાતાધર્મકથામાં કેટલી કથાઓ પુનરુક્ત-અપુનરુક્ત હતી ? અને કેટલી અપુનરુક્ત હતી ?

कोटिशतद्वयं षट्चत्वारिंशत्कोटयः पञ्चाशल् लक्षाश्च, अपुनरुक्तानि पुनः अर्धचतुर्थाः कोटयः।

ननु– कया पद्धतिरीत्या एतेषां कथानकानां सर्वमानं पृथक् पृथक् मानं पुनरुक्तत्वम् अपुनरुक्तत्वं च ज्ञातुं शक्यम् इत्याह, श्रूयताम्, प्रथमश्रुतस्कन्धे एकोनविंशति ज्ञातानि सन्ति, तत्र एकादशादिषु एकोनविंशतिपर्य्यन्तेषु नवषु ज्ञातेषु चत्वारिंशदधिकानि पञ्च पञ्च शतानि आख्यायिकानां ज्ञेयानि, तत्र एकस्मिन् ज्ञाते वर्त्तमानानि चत्त्वारिंशदधिकानि पञ्चशतानि चत्वारिंशदधिकपञ्चशता आख्यायिका नवभिर्गुण्यन्ते, जातानि चत्वारिसहस्राणि अष्टशतानि षष्ट्यधिकानि (४८६०) आख्यायिकानाम्, पुनस्तत्रापि एकस्याम् आख्यायिकायां पञ्च पञ्च शतानि उपाख्यायिकानाम्, ततः पूर्वोक्तानि पञ्चाशत्गुणितानि जाता उपाख्यायिकानां चतुर्विंशतिर्लक्षाः त्रिंशत् सहस्राश्च (२४३००००) पुनस्तत्रापि एकैकस्याम् उपाख्यायिकायां पञ्च पञ्च आख्यायिकोपख्यायिकाशतानि, ततः पूर्वोक्तानाम् अङ्कानां पञ्चशतगुणने जाता

विशेषोपनिषद्

**ઉત્તર** :- પુનરુક્ત-અપુનરુક્ત કથાઓ ૨ અબજ, ૪૬ કરોડ, અને ૫૦ લાખ હતી.

અપુનરુક્ત કથાઓ સાડા ત્રણ કરોડ હતી.

**પ્રશ્ન** :- કઈ રીતે આ કથાઓનું સર્વ પ્રમાણ, પૃથક્ પૃથક્ પ્રમાણ, પુનરુક્તપણુ અને અપુનરુક્તપણુ જાણી શકાય ?

**ઉત્તર** :- પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૯ જ્ઞાત છે. તેમાં ૧૧ થી ૧૯ સુધીના ૯ જ્ઞાતમાં ૫૪૦-૫૪૦ આખ્યાયિકાઓ સમજવી. આ રીતે ૫૪૦ x ૯ = ૪૮૬૦ આખ્યાયિકાઓ થઈ. તેમાં પણ પ્રત્યેક આખ્યાયિકાઓમાં ૫૦૦-૫૦૦ = ૨૪૩૦૦૦૦ ઉપાખ્યાયિકાઓ થઈ. તેમાં પણ પ્રત્યેક ઉપાખ્યાયિકાઓમાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકા છે. તેથી ૨૪૩૦૦૦૦ x ૫૦૦ = ૧૨૧૫૦૦૦૦૦૦ થયા. માટે ૯



आख्यायिकोपाख्ययिकाः एकविंशतिकोट्यधिकं कोटिशतं पञ्चाशल्लक्षाश्च (१२१५००००००) ततो नवज्ञातेषु एतावन्ति कथानकानि आसन्, अथ द्वितीय श्रुतस्कन्धे धर्मकथानां वर्गदशके तत्सङ्ख्याम् आह, एकैकस्यां धर्मकथायां पञ्च पञ्च आख्यायिका शतानि, ततस्तेषां दशसङ्ख्यत्वेन दशभिर्गुणितत्वात् जाता आख्यायिकानां पञ्चसहस्राः, पुनस्तत्रापि एकैकस्याम् आख्यायिकायां पञ्च पञ्च उपाख्यायिकाशतानि, ततः पञ्चशतगुणने जाता उपाख्यायिकानां पञ्चविंशतिलक्षाः (२५०००००) पुनस्तत्रापि एकैकस्याम् उपाख्यायिकायां पञ्च पञ्च आख्यायिकोपाख्या-यिकाशतानि, ततः पूर्वोक्तराशेः पञ्चशतगुणने जातानि कथानकानि पञ्चविंशतिकोट्यधिकं कोटिशतमेकं दशकथासु (१२५००००००) अथ उभयराशिमीलने कथानकानां कोटिशतद्वयं षट्चत्वारिंशत्कोट्यः पञ्चाशत् लक्षाश्च (२४६५००००००) तन्मध्ये कतिचित् कोट्यो-ऽपुनरुक्ताः कतिचित् कोट्यः पुनरुक्ताः। नन्वेतन्मध्ये कति कथानकानि अपुनरुक्तानि इत्याह, लघुराशिना बृहद्राशौ शोधिते शेषा अर्धचतुर्थाः

विशेषोपनिषद्

જ્ઞાતમાં આટલી કથાઓ હતી.

દ્વિતીય શ્રુતસ્કંધમાં ધર્મકથાના ૧૦ વર્ગમાં તેની સંખ્યા કહે છે – એક એક ધર્મકથામાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકાઓ હતી. તેથી ૧૦ x ૫૦૦ = ૫૦૦૦ આખ્યાયિકાઓ થઈ. તેમાં પ્રત્યેક આખ્યાયિકાઓમાં ૫૦૦-૫૦૦ = ૨૪,૦૦,૦૦૦ ઉપાખ્યાયિકાઓ થઈ. તેમાં પણ પ્રત્યેક ઉપાખ્યાયિકાઓમાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકાઓ હતી. તેથી ૨૫,૦૦,૦૦૦ x ૫૦૦ = ૧૨૫૦૦૦૦૦૦૦ કથાઓ થઈ.

બંને રાશિઓનો સરવાળો કરતા ૨૪૬૫૦૦૦૦૦૦ કથાઓ થાય છે. તેમાં કેટલાક કરોડ કથાઓ અપુનરુક્ત છે. અને કેટલાક કરોડ કથાઓ પુનરુક્ત છે. એમાંથી કેટલી કથાઓ અપુનરુક્ત છે, તે કહે

कोट्योऽपुनरुक्ताः कथानकानाम्, यदुक्तं श्रीसमवायाङ्गवृत्तौ एकोनविंशत्यध्ययनेषु आदिमानि दश ज्ञातानि ज्ञातान्येव न तेषु आख्यायिकादिसम्भवः। शेषाणि नव ज्ञातानि तेषु पुनः एकैकस्मिन् पञ्च पञ्च चत्वारिंशत् अधिकानि आख्यायिकाशतानि, तत्रापि एकैकस्यां आख्यायिकायां पञ्च पञ्च उपाख्यायिकाशतानि, तत्रापि एकैकस्याम् उपाख्यायिकायां पञ्च पञ्च आख्यायिकोपाख्यायिकाशतानि। सम्पिण्डितानि किं जातम् ?

**"इगवीसं कोटिसयं लक्खा पण्णासमेव बोधव्वा।**
**एवं कए समाणे अहिगयसुत्तस्स पत्थावो।।१।।"**

तं जहा दशधम्मकहाणं वग्गा तत्थ णं एगमेगाए धम्मकहाए पंच पंच अक्खाइया सयाइं, एगमेगाए अक्खाइयाए पंच पंच उवक्खाइया सयाइं, एगमेगाए उवक्खाइयाए पंच पंच अक्खाइअ ओवक्खाइया सयाइं। एवमेयाणि किं सञ्जातं ?

**"पणवीसकोटिसयं पत्थयसमलक्खणाइया जम्हा।**
**नव नाययसंबद्धा अक्खाइयाइ एया तेणं।।१।।**
**तो सोहिज्जंति फुडं इमाओ राशीउ वेगलाणं तु।**
**पुणरुत्त वज्जियाणं पमाणमित्थं विणिद्दिट्ठं।।२।।"**

शोधिते चैतस्मिन् सति अर्धचतुर्था एव कथानककोटयो भवन्ति

———— विशेषोपनिषद् ————

છે– લઘુરાશિને બૃહદ્ રાશિમાંથી બાદ કરતાં જે રહે છે, તે સાડા ત્રણ કરોડ કથાઓ અપુનરુક્ત છે. **સમવાયાંગ વૃત્તિ**માં કહ્યું છે–

૧૯ અધ્યયનોમાં પ્રથમ ૧૦ જ્ઞાત જ્ઞાત જ છે. તેમાં આખ્યાયિકાઓ સંભવિત નથી. શેષ ૯ જ્ઞાત છે, તેમાં પ્રત્યેકમાં ૫૪૦-૫૪૦ આખ્યાયિકાઓ છે. તેમાં પણ પ્રત્યેક આખ્યાયિકાઓમાં ૫૦૦-૫૦૦ ઉપાખ્યાયિકાઓ છે. અને તેમાં પણ પ્રત્યેક ઉપાખ્યાયિકાઓમાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકાઓ છે. એ બધી મળીને આ



**"अक्खाइयाइ"** आख्यायिकानि। एता एवम् एतत्सङ्ख्या भवन्ति इति कृत्वा आख्याता भगवता महावीरेणेति।।८।।

ननु– चेटकनृपस्य याः सप्त पुत्र्यः सत्यो अभूवन्, तासां मध्ये का कस्य परिणायिता इति क्वापि ग्रन्थे विवेचनम् अस्ति नवा ? 'उच्यते', श्रीहेमाचार्यकृते श्रेणिकचरित्रे स्पष्टं तासां पृथक् पृथक् स्वरूपं भणितमस्ति, तथाहि–

पृथक् राज्ञीभवास्तस्य बभूवुः सप्त कन्यकाः।
सप्तानामपि तद्राज्याङ्गानां सप्तैव देवताः।।८६।।
प्रभावती १ पद्मावती २ मृगावती ३ शिवापि ४ च।
ज्येष्ठा तथैव सुज्येष्ठा ६ चेल्लणा ७ चेति ताः क्रमात्।।११९५।।
चेटकस्तु श्रावकोऽन्यविवाहनियमं वहन्।
ददौ कन्या न कस्मैचिद् उदासीन इव स्थितः।।९०।।

———— विशेषोपनिषद् ————

સંખ્યા થાય છે. (અગ્રિમ પંક્તિઓ પૂર્વોક્તાનુસારે સમજી લેવી) ॥૮॥

(૯) **પ્રશ્ન** :- ચેટક રાજાની સાત પુત્રીઓ સતી હતી. તેમાંથી કઈ કોને પરણાવી એનું વિવરણ કોઈ ગ્રંથમાં છે કે નહીં ?

**ઉત્તર** :- શ્રી **હેમાચાર્યે** કરેલ **શ્રેણિક ચરિત્ર**માં તેમનું પૃથક્ પૃથક્ સ્પષ્ટ સ્વરૂપ કહ્યું છે –

ચેટક રાજાને અલગ અલગ રાણીઓથી સાત કન્યાઓ થઈ હતી. તે કન્યાઓ જાણે તેના સાત રાજ્યાંગોની સાત દેવતા જ હતી. (૧) પ્રભાવતી (૨) પદ્માવતી (૩) મૃગાવતી (૪) શિવા (૫) જ્યેષ્ઠા (૬) સુજ્યેષ્ઠા અને (૭) ચેલ્લણા, આ રીતે ક્રમશઃ તે કન્યાઓના નામ હતા.

ચેટક શ્રાવકને 'પરાયા વિવાહ ન કરાવવા' એવો નિયમ હતો. તેથી તે જાણે મધ્યસ્થ રહ્યા હતા અને કોઈને કન્યા આપી ન હતી.

तन्मातर उदासीनमपि ह्यापृच्छ्य चेटकम्।

वराणाम् अनुरूपाणां प्रददुः पञ्चकन्यकाः।।९१।।

प्रभावती वीतभयेश्वरोदायिनभूपतेः।

पद्मावती च चम्पेशदधिवाहनभूभुजः।।९२।।

कौशाम्बीशशतानीकनृपस्य तु मृगावती।

शिवा तूज्जयनीशस्य प्रद्योतपृथिवीपतेः।।९३।।

कुण्डग्रामाधिनाथस्य नन्दिवर्द्धनभूपतेः।

श्रीवीरनाथज्येष्ठस्य ज्येष्ठा दत्ता यथारुचि।।५।६।१९०।।(१०-६-१६/१९२)

इत्थं विरक्ता सुज्येष्ठा स्वयमापृच्छ्य चेटकम् ।

समीपे चन्दनार्यायाः परिव्रज्याम् उपाददे।।६।७।२६४।।(१०-६-२६६)

विशेषोपनिषद्

ઉદાસીન એવા પણ ચેટકને પૂછીને તેમની માતાઓએ અનુરૂપ વરોને પાંચ કન્યાઓ આપી હતી. વીતભયનગરના સ્વામિ ઉદાયિને પ્રભાવતી આપી. ચંપા નગરીના સ્વામિ દધિવાહનને પદ્માવતી આપી. કૌશાંબી નગરીના સ્વામિ શતાનીક રાજાને મૃગાવતી આપી. ઉજ્જયની નગરીના સ્વામિ ચંડપ્રદ્યોત રાજાને શિવા આપી. ક્ષત્રિયકુંડ ગામના નાથ શ્રીવીરના મોટાભાઈ નંદીવર્ધન રાજાને તેની રુચિને અનુસરીને જ્યેષ્ઠા આપી હતી.

શ્રેણિક રાજાએ સુજ્યેષ્ઠાની સમ્મતિપૂર્વક તેનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો. ત્યારે સુજ્યેષ્ઠા અને ચેલ્લણા બંને બહેનો તેની સાથે જવા તૈયાર થઈ.

રત્નનો દાબડો લેવા સુજ્યેષ્ઠા પાછી ફરી. આ બાજુ શત્રુના રાજ્યમાં વિલંબ થવો જોખમી હોવાથી શ્રેણિક ચેલ્લણાને લઈને નીકળી ગયો. આ પ્રસંગે વૈરાગ્ય પામીને સુજ્યેષ્ઠાએ ચેટક રાજાની અનુજ્ઞા લઈને ચંદનબાળા આર્યા પાસે દીક્ષા લીધી.

શ્રેણિક રાજાએ ચેલ્લણા સાથે ગાન્ધર્વવિવાહથી પરિણય કર્યો



गान्धर्वेण विवाहेन परिणीयाऽथ चेल्लणाम्।

राजा नागसुलसयोर्गत्वाऽऽख्यत् तत्सुतान् मृतान्।।९।२७०।।(१०-६-२७२)

इति चेटकनृपसप्तपुत्रीणां स्वस्वपतिनिर्णयः।।९।।

ननु– इन्द्राज्ञया वैश्रमणदेवो द्वारिकां नवीनां कृत्वा ददौ, किम्वा पूर्वं सतीम् अपि समुद्रपाथसा पिहितां सतां प्रादुश्चकार ? 'उच्यते', समुद्रपाथसा पिहितां सतीं प्रादुश्चकार इति उत्तरम्। यदुक्तं श्रीहेमाचार्यकृतनेमिचरित्रे तथाहि–

उवाच कृष्णस्तं देवं या पूर्वं पूर्वशार्ङ्गिणाम्।

पूर्यत्र द्वारिकेत्यासीत् पिहिता सा त्वयाऽम्भसा।।३९७।।

ममापि हि निवासाय तस्याः स्थानं प्रकाशय।

तथा कृत्वा सोऽपि देवो गत्वेन्द्राय व्यजिज्ञपत्।।३९८।।

शक्राज्ञया वैश्रमणश्चक्रे रत्नमयीं पुरीम्।

विशेषोपनिषद्

અને નાગ તથા સુલસાને સમાચાર આપ્યા કે અપહરણ સમયે થયેલ યુદ્ધમાં તેમના દીકરાઓ મૃત્યુ પામ્યા છે. આ રીતે ચેટક રાજાની સાતે પુત્રીઓના સ્વ-સ્વપતિનો નિર્ણય કહ્યો. ॥૯॥

(૧૦) **પ્રશ્ન** :- ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે નૂતન દ્વારિકાની રચના કરીને આપી હતી ? કે પૂર્વે દ્વારિકા હતી જ, પણ સાગરના પાણીથી ઢંકાયેલી હતી અને તેણે તેને પ્રગટ કરી ?

**ઉત્તર** :- એ દરિયાના પાણીમાં ઢંકાયેલી હતી અને કુબેરે તેને પ્રગટ કરી હતી. શ્રી **હેમાચાર્યકૃત શ્રીનેમિચરિત્ર**માં કહ્યું છે કે –

કૃષ્ણે તે દેવને કહ્યું - જે પૂર્વે પૂર્વના વાસુદેવોની દ્વારિકા નગરી હતી, જેને તે પાણીથી ઢાંકી દીધી હતી, મારા પણ નિવાસ માટે તે સ્થાનને પ્રગટ કર. તેમ કરીને તે દેવે જઈને ઈન્દ્રને વિજ્ઞપ્તિ કરી. શક્રની આજ્ઞાથી કુબેરે રત્નમય નગરીને પ્રગટ કરી. જે બાર યોજન

द्वादशयोजनाऽऽयामां नवयोजनविस्तृताम्।।३९९।।

इति द्वारिकां समुद्रपाथसा पिहितां सतीं प्रादुश्चचार इति विचारः।।१०।।

ननु- श्रीसमुद्रविजयराजस्य कति अङ्गजा इति चेद् 'उच्यते' षोडशाः, ते तु जरासिन्धुराजेन सार्धं सङ्ग्राममध्ये आसन्नधिकान् तु भगवान् वेद। यदुक्तं श्रीहेमाचार्यैः स्वकृते नेमिचरित्रे, तथाहि–

समुद्रविजयस्तेषु समुद्र इव दुर्धरः।
तत्राऽगात् सर्वसन्नाही तस्यैते तनया अपि।।१५७।।
महानेमिः सत्यनेमिर्दृढनेमिसुनेमिनौ।
अरिष्टनेमि- र्भगवान् जयसेनो-महीजयः।।१५८।।
तेजस्सेनोऽभयो-मेघ-श्चित्रको-गौतमोऽपि च।
श्वफल्कः शिवनन्दश्च विषक्सेनो महारथः।।१५९।।

इति समुद्रविजयस्य षोडश(१६)पुत्राः।।११।।



પહોળી હતી અને નવયોજન વિસ્તૃત હતી.

આ રીતે દ્વારિકા નગરી ગુપ્ત હતી, સાગરજળથી ઢંકાયેલી હતી. તેમાંથી પ્રગટ કરી, તે વિચાર કહ્યો.

**(૧૧) પ્રશ્ન** :- શ્રી સમુદ્રવિજય રાજાના કેટલા પુત્ર હતા ?

**ઉત્તર** :- સોળ, તેટલા તો જરાસિન્ધુ રાજા સાથે યુદ્ધમાં હતા. અધિક તો ભગવાન જાણે છે. **શ્રીહેમાચાર્યે** સ્વકૃત **શ્રીનેમિચરિત્ર**માં કહ્યું છે –

તેઓમાં સમુદ્ર જેવા દુર્ધર સમુદ્રવિજય સર્વપરિણાહ સાથે ત્યાં આવ્યા. તેના આ પુત્રો પણ આવ્યા – મહાનેમિ, સત્યનેમિ, દૃઢનેમિ, સુનેમિ, અરિષ્ટનેમિ ભગવાન, જયસેન, મહીજય, તેજસ્સેન, અભય, મેઘ, ચિત્રક, ગૌતમ, શ્વફલ્ક, શિવનંદ, વિષક્સેન અને મહારથ. આ રીતે સમુદ્રવિજયના ૧૬ પુત્રો કહ્યા. (૧૧)



ननु- जम्बूद्वीपे एकस्मिन् समये उत्कृष्टपदे कियतां जिनानां जन्म भवति ? 'उच्यते' चतुर्णाम् एव जिनानां युगपद् जन्म इति, यदुक्तं श्रीसमवायाङ्गसूत्रवृत्तौ तथाहि–

**"जबुंदीवे णं उक्कोसपदे चोत्तीसं तित्थंकरा समुप्पजंति।"**

व्याख्या- समुत्पद्यन्ते सम्भवन्तीत्यर्थः, न तु एकसमये जायन्ते, चतुर्णाम् एव एकदा जन्मसम्भवात्, तथाहि- मेरौ पूर्वापरशिलातलयोर्द्वे द्वे एव सिंहासने भवतोऽतो तौ द्वौ द्वौ एवाऽभिषिच्येते द्वयोर्द्वयोर्जन्मेति, दक्षिणोत्तरयोस्तु तदानीं दिवससद्भावात् न भरतैरवतयोर्जिनोत्पत्तिः, 'अर्धरात्रे एव जिनोत्पत्तिरिति' इति जम्बूद्वीपे उत्कृष्टपदेऽपि जिनचतुष्टय-जन्मेति।।१२।।



**(૧૨) પ્રશ્ન** :- જંબૂદ્વીપમાં એક સમયે ઉત્કૃષ્ટ પદે કેટલા તીર્થંકરોનો જન્મ થાય છે ?

**ઉત્તર** :- ચાર જ તીર્થંકરોનો એક સાથે જન્મ થાય છે. શ્રી**સમવાયાઙ્ગ સૂત્ર**ની વૃત્તિમાં કહ્યું છે – 'જંબૂદ્વીપમાં ઉત્કૃષ્ટપદે ચોત્રીસ તીર્થંકરો ઉત્પન્ન થાય છે.'

વ્યાખ્યા :- ઉત્પન્ન થાય છે એટલે સંભવે છે, એવો અર્થ સમજવો, પણ એક સમયે જન્મ પામે છે એવો અર્થ ન લેવો. કારણ કે એક સમયે તો ચાર તીર્થંકરો જ જન્મી શકે છે. મેરુ પર્વતની પૂર્વ અને પશ્ચિમ શિલાતલમાં બે-બે સિંહાસનો હોય છે. માટે તે બે-બે નો જ અભિષેક એક સાથે થાય છે. કારણ કે બે-બે નો જન્મ થાય છે. દક્ષિણ અને ઉત્તરમાં તો તે સમયે દિવસ હોવાથી ભરત અને ઐરાવતમાં તે સમયે જિનેશ્વરોનો જન્મ થતો નથી. કારણ કે જિનેશ્વરોનો જન્મ અર્ધરાત્રે જ થાય છે. આ રીતે જંબૂદ્વીપમાં ઉત્કૃષ્ટપદે ચાર તીર્થંકરોનો જન્મ થાય છે. (૧૨)

ननु– **"सिरसा मणसा मत्थएण वंदामि"** इत्यत्र सिरसा इत्युक्त्वा मत्थएणेति कथने पुनरुक्तदोषः प्रादुर्भवन्नस्ति। 'उच्यते' नैवम्, यतो **"मत्थएणवंदामि"** इति समयप्रसिद्धम् अव्युत्पन्नं नमस्कारवचनम् अस्ति, ततो न पुनरुक्तदोषः, यदुक्तं पाक्षिकक्षामणावचूर्णौ, तथाहि **"सिरसा मणसा"** इति व्यक्तम्, चः समुच्चये इह द्रष्टव्यः **"मत्थएण वंदामि"** इति नमस्कारवचनम् अव्युत्पन्नं समयप्रसिद्धम्। अतः **"सिरसेति"** अभिधाय अपि यन्मस्तकेनेत्युक्तं तद् अदुष्टम् एव, यथा एतेषां बलीवर्द्दानाम् एष गोस्वामी इति गोस्वामिशब्दस्य स्वामिपर्य्यायतया रूढिः, इति सिरसा मणसा मत्थएण वंदामि, इत्यस्यार्थः श्रीतिलकाचार्य-कृताऽऽवश्यकवृत्तावपि एवमेव बोध्यम्, तथाहि– मस्तकेन वन्दे इति

विशेषोपनिषद्

**(१३) प्रश्न** :- 'सिरसा मणसा मत्थएण वंदामि' आ पाठमां 'सिरसा' कहीने 'मत्थएण' आवुं कहेवामां पुनरुक्ति दोष आवे छे.

**उत्तर** :- ना, कारण के 'मत्थएण वंदामि' आ सिद्धान्तप्रसिद्ध अने व्युत्पत्तिरहित एवुं नमस्कारवचन छे. अर्थात् ए पदनो अर्थ सामान्यथी नमस्कार समजवानो छे. माटे पुनरुक्ति दोष नथी. **पाक्षिक क्षामणानी अवचूरि**मां कह्युं छे – 'सिरसा मणसा' आनो अर्थ स्पष्ट छे. 'च' अहीं समुच्चय अर्थमां समजवो. 'मत्थएण वंदामि' आ नमस्कारवचन छे. ते सिद्धान्तप्रसिद्ध छे अने व्युत्पत्तिरहित छे. माटे सिरसा एवुं कहीने पण जे मस्तकेन एवुं कह्युं, तेमां दोष नथी. जेमके कोई कहे के - आ बळदोनो आ गोस्वामि छे. तो तेमां गोस्वामि पद 'स्वामि' शब्दना पर्याय तरीके रूढ गणाय छे. बलीवर्द अने गो आ बंने शब्दो होवाथी पुनरुक्ति छे, एवुं कहेवातुं नथी. आ रीते 'सिरसा मणसा मत्थएण वंदामि' एनो अर्थ मस्तकथी अने मनथी नमस्कार एवो समजवो.

**श्रीतिलकाचार्यकृत आवश्यकवृत्ति**मां पण कह्युं छे – 'मस्तकथी



अखण्डं सोपपदं समयभाषया नमस्कारार्थं क्रियापदम्, मस्तकेन इत्युपपदरहितं तु वन्दे इति अभिवादनार्थे स्तवम् एव, न नमस्कारे। यथा **"अरिहन्त वंदण नमंसणाइं"** यथा वा **"अभिगमण वंदणेण नमंसणेण पडिपुच्छणेण साहूणं ति"** ततः शिरसा इत्युक्तेऽपि मस्तकेन वन्दे इत्यत्र मस्तकेन इत्यस्य पौनरुक्त्यं न आशङ्कनीयम्।।१।। श्रीहरिभद्रसूरिकृतावश्यकबृहद्वृत्तौ पुनरेवम्– शिरसा उत्तमाङ्गेन, मनसा अन्तःकरणेन, मस्तकेन वन्दे इति वाचा, इत्थम् अभिवन्द्य साधून् इत्यादि इति **मत्थएण वंदामि** इत्यस्यार्थः।।१३।।

ननु– पूर्वगतस्य सर्वप्रवचनात् पूर्वं क्रियमाणत्वात् कथं **"अंगट्टयाए पढमे अंगे आयारे"** इति श्रीसमवायाङ्गे, **"सव्वेसिं आयारो पढमो"**

विशेषोपनिषद्

वंदन करुं छुं' आ अखंड उपपदसहित पद छे. ते सिद्धान्तनी परिभाषामां 'नमस्कार' अर्थनुं क्रियापद छे. मस्तक एवा उपपदथी रहित होय एवुं 'वंदे' पद तो अभिवादन (स्तुति) अर्थमां ज छे, नमस्कार, अर्थमां नही. जेम के 'अरिहंतने वंदन नमस्कार' आ पदमां तथा साधुओने अभिगमन, वंदन, नमस्कार अने प्रतिपृच्छना करवाथी' अहीं वंदननो अर्थ अभिवादन छे, नमस्कार नहीं. माटे 'शिरसा' एम कह्युं होवा छतां पण 'मस्तकेन वंदे' अहीं 'मस्तकेन' आ पुनरुक्त छे, एवी शंका न करवी.

**श्रीहरिभद्रसूरिकृत आवश्यक बृहद्वृत्ति**मां तो आ रीते कह्युं छे – 'शिरसा' एटले मस्तकथी, 'मनसा' एटले अंतःकरणथी, मस्तकथी वंदन करुं छुं, एटले वाणीथी. आ रीते साधुओनुं अभिवादन करीने.....

आ रीते 'मत्थएण वंदामि' एनो अर्थ कह्यो.

**(१४) प्रश्न** :- द्वादशांगीरूप सर्व प्रवचन छे. तेमां पूर्वगत श्रुतने सौ प्रथम कराय छे. तो 'अंगरूपे आचारांग प्रथम छे' एवुं

इति श्रीआचाराङ्गनिर्युक्तौ अपि प्रत्यपादि ? 'उच्यते' स्थापनाम् अधिकृत्य पूर्वम् आचाराङ्गम्, रचनापेक्षया तु पूर्वम् द्वादशाङ्गम् इति न विरोधः। यदुक्तं श्रीसमवायाङ्गसूत्रवृत्त्योः, तथाहि **"अंगट्ठयाए पढमे अंगे आयारे"** अङ्गार्थतया अङ्गलक्षणवस्तुत्वेन प्रथमम् अङ्गं स्थापनाम् अधिकृत्य, रचनापेक्षया तु द्वादशाङ्गं पूर्वम्, पूर्वगतस्य सर्वप्रवचनान् पूर्वं क्रिय-माणत्वादिति, पुनः श्रीसमवायाङ्गे एव पूर्वाधिकारे तथैव प्रोक्तम्, तथाहि– अथ किं पूर्वगतः ? 'उच्यते' यस्मात् तीर्थंकरः तीर्थप्रवर्त्तनाकाले गणधराणां सर्वसूत्राधारत्वेन पूर्वं पूर्वगतसूत्रार्थं भाषते तस्मात् पूर्वाणीति भणितानि, गणधराः पुनः श्रुतरचनां विदधानाः आचारादिकं क्रमेण रचयन्ति स्थापयन्ति च, मतान्तरेण तु पूर्वगतसूत्रार्थः

विशेषोपनिषद्

**श्रीसमवायांग**માં કેમ કહ્યું ? **આચારાંગ નિર્યુક્તિ**માં પણ, 'બધામાં આચાર પ્રથમ છે' એવું કેમ કહ્યું ?

**ઉત્તર** :- સ્થાપનાને આશ્રીને આચારાંગ પ્રથમ છે અને રચનાને આશ્રીને દ્વાદશાંગ (દૃષ્ટિવાદ) પૂર્વ છે. માટે વિરોધ નથી.

**શ્રીસમવાયાંગસૂત્ર** અને તેની **વૃત્તિ**માં કહ્યું છે – અંગરૂપે આચારાંગ પ્રથમ છે – અંગરૂપવસ્તુપણે સ્થાપનાને આશ્રીને - ક્રમસન્યાસની અપેક્ષાએ - આચારાંગ પ્રથમ છે અને રચનાની અપેક્ષાએ બારમું અંગ-દૃષ્ટિવાદ પ્રથમ છે. કારણ કે પૂર્વગતશ્રુતની રચના સર્વ પ્રવચનની પૂર્વે કરવામાં આવે છે.

ફરી **શ્રીસમવાયાંગ**સૂત્રમાં પૂર્વાધિકારમાં તે જ મુજબ કહ્યું છે - 'પૂર્વગત શું છે ? તે કહેવાય છે. - તીર્થંકર તીર્થપ્રવર્તનના સમયે ગણધરોને સર્વ સૂત્રોના આધારરૂપે સૌ પ્રથમ પૂર્વગતસૂત્રોનો અર્થ કહે છે, માટે તેને 'પૂર્વો' કહેવાય છે. ગણધરો શ્રુતરચના કરે ત્યારે આચારાંગ વગેરેને ક્રમથી રચે છે, અને તેમની ક્રમાનુસારે સ્થાપના કરે છે. મતાંતરથી તો અરિહંતે સૌ પ્રથમ પૂર્વગત સૂત્રાર્થ કહ્યો હતો.



पूर्वम् अर्हता भाषितो गणधरैरपि पूर्वगतश्रुतम् एव पूर्वं रचितं पश्चाद् आचारादि, ननु एवं यद् आचारनिर्युक्त्याम् अभिहितं **"सव्वेहिं पढमो आयारो"** इति तत्कथम्, उच्यते, तत्र स्थापनाम् आश्रित्य च उक्तम्, इह तु अक्षररचनां प्रतीत्य भणितम्, पूर्वं पूर्वाणि कृतानि इति, अयम् एव आलापकपाठः श्रीप्रवचनसारोद्धारवृत्तावपि, इति सर्वाङ्गेभ्यः पूर्वं पूर्वाणीति विचारः ।।१४।।

ननु– कोऽपि गृहस्थः साधुं शीतार्त्तं विलोक्य भक्त्यनुकम्पाभ्याम् अग्निं प्रज्वाल्य तापयेत्, तदा तस्य पापं वा पुण्यं वा स्यात् ? 'उच्यते' पुण्यम् एव। यदुक्तं श्रीआचाराङ्गे अष्टमे विमोक्षाध्ययने तृतीयोद्देशके तथैव भणितमस्ति। तथा हि– **"सिया एवं वदंतस्स परो अगिणिकायं उज्जालेत्ता पज्जालेत्ता कायं आयावेज्जा वा**

विशेषोपनिषद्

ગણધરોએ પણ પૂર્વગતશ્રુતની રચના જ સૌ પ્રથમ કરી હતી, આચારાંગ વગેરેની રચના પછી કરી હતી.

**શંકા** :- તો પછી **આચારાંગનિર્યુક્તિ**માં એમ કેમ કહ્યું ? કે 'સર્વ શ્રુતમાં આચારાંગ પ્રથમ છે.'

**સમાધાન** :- એ (આ.નિ.નું વચન) સ્થાપનાને આશ્રીને કહ્યું છે. 'પૂર્વે પૂર્વોની રચના કરી'- એ વાત અક્ષરરચનાની અપેક્ષાએ કરી છે.'

આ જ આલાપક પાઠ શ્રીપ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં પણ છે. આ રીતે સર્વ અંગોમાં પૂર્વો પ્રથમ છે, તે વિચાર કહ્યો. ।।૧૪।।

(૧૫) **પ્રશ્ન** :- સાધુ શીતથી પીડાતા હોય તે સમયે કોઈ ગૃહસ્થ તેમને જુએ અને ભક્તિ અનુકંપાથી અગ્નિ પેટાવીને તાપણું કરે, તો તેને પાપ લાગે કે પુણ્ય બંધાય ?

**ઉત્તર** :- પુણ્ય જ બંધાય. કારણ કે **શ્રીઆચારાંગસૂત્ર**માં આઠમા વિમોક્ષ અધ્યયનમાં તૃતીય ઉદ્દેશામાં તે જ રીતે કહ્યું છે - જો આમ કહેતા મુનિને તે અગ્નિકાયનું ઉજ્જવાલન કે પ્રજ્વાલન

**पयावेज्जा वा तं च भिक्खू पडिलेहाए आगमेज्जा आणवेज्जा अणासेवणाए त्तिबेमि"** इति। **वृत्तिः** 'सिआ' इत्यादिः स्यात् कदाचित् स परो गृहस्थ एवम् उक्तनीत्या वदतः साधोः अग्निकायम् उज्ज्वालय्य प्रज्वालय्य वा कायम् आतापयेद् वा तच्च उज्वालना आतापनादिकं भिक्षुः प्रत्युपेक्ष्य विचार्य स्वसंमत्या परव्याकरणेन अन्येषां वान्तिके श्रुत्वा अवगम्य ज्ञात्वा तं गृहपतिम् आज्ञापयेत् प्रतिबोधयेत् कया अनासेवनया यथा एतन् मम अयुक्तम् आसेवितुं भवता तु साधुभक्त्य-नुकम्पाभ्यां पुण्यप्राग्भारोपार्जनम् अकारीति, ब्रवीमीति शब्दावुक्तार्थौ, इति शीतार्त्तसाधोरग्निना तापने गृहस्थस्य पुण्यप्राग्भारोपार्जनम्।।१५।।

ननु– स्थविरकल्पिका वस्त्राणि कदापि प्रक्षालयन्ति न वा ?



કરીને શરીરને આતાપના-પ્રતાપના કરે. ભિક્ષુ તેને જોઈને જાણે અને આજ્ઞા કરે કે 'આનો ઉપયોગ મારા માટે ઉચિત નથી' એમ હું કહું છું.

વૃત્તિ :- 'જો' ઈત્યાદિ. કદાચ કોઈ ગૃહસ્થ ઉપરોક્ત રીતે કહેતા મહાત્માને અગ્નિકાયને પેટાવીને ખૂબ પ્રજ્વલિત કરીને શરીરને આતાપના કરે, તે ઉજ્જ્વાલના, આતાપનાનો મુનિ વિચાર કરીને સ્વમતિથી, બીજાના કહેવાથી કે અન્ય પાસે સાંભળીને, જાણીને તે ગૃહસ્થને આજ્ઞા કરે, પ્રતિબોધ કરે. શેનાથી પ્રતિબોધ કરે ? આનાસેવના કહેવાથી કે – 'આનું આસેવન કરવું મારા માટે ઉચિત નથી. તમે તો સાધુની ભક્તિ-અનુકંપાથી પુણ્યના પ્રાગ્ભારનું ઉપાર્જન કર્યું'. 'તેમ હું કહું છું' આ શબ્દોનો અર્થ પૂર્વે કહ્યો છે.

આ રીતે શીતાર્ત સાધુને અગ્નિથી તાપણુ કરે તેમાં ગૃહસ્થને પુણ્યપ્રાગ્ભારનું ઉપાર્જન થાય છે. ।।૧૫।।

**(૧૬) પ્રશ્ન** :- સ્થવિર કલ્પિક મુનિઓ કદી પણ વસ્ત્રોનું પ્રક્ષાલન કરે કે નહીં ?



'उच्यते' प्रक्षालयन्ति, यतः श्रीमदाचाराङ्गेऽष्टमाध्ययने चतुर्थोद्देशके, तेषां वस्त्रधावनम् अनुज्ञातम् अस्ति, तथाहि **"नो धोएज्जा नो रएज्जा नो धोतरत्ताणि वत्थाणि धारेज्जा"** वृत्तिः- याञ्चाऽवाप्तानि च वस्त्राणि यथापरिगृहीतानि धारयेत्, न तत्र उत्कर्षेण धावनादिकम् परिकर्म कुर्याद्। एतदेव दर्शयितुम् आह 'नो धोएज्जा' इत्यादि, नो धावयेत् = प्रासुकोदकेनापि न प्रक्षालयेत्। गच्छवासिनो हि अप्राप्तवर्षादौ ग्लानावस्थायां वा प्रासुकोदकेन यतनया धावनम् अनुज्ञातम् अस्ति, न तु जिनकल्पिकस्य इति। तथाहि **"न धौतरक्तानि वस्त्राणि धारयेत्"** पूर्वं धौतानि पश्चाद् रक्तानीति। इति स्थविरकल्पिकानां वस्त्रप्रक्षालन-विचारः।।१६।।

ननु– विकलेन्द्रियाणां रुधिरं भवति न वा ? केचिद् वदन्ति न



**ઉત્તર** :- પ્રક્ષાલન કરે છે. કારણ કે શ્રી **આચારાંગ**માં આઠમાં અધ્યયનના ચતુર્થ ઉદ્દેશામાં તેમને વસ્ત્રપ્રક્ષાલનની અનુજ્ઞા આપવામાં આવી છે – 'ધોવે નહીં, રંગે નહીં, ધોયેલા, રંગેલા વસ્ત્રોને ધારણ ન કરે.'

વૃત્તિ :- યાચનાથી મેળવેલા વસ્ત્રો જેવા લીધા હોય, તેવા જ પહેરે, તેમાં ઉત્કર્ષથી ધોવા વગેરેનું પરિકર્મ ન કરે. એ જ બતાવવા કહે છે – ન ધોવે વગેરે. ધોવે નહીં એટલે પ્રાસુક જળથી પણ તેનું પ્રક્ષાલન ન કરે. ગચ્છવાસી મહાત્માને હજી વરસાદ ન આવ્યો હોય ત્યારે કે ગ્લાન અવસ્થામાં જયણાથી પ્રાસુક જળથી વસ્ત્રધાવન કરવાની અનુજ્ઞા અપાઈ છે, જિનકલ્પિકને નહીં (પ્રસ્તુત નિષેધ જિનકલ્પિકને આશ્રીને કર્યો છે.) ધોયેલા-રંગેલા વસ્ત્રોનું ધારણ ન કરે. ધૌતરક્ત એટલે પૂર્વે ધોયેલા અને પછી રંગેલા. આ રીતે સ્થવિર કલ્પિકોનો વસ્ત્રધાવનનો વિચાર કહ્યો. ।।૧૬।।

**(૧૭) પ્રશ્ન** :- વિકલેન્દ્રિયોને લોહી હોય કે નહીં ? કેટલાક

भवति। 'उच्यते' रुधिरं विकलेन्द्रियाणां शरीरे भवत्येव, तन्निषेधका अबहुश्रुता इति मन्तव्यम्, यदुक्तं श्रीस्थानाङ्गसूत्रवृत्त्योः द्वितीयस्थाने प्रथमोद्देशके, तथाहि **"नेरइयाणं दो सरीरगा पन्नत्ता तंजहा अब्भिंतरगे चेव १ बाहिरगे चेव २, अब्भिंतरगे कम्मए बाहिरए वेउव्विए, एवं देवाणं भाणियव्वं। पुढविकाइयाणं दो सरीरगा पन्नत्ता तंजहा अब्भिंतरगे चेव बाहिरगे चेव, अब्भिंतरए कम्मए बाहिरए ओरालिए, जाव वणस्सइकाइयाणं। बेइंदियाणं दो सरीरगा पन्नत्ता तंजहा अब्भिंतरए चेव बाहिरए चेव, अब्भिंतरए कम्मए अट्ठिमंससोणियबद्धे बाहिरए ओरालिए, जाव चउरिंदियाणं। पंचिंदियतिरिक्खजोणियाणं दो सरीरगा पन्नत्ता तंजहा अब्भिंतरए चेव बाहिरए चेव, अब्भिंतरए**

विशेषोपनिषद्

કહે છે, ન જ હોય.

**ઉત્તર** :- વિકલેન્દ્રિયોના શરીરમાં લોહી હોય જ છે. તેનો જે નિષેધ કરે છે, તેઓ અબહુશ્રુત છે એમ સમજવું. કારણ કે **શ્રીસ્થાનાંગસૂત્ર** અને તેની **વૃત્તિ**માં દ્વિતીય સ્થાનમાં પ્રથમ ઉદ્દેશામાં કહ્યું છે –

નારકોને બે શરીર હોય છે – આભ્યંતર અને બાહ્ય. આભ્યંતર કાર્મણ છે અને બાહ્ય વૈક્રિય છે. એમ દેવોનું પણ કહેવું.

પૃથ્વીકાયિકોને બે શરીર છે – આભ્યંતર અને બાહ્ય. આભ્યંતર કાર્મણ છે અને બાહ્ય ઔદારિક છે. એમ યાવત્ વનસ્પતિકાય સુધી સમજવું. બેઈન્દ્રિયોને બે શરીર હોય છે – આભ્યંતર અને બાહ્ય. આભ્યંતર કાર્મણ છે અને બાહ્ય અસ્થિ-માંસ-**રુધિર**થી બંધાયેલું એવું ઔદારિક છે. યાવત્ ચઉરિન્દ્રિયોને. પંચેન્દ્રિય તિર્યંચોને બે શરીર છે – આભ્યંતર અને બાહ્ય. આભ્યંતર કાર્મણ છે, અને બાહ્ય અસ્થિ-માંસ-રુધિર-સ્નાયુ-શિરાઓથી બંધાયેલું એવું ઔદારિક શરીર છે. મનુષ્યોનું પણ આ જ રીતે સમજવું.



**कम्मए अट्ठिमंससोणियन्हायुसिरावद्धे बाहिरए ओरालिए, मणुस्साणं वि एवमेव"** व्याख्या– 'पुढवीत्यादि' पृथिव्यादीनां तु बाह्यम् औदारिकशरीरनामकर्मोदयाद् उदारपुद्गलनिर्वृत्तम्, औदारिकम्, केवलम् एकेन्द्रियाणाम् अस्थ्यादिविरहितम्, वायूनां वैक्रियं यत् तन्न विवक्षितम्, प्रायकत्वात् तस्येति। 'बेंदियाणमित्यादि' अस्थिमांसशोणितैर्बद्धम् 'नद्धं' यत् तत् तथा, द्वीन्द्रियाणाम् औदारिकत्वेऽपि शरीरस्य अयं विशेषः। 'पञ्चेन्द्रिये'ति पञ्चेन्द्रियतिर्यग्मनुष्याणां पुनरयं विशेषो यद् अस्थिमांस-शोणितस्नायुसिराबद्धम् इति। अस्थ्यादयस्तु प्रतीताः, इति विकलेन्द्रियाणां शोणितविचारः।।१७।।

ननु– केऽपि प्रवदन्ति मिथ्यादृष्टिविनिर्मितभारततर्कव्याकरणका-व्यादीनां पठने मिथ्याश्रुतत्वात् मिथ्यात्वं जायते, ततः सम्यग्दृष्टिभिर्न

विशेषोपनिषद्

વ્યાખ્યા :- પૃથ્વી વગેરે. પૃથ્વી વગેરેને બાહ્ય ઔદારિકશરીર-નામકર્મના ઉદયથી ઉદારપુદ્ગલોમાંથી બનેલું એવું ઔદારિક શરીર છે. માત્ર એકેન્દ્રિયો વગેરેને હાડકા વગેરેથી રહિત એવું ઔદારિક શરીર હોય છે. વાયુકાયનું જે વૈક્રિય શરીર હોય છે, તે પ્રાયિક હોવાથી તેની વિવક્ષા કરી નથી. 'બેઈન્દ્રિયોને' ઈત્યાદિ. અસ્થિ-માંસ અને રુધિરથી બંધાયેલું એવું શરીર હોય છે. બેઈન્દ્રિયોનું શરીર ઔદારિક જ હોય છે, પણ તેમાં આ વિશેષતા છે.

પંચેન્દ્રિય એટલે પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યોને આ વિશેષતા હોય છે કે તેમનું શરીર અસ્થિ-માંસ-રુધિર-સ્નાયુ અને શિરાઓથી બંધાયેલું હોય છે. અસ્થિ વગેરે પ્રતીત છે.

આ રીતે વિકલેન્દ્રિયોના રુધિરનો વિચાર કહ્યો. ॥૧૭॥

**(૧૮) પ્રશ્ન** :- કેટલાક કહે છે કે મિથ્યાદૃષ્ટિઓએ બનાવેલા મહાભારત, તર્ક, વ્યાકરણ, કાવ્યો વગેરેને ભણવાથી, તે મિથ્યાશ્રુત હોવાથી મિથ્યાત્વ લાગે છે. માટે તે સમ્યગ્દૃષ્ટિઓએ ન ભણવું

पठनीयम् इति। तत् सत्यम् इतरत् वा ? 'उच्यते' तद्वचोऽसत्यम् एव सम्भाव्यते, मिथ्याश्रुतस्याऽपि सम्यग्दृष्टिपरिगृहीतत्वेन सम्यक्श्रुतत्वेन भणनात्, तथा च पञ्चलिङ्गिविवरणेऽपि उक्तम्, तथाहि–

**"अंगाणंगपविट्ठं सम्मसुयं लोइयं तु इत्थ मिच्छसुयं।**
**आसज्ज उ सामित्तं लोइयलोगुत्तरे भयणा।।"**

व्याख्या– इह अङ्गप्रविष्टम् आचारादिश्रुतम्, अनङ्गप्रविष्टं तु आवश्यकादिश्रुतम्, एतद् द्वितयमपि स्वामित्वचिन्ताया निरपेक्षं स्वभावेन सम्यक्श्रुतम्, लौकिकं तु भारतादि प्रकृत्या मिथ्याश्रुतम्, स्वामित्वम् आसाद्य स्वामित्वचिन्तायां पुनर्लौकिके भारतादौ, लोकोत्तरे च आचारादौ भजना विकल्पना अवसेया, सम्यग्दृष्टिपरिगृहीतं भारतादि अपि सम्यक्श्रुतम्, सावद्यभाषित्वभवहेतुत्वादियथावस्थिततत्त्वरूपबोधतो विषय-

विशेषोपनिषद्

જોઈએ. એ વાત સાચી છે કે ખોટી ?

**ઉત્તર** :- તે વાત અસત્ય જ સંભવે છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ ગ્રહણ કરે તેનાથી તે મિથ્યાશ્રુત પણ સમ્યક્-શ્રુત થઈ જાય છે, એવું શાસ્ત્રોમાં કહ્યું છે. **પંચલિંગિ વિવરણ**માં પણ તે પ્રમાણે કહ્યું છે–

અંગ-અનંગ પ્રવિષ્ટ સમ્યક્શ્રુત છે. અહીં લૌકિક તો મિથ્યાશ્રુત છે. સ્વામિત્વને આશ્રીને લૌકિક-લોકોત્તરમાં ભજના છે.

વ્યાખ્યા :- અહીં અંગપ્રવિષ્ટ શ્રુત આચારાંગ વગેરે છે. અનંગ પ્રવિષ્ટ આવશ્યક વગેરે છે. આ બંને સ્વામિત્વની ચિંતાથી નિરપેક્ષ સ્વભાવથી સમ્યક્ શ્રુત છે. લૌકિક તો મહાભારત વગેરે પ્રકૃતિથી મિથ્યાશ્રુત છે. સ્વામિત્વનો વિચાર કરીએ તો લૌકિક મહાભારત વગેરેમાં અને લોકોત્તર આચારાંગ વગેરેમાં ભજના સમજવી. સમ્યગ્દૃષ્ટિ વડે પરિગૃહીત એવું મહાભારત વગેરે પણ સમ્યક્શ્રુત છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિને તેનું અધ્યયન કરતી વખતે પણ યથાર્થબોધ જ થાય છે, કે અહીં આ સાવદ્યભાષાનો પ્રયોગ છે. આ પદાર્થ સંસારનું



भागेन योजनात्, मिथ्यादृष्टिपरिगृहीतं तु आचारादि अपि मिथ्याश्रुतम्, अयथाऽवस्थितबोधतो वैपरीत्येन योजनात्, इति भावार्थः। इति सम्यक्त्विपरिगृहीतं सर्वं भारतादि अपि सम्यक्श्रुतम् इति। यदुक्तम्- तथा तच्च सम्यक्त्वं पञ्चधा भवति। इत्थम् एव श्रीआवश्यकबृहद्वृत्तौ सामायिकनिक्षेपाधिकारेऽपि उक्तम्, तथाहि–

सर्वम् एव सम्यग्दृष्टिपरिगृहीतं परसमयसम्बन्धि अपि सम्यक्श्रुतमेव तस्य स्वसमयोपकारित्वाद् इति।

पुनरपि श्रीनन्दिसूत्रम् एतत् साक्षिभूतम्, तथाहि **"से किं तं सम्मसुयं ? जं इमं अरहंतेहिं भगवंतेहिं उप्पन्नणाणदंसणधरेहिं तिलोक्कनिरिक्खियमहियपूइएहिं अईअपच्चूपण्णं अणागयजाणएहि**

विशेषोपनिषद्

કારણ છે. તે શ્રુતના પદોને સમ્યગ્દૃષ્ટિ આ રીતે વિષયવિભાગ કરીને જોડે છે. માટે તેના માટે મહાભારત વગેરે પણ સમ્યક્ શ્રુત છે.

મિથ્યાદૃષ્ટિ વડે પરિગૃહીત એવું તો આચારાંગ વગેરે પણ મિથ્યાશ્રુત છે, કારણ કે તે યથાવસ્થિત બોધ કર્યા વિના વિપરીતરૂપે યોજે છે.

આ રીતે સમ્યગ્દૃષ્ટિ વડે પરિગૃહીત, મહાભારત વગેરે સર્વ પણ સમ્યક્ શ્રુત છે.

કહ્યું પણ છે – તે સમ્યક્ત્વ પાંચ પ્રકારનું છે - ઈત્યાદિ. આ રીતે જ **શ્રીઆવશ્યકબૃહદ્વૃત્તિ**માં સામાયિક નિક્ષેપના અધિકારમાં પણ કહ્યું છે – સમ્યગ્દૃષ્ટિ વડે પરિગૃહીત એવું સર્વ પરસમયસંબંધી શ્રુત પણ સમ્યક્ શ્રુત જ છે. કારણ કે તે સ્વસમયમાં ઉપકારી છે, અર્થાત્ તેનાથી પણ સમ્યગ્દૃષ્ટિને સ્વસમયની શ્રદ્ધા અને સ્વશાસ્ત્રોના બોધની જ દૃઢતા થાય છે.

વળી શ્રીનંદીસૂત્ર પણ તેમાં સાક્ષી પૂરે છે - સમ્યક્ શ્રુત શું છે ? જે ઉત્પન્ન થયેલા જ્ઞાન-દર્શનના ધારક, ત્રૈલોક્ય વડે નિરીક્ષિત, સન્માનિત

**सव्वन्नूहिं सव्वदरिसीहिं पणीयं दुवालसंगं गणिपिडगं आयारो जाव दिट्ठिवाओ इच्चेइयाइं दुवालसंगाणि गणिपिडगं चउद्दसपुव्विस्स सम्मसुयं अभिन्नदसपुव्विस्स सम्मसुयंति। से तं सम्मसुयं। से किं तं मिच्छसुयं ? जं इमं अन्नाणिएहिं मिच्छद्दिट्ठीहिं सच्छंद-बुद्धिमयविगप्पियं, नवरं रामायणं-भारहं भीमासुरुक्क-कोडिल्लयं सगडभद्दियाओ खोडगुहं कप्पासियं नाग-सुहमाकणगसत्तरीवयसेसियं बुद्धवयणं विसियं काविललोगायित्तं सट्ठितंतं माढरं पोराणं वायरणं नाडगाइं अथवा बावत्तरिकलाओ चत्तारिवेयाणं संगोवंगाणं एयाइ मिच्छदिट्ठिस्स मिच्छत्तपरिग्गहियाइं मिच्छसुयं एयाणि चेव सम्मदिट्ठिस्स समत्तपरिग्गहियाइ सम्मसुयं, अहवा मिच्छदिट्ठिस्स**

विशेषोपनिषद्

અને પૂજિત, અતીત, વર્તમાન અને અનાગતને જાણનારા સર્વજ્ઞ, સર્વદર્શી એવા શ્રી અરિહંત ભગવંતોએ રચેલ દ્વાદશાંગ-ગણિપિટક આચારાંગથી દૃષ્ટિવાદ સુધીનું છે. આ દ્વાદશાંગ ગણિપિટક ચૌદપૂર્વીને સમ્યક્-શ્રુત છે. સાડા નવપૂર્વથી અધિક જ્ઞાન ધરાવનારને સમ્યક્શ્રુત છે. આ સમ્યક્શ્રુત કહ્યું. મિથ્યાશ્રુત શું છે ? જે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિઓ વડે સ્વચ્છંદ બુદ્ધિથી પરિકલ્પિત હોય, તે મિથ્યાશ્રુત છે. રામાયણ, મહાભારત, ભીમાશુરુક્ક, કૌટિલ્ય, શકટ ભદ્રિકાઓ, ખોડગૃહ, કાર્પાસિક, નાગશુભ, આકણગ, સત્તરિવ્રજશેષિત, બુદ્ધવચન, વૈશિક, કાપિલ, લોકાયિત, ષષ્ટિતંત્ર, માઠર, પૌરાણ, વ્યાકરણ, નાટક અથવા ૭૨ કળાઓ, સાંગોપાંગ એવા ચાર વેદ, આ બધું મિથ્યાદૃષ્ટિ દ્વારા મિથ્યાત્વ વડે પરિગૃહીત હોય તો એ મિથ્યાશ્રુત છે. એ જ શ્રુત સમ્યગ્દૃષ્ટિ વડે સમ્યક્રૂપે પરિગૃહીત હોય તે સમ્યક્ શ્રુત છે. અથવા તો મિથ્યાદૃષ્ટિને પણ એ સમ્યક્શ્રુત છે. કેમ ? સમ્યક્ત્વનું કારણ હોવાથી. જેમ તે મિથ્યાદૃષ્ટિઓને તે જ સિદ્ધાન્તો વડે પ્રેરણા કરાતા તેઓ પોતાના પક્ષની દૃષ્ટિઓ (મિથ્યાદૃષ્ટિ)નું વમન ત્યાગ કરે છે.

હવે મારે માત્ર સ્વસમયનું જ આલેખન ન કરવું જોઈએ. તો શું



**वि सम्मसुयं कम्हा सम्मत्तहेतुत्तणओ जहा ते मिच्छदिट्ठिणो तेहिं चेव ग(स)मएहिं चोइया समाणा सपक्खदिट्ठीओ वमंति"** साम्प्रतं न केवलं स्वसमय एव मया लेखनीयः, किं तर्हि ? परव्याकरणाद्यवबोधम् परतर्कादीनाम् अवगमं च विना साम्प्रतिकानां मन्दमतितया स्वसमयस्याऽपि दुर्बोधत्वाद् अशक्यसमर्थनत्वाच्च परव्याकरणान्यपि साधुकृते लेखनीयानि। तथा पाठकसाधूनां वसत्याद्युपष्टम्भेन पुस्तकदानेन च कुतीर्थ्या-ऽर्ज(जे?)यताम् आगते प्रवचने भव्यसत्त्वबोधोऽपि मदभिसन्धित्सितः सम्पत्स्यते इति तच् चिन्तां गाथापञ्चकेन आह 'छद्दरिसणगाहा' जिन-सौगत-साङ्ख्य-जैमिनीय-नैयायिक-लोकायतिकमतभेदात् षड्दर्शनानि, प्रवादा-स्तेषां तर्काः तत्तन्मतव्यवस्थापकानि प्रमाणशास्त्राणि, तद्विदः तद्रहस्या-भिज्ञाः, कुतीर्थिकानां द्विजातिनां सिद्धान्ताः श्रुतिस्मृतिपुराणादयः, तज्ज्ञाय-

विशेषोपनिषद्

કરવું જોઈએ ? પરસમય પણ લખવો જોઈએ. કારણ કે પરદર્શનના વ્યાકરણ વગેરેના જ્ઞાન વિના અને પરદર્શનના તર્ક વગેરેના જ્ઞાન વિના વર્તમાનના મંદમતિઓને સ્વસમય પણ દુર્બોધ છે, તે જ્ઞાન વિના તે સ્વસમયનું સમર્થન ન કરી શકે. માટે બીજાના વ્યાકરણ વગેરે પણ લખવા જોઈએ. પાઠક એવા સાધુઓને વસતિ વગેરે આપવા દ્વારા પુષ્ટિ કરવાથી તથા પુસ્તકો આપવાથી પ્રવચન કુતીર્થિઓ માટે અજેય બનતા ભવ્યજીવોનો બોધ પણ થશે, કે જે મને અભિપ્રેત છે. એમ સમજીને પાંચ ગાથાઓથી તેનો વિચાર કહે છે. છ દર્શન-ગાથા – જિન-બુદ્ધ-સાંખ્ય-જૈમિનીય-નૈયાયિક અને ચાર્વાક આ રીતે છ દર્શનો છે. તેના પ્રવાદો-તર્કો- તે તે મતના વ્યવસ્થાપક પ્રમાણશાસ્ત્રો. તેના વેત્તાઓ = તેના રહસ્યના જાણનારા. કુતીર્થિક બ્રાહ્મણોના સિદ્ધાન્તો - શ્રુતિ, સ્મૃતિ, પુરાણ વગેરે. તેના જ્ઞાતા = તેમાં અત્યંત કુશળ. પરતીર્થિકોના તર્કસિદ્ધાન્તના જ્ઞાન વિના પ્રતિપક્ષનો વિક્ષેપ ન થઈ શકે, તેથી સ્વપક્ષનું સમર્થન ન થઈ શકે. આના

कास्तत्कुशलाः, धणियंनितान्तम्, परतीर्थिकानां तर्कसिद्धान्तावबोधं हि विना प्रतिपक्षविक्षेपेण स्वपक्षसमर्थनाऽयोगात्, एतेन स्वसमयपरसमयविदस्ते इत्युक्तं भवति, न च परसमयानां मिथ्यात्वाङ्कितत्वात् सम्यग्दृशां तत्पाठो न सङ्गच्छते इति वाच्यम्, सम्यग्दृष्टिपरिग्रहेण तेषामपि दुष्टत्वप्रदर्शनेन स्वसमयव्यवस्थापनया समीचीनत्वाभिधानात्, यदुक्तं **"परसमओ उभयं वा सम्मद्दिट्ठिस्स ससमओ चेव"** यत एवंविधा एव जिनागमसाधनसमर्थाः, तत्तस्मात्, तेषां साधूनाम्, कारणे इति निमित्तम्, सर्वम् एव सकलमेव, स्वपरशास्त्रवृन्दम्, इह प्रवचने, भवति युज्यते, लेखनीयम्, पुस्तकेषु निवेश्यम्, इत्यर्थो गाथायाः। एवं श्रीहरिभद्रसूरिकृतावश्यकबृहद्वृत्तौ अपि श्रुतज्ञानाधिकारे प्रोक्तम्- तथा सम्यक्श्रुतम् अङ्गानङ्गप्रविष्टम् आचारावश्यकादि, तथा मिथ्याश्रुतं

विशेषोपनिषद्

द्वारा तेओ स्व-पर समयना जाणकार होय छे, एवुं कहेवायुं छे.

**शंका** :- परसमय ज मिथ्यात्वथी कलंकित छे, तेथी सम्यग्दृष्टिओ तेनो पाठ करे ते उचित नथी.

**समाधान** :- सम्यग्दृष्टिना परिग्रहथी परसमयनी दोषयुक्ततानुं प्रदर्शन कराय छे. आ रीते स्वसमयनी व्यवस्थापनारूप लाभ थाय छे, माटे परदर्शनना ग्रंथोनुं अध्ययन पण सम्यक् छे. कह्युं पण छे - परसमय के स्वपरसमय बंने पण सम्यग्दृष्टिना माटे स्वसमय ज छे. स्वपरसमयना ज्ञाताओ ज जिनागमने साधवामां समर्थ बने छे. अर्थात् तेओ ज जिनागमनी सिद्धि करीने तेने यथार्थरूपे पुरवार करी शके छे. तेथी साधुओना माटे सर्व स्व-पर-समयना शास्त्रो पुस्तकोमां लखववा=निवेशित करवा ए जिनशासनमां उचित छे. एवो गाथार्थ छे.

आ रीते **श्रीहरिभद्रसूरिकृत आवश्यक बृहद्वृत्तिमां** पण श्रुतज्ञानना अधिकारमां कह्युं छे – सम्यक् श्रुत अंग अने अनंगमां प्रविष्ट छे, ते आचारांग अने आवश्यक वगेरे छे. मिथ्याश्रुत



पुराणरामायणभारतादि, सर्वमेव वा दर्शनपरिग्रहविशेषात् सम्यक्श्रुतम् **"इतरयं तेण परं भिन्नभयणाहिं सव्वन्नूहिं सव्वदरिसीहिं पणीयं दुवालसंगं गणिपिडगं आयारो जाव दिट्ठिवाओ इच्चेइयाइं दुवालसंगाणि गणिपिडगं चउद्दस्सपुव्विस्स सम्मसुयं अभिन्नदसपुव्विस्स सम्मसुयं ति"** मिथ्याश्रुतं भारतादि सम्यग्दृष्टिगृहीतं सम्यक्श्रुतम् भवति इत्यष्टादशो विचारः।।१८।।

ननु- निरुपक्रमायुषो युगलिनोऽपि अन्तर्मुहूत्तमायुः कदापि सम्भवति? 'उच्यते' श्रीसूत्रकृदङ्गसूत्रे द्वितीयाध्ययने द्वितीयगाथायां त्रिपल्योपमायुष्कस्यापि मनुष्यस्य अन्तर्मुहूर्त्तायुःप्रतिपादनात् सम्भवत्येव, तथा च तत्पाठः **"भगवान् एव सर्वसंसारिणां सोपक्रमत्वाद् अनियतम् आयुरुपदर्शयन्नाह"**–

विशेषोपनिषद्

पुराण, रामायण, महाभारतरूप छे. अथवा तो दर्शनपरिग्रहविशेषथी एटले के सम्यग्दृष्टिना परिग्रहथी सम्यक् श्रुत छे –

ईतर = तेना सिवायनुं भिन्न भजनाओथी-अनेक नयोथी सर्वज्ञ-सर्वदर्शीए रचेलुं द्वादशांग गणिपिटक - आचारांगथी मांडीने दृष्टिवाद सुधी छे. आ द्वादशांग गणिपिटक चौदपूर्वीने सम्यक् श्रुत छे अने अभिन्न दर्शपूर्वी (साडा नव पूर्वथी अधिक ज्ञानना धारक) ने सम्यक् श्रुत छे.

महाभारत वगेरे मिथ्याश्रुत सम्यग्दृष्टि द्वारा गृहीत थाय तो ए सम्यक् श्रुत बने छे. आ रीते १८ मो विचार कह्यो. ।।१८।।

(१९) **प्रश्न** :- युगलिकनुं आयुष्य निरुपक्रम होय छे. आम छतां क्यारेक तेनुं आयुष्य अंतर्मुहूर्त पण संभवे छे ?

**उत्तर** :- हा. कारण के **श्रीसूत्रकृतांगसूत्रमां** द्वितीय अध्ययननी द्वितीय गाथामां त्रण पल्योपम आयुष्यवाळा मनुष्यनुं आयुष्य पण अंतर्मुहूर्तमात्र थई शके छे, एवुं कह्युं छे –

भगवान ज 'सर्वसंसारीओनुं आयुष्य सोपक्रम होवाथी अनित्य

**"डहरा बुड्ढा य पासह गब्भत्था वि चयंति माणवा।**
**सेणो जहा वट्टयं हरे एवं आऊक्खयंमि तुट्टइ।।१।।"**

व्याख्या– 'डहरा' बाला एव केचन जीवितं त्यजन्ति, तथा वृद्धाश्च गर्भस्था अपि, एतत् पश्यत यूयम्, के ते 'मानवा' मनुष्यास्तेषाम् एव उपदेशदानार्हत्वात्, मानवग्रहणं बह्वपायत्वाद् आयुषः सर्वासु अपि अवस्थासु। प्राणी प्राणान् संत्यजति इत्युक्तं भवति, तथाहि– त्रिपल्योपमायुष्कस्याऽपि पर्य्याप्त्यनन्तरम् अन्तर्मुहूर्त्तेन एव कस्यचिन् मृत्युरुपतिष्ठतीति, अपि च–

**"गर्भस्थं जायमानं शयनतलगतं मातुरुत्सङ्गसंस्थं।**
**बालं वृद्धं युवानं परिणतवयसं निस्वमाढ्यं खलार्य्यम्।।**

विशेषोपनिषद्

હોય છે, એ બતાવતા કહે છે – **જુઓ, નાના, મોટા અને ગર્ભસ્થ મનુષ્યો પણ ચ્યવે છે. જેમ બાજ પક્ષી તેતરને હરી જાય એમ આયુષ્યનો ક્ષય થતા જીવિત તૂટી જાય છે.**

વ્યાખ્યા :- કેટલાક જીવો બાળપણમાં જ મૃત્યુ પામે છે, કેટલાક વૃદ્ધપણે અને કેટલાક તો ગર્ભાવસ્થામાં જ મૃત્યુ પામે છે. એ તમે જુઓ. કોણ ? મનુષ્યો. મનુષ્યોની વાત એટલા માટે કરી કે તેઓ જ પ્રસ્તુત ઉપદેશ આપવા માટે યોગ્ય છે. વળી, માનવનું આયુષ્ય અનેક આપત્તિઓવાળું હોવાથી પણ 'માનવ'નું ગ્રહણ કર્યું છે.

આશય એ છે કે સર્વ અવસ્થાઓમાં પ્રાણી પ્રાણ માત્ર છોડી દે છે. જેનું આયુષ્ય ત્રણ પલ્યોપમ હોય, તે પણ કોઈક જીવ પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ, અંતર્મુહૂર્તમાં જ મૃત્યુ પામે છે. વળી - ગર્ભસ્થ હોય, જન્મ પામતો હોય, શયનતલમાં હોય, માતાના ખોળામાં હોય, બાળ-વૃદ્ધ-યુવાન હોય કે પાકટ વયની વ્યક્તિ હોય, ગરીબ હોય કે શ્રીમંત હોય, દુર્જન હોય કે સજ્જન હોય, ઝાડની ટોચે હોય કે પર્વતના શિખરે હોય, આકાશમાં હોય કે રસ્તામાં હોય, પાણીમાં



**वृक्षाग्रे शैलशृङ्गे नभसि पथि जले पञ्जरे कोटरे वा।**
**पाताले वा प्रविष्टं हरति च सततं दुर्निवार्य्यः कृतान्तः।।१।।"**

अत्रैव दृष्टान्तम् आह, यथा श्येनः-पक्षिविशेषो वर्त्तकं-तित्तिरजातीयं हरेत्- व्यापादयेद्, एवं प्राणिनः प्राणान् मृत्युरपहरेत्- उपक्रमकारणमायुष्कम् उपक्रामेद्, तदभावे च आयुषः क्षये तुट्यति- व्यवच्छिद्यते जीवानां जीवितम् इति, पुनः श्रीआचाराङ्गे लोकविजयाध्ययने प्रथमोद्देशके सूत्रवृत्ती–

**"अप्पं च खलु आउयं इह एकेसिं माणवाणं।"**

वृत्तिः– अल्पं स्तोकम्, चशब्दोऽधिकवचनः खलुः अवधारणे आयुरिति भवस्थितिहेतवः कर्मपुद्गलाः, इहेति संसारे, मनुष्यभवे च एकेषाञ्चिद् मानवानां मनुजानाम् इति पदार्थः, वाक्यार्थस्तु– इह अस्मिन् संसारे केषाञ्चिन्मनुजानां क्षुल्लकभवोपलक्षितान्तर्मुहूर्त्तमात्रम्

विशेषोपनिषद्

હોય કે પાંજરામા હોય, ગુફામાં હોય કે પાતાળમાં હોય, યમરાજનું નિવારણ કરવું શક્ય નથી. એ તો એ બધા જીવોને સતત હરી લે છે.

અહીં દૃષ્ટાન્ત કહે છે. જેમ બાજ પક્ષી તેતરની જાતના પક્ષીને હરી લે, એમ મૃત્યુ જીવના પ્રાણોને હરી લે છે. રોગ, શસ્ત્ર વગેરે ઉપક્રમના કારણો આયુષ્યનો ઉપક્રમ કરે છે. એવા કારણોનો યોગ ન થાય, તો ય આયુષ્ય ખૂટી જાય એટલે જીવોના જીવિતનો વ્યવચ્છેદ થાય છે. **શ્રીઆચારાંગસૂત્ર**માં 'લોકવિજય' નામના અધ્યયનમાં પ્રથમ ઉદ્દેસામાં આ પ્રમાણે સૂત્ર અને વૃત્તિ છે –

**અહીં અમુક માનવોનું આયુષ્ય અલ્પ હોય છે.**

વૃત્તિ :- અલ્પ એટલે થોડું, 'ચ' શબ્દ અધિક અર્થમાં છે. તેથી અત્યંત થોડું એવો અર્થ થશે. 'ખલુ' – અવધારણ (જકાર) અર્થમાં છે. આયુષ્ય એટલે ભવસ્થિતિના હેતુ એવા કર્મપુદ્ગલો. અહીં =

अल्पं स्तोकम् आयुर्भवति, चशब्दाद् उत्तरोत्तरसमयादिवृद्ध्या पल्योपमत्रयावसानेऽप्यायुषि, खलु शब्दस्य अवधारणार्थत्वात् संयमजीवितम् अल्पम् एवेति, तथाहि– अन्तर्मुहूर्त्ताद् आरभ्य देशोनपूर्वकोटिं यावत् संयमायुष्कं तच्च अल्पम् एवेति। अथवा त्रिपल्योपमायुरल्पम् एव यतस्तदन्तर्मुहूर्त्तम् अपहाय सर्वम् अपवर्त्तते। उक्तं च–

**"अद्धा जोगुक्कोसे बंधित्ता भोगभूमिएसु लहुं।**
**सव्वप्पजीवियं वज्जयित्तुं उव्वट्टिया दोण्हं।।"**

अस्यायम् अर्थः– उत्कृष्टयोगे बन्धाऽध्यवसायस्थाने, आयुषो यो बन्धकालो अद्धा उत्कृष्ट एव, तं बद्ध्वा, क्व ? भोगभूमिषु देवकुर्वादिषु, तस्य क्षिप्रम् एव सर्वाल्पम् आयुर्वर्जयित्वा द्वयोः तिर्यग्मनुष्ययोरपवर्त्तिकापवर्त्तनं भवत्येव, एतच्च अपर्य्याप्तकान्तर्मुहूर्त्तकान्तं द्रष्टव्यम्,

विशेषोपनिषद्

સંસારમાં. મનુષ્યભવમાં અમુક મનુષ્યોનું એવો અહીં પદાર્થ છે. વાક્યાર્થ આ પ્રમાણે છે - આ સંસારમાં કેટલાક મનુષ્યોનું આયુષ્ય ક્ષુલ્લકભવથી ઉપલક્ષિત એવું અંતર્મુહૂર્તમાત્ર અલ્પ હોય છે. ચ-શબ્દથી ઉત્તરોત્તર એક સમય વગેરેની વૃદ્ધિથી ત્રણ પલ્યોપમનું પણ આયુષ્ય હોય, પણ સંયમ જીવિત અલ્પ જ હોય છે. અંતર્મુહૂર્તથી માંડીને દેશોન પૂર્વકોટિ સુધી સંયમાયુષ્ક હોઈ શકે = ચારિત્રજીવન વધુમાં વધુ દેશોનપૂર્વકોટિ જ હોઈ શકે, અને તે તો અલ્પ જ છે.

અથવા તો ત્રણ પલ્યોપમનું આયુષ્ય પણ અલ્પ જ છે. કારણ કે તે અંતર્મુહૂર્ત છોડીને આખું અપવર્તના પામે છે. કહ્યું પણ છે –

ઉત્કૃષ્ટયોગ એટલે કે બંધના અધ્યવસાયસ્થાનમાં આયુષ્યનો જે ઉત્કૃષ્ટ બંધકાળ હોય તેને બાંધીને, ક્યાં ? દેવકુરુ-ઉત્તરકુરુ વગેરે ભોગભૂમિમાં તેનું તરત જ સર્વાલ્પ આયુષ્ય છોડીને બંનેમાં એટલે કે તિર્યંચ-મનુષ્યમાં અપવર્તન થાય જ છે. અપર્યાપ્તાવસ્થાનું જે અંતર્મુહૂર્ત હોય ત્યાં સુધી એ અપવર્તન સમજવું. ત્યાર બાદ



तत ऊर्ध्वम् अनपवर्त्तनम् एवेति, सामान्येन च आयुः सोपक्रमायुषां सोपक्रमम्, निरुपक्रमायुषां निरुपक्रमम्, यदा हि असुमान् स्वायुषस्त्रिभागे त्रिभागत्रिभागे जघन्येन एकेन द्वाभ्यां चोत्कृष्टः सप्तभिरष्टभिर्वा वर्षैः अन्तर्मुहूर्त्तप्रमाणेन कालेन आत्मप्रदेशरचनानाडिकान्तर्वर्त्तिन आयुष्ककर्मवर्गणापुद्गलान् प्रयत्नविशेषेण विधत्ते तदा निरुपक्रमायुर्भवति, अन्यदा तु सोपक्रमायुष्क इत्युपक्रमणं कारणैर्भवति, तानि चामूनि **"दंडकससत्थरज्जू"** एवं सहस्रत्रयप्रमाणेन नवतत्त्वबालावबोधेऽपि, तथाहि– तत्रापि साते आठे आकर्षे जं पुग्गलग्गहणुतेह तणाउ अनुभाग अतिदृढते आयु 'अपवर्त्तादि नही एह कारणि निरुपक्रमु कहीजइ सेषु सोपक्रमु तथा आठे कर्मशिथिलबन्धबान्ध्यां द्रव्यक्षेत्रादिकरी अपवर्त्ताइ शीघ्रभोगवायइ छूटइं इत्यर्थः, यथा यद्यपि एके रहइ एकसागरमान-

विशेषोपनिषद्

અનપવર્તન જ હોય છે. સોપક્રમઆયુષ્યવાળા જીવોનું આયુષ્ય સામાન્યથી સોપક્રમ હોય છે. અને નિરુપક્રમ આયુષ્યવાળા જીવોનું આયુષ્ય નિરુપક્રમ હોય છે. જ્યારે જીવ પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે, અથવા તો ત્રીજા ભાગનો પણ ત્રીજો ભાગ બાકી રહે ત્યારે, જઘન્યથી એક કે બે વર્ષે, ઉત્કૃષ્ટથી સાત કે આઠ વર્ષે અંતર્મુહૂર્તપ્રમાણકાળથી આત્મપ્રદેશરચનાની નાડીમાં વર્તતા આયુષ્ય-કર્મવર્ગણાના પુદ્ગલોને પ્રયત્નવિશેષથી કરે ત્યારે નિરુપક્રમ આયુષ્ય થાય છે. અન્યદા તો સોપક્રમ આયુષ્ય થાય છે. માટે ઉપક્રમકારણોથી આયુષ્યનો ઉપક્રમ થાય છે. તે આ પ્રમાણે છે– દંડક, શસ્ત્ર, દોરડું એમ ત્રણ હજાર પ્રમાણ છે, જે **નવતત્ત્વબાલાવબોધ**માં પણ કહ્યું છે. તેમાં પણ – સાત-આઠ આકર્ષે જે પુદ્ગલ ગ્રહણ કરે, તેમાં આયુષ્યનો રસ અતિ દૃઢ થાય છે. તેમાં અપવર્તના થઈ શકતી નથી. તેથી તેને નિરુપક્રમ કહેવાય છે. તે સિવાયનું સોપક્રમ કહેવાય. આઠે કર્મ શિથિલ બંધથી બાંધ્યા હોય, તે દ્રવ્ય, ક્ષેત્રરૂપી ઉપક્રમના

कर्मस्थिति हुवइ तिण करी निहा न हुवइ पणि जीवारइ संज्ञी पर्य्याप्त हुंतउ उत्कृष्टस्थिति बांधइ तिवारइ कोडाकोडिसागरमांहि ग्रंथि हुवइ जिम केवली प्रकृति मिथ्यात्वी न बांधइ अनइ पछइ वांधइ तिम ग्रिन्थी जाणिवुं तथा के जीवमनुष्यतिर्यंचतणुं त्रिपल्योपमायु बांधी अन्तर्मुहूर्त्त तिहां गर्भमाहि अवतरी परिणाम विशेषइ अपवर्त्ती पर्य्याप्त अन्तर्मुहूर्त्तमानकरइ पछइ मरइ इति, कर्मप्रकृतौ अपि तदर्थस्तु सङ्ग्रहतो विलोक्यः।।१९।।

ननु– पार्श्वस्थादिकारितेऽनायतनेऽविधिचैत्येऽपि कदापि साधु-श्रावकादिभिरर्हद्बिम्बनमस्कारार्थं गम्यते किं वा सर्वथा निषेधः? 'उच्यते' अपवादपदे पाक्षिकचतुर्मासिकपर्युषणादिपर्वतिथिषु अनायतनचैत्येऽपि साध्वादीनां श्रीजिनकुशलसूरिकृतश्रीचैत्यवन्दनककुलकवृत्तौ गमनम् अनुज्ञातम् अस्ति। तथा च तत्पाठः, तथाहि–

विशेषोपनिषद्

કારણોથી અપવર્તના પામે છે. એટલે કે શીઘ્ર ભોગવાઈને તે કર્મ છૂટી જાય છે. જો કે એક સાગરોપમની સ્થિતિ હોય, જેમ કેવળજ્ઞાની પ્રાયોગ્ય (?) પ્રકૃતિ મિથ્યાત્વ ન બાંધે અને પછી (કેવલી અવસ્થામાં ?) બાંધે તેમ ગ્રન્થિ (?) જાણવું. તેમ જીવ મનુષ્યતિર્યંચનું ત્રણ પલ્યોપમનું આયુષ્ય બાંધીને અંતર્મુહૂર્ત ત્યાં ગર્ભમાં અવતરીને પરિણામવિશેષથી અપવર્તના કરીને અંતર્મુહૂર્ત પ્રમાણ કરીને પછી મરે છે.

કર્મપ્રકૃતિમાં પણ તે અર્થ છે, તે સંગ્રહ (પંચસંગ્રહ ?) માંથી જાણવો. ॥૧૯॥

(૨૦) **પ્રશ્ન** :- જે ચૈત્ય પાર્શ્વસ્થ વગેરેએ કરાવેલું હોય, અનાયતન હોય અને અવિધિ ચૈત્ય હોય, ત્યાં ક્યારેય પણ સાધુ-શ્રાવક વગેરેથી અરિહંતબિંબને નમસ્કાર કરવા વગેરે કારણથી જવાય કે પછી તેનો સર્વથા નિષેધ છે ?

**ઉત્તર** :- અપવાદમાર્ગે પાક્ષિક, ચઉમાસી, પર્યુષણ વગેરે પર્વતિથિમાં



**"आययणमणिस्सकडं विहिचेइयमिह तिहा सिवकरं तु।**
**अहवा अववायाओ पासत्थोसन्नसन्निकयं।।१।।**
**आययणं निस्सकडं पव्वतिहीसुं च कारणे गमणं।**
**इयराभावे तस्सन्नि भाववुड्ढत्थमोसरणं।।२।।"**

'आययणं' इत्यायतनम् आयो दर्शनज्ञानादिलाभस्तन्यते विस्तार्यते येन यत्र वा तद् आयतनम्, यत्र मूलोत्तरगुणभ्रष्टाः साधवो न वसन्ति तद् आयतनं चैत्यम् उच्यते, तच्च अवसन्नपार्श्वस्थादिनिश्राकृतम् अपि भवति, अतस्तद्व्यवच्छेदार्थम् आह– 'अनिस्सकडं' अनिश्राकृतं निश्रयाऽ-वसन्नपार्श्वस्थादीनां निमित्तेन तद्भक्तश्रावकैः द्रव्यव्ययेन कृतं निश्राकृतम्, न निश्राकृतं तद् अनिश्राकृतम्, यत्र श्रावका एव लेखकोद्ग्राहणिकादिचिन्त्तां कुर्वन्ति तद् अनिश्राकृतम् इति भावः, अनिश्राकृतम् अविधिचैत्यम् अपि भवति, अतस्तद्व्यवच्छेदार्थम् आह– 'विहिचेइयं' विधिचैत्यं विधिः सिद्धान्तप्रणीतरीतिः, यतः–

विशेषोपनिषद्

અનાયતન ચૈત્યમાં પણ સાધુ વગેરેએ જવાય, એવું **શ્રીજિનકુશલ-સૂરિ**કૃત **ચૈત્યવંદનકુલક**ની વૃત્તિમાં કહ્યું છે. તેનો પાઠ આ મુજબ છે-

જેના વડે કે જેમાં દર્શન, જ્ઞાન વગેરેના લાભનો વિસ્તાર કરાય તે આયતન છે. જેમાં મૂલ-ઉત્તરગુણથી ભ્રષ્ટ સાધુઓ ન રહે, તે આયતન-ચૈત્ય કહેવાય છે. તે શિથિલ પાર્શ્વસ્થ વગેરેની નિશ્રાવાળું પણ હોય છે, માટે તેના વ્યવચ્છેદ માટે અનિશ્રાકૃત એમ કહ્યું છે. અવસન્નપાર્શ્વસ્થ વગેરેના કારણે તેમના ભક્ત શ્રાવકોએ દ્રવ્યવ્યયથી કર્યું હોય તે નિશ્રાકૃત છે, જે નિશ્રાકૃત ન હોય તે અનિશ્રાકૃત છે. જેમાં શ્રાવકો જ નામુ, ઉઘરાણી વગેરે સારસંભાળ કરતા હોય, તે અનિશ્રાકૃત છે, એવો આશય છે. અનિશ્રાકૃત અવિધિ ચૈત્ય પણ હોય છે. માટે તેના વ્યવચ્છેદ માટે કહે છે – વિધિચૈત્ય. વિધિ એટલે સિદ્ધાન્તનિર્મિત શૈલી. જેમ કે – રાતે વાજિંત્રો ન વાગે,

रात्रौ न नन्दिर्न बलिप्रतिष्ठे न मज्जनं न भ्रमणं रथस्य।
न स्त्रीप्रवेशो न च लास्यलीला साधोः प्रवेशो न तदत्र चैत्ये।।

इत्यादिस्वरूपस्तेन युक्तं चैत्यं विधिचैत्यम् उच्यते, इह जिनशासने, त्रिधा पूर्वोक्तविशेषणत्रयोपेतं देवगृहं शिवकरम्, शिवं मोक्षं करोतीति शिवकरं मुक्तिसाम्राज्यसम्पादकम् इत्यर्थः, तुशब्दः एवार्थः, शिवकरम् एव, अथवा पुनरर्थे, स च भिन्नक्रमोऽपवादत इत्यस्मात् परत्र योजनीयः, उत्सर्गतः सामान्यपदेन अतस्तस्मिन् चैत्ये सम्यग्दृष्टिश्रावकैर्यतिभिश्च शिवप्राप्तये प्रतिदिनं गन्तव्यम्, 'अववायाओ' इति अपवादतस्तु अपवादपदेन पुनः 'पासत्थोसन्नसंनिकयं' इति पार्श्वस्थावसन्नसञ्ज्ञिकृतं' पार्श्वस्थाश्च अवसन्नाश्च तेषां सञ्ज्ञिनः श्रावकाः तैः कृतं निष्पादितम्, किं तदग्रेतनगाथायाम् आह- 'आययणं निस्सकडं' इति आयतनं

विशेषोपनिषद्

બલિપ્રતિષ્ઠા ન થાય, સ્નાન ન થાય, રથનું ભ્રમણ ન થાય, સ્ત્રીનો પ્રવેશ ન થાય, નૃત્યલીલા ન થાય, અને (રાત્રે) સાધુનો પ્રવેશ જે ચૈત્યમાં ન થાય. ઈત્યાદિ સ્વરૂપ જે વિધિ છે, તેનાથી યુક્ત જે ચૈત્ય હોય, તે વિધિચૈત્ય કહેવાય છે. અહીં -જિનશાસનમાં ત્રિધા = પૂર્વોક્ત ત્રણ વિશેષણથી (આયતન + અનિશ્રાકૃત + વિધિચૈત્ય) યુક્ત એવું જિનાલય મોક્ષને કરનારું છે = મુક્તિ સામ્રાજ્યનું સંપાદક બને છે. 'તુ' શબ્દ 'જ' કારવાચી છે. શિવંકર જ છે, એવો અર્થ થશે. અથવા તુ = વળી અર્થ સમજવો. તેનો ક્રમ ભિન્ન સ્થળે અપવાદતઃ આ શબ્દ પછી જોડવો.

હવે અર્થ એવો થશે કે ઉત્સર્ગથી - સામાન્યથી તેવા ચૈત્યમાં સમ્યગ્દૃષ્ટિ શ્રાવકોએ તથા મુનિઓએ મોક્ષ માટે પ્રતિદિન જવું જોઈએ. અપવાદથી તો પાર્શ્વસ્થ અને અવસન્નના શ્રાવકોએ બનાવ્યું હોય, તે નિશ્રાકૃત આયતન ચૈત્ય છે. જ્યાં નામુ વગેરે કરવામાં



निश्राकृतम्, अत्र चैत्यम् इति शेषः। निश्रया पार्श्वस्थावसन्नादीनां लेखके कृतं निश्राकृतम्, यत्र पार्श्वस्थावसन्नादिद्रव्यलिङ्गिसाधवो लेखकोद्ग्राहणिकादिचिन्तां कुर्वन्ति, तन्निश्राकृतम्, तदपि यदि कीदृशं स्याद् इत्याह 'आयतनम्' यत्र देवगृहे साधवो न वसन्ति तद् आयतनम्, तदेवंविधं चैत्यं कीदृशं भवति, शिवकरम्, पार्श्वस्थावसन्नादिभक्तश्रावककारिते निश्राकृतेऽपि चैत्ये आयतने सम्यग्दृष्टिश्रावकैः सुविहितसाधुभिश्च कारणान्तरेऽर्हद्बिम्बनमस्कारार्थं गम्यते इति भावार्थः। एनमेव अर्थं सूत्रकारः स्वयमेव आह '**पव्वतिहीसुं च कारणे गमणं**' इति पर्वतिथिषु अष्टमी चतुर्दशी चतुर्मासिकपर्युषणादिषु, कारणे इति अत्र वाशब्दः शेषः, कारणे वा राजामात्यादिमहर्द्धिकश्रावकनिर्मापिते महापूजाप्रेक्षणार्थाऽकारणप्रभावनादिलक्षणे सम्यग्दृष्टिश्रावकैर्यतिभिश्च आयतने निश्राकृतचैत्ये

विशेषोपनिषद्

પાર્શ્વસ્થ વગેરેની નિશ્રા હોય. પાર્શ્વસ્થ, અવસન્ન વગેરે દ્રવ્યલિંગી સાધુઓ જ્યાં નામુ ઉઘરાણી વગેરેની દેખરેખ કરતાં હોય, તે નિશ્રાકૃત છે. તે પણ જો આયતન હોય, અર્થાત્ તે જિનાલયમાં સાધુઓ રહેતા ન હોય, તે આવા પ્રકારનું આયતન ચૈત્ય શિવંકર થાય છે. માટે પાર્શ્વસ્થ, અવસન્ન વગેરેના ભક્ત શ્રાવકોએ બનાવેલ નિશ્રાકૃત પણ આયતન ચૈત્યમાં સમ્યગ્દૃષ્ટિ શ્રાવકો અને સુવિહિત સાધુઓથી કારણાન્તરે (વિશિષ્ટ અવસરે) અરિહંતના બિંબને નમસ્કાર કરવા માટે જવાય, એવો ભાવાર્થ છે.

આ જ અર્થને સૂત્રકાર પોતે જ કહે છે – 'પર્વતિથિઓમાં કારણે ગમન' – પર્વતિથિઓમાં એટલે કે આઠમ, ચૌદશ, ચઉમાસી અને પર્યુષણ વગેરેમાં કારણ હોય ત્યારે, અહીં અથવા શબ્દનો અધ્યાહાર સમજવો. અથવા તો કારણ હોય એટલે કે રાજા, મંત્રી વગેરે મહર્દ્ધિક શ્રાવક દ્વારા મહાપૂજા કરાઈ હોય, તેને જોવા માટે અથવા એવા કારણ વિના પણ શાસનપ્રભાવના માટે સમ્યગ્દૃષ્ટિ

गमनं कर्त्तव्यम्। यत उक्तम्–

**चिइयपूया रायानिमंतणं सन्निवायखवगकही।**
**संकियपत्त पभावणपवित्ति कज्जाइ उड्डाहो।।१।।**

अत्रैव किञ्चिद् विशेषम् आह **"इयराभावे"** इति इतरस्य विधिचैत्यस्याभावे 'तस्सन्निभाववुड्ढत्थमिति' तस्य आयतननिश्राकृतचैत्यस्य कारका ये सञ्ज्ञिनः श्रावकास्तेषां भाववृद्ध्यर्थं आयतननिश्राकृतचैत्ये सुविहितगुरुभिः 'ओसरणमिति' कोऽथः ? व्याख्यानं कर्त्तव्यम्, यत्र विधिचैत्यं न सम्भवति, आयतननिश्राकृतचैत्यकारकश्रावकाश्च व्याख्यानार्थं सद्गुरुम् आकारयन्ति, सद्गुरुश्च तेषां श्रावकानां भाववृद्ध्यर्थम् आयतने निश्राकृते चैत्ये गत्वा व्याख्यानं कुरुते। इति भावार्थः। यत उक्तम्–

विशेषोपनिषद्

શ્રાવકો અને યતિઓએ આયતન નિશ્રાકૃત ચૈત્યમાં જવું જોઈએ. કારણ કે કહ્યું છે કે –

ચૈત્યપૂજા, રાજાનું નિમંત્રણ હોય, સન્નિપાત (સંઘસંમેલન ?) ક્ષપક (વિશિષ્ટ તપસ્વી), ધર્મદેશક હોય આવા અવસરે જવું જોઈએ. અન્યથા જનશંકા થાય. જાય તો પ્રભાવનાપ્રવૃત્તિ થાય, અન્યથા શાસનની અપભ્રાજના થાય, માટે તેવા અવસરે જવું જોઈએ. (આ ગાથા છેદગ્રંથોમાં હોય તેમ સંભવે છે. વિસ્તરાર્થીઓએ ગીતાર્થો પાસેથી જાણી લેવી.)

એમાં જ કાંઈક વિશેષ કહે છે – વિધિચૈત્ય ન હોય તો, આયતન નિશ્રાકૃત ચૈત્યના નિર્માતા શ્રાવકોના ભાવની વૃદ્ધિ માટે આયતન નિશ્રાકૃત ચૈત્યમાં સુવિહિત ગુરુઓએ વ્યાખ્યાન કરવું જોઈએ. જ્યાં વિધિ ચૈત્ય ન હોય, આયતન નિશ્રાકૃત ચૈત્યના નિર્માતા શ્રાવકો સદ્ગુરુને આમંત્રણ આપતા હોય, ત્યારે સદ્ગુરુ તે શ્રાવકોના ભાવની વૃદ્ધિ માટે આયતન નિશ્રાકૃત ચૈત્યમાં જઈને વ્યાખ્યાન કરે, એવો ભાવાર્થ છે. કારણ કે કહ્યું છે –



**"निस्सकडे ठाइ गुरू कयवयसहिउइयरावसहिं।**
**जं पुण निस्सकडं पूरिंति तहिं समोसरणं।।१।।**
**पूरिंति समोसरणं अन्नासइ निस्सचेइएसु पि।**
**इहरालोगविरुद्धं सद्धा भंगो य सड्ढाणं।।२।।"**

વિશેષોપનિષદ્

ગુરુ નિશ્રાકૃતમાં રહે..... (?) જે નિશ્રાકૃત (અનિશ્રાકૃત ?) હોય ત્યાં સમવસરણ (સ્નાત્ર મહોત્સવાદિ) માં હાજરી આપે. બીજું ચૈત્ય ન હોય તો નિશ્રાકૃતમાં પણ હાજરી આપે. જો ન આપે તો તે આલોકવિરુદ્ધ કહેવાય.

આશય એ છે કે દુનિયામાં દરેક ધર્મના અનુયાયીઓ પોતપોતાના મંદિરમાં જાય છે. દુનિયા નિશ્રાકૃત વગેરે પરિભાષા જાણતી નથી. તેથી જો વિશિષ્ટ અવસરે પણ ગુરુ તે ચૈત્યમાં ન જાય, તો લોકનિંદા થાય કે, આ લોકોનો ધર્મ કેવો ? કે તેમના ગુરુ જ તેમના ભગવાન પાસે જતા નથી.

વળી શ્રાવકોની શ્રદ્ધા પણ તૂટી જાય. આટલા મોટા મહાત્મા પણ જો જિનાલય ન જતા હોય, તો શું જિનાલયમાં જવું શાસ્ત્રમાં નિષિદ્ધ હશે ? અથવા તો શું જિનાલયમાં જવું વ્યર્થ હશે ? આ રીતે જિનાલય પ્રત્યેની તેમની આસ્થા તૂટી જાય.

અથવા તો સદ્ગુરુ પ્રત્યેની શ્રદ્ધાનો ભંગ થાય. શ્રાવકો વિચારે કે જેઓ આવા પર્વના દિવસે ય જિનાલય આવતા નથી, એ તો ધર્મી પણ ન કહેવાય તો પછી તેમને ગુરુ શી રીતે મનાય.

અથવા તો શ્રાવકોના મહાપૂજા વગેરેરૂપો વિશિષ્ટ ભક્તિ કરવાનો ઉત્સાહ તૂટી જાય, તેને પણ શ્રદ્ધાભંગ કહેવાય. તેઓ વિચારે કે અમે આટલો વ્યય અને પરિશ્રમ કરીને આટલી ભવ્ય મહાપૂજા વગેરે કરીએ છીએ અને ગુરુ જોવા પણ આવતા નથી ? જવા દો, બીજી વાર આવું કાંઈ કરવું નહીં.

अथ विधिचैत्ये सति निश्राकृतचैत्ये प्रतिदिनं गमने प्रायश्चित्तम् आह "**विहिचेइयंमिसंतो(ते?)**" इत्यादि, इति पार्श्वस्थादिकारितचैत्यवन्दनाधिकारः।।२०।।

ननु- तीर्थंकरः प्रथमप्रहरे एव देशनां ददाति किम्वा चतुर्थप्रहरेऽपि? 'उच्यते, श्रीआवश्यकबृहद्वृत्तौ श्रीहरिभद्रसूरिभिः श्रीवीरदेशनाधिकारे चतुर्थप्रहरेऽपि देशना प्रतिपादिता अस्ति। तथाहि "**एगस्स वाणियगस्स एगा किढी (दासी) किढी थेरी सा गोसे कट्ठाणं गया, तण्हाछुहाकिलंता मज्जण्हे आगया, अतित्थोवा कट्ठा आणीयत्ति पिट्टिया भुक्खिया तिसिया पुणो पट्ठविया, सा य वट्ठं कट्ठभारं ओगाहंतीए पोरिसीए गहाय (पच्छिमायायामा) गच्छति, कालो य जेट्ठामूलमासो, अह ताए थेरीए कट्ठभाराओ एगं कट्ठं पडियं, ताए**

विशेषोपनिषद्

આવું ન થાય માટે વિશિષ્ટ અવસરે ગુરુએ નિશ્રાકૃત ચૈત્યમાં પણ જવું જોઈએ. પણ વિધિચૈત્ય હોવા છતાં પણ પ્રતિદિન નિશ્રાકૃત ચૈત્યમાં જાય, તો પ્રાયશ્ચિત્ત આવે. તે કહ્યું પણ છે – 'વિધિચૈત્ય હોતે છતે' ઈત્યાદિ..... આ રીતે પાર્શ્વસ્થ વગેરેએ કરાવેલ ચૈત્યે વાંદવાનો અધિકાર કહ્યો. ॥૨૦॥

**(૨૧) પ્રશ્ન** :- તીર્થંકર પ્રથમ પ્રહરમાં જ દેશના આપે છે, કે ચોથા પ્રહરમાં પણ આપે છે ?

**ઉત્તર** :- **શ્રીઆવશ્યક બૃહદ્વૃત્તિ**માં **શ્રીહરિભદ્રસૂરિ**એ શ્રીવીર-દેશનાના અધિકારમાં ચોથા પ્રહરે પણ દેશનાનું પ્રતિપાદન કર્યું છે. તે આ પ્રમાણે છે –

એક વેપારીની એક દાસી હતી. તે દાસી ઘરડી હતી. તે એક વાર સવારે લાકડા લેવા ગઈ. તૃષ્ણા અને ક્ષુધાથી પીડા પામતી એવી તે મધ્યાહ્ને આવી. તેને જોઈને શેઠાણી તાડૂક્યા. 'બહુ થોડા લાકડા લાવી' એમ કહીને તેને માર મારી. ભૂખી-તરસી દશામાં જ



**थेरीए ओणमित्ता गहियं, तं समयं च तित्थंकरो धम्मं कहियातिओ। जोयणणीहारिणा सरेण सा थेरी तं सद्दं सुणंती तहेव उवणया सोउमाढत्ता, उण्हं खुहं पिवासं परिस्समं च ण विंदति, सूरत्थमणे तित्थकरो धम्मं कहउ मुट्ठिओ, थेरी गया।** इति पुनः श्रीबृहद्कल्पसूत्रवृत्ती अपि एतदर्थसंवादिन्यौ, तथाहि- इत्थं देवैः समवसरणे विरचिते यथा भगवान् तत्र प्रविशति तथाभिधातुकाम आह-

"**सूरुदयपच्छिमाए ओगाहिंतीए पुव्वओ एति**"

इत्यादि, सूर्योदये प्रथमायां पौरुष्याम्, अपराण्हे तु पश्चिमायाम् अवगाहमानायाम् आगच्छन्त्यामित्यर्थः। पूर्वतः पूर्वद्वारेण भगवान् एति आगच्छति प्रविशति इत्यर्थः। इति चतुर्थप्रहरेऽपि तीर्थंकरदेशनाधिकारः।।२१।।

विशेषोपनिषद्

ફરીથી લાકડા લેવા મોકલી. તે ભરબપોરે મોટો લાકડાનો ભારો લઈને એક પ્રહર બાકી હતો ત્યારે પાછી ફરતી હતી. જેઠ મહિનાનો તાપ હતો. તે સમયે તે ડોસીના કાષ્ઠભારમાંથી એક કાષ્ઠ પડ્યું. તેને ડોસીએ નમીને લીધું. તે જ સમયે તીર્થંકર ધર્મદેશના આપતા હતાં. યોજનગામિની વાણી પ્રસરી રહી હતી. પેલી ડોસી તે શબ્દ સાંભળતા તે જ રીતે નમેલી અવસ્થામાં સાંભળવા લાગી. ગરમી, ભૂખ, તરસ અને પરિશ્રમને ભૂલી ગઈ. સૂર્યાસ્ત સમયે જિનેશ્વર દેશના સમાપ્ત કરી, ત્યારે ડોસી ગઈ.

વળી શ્રીબૃહત્કલ્પસૂત્ર અને તેની વૃત્તિમાં પણ આ અર્થનો સંવાદ છે – 'આ રીતે દેવોએ સમવસરણની રચના કરી, ત્યારે ભગવાને ત્યાં જે રીતે પ્રવેશ કર્યો, તે કહે છે – સૂર્યોદયે પ્રથમ પૌરુષીમાં અને અપરાહ્ણમાં છેલ્લી પૌરુષી આવે ત્યારે પૂર્વદ્વારથી ભગવાન પ્રવેશ કરે છે.' આ રીતે ચતુર્થ પ્રહરમાં પણ તીર્થંકરની દેશનાનો અધિકાર કહ્યો. ॥૨૧॥

ननु– साधुव्यतिरिक्तान्यदर्शनिनां यदि श्रावका भक्तादिदानं प्रयच्छन्ति, तदा श्रावकाणां सम्यक्त्वे दोषो भवति न वा ? यदि दानं तदा असाधूनाम् अन्यदर्शनिनां साधुसमानत्वापत्तिः, यदि अदानं तदा लोकविरुद्धता निर्दयता च। ततो याथार्थ्यम् उच्यताम्। 'उच्यते' शृणु परमार्थतोऽन्यदर्शनिनां धर्मबुद्ध्या दाने सम्यक्त्वलाञ्छनं भवति, अनुकम्पया तु दीयतां नाम को निवारकः ? यदुक्तम्, श्रीहरिभद्रसूरिभिः श्रीआवश्यकबृहद्वृत्तौ श्रावकसम्यक्त्वाधिकारे, तथाहि– इह पुनः को दोषः स्याद् येनेत्थं तेषाम् अशनादि दानप्रतिषेध इत्युच्यते तद्भक्तानां च मिथ्यात्वस्थिरीकरणं धर्मबुद्ध्या ददतः सम्यक्त्वलाञ्छनं तथा आरम्भादिदोषाश्च, करुणागोचरे पुनरापन्नानाम् अनुकम्पया दद्यादपि। यत उक्तम्-



**(२२) प्रश्न** :- સાધુ સિવાયના અન્ય દર્શનીઓ હોય, તેમને શ્રાવકો અન્ન વગેરેનું દાન આપે, તો શ્રાવકોના સમ્યક્ત્વમાં દોષ લાગે કે નહીં ? જો દાન કરે તો અસાધુ એવા અન્યદર્શનીઓ પણ સાધુતુલ્ય થઈ જવાની આપત્તિ આવે. અને જો દાન ન આપે તો લોકવિરુદ્ધતા થાય અને શ્રાવકોના પરિણામ પણ નિર્દય થઈ જાય. માટે અહીં જે યથાર્થ તત્ત્વ હોય તે કહો.

**ઉત્તર** :- સાંભળો, વાસ્તવમાં અન્યદર્શનીઓને ધર્મબુદ્ધિથી દાન આપવામાં સમ્યક્ત્વમાં કલંક લાગે છે. અનુકંપાથી દાન આપો. તેનું અમે નિવારણ કરતા નથી. **શ્રીહરિભદ્રસૂરિ**એ શ્રી **આવશ્યક-બૃહત્વૃત્તિ**માં શ્રાવકસમ્યક્ત્વના અધિકારમાં કહ્યું છે કે -

**શંકા** :- અહીં એવો કયો દોષ થાય છે કે તેમને અન્ન વગેરે આપવાનો પ્રતિષેધ કરાય છે ?

**સમાધાન** :- તેમને દાન આપવાથી તેમના ભક્તોના મિથ્યાત્વનું સ્થિરીકરણ કર્યાનો દોષ લાગે અને ધર્મબુદ્ધિથી તેમને દાન આપવાથી સમ્યક્ત્વમાં કલંક લાગે, તથા આરંભ વગેરે દોષો લાગે. જેઓ



**'सव्वेहिं पि जिणेहिं दुज्जयजियरागदोसमोहेहिं।**
**सत्ताणुकंपणट्ठा दाणं न कहिं च पडिसिद्धं।।१।।**

तथा भगवन्तस्तीर्थकरा अपि त्रिभुवनैकनाथाः प्रविव्रजिषवः सांवत्सरिकम् अनुकम्पया प्रयच्छन्ति एव दानमित्यादि, एवं वृन्दारुवृन्दारकषडावश्यकवृत्तावपि 'सुहिएसु' इत्यादि गाथाया द्वितीयव्याख्याने एतद् दानम् औचित्यदानत्वेन देयतया प्रतिपादितम्, तथाहि– यद्वा सुखितेषु असंयतेषु, दुःखितेषु पार्श्वस्थादिषु शेषं तथैव, नवरं द्वेषेण **"दगपाणं पुप्फफलं अणेसणिज्जमित्यादि"** तद्गतदोषदर्शनात् मत्सरेण अथवा असंयतेषु षड्विधजीववधेषु कुलिङ्गिषु रागेण एकग्रामोत्पत्त्यादिप्रीत्या,



દયાપાત્ર હોય, તેમને અનુકંપાથી દાન આપે પણ. કારણ કે કહ્યું છે કે – દુર્જય એવા રાગ, દ્વેષ અને મોહને જીતી લેનારા સર્વે ય જિનેશ્વર ભગવંતોએ જીવોની અનુકંપાથી જે દાન કરાય છે, તેનો ક્યાંય પ્રતિષેધ કર્યો નથી.

વળી ત્રણ ભુવનના નાથ તીર્થંકર ભગવંતો પણ દીક્ષા લેવા ઈચ્છે, ત્યારે અનુકંપાથી સાંવત્સરિક દાન આપે જ છે.

એ જ રીતે **વૃન્દારુવૃન્દારકષડાવશ્યક વૃત્તિ**માં પણ 'સુહિએસુ દુહિએસુ' એ (વંદિતુ સૂત્રની) ગાથાની બીજી વ્યાખ્યામાં કહ્યું છે કે અનુકંપાદાન એ ઔચિત્યદાન હોવાથી તેવું દાન આપવું જોઈએ. તે પાઠ આ મુજબ છે – અથવા તો 'સુખી એવા અસંયમીઓમાં અને દુઃખી એવા પાર્શ્વસ્થ વગેરેમાં.' બાકીનું પૂર્વની જેમ સમજવું. તેમાં ફરક એટલો છે કે દ્વેષથી એટલે કે પાર્શ્વસ્થમાં એવા દોષો જુએ કે એ કાચું પાણી પીવે, પુષ્પ-ફળ વાપરે, અકલ્પનીય વહોરે વગેરે અને એવા દોષ જોવાથી મત્સરથી દાન આપ્યું હોય.

અથવા અસંયત એટલે ષટ્કાય જીવોનો વધ કરનારા કુલિંગીઓ હોય. તે એક જ ગામના હોય, વગેરે સંબંધને કારણે રાગથી-

द्वेषेण जिनप्रवचनप्रत्यनीकादिदर्शनात् भेदेन, तद् एवंविधं दानं निन्दामि गर्हे च। यत्पुनरौचित्यदानं तत् न निन्दार्हं जिनैरपि वार्षिकं दानं ददद्भिः तस्य दर्शितत्वात् इति, पुनः प्रतिक्रमणवृत्तावपि, तथाहि– **यद्वा सुखितेषु दुःखितेषु वा असंयतेषु पार्श्वस्थादिषु शेषं तथैव परं द्वेषेण** 'दगपाणं पुष्फफलं अणेसणिज्जमित्यादि', तद्गतदोषदर्शनात् मत्सरेण अथवा असंयतेषु षड्विधजीवबधेषु कुलिङ्गिषु रागेण एकदेशग्रामगोत्रोत्पत्त्यादिप्रीत्या द्वेषेण जिनप्रवचनप्रत्यनीकतादिदर्शनोच्छेदेन ननु प्रवचनप्रत्यनीकादेर्दानम् एव कुतः ? 'उच्यते' तद्भक्तभूपत्यादिभयात्, तदेवंविधं दानं निन्दामि गर्हे च। यत्पुनरौचित्येन दीनादीनां तदनुकम्पादानम् यथा–

**कृपणेऽनाथदरिद्रे व्यसनव्याप्ते च रोगशोकहते।**
**तद् दीयते कृपार्थमनुकम्पातो भवेद् दानम्।।**

विशेषोपनिषद्

પ્રીતિથી દાન આપ્યું હોય. અથવા તો તેઓ જિનશાસનના શત્રુ છે, ઈત્યાદિ દોષ જોવાથી દ્વેષથી દાન આપ્યું હોય. તેવા પ્રકારના દાનની નિંદા અને ગર્હા કરું છું.

પણ જે ઔચિત્યદાન છે, તે નિંદાયોગ્ય નથી. કારણ કે સાંવત્સરિકદાન દેનારા જિનેશ્વરોએ પણ તેનો દાખલો આપ્યો છે.

વળી, પ્રતિક્રમણવૃત્તિમાં પણ કહ્યું છે – (ઉપરોક્ત અનુસારે)

**શંકા** :- જે પ્રવચનના શત્રુ વગેરે છે, તેમને તો દાન જ શા માટે આપે ?

**સમાધાન** :- તેવી વ્યક્તિને પણ તેમના ભક્ત રાજા વગેરેના ભયથી દાન આપે.

તેવા પ્રકારના દાનને નિંદુ છું અને ગર્હુ છું. જે ઔચિત્યથી દીન વગેરેને અપાય તે અનુકંપાદાન છે. જેમ કે – દયાપાત્ર, અનાથ, દરિદ્ર, આપત્તિમાં પડેલો, રોગી અને શોકથી પરાહત હોય,



उक्तं च–

**इयं मोक्षफले दाने पात्राऽपात्रविचारणा।**
**दयादानं तु सर्वज्ञैः कुत्रापि न निषिध्यते।।१।।**

तथा–

**दानं यत्प्रथमोपकारिणि न तन्न्यासः स एवार्प्यते,**
**दीने याचनमूल्यमेव दयिते तत् किं न रागाश्रयात्।**
**पात्रे यत्फलविस्तरप्रियतया तद्वार्द्धुषिकं न किं ?,**
**तद्दानं यदुपेत्य निःस्पृहतया क्षीणे जने दीयते।।**

इत्येकत्रिंशद् गाथार्थः।

इत्यनुकम्पया अन्यदर्शनिनामपि भक्तादिदानाधिकारः।।२२।।

વિશેષોપનિષદ્

તેને દયાથી જે દાન અપાય તે અનુકંપાદાન છે. કહ્યું પણ છે – જે દાન મોક્ષના આશયથી અપાય છે, તેમાં પાત્રાપાત્રની વિચારણા કરવાની છે. દયાદાનનો તો સર્વજ્ઞોએ ક્યાંય નિષેધ કર્યો નથી.

તથા– જે પૂર્વે ઉપકાર કરનારને દાન અપાય છે, તે તો વાસ્તવમાં દાન જ નથી. એ તો થાપણ પાછી અપાય છે. જે દીનતાથી યાચના કરે અને પછી દાન અપાય, તે પણ વાસ્તવમાં દાન નથી કારણ કે યાચનારૂપી અત્યંત લજ્જાસ્પદ કષ્ટપ્રદ ક્રિયા દ્વારા તેનું મૂલ્ય ચૂકવાઈ ગયું છે. જે પ્રિય છે, તેને રાગથી અપાય છે, માટે તેને ય દાન ન કહેવાય. જે સુપાત્રને દાન અપાય છે, તે તો વ્યાજ વટાવીને ધંધો કરવા જેવું છે. કારણ કે તેમાં તો અનેકગણું થઈને પાછું મળે છે.

માટે દાન તો એને જ કહેવાય કે જે ક્ષીણ જનને નિઃસ્પૃહભાવે આપવામાં આવે. આ રીતે (વંદિતુ સૂત્રની) ૩૧ મી ગાથાનો અર્થ છે.

આ રીતે અનુકંપાથી અન્ય દર્શનીઓને પણ અન્ન વગેરે આપવાનો અધિકાર કહ્યો. ।।૨૨।।

ननु–

**पासत्थाइ वंदमाणस्स नेव कित्ती न निज्जरा होइ।**

**जायइ कायकिलेसो बंधो कम्मस्स आणाए।।१।।**

इत्यादि अनेकदोषप्रतिपादनात् पार्श्वस्थादयोऽत्र सर्वथाऽवन्दनीया एव, किम्वा कथञ्चिद् वन्दनीया अपि? उच्यते, पार्श्वस्थो द्वेधा सर्वतो १ देशतश्चेति २। भेदद्वयभणनात् देशतः पार्श्वस्थे सातिचारचारित्रसत्ता सम्भाव्यते, सत्यां च सातिचारचारित्रसत्तायां बलादपि वन्दनीयत्वम् आपतितम्, यदुक्तं श्रीप्रवचनसारोद्धारबृहद्वृत्तौ द्वितीयद्वारे वन्दनाधिकारे पार्श्वस्थादिपञ्चकव्याख्यानानन्तरम्, तथाहि– अत्र च पार्श्वस्थं सर्वथा एव अचरित्रिणं केचिन् मन्यन्ते, तन्न युक्तियुक्तं प्रतिभासते सहृदयानाम्, यतो यदि एकान्तेनैव पार्श्वस्थोऽचरित्री भवेत् तर्हि सर्वतो देशतश्च

विशेषोपनिषद्

(૨૩) **પ્રશ્ન** :- જે પાર્શ્વસ્થ વગેરેને વંદન કરે છે, તેમની કીર્તિ પણ નથી થતી, અને નિર્જરા પણ નથી થતી. માત્ર કાયક્લેશ અને કર્મબંધ થાય છે. કારણ કે તેવી પ્રભુની વાણી છે.

ઈત્યાદિ અનેક દોષોનું પ્રતિપાદન શાસ્ત્રોમાં કર્યું છે. તેથી પાર્શ્વર્થો સર્વથા અવંદનીય જ છે ? કે પછી કોઈ રીતે વંદનીય પણ છે ?

**ઉત્તર** :- પાર્શ્વસ્થો બે પ્રકારે છે. (૧) સર્વથી (૨) દેશથી. આ રીતે બે ભેદો કહ્યા હોવાથી દેશથી પાર્શ્વસ્થ હોય તેને સાતિચાર ચારિત્ર હોય તેવું સંભવે છે. અને જો સાતિચાર પણ ચારિત્ર હોય, તો વંદનીયપણું માનવું જ પડશે. કારણ કે **પ્રવચનસારોદ્ધારબૃહદ્વૃત્તિ**માં દ્વિતીય દ્વારમાં વંદન અધિકારમાં પાર્શ્વસ્થ વગેરે પંચકની વ્યાખ્યા પછી આ મુજબ કહ્યું છે – કેટલાક એમ માને છે કે પાર્શ્વસ્થ સર્વથા અચારિત્રી જ છે. પણ એ વાત વિદ્વાનોને યુક્તિયુક્ત લાગતી નથી. કારણ કે જો પાર્શ્વસ્થ એકાંતે અચારિત્રી જ હોય, તો દેશથી અને



पार्श्वस्थ इति विकल्पद्वयकल्पनम् असङ्गतं स्यात्, चारित्राभावस्य उभयत्रापि तुल्यत्वात्, तस्माद् अस्मादेव भेदद्वयकल्पनात् ज्ञायते सातिचारचारित्रसत्ता अपि पार्श्वस्थस्य, न चेदं स्वयं स्वमनीषिकयोच्यते, यतो निशीथचूर्णावपि एवं दृश्यते **"पासत्थो अत्थइ सुत्तपोरिसिं अत्थपोरिसिं वा न करेइ दंसणाइयारेसु वट्टइ, चारित्तेण च वट्टइ अइआरे न वज्जइ एवं सत्थो अत्थइ पासत्थो त्ति"** अनेन ग्रन्थेन सर्वथा अस्य पार्श्वस्थस्य न चारित्राभावोऽवसीयते, किन्तु सबलित-चारित्रयुक्ततापीति, पुनः श्रीआवश्यकटिप्पनके, तथाहि– न चैवं पार्श्वस्थादीन् वन्दमानस्य दोषोऽनुज्ञातः संयमव्ययादयो दोषाः प्रसज्ज्यन्ते, सत्यं किन्तु संयमव्ययात् तदा यो यथा गरीयान् भवति तथा यतितव्यम्,

विशेषोपनिषद्

સર્વથી પાર્શ્વસ્થ એવી બે વિકલ્પોની કલ્પના અસંગત થાય. કારણ કે ચારિત્રનો અભાવ તો બંનેમાં તુલ્ય જ છે. તેથી એ બે ભેદ કહ્યા તેનાથી જ જણાય છે કે પાર્શ્વસ્થને સાતિચાર ચારિત્ર હોય છે. આ અમે સ્વમતિથી નથી કહેતા, કારણ કે **નિશીથચૂર્ણિ**માં પણ એવું દેખાય છે – પ્રકર્ષથી સ્વસ્થપણે (નિરાંતે) બેઠો રહે, સૂત્રપોરિસી કે અર્થપોરિસી ન કરે, દર્શનાતિચારોમાં વર્તે, ચારિત્રમાં વર્તે, અતિચારોનું વર્જન ન કરે. આ રીતે સ્વસ્થ રહે, તે પ્રાસ્વસ્થ.

આ ગ્રંથથી જણાય છે કે પાર્શ્વસ્થને સર્વથા ચારિત્રનો અભાવ નથી હોતો. પણ સાતિચાર ચારિત્ર પણ હોય છે.

વળી **આવશ્યકટિપ્પણ**માં પણ કહ્યું છે કે – એ રીતે પાર્શ્વસ્થ વગેરેને વંદન કરે તેને દોષની અનુજ્ઞા, સંયમહાનિ વગેરે નુકશાનો થાય (એવી આપત્તિ નહીં આવે ?) તમારી વાત સાચી છે. પણ સંયમવ્યય (ના દોષથી ?) જે જેવી રીતે મોટો (દોષ ?) હોય, તે મુજબ (તેના પરિહાર માટે) યત્ન કરવો.

વળી તેમાં જ કહ્યું છે કે – જે તદ્દન ગુણહીન હોય, તેમને

पुनस्तत्रैव – इति तावद् गुणवर्जितानां 'वाया नमुक्कारो' इत्युक्तम्, यत्र तु गुणः स्वल्पोऽपि अस्ति तत्र किमित्यत्रापि भाष्यम्–

**'दंसणनाणचरित्ते तवविनयं जत्थ जत्तियं जाणे।**
**जिणपन्नत्तं भत्तीए पूयए तं तहिं भावे।।१।।**

किमत्र बहुविस्तरेण, दर्शनं च निःशङ्कितादिगुणोपेतं सम्यक्त्वम्, ज्ञानं च आचारादि श्रुतम्, चारित्रं च मूलोत्तरगुणानुपालनात्मकम्, दर्शन-ज्ञानचारित्रं द्वन्द्वैकत्ववद् भावः, एवं तपश्च अनशनादि, विनयश्चाभ्युत्थानादि तपोविनयम्, एतद्दर्शनादि यत्र पार्श्वस्थादौ पुरुषे यावद् यत् प्रमाणं स्वल्पं बहु वा जानीयात्, तत्र तमेव भावं जिनप्रज्ञप्तं स्वचेतसि व्यवस्थाप्य तावत्या एव भक्त्या कृतिकर्मादिलक्षणया पूजयेत्

विशेषोपनिषद्

પણ વચનથી નમસ્કાર, હાથ ઉંચો કરવો, પ્રણામ કરવું... વગેરે આપવાદિક સંજોગોમાં કરવાના કહ્યા છે, તો પછી જેમનામાં થોડા પણ ગુણ છે, તેની તો શું વાત કરવી ?

અહીં **ભાષ્ય**પાઠ આ મુજબ છે – જિનેશ્વર ભગવંતોએ કહેલા દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય આ જ્યા જેટલા જણાય, ત્યાં તે ભાવોને ભક્તિથી પૂજે.

અહીં બહું વિસ્તાર કરવાથી શું ? દર્શન એ નિઃશંકિત વગેરે ગુણોથી યુક્ત સમ્યક્ત્વ છે. જ્ઞાન આચારાંગ વગેરે શ્રુત છે. ચારિત્ર મૂલોત્તર ગુણોના અનુપાલનરૂપ છે. આ રીતે દર્શન-જ્ઞાન અને ચારિત્રનો દ્વંદ્વ એકત્વરૂપ સમાસ થયો. એમ તપ-અનશન વગેરે. વિનય અભ્યુત્થાન વગેરે (ગુરુ આવે ત્યારે ઊભા થવું વગેરે). જે પાર્શ્વસ્થ પુરુષમાં આ દર્શન વગેરે જેટલા પ્રમાણમાં ઓછું-વત્તું હોય, તે જાણીને જિનકથિત તે ભાવને મનમાં રાખીને તેટલા પ્રમાણ ભક્તિથી - વંદન વગેરે દ્વારા તેનું સન્માન કરે. આ પ્રમાણે **બૃહદ્ ભાષ્યવૃત્તિ**માં કહ્યું છે. આ રીતે જે દેશથી પાર્શ્વસ્થ હોય, તે વંદનીય



इति बृहद्भाष्यवृत्तौ। इति देशतः पार्श्वस्थस्य वन्दनीयत्वम्।।२३।।

ननु– साधुभिर्गृहस्थगृहात् प्रासुकपानीयं विहृत्य उपाश्रये समानीतम्। ततः कियत् वेलानन्तरं पुनर्गलिते पूतरका दृष्टाः, अथ ते साधुभिः कथं कर्त्तव्याः ? 'उच्यते' ते पूतरकादिजीवा यद् गृहे तज्जलं विहृतं तद् गृहे देयाः, तैश्च यस्मात् जलाश्रयात् पानीयम् आनीतं तत्र स्थाने क्षेप्तव्या इति, यदुक्तं श्रीसन्देहदोलावलीबृहद्वृत्तौ त्रिषष्टितमगाथाव्याख्याने, तथाहि– ननु ते जीवाः कथं कर्त्तव्याः ? 'उच्यते' यतिभिर्येषां गृहे तद् विहृतं तेषामेव यतनया दत्त्वा व्युत्सर्जनीयाः, गृहस्थैश्च यस्य कूपस्य तडागस्य वा तज्जलम्, तत्रैव यतनया प्रक्षेपनीयमिति, न च वाच्यं यतीनां गलनकं नास्तीति, श्रीकल्पभाष्ये गलनकस्य उक्तत्वात्। तथाहि-

विशेषोपनिषद्

છે, એ વિચાર કહ્યો. ।।૨૩।।

(૨૪) **પ્રશ્ન** :- સાધુઓ ગૃહસ્થોના ઘરેથી પ્રાસુક પાણી વહોરીને ઉપાશ્રયમાં લઈ આવે. પછી થોડા સમય પછી ગળતા તેમાં પોરા દેખાય, તો સાધુઓએ તેનું શું કરવું ?

**ઉત્તર** :- જે ઘરેથી પાણી વહોર્યું હોય. તે ઘરે પોરા વગેરે જીવો આપવા. અને તેઓ જે કૂવા, તળાવ વગેરેથી એ પાણી લાવ્યા હોય ત્યાં તેમણે એ જીવોને છોડી દેવા.

**સંદેહદોલાવલીબૃહદ્વૃત્તિ**માં ૬૩ મી ગાથાની વ્યાખ્યામાં કહ્યું છે - તે જીવોનું શું કરવું ? તે કહેવાય છે - મહાત્માઓએ જેમના ઘરે તે વહોર્યું હોય, તેમને જ જયણાથી આપીને છોડી દેવા. અને ગૃહસ્થોએ જે કૂવા કે તળાવનું તે પાણી હોય ત્યાં જ જયણાથી તેમને છોડી દેવા.

અહીં એવી દલીલ ન કરવી કે મુનિઓ તો ગરણુ જ ન રાખે. તો ગાળવાની વાત ક્યાંથી આવી ? કારણ કે શ્રી કલ્પભાષ્યમાં ગરણાની વાત કરી છે – ઔપગ્રાહિક કપડું ગાળવા માટે ગણ

**'उवग्गहिए चीरं गालणहेउं गणं तु गिण्हंति।**

**तहवि हु असुज्जमाणा असई अट्ठाणे जयणाउ त्ति।।१।।"**

एवम् एव श्रीसन्देहदोलावलीवृत्तौ त्रिषष्टितमगाथावृत्तावपि 'सोट्टङ्कं व्याख्यानम्, तथाहि– यदि वा भवतु कथञ्चित् सत्रसम् अपीदं गृहस्थगृहेषु, तथापि स्वयम् एव एते गालयित्वा गृह्णन्ति' न च एतेषां गलनकं न भवति इति वाच्यम्, आगमे तस्यापि उक्तत्वात्, तथाहि– कल्पभाष्ये 'उवग्गहिए' गाथा। इति साधूनां प्रासुकपानीयोत्पन्न-पूतरादिजीवपरिष्ठापनाविधिः।।२४।।

ननु– दिगम्बरचैत्यम् आयतनम् अनायतनम् वा? वन्द्यम् अवन्द्यं वा? 'उच्यते' अनायतनत्वेन अवन्द्यत्वम् एव। अनायतनत्वं च दिगम्बरपरिगृहीतस्य[1] आत्मीयचैत्यस्यापि श्रीसन्देहदोलावलीवृत्तौ स्पष्टं

विशेषोपनिषद्

(સમુદાય ?) ગ્રહણ કરે છે. છતાં પણ શુદ્ધ ન થાય...

આ રીતે **શ્રીસંદેહદોલાવલીવૃત્તિ**માં ત્રેસઠમી ગાથાની વૃત્તિમાં પણ કહ્યું છે – અથવા તો ગૃહસ્થોના ઘરોમાં કોઈ રીતે ત્રસ જીવોવાળું પાણી હોય. તો પણ તેઓ પોતે જ ગળીને ગ્રહણ કરે છે. તેમની પાસે ગરણુ ન હોય, એવું ન કહેવું. કારણ કે આગમમાં ગરણું પણ વિહિત છે - શ્રી**કલ્પભાષ્ય**માં 'ઉગ્ગહિએ' ગાથા.

આ રીતે સાધુઓને પ્રાસુક પાણીમાં ઉત્પન્ન થયેલા પોરા વગેરે જીવોને પરઠવવાનો વિધિ કહ્યો. ।।૨૪।।

(૨૫) **પ્રશ્ન** :- દિગંબર ચૈત્ય આયતન કે અનાયતન ? વંદનીય કે અવંદનીય ?

**ઉત્તર** :- દિગંબર ચૈત્ય અનાયતન છે અને તેથી અવંદનીય

१. श्री आचाराङ्गवृत्तौ द्वितीयलोकविजयाध्ययने पञ्चमोद्देशे।। 'एसमग्गे आरिएहि पवेइए' इति सूत्रव्याख्या प्रस्तावे दिगम्बरा वोटका आर्हता भाषाः प्रोक्ताः सन्ति तथा तेषां स्वरुचिविरचितो मार्ग इति प्रोक्तमस्ति।



प्रतिपादितम् अस्ति, किं पुनस्तत्सत्कचैत्यस्य वाच्यम्, तथा च तत्पाठः- ननु अत्र चैत्यं द्रव्यत आयतनत्वम् एव उक्तं यथा '**दव्वम्मि जिणहराई**' इति चेत्सत्यम्, किन्तु निरुपाधीदं मिथ्यादृष्टिपरिगृहीतत्वोपाधिसहितत्वेन अनायतनत्वमेव, अन्यथा दिगम्बरादिपरिगृहीतचैत्यस्याऽपि आयतनत्वं स्यादिति। एवमेव छेदग्रन्थेऽपि निषेधोऽभाणि–

**"जे भिक्खू वा भिक्खूणी वा परपासंडाणं पसंसं करिज्जा, जे आवि अ निन्हवगाणं पसंसं करिज्जा, अनुकूलं भासिज्जा जे णं निन्हवगाणं आययणं पविसेज्जा जे णं निन्हवगाणं गंथसत्थपयक्खरं परूवेज्जा जे णं निन्हवगाणं संतिए कायकिलेसे वा तवे वा संजमे वा नाणे वा विण्णाणे वा सुए वा पच्चए वा अविमुहसुद्धपरिसामज्झगए सिलाहेज्जा से वि आणं परमाहम्मिएसु**

विशेषोपनिषद्

છે. **શ્રીસંદેહદોલાવલીવૃત્તિ**માં સ્પષ્ટ કહ્યું છે કે – દિગંબરો આપણું ચૈત્ય લઈ લે તો એ પણ અનાયતન થઈ જાય છે. તો પછી દિગંબરોના ચૈત્યની તો શું વાત કરવી ? તેનો પાઠ આ મુજબ છે - **શંકા** :- ચૈત્ય તો દ્રવ્યથી આયતન જ હોય છે. જેમ કે કહ્યું છે કે 'દ્રવ્યમાં જિનાલય વગેરે.'

**સમાધાન** :- તમારી વાત સાચી છે. પણ એ સામાન્ય ચૈત્યની વાત છે. મિથ્યાત્વી વડે પરિગૃહીત હોય એવું વિશિષ્ટ ચૈત્ય તો અનાયતન જ છે. અન્યથા તો દિગંબર વગેરે વડે પરિગૃહીત ચૈત્ય હોય, તે પણ આયતન થઈ જાય.

આ જ રીતે છેદગ્રંથમાં પણ નિષેધ કહ્યો છે – જે ભિક્ષુ કે ભિક્ષુણી પરલિંગીઓની પ્રશંસા કરે, વળી જે નિહ્નવોની પ્રશંસા કરે, તેમને અનુકૂળ ભાષણ કરે, જે નિહ્નવોના નિવાસમાં પ્રવેશ કરે, જે નિહ્નવોના ગ્રંથ-શાસ્ત્ર-પદ-અક્ષરની પ્રરૂપણા કરે, જે નિહ્નવોનાં કાયક્લેશ / તપ / સંયમ / જ્ઞાન / વિજ્ઞાન / શ્રુત / પ્રત્યયની તેની સમક્ષ

**उववज्जेज्जा इति"** इदमेव प्रश्नोत्तरे श्रीमेरुसुन्दरोपाध्यायकृतप्रश्नोत्तर-ग्रन्थेऽपि अस्ति। इति दिगम्बरचैत्यस्य अनायतनत्वेनाऽवन्द्यत्वम्।।२५।।

ननु- तीर्थंकरः प्रभाते पादोनपौरुषीं किं वा सम्पूर्णां पौरुषीं वा धर्मम् आचष्टे 'उच्यते' सम्पूर्णां पौरुषीं यावत्, यदुक्तं श्रीहरिभद्रसूरि-कृतावश्यकबृहद्वृत्तौ वीरदेशनाधिकारे, तथाहि- साम्प्रतं देवमाल्यद्वारा-वयवार्थम् अधिकृत्य उच्यते, तत्र भगवान् प्रथमां सम्पूर्णां पौरुषीम् धर्मम् आचष्टे इत्यादि इत्थमेव उक्तत्वात्, इति सम्पूर्णां पौरुषीं यावज् जिनदेशनाधिकारः।।२६।।

ननु- श्रावकाणाम् अपि त्रिविधं त्रिविधेन प्रत्याख्यानं सम्भवति

विशेषोपनिषद्

શુદ્ધ પર્ષદામાં રહીને પ્રશંસા કરે, તે પણ પરમાધામી દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

આ જ પ્રશ્નોત્તમર **શ્રીમેરુસુંદરોપાધ્યાયકૃત પ્રશ્નોત્તર** ગ્રંથમાં પણ છે.

આ રીતે દિગંબર ચૈત્ય અનાયતન હોવાથી અવંદનીય છે.।।૨૫।।

(૨૬) **પ્રશ્ન** :- તીર્થંકર પ્રભાતે પાદોન પોરિસી (પોરીસીનો ચોથો ભાગ બાકી હોય ત્યાં સુધી ધર્મ કહે છે ? કે આખી પોરિસી સુધી ધર્મ કહે છે ?

**ઉત્તર** :- આખી પોરિસી સુધી કહે છે. **શ્રીહરિભદ્રસૂરિકૃત આવશ્યક બૃહદ્વૃત્તિ**માં વીરદેશનાના અધિકારમાં કહ્યું છે - 'હવે દેવના માલ્યદ્વારના અવયવ માટે તેને ઉદ્દેશીને કહેવાય છે - તેમાં ભગવાન પ્રથમ પ્રહર પૂરો થાય ત્યાં સુધી ધર્મ કહે છે.' ઈત્યાદિ આ જ રીતે કહ્યું છે.

આ રીતે સંપૂર્ણ પોરિસી સુધી જિનદેશનાનો અધિકાર કહ્યો.।।૨૬।।

(૨૭) **પ્રશ્ન** :- શ્રાવકોને પણ ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ સંભવે કે નહીં ?



न वा ? 'उच्यते' सम्भवत्येव काकमांसमेरुचन्दनस्वयम्भूरमणमत्स्यादिकं वस्तु समुद्दिश्य, यदुक्तं श्रीआवश्यकवृत्तौ, तथाहि- स्थूलसावद्येत्यादि त्रिविधं त्रिविधेनेति, यद्भगवत्यां श्रावकस्य प्रत्याख्यानम् अवाचि तत् राजान्तःपुरीकाद्यासेवनकाकमांसभक्षणादिस्थूलसावद्ययोगविषयं न पुनरे-केन्द्रियसंघट्टनादिसूक्ष्मसावद्ययोगविषयम् इति। 'जइ किंचिगाहा' न विद्यते प्रयोजनं येन तद् अप्रयोजनं बलिभुक्पिशितादि, अप्राप्यं मेरुशिरःसमुद्भूत-चन्दनवृक्षादि, यदि एवम्भूतं किञ्चिद् वस्तु विशेष्यं तदाश्रित्य इत्यर्थः। त्रिविधं त्रिविधेन प्रत्याचक्षीत श्रावको न कश्चिद् दोषः, किं तत् ? स्वयम्भूरमणाश्रयमत्स्यवत्, यथा स्वयम्भूरमणमत्स्यानां त्रिविधं त्रिविधेन प्रत्याख्याति तदा यदि मध्यमखण्डवर्त्तिनामपि अत्यन्ताप्रयोजनाप्राप्य-

विशेषोपनिषद्

**ઉત્તર** :- કાગડાનું માંસ, મેરુ પર્વતનું ચંદન, સ્વયંભૂરમણના મત્સ્ય વગેરે વસ્તુને ઉદ્દેશીને સંભવે જ છે. કારણ કે **શ્રીઆવશ્યકવૃત્તિ**માં કહ્યું છે – સ્થૂલ સાવદ્ય વગેરે ત્રિવિધ ત્રિવિધથી જે ભગવતીસૂત્રમાં શ્રાવકનું પચ્ચક્ખાણ કહ્યું છે. તે રાજાની રાણી વગેરેનું આસેવન, કાગડાના માંસનું ભક્ષણ વગેરેરૂપ સ્થૂલ સાવદ્યયોગનો વિષય છે.

એકેન્દ્રિયનો સંઘટ્ટો વગેરેરૂપ જે સૂક્ષ્મ સાવદ્ય યોગ છે, તેનું ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ શ્રાવકને સંભવતું નથી. 'જઈ કિંચિ' ગાથા (આ ગાથા આગળ કહેશે) જેનું કોઈ પ્રયોજન નથી, તે અપ્રયોજન છે. જેમ કે કાગડાનું માંસ વગેરે. જે મળી શકે તેવું નથી - જેમ કે મેરુ પર્વતના શિખરે થયેલ ચંદનવૃક્ષ વગેરે. જો આવી કોઈ વિશિષ્ટ વસ્તુ હોય, તેને આશ્રીને શ્રાવક ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરે, તેમાં કોઈ દોષ નથી.

શેની જેમ ? સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલા મત્સ્યની જેમ. જેવી રીતે સ્વયંભૂરમણના માછલાઓના ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરે છે, તેમ વચ્ચેના ખંડોમાં રહેલી એવી વસ્તુઓ કે જેનું કોઈ જ

वस्तूनां त्रिविधं त्रिविधेन प्रत्याचक्षीत तदा न कश्चिद् विरोध इति गाथार्थः। पुनर्भगवतीवृत्तिगतगाथा अपि–

**"जइ किंचिदप्पओअणमप्पप्पं वा विसेसियं वत्थुं।**
**पच्चक्खेज्ज न दोसो सयंभूरमणाइ मच्छुव्व।।१।।**
**जो वा निक्खमिउमणो पडिमं पुत्ताइसंतइनिमित्तं।**
**पडिवज्जेज्ज तओ वा करिज्ज तिविहं पि तिविहेणं।।२।।**
**जो पुण पुव्वारद्धाणुज्झिय सावज्जकम्मसंताणो।**
**तदणुमइ परिणंति सो न तरइ सहसा नियत्तेउं"।।३।।**

इति श्रावकाणामपि त्रिविधत्रिविधप्रत्याख्यानम्।।२७।।

ननु– तीर्थंकरा दीक्षासमये वर्षं यावत् प्रभाततः कियत् कालं

विशेषोपनिषद्

પ્રયોજન ન હોય અને જે અપ્રાપ્ય હોય, તેના ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરે, તો કોઈ વિરોધ નથી. એવો ગાથાર્થ છે.

વળી **ભગવતીસૂત્રની વૃત્તિ**માં આવી ગાથાઓ પણ છે. જે કાંઈ પણ પ્રયોજનહીન હોય, કે અપ્રાપ્ય હોય તેવી વિશિષ્ટ વસ્તુનું શ્રાવક પચ્ચક્ખાણ કરે, તો તેમાં દોષ નથી. જેમ કે સ્વયંભૂરમણસમુદ્રના મત્સ્ય અથવા તો જેને દીક્ષા લેવાનું મન હોય અને પુત્ર વગેરેની સંતતિ માટે ગૃહસ્થાવસ્થામાં રહ્યો હોય, અગિયારમી પ્રતિમાનો કે વિશિષ્ટ પ્રતિમાનો સ્વીકાર કર્યો હોય તે પણ ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ કરી શકે. પણ જેણે પૂર્વે સાવદ્ય કાર્યોને આરબ્ધ કર્યા હતા, તે તેવા કાર્યોને છોડીને પણ તરત જ તેની અનુમતિની પરિણતિને છોડી શકતો નથી.

આ રીતે શ્રાવકોને પણ ત્રિવિધિ ત્રિવિધ પચ્ચક્ખાણ સંભવે છે. ।।૨૭।।

**(૨૮) પ્રશ્ન** :- તીર્થંકરો દીક્ષા સમયે એક વર્ષ સુધી દાન દે છે, તેમાં સવારથી કેટલો કાળ દાન દે છે ?



दानं ददति ? 'उच्यते' प्रहरद्वयादिकं यावत्, यदुक्तं श्रीज्ञाताधर्मकथासूत्र-वृत्त्योः, तथाहि– **"तए णं मल्लिअरिहा करयलजावमागहओ पायरासोत्ति बहूणं सणाहाणं य बहूणं अणाहाण य पंथियाण य पहियाण य करोडियाण य। कप्पडियाण य एगमेगं हिरण्यकोडिं अट्ठअणूणाइं सयसहस्साइं इयमेयारूवं अत्थं संपयाणं दलइ।"** इत्यादि, मगधदेशसम्बन्धिनं प्रातराशं प्रभातिकं भोजनकालं यावत् प्रहरद्वयादिकम् इत्यर्थः, इतिप्रहरद्वयादिकं यावत् जिनदानम्।।२८।।

ननु– यतीनां विहारो रात्रौ क्वापि ग्रन्थे निर्दिष्टोऽस्ति न वा ? 'उच्यते' श्रीओघनिर्युक्तिसूत्रवृत्त्योः सप्तपञ्चाशद् अधिकैकशतगाथायाम् साधूनां रात्रौ विहारः उक्तोऽस्ति, तथाहि– **"इदानीं विकालवेलायां कथयित्वा प्रत्युषसि व्रजन्ति, किं कृत्वा इत्यत आह"–**

विशेषोपनिषद्

**ઉત્તર** :- બે પ્રહર આદિ સુધી દાન દે છે. **શ્રીજ્ઞાતાધર્મકથા** સૂત્ર અને તેની વૃત્તિમાં કહ્યું છે – 'પછી મલ્લિ અરિહંત કરતલ યાવત્ મગધદેશના પ્રાતઃ ભોજન કાળ સુધી ઘણા સનાથ, અનાથ, પંથિક, પ્રેષિત, સંન્યાસીઓ અને કાર્પટિકોને એક કરોડ આઠ લાખ સોનૈયાનું દાન આપે છે.' ઈત્યાદિ મગધદેશસંબંધી પ્રભાતનું ભોજન જે કાળે થતું હોય ત્યાં સુધી = બે પ્રહર આદિ સુધી જિનેશ્વર ભગવંતો દાન દે છે.

આ રીતે પ્રહરદ્વય આદિ એમ જિનદાનનો કાળ કહ્યો. ।।૨૮।।

**(૨૯) પ્રશ્ન** :- મહાત્માઓ રાત્રે વિહાર કરે એવું કોઈ પણ ગ્રંથમાં કહ્યું છે કે નહીં ?

**ઉત્તર** :- **શ્રી ઓઘનિર્યુક્તિસૂત્ર** અને તેની વૃત્તિ માં ૧૫૭ મી ગાથામાં સાધુઓનો રાત્રિવિહાર કહ્યો છે. જે આ મુજબ છે – 'હવે વિકાળવેળાએ કહીને (સાંજે શય્યાતરને જણાવીને) સવારે જાય છે. તેઓ સૂત્રપોરિસી અને અર્થ પોરિસી કરીને અથવા સૂત્રપોરિસી

**"तदुभयसुत्तं पडिलेहणा य उग्गयमणुग्गए वा पि।**
**पडिछाहिकरणतेणेन णट्ठखग्गूड संगारो।।१।।"**

तदुभयं सूत्रपौरुषीम् अर्थपौरुषीं च कृत्वा 'सुत्तंति' सूत्रपौरुषीं वा कृत्वा व्रजन्ति, अथ दूरतः क्षेत्रं भवति, ततः पादोनप्रहरे एव पात्रप्रतिलेखनां कृत्वा व्रजन्ति, उद्गतमात्रे एव वा सूर्ये गच्छन्ति, **"अणुग्गयेत्ति"** अणुद्गते वा सूर्ये रात्रौ एव गच्छन्ति। **"पडिच्छंति"** ते साधवस्तस्मात् विनिर्गताः परस्परं प्रतीक्षन्ते। **"अधिकरणत्ति"** अथ ते साधवो न प्रतीक्षन्ते, ततो मार्गमजानानाः परस्परं पूत्कुर्वन्ति। तेन पूत्कृतेन लोको विबुध्यते, ततश्च अधिकरणं भवति। **"तेणत्ति"** स्तेनका वा बुद्धाः सन्तो मोषणार्थं पश्चाद् व्रजन्ति। **"णट्ठत्ति"** कदाचित् कश्चित् नश्यति, ततश्च प्रदोषे एव सङ्गारः क्रियते, अमुकत्र विश्रामणं करिष्यामोऽमुकत्र भिक्षाम्, अमुकत्र वसतिमिति, ततश्च रात्रौ गच्छन्ति सङ्केतः क्रियते। **"खग्गूडत्ति"** कश्चित् खग्गूडप्रायो

——————विशेषोपनिषद्——————

કરીને જો ક્ષેત્ર દૂર હોય તો પાદોન પ્રહરે જ પાત્રપડિલેહણ કરીને જાય છે. અથવા તો સૂર્યનો ઉદય થતા જ જાય છે. અથવા તો સૂર્યોદય પૂર્વે રાત્રે જ જાય છે. તે સાધુઓ પરસ્પરની રાહ જુએ છે. જો રાહ ન જુઓ તો માર્ગને જાણતા ન હોવાથી પરસ્પર બૂમાબૂમ કરે છે. તેનાથી લોકો જાગી જાય છે અને અધિકરણ થાય છે = અપ્કાય, તેઉકાય વગેરેની વિરાધના થાય છે. અથવા તો ચોરો જાગી જાય છે અને લૂંટવા માટે તેમની પાછળ પાછળ જાય છે. કદાચ કોઈ ખોવાઈ જાય છે. માટે રાતે જ સંકેત કરાય છે કે અમુક જગ્યાએ આરામ કરશું, અમુક સ્થળે ભિક્ષા કરશું, અમુક સ્થળે રહેશું, પછી રાત્રે નીકળી જાય છે. કોઈ ધૂર્ત જેવો હોય, તે એમ કહે કે સાધુઓએ રાત્રે ન જ જવાય, વળી તે જ બાકી રહ્યો હોય. તો



भवति, स इदं ब्रूतेयदुत साधूनां रात्रौ न युज्यते एव गन्तुम्, पुनः स एव आस्ते। ततश्च **"संगारोत्ति"** सङ्केतं खग्गूडाय प्रयच्छन्ति- यदुत त्वया अमुकत्र देशे आगन्तव्यमिति, एवं प्रवचनसारोद्धारेऽपि तथाहि-

**तलिया १ खल्लग २ वद्धे ३ कोसग ४ कित्तीय ५ बीयंतु।**

अथवा द्वितीयादेशेन इदं चर्म्मपञ्चकं यथा 'तलियत्ति' उपानहस्ताश्च एकतलिकास्तद् अभावे यावत् चतुस्तलिका अपि गृह्यन्ते, अचक्षुर्विषये, रात्रौ गम्यमाने, सार्थवशाद् दिवापि मार्गं मुक्त्वा उन्मार्गेण गम्यमाने, स्तेनश्वापदादिभयेन वा 'त्वरितं'गम्यमाने कण्टकादिसंरक्षणार्थं एताः पादयोः क्रियन्ते, इति रात्रौ विहारविचारः।।२९।।

ननु– साधूनां दिवसे शयनं कल्पते न वा? 'उच्यते' उत्सर्गतो न कल्पते, परं मार्गपरिश्रान्तग्लानादीनां दिवा शयनं कल्पत एव, यदुक्तं श्रीओघनिर्युक्तिसूत्रवृत्त्योः, अष्टादशाधिकचतुःशतगाथायां तथाहि– इदानीं

——————વિશેષોપનિષદ્——————

તેને સંકેત આપે છે, કે તારે અમુક દેશમાં આવી જવું.'

આ રીતે પ્રવચનસારોદ્ધારમાં પણ કહ્યું છે – અથવા દ્વિતીય આદેશથી આ ચર્મપંચક (પગરખા) નો ઉપયોગ કરે છે (૧) એક તળિયાવાળા પગરખાં, તે ન મળે તો યાવત્ ચાર તળિયાવાળા પણ લેવાય છે. જ્યાં આંખથી જોઈ ન શકાય તેવી જગ્યાએ ચાલવું પડે, રાત્રે ચાલવું પડે, સાર્થને કારણે દિવસે પણ માર્ગને છોડીને ઉન્માર્ગે જવું પડે ત્યારે, અથવા ચોર, જંગલી પ્રાણી વગેરેના ભયથી ઝડપથી ચાલવું પડે, ત્યારે કાંટા વગેરેથી બચવા માટે એને પગમાં પહેરાય છે.

આ મુનિઓના રાત્રિવિહારનો વિચાર કહ્યો. ।।૨૯।।

(૩૦) **પ્રશ્ન** :- સાધુઓને દિવસે સૂવું કલ્પે કે નહીં ?

**ઉત્તર** :- ઉત્સર્ગથી ન કલ્પે, પણ જે વિહાર કરીને અત્યંત થાકી ગયા હોય, ગ્લાન વગેરે હોય, તેમને દિવસે સૂવું કલ્પે જ છે.

निषीदनस्थानप्रतिपादनाय आह–

**"संडंसंपमज्जित्ता पुणो वि भूमिं पमज्जिय निसीयए।।**

**राओ य पुव्वभणियं तुव्वट्टणं कप्पइ न दिया।।१।।"**

व्याख्या– सन्दंसो जंघयोरन्तरालं प्रमृज्य उत्कटकः स्थित्वा पुनर्भुवं प्रमृज्य निषीदेत्, उक्तं निषीदनस्थानम्, इदानीं त्वग्वर्त्तनस्थानप्रतिपादनाय आह, रात्रौ पूर्वोक्तम् एव त्वग्वर्त्तनम्, दिवा तु पुनः त्वग्वर्त्तनं न कल्पते, तेन उक्तम्, भवद्भिः किं सर्वथा एव न कल्प्यते? न इत्याह-

**"अद्धाणपरिस्संतो गिलाणबुड्ढो अणुण्णवेत्ताणं।**

**संथारुत्तरपट्टो अत्थरणणिवज्जणालोगं।।४१९।।"**

व्याख्या– अध्वनि परिश्रान्तः तथा ग्लानस्तथा वृद्ध एते त्रयोऽपि अनुज्ञाप्य आचार्यान्, ततश्च संस्तारकोत्तरपट्टौ आस्तीर्य **"णिवज्जणत्ति"** स्वपन्ति, 'आलोयन्ति' सावकाशं देशं मुक्त्वा अभ्यन्तरे स्वपन्ति, यत् सागारिकस्य शङ्का स्यात्, यदुत नूनं रात्रौ सुरतप्रसङ्गे स्थितोऽयमासीत्, कुतोऽन्यथा अस्य निद्रा, इति दिवा साधूनां

विशेषोपनिषद्

**श्रीओघनिर्युक्तिसूत्र** અને તેની **વૃત્તિ**માં ૪૧૮ મી ગાથામાં કહ્યું છે – હવે બેસવાનું સ્થાન બતાવતા કહે છે – જંઘાઓના મધ્યભાગને પૂંજીને ઉત્કટુક આસનમાં રહીને ફરીથી જમીનને પ્રમાર્જીને બેસે. બેસવાનું સ્થાન કહ્યું. હવે સૂવાનું સ્થાન કહે છે. રાત્રે પૂર્વોક્ત રીતે જ સૂવું. દિવસે તો સૂવું ન કલ્પે. શું સર્વથા ન કલ્પે ? તેના જવાબમાં કહે છે – જે માર્ગપરિશ્રાન્ત હોય, ગ્લાન તથા વૃદ્ધ હોય, એ ત્રણે ય આચાર્યની રજા લઈને સંથારો-ઉત્તરપટ્ટો પાથરીને સૂવે છે. પણ તેમાં એટલું ધ્યાન રાખે કે પ્રગટ જગ્યાને છોડીને અંદરના ભાગમાં સુવે. જો પ્રગટ જગ્યાએ સૂવે તો ગૃહસ્થને શંકા થાય, કે નક્કી એણે રાત્રે મૈથુનક્રીડા કરી હશે. જો એવું ન હોય, તો એને દિવસે નિદ્રા કેમ આવે ?



निद्राऽधिकारः।।३०।।

ननु– गाथापतिः यतिः श्रामण्यं विराध्य मृत्वा चन्द्रत्वेन उत्पन्नस्तत्र तस्य श्रामण्यविराधना किं मूलगुणविषया, किं वा उत्तरगुणविषया? 'उच्यते' उत्तरगुणविषया, न तु मूलगुणविषया, यदुक्तं श्रीपुष्फिकोपाङ्ग-प्रथमाध्ययनवृत्तौ चन्द्रवक्तव्यताधिकारे, तथाहि- **"विराहिय सामण्णत्ति"**, श्रामण्यं वृत्तम्, तद्विराधना च अत्र न मूलगुणविषया, किन्तु उत्तरगुण-विषया, उत्तरगुणाश्च पिण्डविशुद्ध्यादयः, तत्र कदाचिद् द्विचत्वारिंशद्दोषवि-शुद्धाहारस्य ग्रहणं न कृतम्, कारणं विनाऽपि बालग्लानादिकारणेऽशुद्धम् अपि गृह्णन् न दोषवान् इति, पिण्डस्य अशुद्धौ विराधितश्रमणता, ईर्यादिसमित्यादिशोधने नादरः कृतः, अभिग्रहाश्च गृहीताः कदाचिद् भग्ना भवन्तीति, सुंठ्यादिसन्निधिपरिभोगम्, अङ्गक्षालनपादप्रक्षालनादि

विशेषोपनिषद्

આ રીતે સાધુઓને દિવસે નિદ્રાનો અધિકાર કહ્યો. ।।૩૦।।

(૩૧) **પ્રશ્ન** :- શ્રીમંત અવસ્થામાંથી દીક્ષા લઈને પછી શ્રામણ્યની વિરાધના કરીને ચંદ્રરૂપે ઉત્પન્ન થયો. તેમાં શ્રામણ્યની વિરાધના મૂલગુણવિષયક છે કે પછી ઉત્તરગુણવિષયક છે ?

**ઉત્તર** :- ઉત્તરગુણવિષયક છે, મૂળગુણવિષયક નથી. કારણ કે **પુષ્પિકા ઉપાંગ**ના પ્રથમ અધ્યયનની વૃત્તિમાં ચંદ્રની બાબતમાં કહ્યું છે – ચારિત્રની વિરાધના કરીને - અહીં તેની વિરાધના મૂળગુણના વિષયની નહીં, પણ ઉત્તરગુણોના વિષયની સમજવી. ઉત્તરગુણો પિંડવિશુદ્ધિ વગેરે છે. તેમાં ક્યારેક ૪૨ દોષોથી રહિત આહારનું ગ્રહણ ન કર્યુ હોય. પોતાનું કારણ ન હોય પણ બાળ-ગ્લાન વગેરેના કારણે અશુદ્ધ પણ વહોરે તો ય નિર્દોષ છે. આ રીતે પિંડવિશુદ્ધિના વિષયમાં શ્રામણ્યની વિરાધના કરી. ઈર્યાસમિતિની શુદ્ધિમાં આદર ન કર્યો, અભિગ્રહોને લઈને ક્યારેક ભાંગી નાખ્યા, સૂંઠ વગેરેની સંનિધિ વાપરી, અવયવોને ધોવા-પગ ધોવા વગેરે કર્યું,

च कृतवान्, इत्यादिप्रकारेण(अ)सम्यक्पालने व्रतविराधना इति, सा च न आलोचिता गुरुसमीपे इति अनालोचितातिचारो मृत्वा कृताऽनशनोऽपि ज्योतिष्केन्द्रचन्द्ररूपतया उत्पन्नः, इति चन्द्रस्य पूर्वभवे उत्तरगुण-विराधनाविचारः।।३१।।

ननु- साधुभिः कदाचित् द्रव्यमपि रक्ष्यते न वा ? 'उच्यते' शिष्यादिकृते पुष्टालम्बने साधूनां द्रव्यं कनकादिकं रक्षणाय उपदिष्टमस्ति, यदुक्तं श्रीदशवैकालिकसूत्रे श्रीहरिभद्रसूरिकृतायां तट्टीकायां सप्तसहस्रमानायां च, तथाहि- परलोकचिन्तायां प्रकृतोपयोग्यतां दर्शयन्नाह-

**"सिक्खग असिक्खगाणं संवेगथिरयट्ठाइ दोण्हं पि।**
**दव्वाईया एवं दंसिज्जंति अवायाओ।।"**

व्याख्या- शिक्षकाशिक्षकयोः अभिनवप्रव्रजितचिरप्रव्रजितयोः अभिनव-

विशेषोपनिषद्

વગેરે પ્રકારથી સમ્યક્ પાલન ન કરતા વ્રતવિરાધના કરી, સમ્યક્ પાલન ન કર્યું, તે વિરાધનાની ગુરુ પાસે આલોચના ન કરી, તેથી અનશન કરવા છતાં પણ મરીને જ્યોતિષેન્દ્ર ચન્દ્રરૂપે ઉત્પન્ન થયો. આ રીતે ચન્દ્રના પૂર્વભવે ઉત્તરગુણની વિરાધનાનો વિચાર કહ્યો. ।।૩૧।।

(૩૨) **પ્રશ્ન** :- સાધુઓએ ક્યારેક પોતાની પાસે દ્રવ્ય રખાય કે નહીં ?

**ઉત્તર** :- શિષ્ય વગેરેને માટે પુષ્ટાલંબન હોય, ત્યારે સાધુઓએ સુવર્ણ વગેરે દ્રવ્ય રાખવું, એવો ઉપદેશ શાસ્ત્રમાં કર્યો છે. **શ્રીહરિભદ્રસૂરિકૃત** શ્રીદશવૈકાલિકસૂત્રની ટીકા, જે ૭૦૦૦ શ્લોક પ્રમાણ છે, તેમાં કહ્યું છે - પરલોકના ચિંતનમાં પ્રકૃત ઉપયોગિતાને બતાવે છે – જેણે નવી દીક્ષી લીધી હોય અને જે ચિર-પ્રવ્રજિત હોય, અથવા તો તેમના સંવેગની સ્થિરતા માટે સ્વીકારેલાનો ત્યાગ



प्रव्रजितगृहस्थयोर्वा संवेगस्थैर्यार्थं पुनरभ्युपगतापरित्यागः, ततश्च कथं न नाम दुःखनिबन्धनद्रव्याद्यपगमात् तयोः संवेगस्थैर्ये स्याताम्, द्रव्यादिषु वा प्रतिबन्ध इति गाथार्थः। तथा चाह-

**"दवियं कारणे गहियं विगिंचियव्वमसाइ क्खेत्तं च।**
**बारसहिं एस कालो कोहाइ विवेगभावम्मि।।"**

व्याख्या- इह उत्सर्गतो मुमुक्षुणा द्रव्यम् एव अधिकं वस्त्रपात्रादि अन्यद्वा कनकादि न ग्राह्यम्, शिक्षकादिसन्दिष्टकारणगृहीतम् अपि तत् परिसमाप्तौ परित्याज्यम्, अत एव आह- 'द्रव्यं' कारणगृहीतं 'विगिंचितव्यं' परित्याज्यम्, अनेकैहिकामुष्मिकाऽपायहेतुत्वात् दुरन्ताग्रहादि-अपायहेतुता च मध्यस्थैः स्वधिया भावनीया, इति शिक्षकादिनिमित्तं साधूनां द्रव्य-रक्षणम्।।३२।।

ननु- श्राद्धो देवपूजार्थं स्वयं स्नानं कुर्वन् किं प्रासुकपानीयेन

विशेषोपनिषद्

ન કરવો (?) તો પછી દુઃખના કારણભૂત એવા દ્રવ્ય વગેરેના અપગમથી તેમનો સંવેગ અને સ્થિરતા શી રીતે થઈ શકે ? અથવા તો દ્રવ્ય વગેરેમાં આસક્તિ થાય (?) એવો ગાથાર્થ છે. કહ્યું પણ છે – અહીં ઉત્સર્ગથી મુનિએ અધિક વસ્ત્રપાત્ર વગેરે કે સુવર્ણ વગેરે દ્રવ્ય જ ન રાખવું જોઈએ. પણ શિષ્ય વગેરેને કારણે દ્રવ્ય લીધું હોય, તો પણ કારણ પુરુ થાય ત્યારે તેનો ત્યાગ કરવો જોઈએ. માટે જ કહ્યું કે કારણે લીધેલું દ્રવ્ય છોડી દેવું. કારણ કે તે અનેક ઐહિક અને આમુષ્મિક અપાયોનું કારણ છે. દ્રવ્યમાં કારમી આસક્તિ થાય, જેનું ખૂબ જ ખરાબ પરિણામ આવે વગેરે જે અપાયહેતુત્વ દ્રવ્યમાં રહેલું છે, તેને મધ્યસ્થોએ સ્વમતિથી સમજી લેવું. આ રીતે શિષ્ય વગેરેના કારણે સાધુએ દ્રવ્ય રાખવાનો વિષય કહ્યો. ।।૩૨।।

(૩૩) **પ્રશ્ન** :- શ્રાવક પ્રભુપૂજા માટે સ્વયં સ્નાન કરે તે પ્રાસુક પાણીથી કરે કે અપ્રાસુક પાણીથી ? વળી પ્રતિમાની પૂજા કરે ત્યારે

तदितरेण वा करोति ? अपि च प्रतिमापूजां कुर्वन् श्वेतवस्त्राणि परिदधाति उत तदन्यानि ? 'उच्यते' प्रासुकेन तदभावे अप्रासुकेनाऽपि स्नानं सृजेत्। परिधानवस्त्राणि तु धवलान्येव। यदुक्तं श्रीदेवेन्द्रसूरि-कृतश्राद्धदिनकृत्यसूत्रवृत्त्योस्तथाहि-पञ्चमचैत्यवन्दनद्वारम् आह–

**तसाइजीवरहिए भूमीभागे विसुद्धए।**
**पासुएणं तु नीरेणं इयरेण गलिएण उ।।२३।।**
**काऊणं विहिणा ण्हाणं सेयवत्थनियंसणो।**
**मुहकोसं तु काऊणं गिहिबिंबाणि पमज्जए।।२४।।**

सूत्रं त्रसादिजीवरहिते। उत्तिंगपनकादिजन्तुभिरसंसक्ते भूमीभागे, 'विशुद्धके' विषमशुषिरादिदोषैरदूषिते, प्रासुकेन तु नीरेण तदभावे इतरेण सचित्तेनापि गलितेनैवं विधिना परिमितोदकसम्पातिमसत्त्वरक्षणादि-यतनया स्नानं श्वेतवस्त्रनिवसनः संवीतशुचिसितांशुकयुगलः मुखकोशं त्वष्टपुटपटप्रान्तेन आस्यनासिकाश्वासनिरोधं कृत्वा एव गृहबिम्बानि



શ્વેત વસ્ત્રો પહેરે કે અન્ય વસ્ત્રો પહેરે ?

**ઉત્તર** :- પ્રાસુક પાણી મળે તો પ્રાસુકથી, નહીં તો અપ્રાસુક પાણીથી સ્નાન કરે. પહેરવાના વસ્ત્રો તો સફેદ જ પહેરે, કારણ કે **શ્રીદેવેન્દ્રસૂરિકૃત શ્રાદ્ધદિનકૃત્યસૂત્ર** અને **વૃત્તિ**માં કહ્યું છે કે – પંચમચૈત્યવંદનદ્વાર કહે છે – જ્યાં બિલાડીનો ટોપ, પનક વગેરે જીવો ન હોય, તેવી ભૂમિમાં, વળી જ્યાં જમીન ખાડા-ટેકરાવાળી કે કાણાવાળી ન હોય, તેવી વિશુદ્ધ ભૂમિમાં પ્રાસુક જળથી અને તે ન હોય, તો અપ્રાસુક પણ ગાળેલા પાણીથી, વિધિપૂર્વક એટલે પરિમિત જળનો ઉપયોગ, સંપાતિમ જીવોની રક્ષા વગેરે જયણા સાથે સ્નાન કરે, પવિત્ર શ્વેત વસ્ત્રયુગલ પહેરીને, આઠ પડનો મુખકોષ બાંધીને નાક અને મોંના શ્વાસનો નિરોધ કરીને જ ગૃહબિંબોનું પ્રમાર્જન કરે



प्रमार्ष्टि, लोमहस्तकेनेति शेषः, अत्र च यद्यपि षट्कायोपमर्दादिका काचिद् विराधना स्यात् तथापि कूपोदाहरणेन श्रावकस्य द्रव्यस्तवः कर्त्तुमुचितो यदाहुः–

**अकसिणपवत्तगाणं विरयाविरयाणं एस खलु जुत्तो।**
**संसारपयणुकरणो दव्वत्थए कूवदिट्ठंतो।।१।।**

વિશેષોપનિષદ્

છે. મોરપીંછીથી એવો અહીં અધ્યાહાર છે. અહીં ભલે ષટ્કાયના મર્દનરૂપ કોઈક વિરાધના થાય, તો પણ કૂપના ઉદાહરણથી શ્રાવકને દ્રવ્યસ્તવ કરવો ઉચિત છે, કારણ કે પૂર્વાચાર્યોએ કહ્યું છે કે –

જેઓ સંપૂર્ણ સંયમમાં પ્રવૃત્તિ કરતા નથી તેવા શ્રાવકોને સંસારને પરિમિત કરનાર એવો દ્રવ્યસ્તવ ઉચિત છે. દ્રવ્યસ્તવમાં કૂવાનું દૃષ્ટાન્ત છે.

(કૂવાના દૃષ્ટાન્ત પર પૂ. મહોપાધ્યાયજીએ એક પ્રકરણ રચ્યું છે, જેનું નામ છે કૂપદૃષ્ટાન્તવિશદીકરણ. આ સિવાય પ્રતિમાશતક, દેવધર્મપરીક્ષા વગેરે ગ્રંથોમાં પણ તેમણે કૂપદૃષ્ટાન્ત પર પ્રકાશ પાડ્યો છે. કૂવો ખોદતા શ્રમ અને તરસનો અનુભવ થાય, કાદવથી ખરડાય, પણ પછી પાણી મળે એટલે સ્નાનથી શ્રમ અને મેલ દૂર થઈ જાય, જલપાનથી તરસ દૂર થઈ જાય, તેમ જિનપૂજામાં પુષ્પાદિની વિરાધનારૂપ દોષ હોવા છતાં પણ તે દોષ શુભભાવરૂપી ગુણથી ધોવાઈ જાય છે.

કૂપદૃષ્ટાન્તના ઉપરોક્ત ઉપનયનું પૂ. મહોપાધ્યાયજીએ ખંડન કર્યું છે. તેઓશ્રી ફરમાવે છે કે પુષ્પાદિની સ્વરૂપહિંસાના સમયે પણ મનમાં તો જિનભક્તિના ભાવો જ રમતા હોય છે. તેથી તે સમયે અશુભ કર્મબંધરૂપી દોષ લાગવાની કોઈ શક્યતા નથી. કારણ કે નિશ્ચયનયથી તો પરિણામ જ પ્રમાણ છે. આમ ગૃહસ્થને માટે જિનપૂજા એકાંતે હિતકર છે. માટે કૂવાનું ખોદકામ જેમ સ્વ-પરના

इति श्राद्धानां प्रतिमापूजावसरे प्रासुकाऽप्रासुकनीराभ्यां निजस्नानं श्वेतवस्त्रपरिधानं च तदधिकारः।।३३।।

ननु- प्रोतपुष्पैर्जिनप्रतिमापूजनं विधीयते न वा ? 'उच्यते, क्रियते एव, यदुक्तं श्रीदेवेन्द्रसूरिकृतश्राद्धदिनकृत्यसूत्रवृत्त्योः। तथाहि-

**वन्नगंधोवमेहिं वा पुप्फेहिं पवरेहिं य।**

**नाणापयारबंधेहिं कुज्जा पूयं वियक्खणो।।१।६३।।**

व्याख्या- सद्वर्णसद्गन्धद्रव्यमध्येऽतिशायिगुणयोगात् वर्णगन्धाभ्याम् उपमम् औपम्यं येषां तानि वर्णगन्धोपमानि, तैश्च पुष्पै राजचम्पकाद्यैः

विशेषोपनिषद्

ઉપકાર માટે થાય છે. તે જ રીતે દ્રવ્યસ્તવ પણ સ્વ-પરના ઉપકાર માટે થાય છે. એટલો જ કૂપદૃષ્ટાન્તનો ઉપનય અહીં સમજવો. દૃષ્ટાન્તમાં સર્વ સામ્ય તો ન જ હોય. માટે પ્રસ્તુતમાં એટલું જ સામ્ય સમજવું.

વળી ષોડશક પ્રકરણ (૯-૫) અને દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા (૫-૨૩) ની ટીકામાં ઉજ્જ્વળ એવા લાલ-પીળા વસ્ત્રો પણ પૂજા સમયે પહેરી શકાય એવું કહ્યું છે, તે પણ અહીં જાણવા યોગ્ય છે.)

આ રીતે પ્રતિમાની પૂજાના અવસરે શ્રાવકો પ્રાસુક અને અપ્રાસુક પાણીથી સ્નાન કરે અને શ્વેતવસ્ત્રો પહેરે, તે અધિકાર કહ્યો. ।।૩૩।।

(૩૪) **પ્રશ્ન** :- પરોવેલા પુષ્પોથી જિનપ્રતિમાની પૂજા થાય કે નહીં ?

**ઉત્તર** :- થાય જ. કારણ કે **શ્રીદેવેન્દ્રસૂરિકૃત શ્રાદ્ધદિનકૃત્ય સૂત્ર** અને તેની **વૃત્તિ**માં એવું કહ્યું છે કે – સારા વર્ણ અને સારી ગંધવાળા દ્રવ્યોમાં અતિશાયી ગુણોના યોગથી વર્ણ અને ગંધથી જેમની ઉપમા અપાય. અર્થાત્ તે પુષ્પોના વર્ણ અને ગંધ એટલા ચડિયાતા હોય કે બીજા પુષ્પોની સુંદરતા બતાવવા માટે તે પુષ્પોની ઉપમા આપવામાં આવે. તેવા રાજચંપક વગેરે ઉત્તમ તાજા અનેક



प्रवरैः प्रत्यग्रैर्नानाप्रकारबन्धैः प्रोतग्रथितादिभेदैः कुर्यात् पूजां विचक्षणो नानाप्रकारपूजारचनाचतुरः इति प्रोतपुष्पैः पूजाधिकारः।।३४।।

ननु- भावस्तवद्रव्यस्तवयोरन्तरं मेरुसर्षपवत्ततो यदि कोपि श्राद्धः सामायिकं चिकीर्षन् जिनमन्दिरे पुष्पादिधनादि कार्यं पश्येत्तदा सामायिकं भावस्तवरूपं मुक्त्वा द्रव्यस्तवरूपं पुष्पादिकं कुर्यात् किं वा भावस्तवमेव ? उच्यते- तदवसरे यदि कायेन जिनमन्दिरकर्त्तव्यं स्यात्तदा सामायिकं मुक्त्वा तदेव द्रव्यस्तवं कुर्याद्। यदुक्तम्- श्रीदेवेन्द्रसूरिविनिर्मितश्राद्धदिनकृत्यसूत्रवृत्त्योः, तथाहि- द्रव्यपूजायां तु पुष्पादिसामग्रेरभावात् सम्भवद्विधिमाह-

**"काएण अत्थि जइ किंचि कायव्वं जिणमंदिरे।।**

**तओ सामाइयं मोत्तुं करेज्जं करणिज्जयं।।१।७९।।"**

विशेषोपनिषद्

પ્રકારની બાંધણીવાળા **પરોવેલા**, ગુંથેલા વગેરે ભેદોથી અનેક પ્રકારની પૂજા કરવામાં ચતુર શ્રાવક પૂજા કરે.

આ રીતે પરોવેલા પુષ્પોથી પૂજાનો અધિકાર કહ્યો. ।।૩૪।।

(૩૫) **પ્રશ્ન** :- ભાવસ્તવ અને દ્રવ્યસ્તવ વચ્ચે મેરુ પર્વત અને સરસવ જેવું અંતર છે. તો પણ કોઈ શ્રાવકને સામાયિક કરવાની ઈચ્છા હોય, પણ તે જિનાલયમાં પુષ્પ વગેરે કે ધન વગેરેનું કાર્ય જુએ, તો ભાવસ્તવરૂપ સામાયિકને છોડીને દ્રવ્યસ્તવરૂપ પુષ્પાદિનું કાર્ય કરે ? કે પછી ભાવસ્તવ જ કરે ?

**ઉત્તર** :- જો તેવા અવસરે શરીરથી કરવા યોગ્ય એવું જિનાલયનું કાર્ય હોય, તો સામાયિક છોડીને તે જ દ્રવ્યસ્તવ કરે. કારણ કે **શ્રીદેવેન્દ્રસૂરિકૃત શ્રાદ્ધદિનકૃત્ય-સૂત્રવૃત્તિ**માં કહ્યું છે –

દ્રવ્યપૂજામાં પુષ્પાદિ સામગ્રિનો અભાવ હોવાથી સંભવતી વિધિ કહે છે –

**જો શરીરથી કરવા યોગ્ય કોઈ પુષ્પ વગેરે કે ધન વગેરે**

कायेन शरीरेणास्ति यदि किञ्चित्पुष्पादि धनादि कर्त्तव्यं जिनमन्दिरे, ततः सामायिकं मुक्त्वा कुर्यात् करणीयम्, ननु कथं इह सामायिकत्यागे द्रव्यस्तवोऽभिधीयते, अत्रोच्यते– सामायिकं सकलकालमपि अस्य स्वायत्तत्वाद्यत्र तत्र वा क्षणेषु बहुशोऽपि कर्त्तव्यम्, समुदायायत्तत्वात्कादाचित्कं प्रस्तावे च तस्मिन् क्रियमाणे विशेषपुण्यसद्भावात्, तदेव कर्त्तव्यम्, यदाहाऽऽगमः–

**“जीवाण बोहिलाभो सम्मदिट्ठीणं होइ पियकरणं।**
**आणाजिणिंदभत्ती तित्थस्स पभावणा चेव।।१।।”**

‘इत्यादयोऽनेके गुणाश्चैत्यकृत्यकरणे’ इति सामायिकलाभाद् देवगृहकार्यकरणे लाभो भूयान्।।३५।।

ननु– तामलितापसो मिथ्यादृष्टिरासीत्परम् ईशाने ईशानेन्द्रत्वेन

विशेषोपनिषद्

**કર્તવ્ય જિનાલયમાં હોય તો સામાયિક છોડીને તે કર્તવ્ય કરે.**

**શંકા** :- અહીં સામાયિક છોડીને દ્રવ્યસ્તવનું વિધાન કેમ કરો છો ?

**સમાધાન** :- સામાયિક તો તેને સર્વ કાળે સ્વાધીન છે. તેથી જ્યારે ત્યારે પણ ઘણી વાર કરી શકશે. પણ જિનાલયસંબંધી કાર્ય તો સમુદાયને આધીન છે, માટે કાદાચિત્ક છે. અને અવસરે તેને કરવાથી વિશિષ્ટ પુણ્ય થાય છે. માટે તે અવસરે તે જ કરવું જોઈએ. કારણ કે અહીં એવું આગમવચન છે – **‘જીવોને બોધિલાભ થાય છે, સમ્યગ્દૃષ્ટિ જીવોનું પ્રિય થાય છે. શ્રાવકોએ જિનાલયની દેખ-રેખ કરવી જોઈએ એવી જિનાજ્ઞાનું પાલન થાય છે. જિનેન્દ્રભક્તિ થાય છે અને શાસનપ્રભાવના પણ થાય છે.’** ચૈત્યનું કાર્ય કરવામાં આવા અનેક ગુણો થાય છે. માટે સામાયિકના લાભ કરતા જિનાલયનું કાર્ય કરવાનો લાભ મોટો છે. ।।૩૫।।

(૩૬) **પ્રશ્ન** :- તામલિ તાપસ મિથ્યાદૃષ્ટિ હતો, પણ ઈશાન



सम्यक्त्ववान् कथमुत्पन्नः ? तत्सम्यक्त्वं तेन कथं कुत्र सम्प्राप्तम् ? उच्यते- तामलिना कृतानशनेनान्त्यसमये साधुदर्शनात् तदवाप्तम्, यदुक्तं विचारसारबृहद्ग्रन्थे, तामलिमुनिर्मिथ्यादृष्टिः सन्नीशानेन्द्रत्वेन कथं सम्यग्दृष्टिरुत्पन्नः इति यत्पृष्टं तत्रोच्यते, यदि उपदेशमालावृत्तौ विशेषो नास्ति, तथापि वसतिमार्ग्गप्रकाशकश्रीजिनेश्वरसूरिकृतकथाकोशे, तामलिकथायां विशेषो भणितोऽस्ति, यथा तामलिनाऽन्त्यसमये अनशनस्थितेन श्वेतपटसाधवः पदे पदे ईर्यापथं शोधयन्तो बहिर्भूमिं गच्छन्तो दृष्टाः, तान् दृष्ट्वा चिन्तितमनेन, अहो ! शोभनः श्वेतपटानां धर्मो यत्रेर्यापथे एवं जीवरक्षा क्रियते’ इति तामलेः सम्यक्त्वप्राप्त्यऽधिकारः।।३६।।

विशेषोपनिषद्

દેવલોકમાં ઈન્દ્ર હોવાથી સમ્યક્ત્વી જ હોય તો તે સમ્યગ્દૃષ્ટિરૂપે કેવી રીતે ઉત્પન્ન થયો ? તે સમ્યક્ત્વ તેણે કેવી રીતે અને ક્યાં પ્રાપ્ત કર્યું ?

**ઉત્તર** :- તામલિ તાપસે અનશન કર્યું, ત્યારે અંત સમયે સાધુઓના દર્શનથી તેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હતું. કારણ કે **વિચારસાર બૃહદ્ગ્રંથ**માં કહ્યું છે –

**શંકા** :- તામલિ તાપસ મિથ્યાદૃષ્ટિ હતો તો ઈશાનેન્દ્રરૂપે સમ્યગ્દૃષ્ટિ શી રીતે ઉત્પન્ન થયો ?

**સમાધાન** :- **ઉપદેશમાળા**ની વૃત્તિમાં આ વિષયમાં ખુલાસો નથી. તો પણ વસતિમાર્ગપ્રકાશક શ્રીજિનેશ્વરસૂરિકૃત **કથાકોષ**માં તામલિની કથામાં વિશેષ કહ્યો છે, તે તામલિએ અંત સમયે અનશન કર્યું હતું, ત્યારે તેણે જોયું કે શ્વેતાંબર સાધુઓ પગલે પગલે ઈર્યાસમિતિની શુદ્ધિ કરતા બહિર્ભૂમિમાં જતાં હતાં. તેમને જોઈને તેણે વિચાર્યું ‘અહો ! આ શ્વેતાંબરોનો ધર્મ સુંદર છે. જેમાં ચાલતા ચાલતા પણ રસ્તા પર આવી જીવરક્ષા કરાય છે. આ રીતે તામલિનો સમ્યક્ત્વપ્રાપ્તિનો અધિકાર કહ્યો. ।।૩૬।।

ननु–जीवानां द्वात्रिंशद्भेदा अपि श्रीजिनशासने सन्ति ? उच्यते- यदुक्तं विचारसारबृहद्ग्रन्थे, तथाहि–

**“विगलिंदियजीवाणं अपज्जपज्जत्थ हुंति छभेया।**
**पंचिंदियाणं चउरो १० बावीसमिगिंदिएसुं पि।।१।।**
**पुढवि दगअगणिवाऊ बायरसुहमापज्जत्तअपज्जत्ता।**
**चउरो पि चउरभेया वणस्सई पुण होइ छभेओ।।२।।**
**साहारण पत्तेया साहारण पुव्वओ चउब्भेओ।**
**पत्तेय पज्जपज्जो बत्तीसं जीवभेया य।।३।।”**

इति द्वात्रिंशज्जीवभेदाः।।३७।।

ननु– लवणजलारात्रिकावतारणं पूर्वाचार्यैर्वामावर्त्ततया प्रादक्षिण्येन वा समुपदिष्टमस्ति ? उच्यते-वामावर्ततया। ननु–तर्हि साम्प्रतं प्रादक्षिण्येन

विशेषोपनिषद्

(૩૭) **પ્રશ્ન** :- જીવોના ૩૨ ભેદ પણ જિનશાસનમાં કહ્યા છે ?
ઉત્તર :- હા, જેમ કે **વિચારસાર બૃહદ્ગ્રંથ**માં કહ્યું છે –

| | |
|---|---|
| વિકલેન્દ્રિય જીવોના અપર્યાપ્તા-પર્યાપ્તા | ૬ |
| પંચેન્દ્રિય ચાર ગતિના | ૪ |
| એકેન્દ્રિયોમાં પૃથ્વી-અપ-તેઉ-વાઉ એ ચારે સૂક્ષ્મ બાદર-પર્યાપ્ત-અપર્યાપ્ત | ૧૬ |
| સાધારણ વનસ્પતિ સૂક્ષ્મ-બાદર-પર્યાપ્ત-અપર્યાપ્ત- | ૪ |
| પ્રત્યેક-વનસ્પતિ પર્યાપ્ત-અપર્યાપ્ત | ૨ |
| | ૩૨ |

આ રીતે જીવોના ૩૨ ભેદો થયા. ॥૩૭॥

(૩૮) **પ્રશ્ન** :- લૂણ ઉતારવું, આરતી કરવી વગેરે કરવામાં પૂર્વાચાર્યોનો ઉપદેશ શું છે ? વામાવર્તથી કે પ્રદક્ષિણાથી ?

**ઉત્તર** :- વામાવર્તથી.

**શંકા** :- તો પછી વર્તમાનમાં પ્રદક્ષિણાથી કરાય છે એવું કેમ



कथं क्रियमाणं दृश्यते ? उच्यते– तत्र गड्डरिकाप्रवाह एवोत्तरम्, यदुक्तं श्रीखरतरभट्टारकश्रीजिनपतिसूरिविरचिते प्रबोधोदयग्रन्थे, तथाहि-यच्च विस्तरेण लवणजलाऽऽरात्रिकावतारणस्य प्रादक्षिण्येन समर्थनम्, तत्र सिद्धान्ते तावत् वामावर्त्ततया दक्षिणावर्त्ततया वा लवणाद्यवतारणस्य न क्वचिद्विधेयतया अभिधानमस्ति, यतः तृतीयपञ्चाशकवृत्तौ, श्रीमदभयदेवसूरिभिरेवमारात्रिकलवणावतारजलावतारणाद्यपि न विधेयं स्यादिन्द्रादिभिर्विहितत्वेन, जीवाभिगमादिष्वनभिहितत्वादित्युक्तत्वात्, कुतस्तर्हि भगवत्पुरतः न विधानमिदानीमिति चेत् गीतार्थाचरितत्वात्, तथापि वामावर्त्तमेव तद्गीतार्थैराचरितमिति कुतो निर्णीतमिति चेत्, श्रीमदुमास्वातिवाचकप्रकरणे अस्मद्गुरूभिर्वामावर्त्ततया तद्विधेर्दर्शनात्, ततस्तैर्वाचक-

विशेषोपनिषद्

જોવા મળે છે ?

**સમાધાન** :- તેમાં ગાડરિયો પ્રવાહ જ ઉત્તર છે. શ્રી ખરતરભટ્ટારક **શ્રીજિનપતિસૂરિકૃત પ્રબોધોદય** ગ્રંથમાં કહ્યું છે – જે વિસ્તારથી લૂણ ઉતારવું, આરતી કરવી વગેરેને પ્રદક્ષિણાનુસાર કરવાનું સમર્થન કરાય છે, તેમાં સિદ્ધાન્તમાં તો તે વામાવર્તથી કરવું કે પ્રદક્ષિણાનુસાર કરવું તેમાં કોઈ વિશેષ કથન નથી. કારણ કે તૃતીય પંચાશકની વૃત્તિમાં શ્રીઅભયદેવસૂરિએ કહ્યું છે કે - આ રીતે માનતા તો ઈન્દ્રો વગેરે દ્વારા વિહિત હોવાથી આરતી વગેરે પણ નહીં કરાય, પૂર્વે કહ્યું પણ છે કે જીવાભિગમ વગેરેમાં તેનું વિધાન નથી.

**શંકા** :- તો પછી તેનું વિધાન અત્યારે કેમ નથી કરાતું ? (કેમ કરાય છે ?)

**સમાધાન** :- કારણ કે તે ગીતાર્થાચરિત છે.

**શંકા** :- તો પણ તે વામાવર્ત્તથી જ ગીતાર્થોએ આચર્યું છે, એવો નિર્ણય શેના પરથી કર્યો ?

**સમાધાન** :- અમારા ગુરુઓએ શ્રીઉમાસ્વાતિવાચકકૃત પ્રકરણમાં

वचनं प्रमाणयद्भिस्तथैव श्राद्धेभ्यस्तद्विधिः प्ररूपितः, सम्प्रति तु संवत् (१५५१) वर्षे लवणखेटे नगरे गतानुगतिककर्ण्णेजपविपर्यासितवाहमान-वंशमुक्ताफलश्रीकेल्हणदेवपार्थिवप्रार्थनोपरोधेन राजाभियोगमाकारमादृत्य प्रादक्षिण्येन श्रावकैस्तद्विधीयते, वस्तुतस्तु वामावर्त्ततया तैराचरितत्वात्तदेव प्रमाणमतः किमत्र तद्विचारप्रपञ्चोपन्यासेन, एवं श्रीजिनप्रभसूरिकृतगृह-पूजाविधावपि प्रतिपादितम्, तथाहि–

**“एयं च लवणाइ उत्तारणं पालित्तयसूरिमाइ पुव्वपुरिसेहिं। संहारेण अणुण्णायंपि संपयं सिट्ठीए कारिज्जइ। विसमो खु गड्डरिआपवाहो इति।”**

इति मूलतो लवणारात्रिकादीनां वामावर्त्तयोत्तारणम्।।३८।।

विशेषोपनिषद्

વામાવર્તરૂપે તે વિધિ જોઈ છે. તેથી વાચકના વચનને પ્રમાણભૂત માનીને તેમણે તે જ રીતે શ્રાવકોને તે વિધિની પ્રરૂપણા કરી. વર્તમાનમાં તો સંવત્ ૧૫૫૧ માં લવણખેટ નગરમાં ગતાનુગતિક દુર્જનો વડે ભરમાવાયેલ વાહમાન વંશમાં મોતીસમાન એવા શ્રી કેલ્હણદેવ રાજાની પ્રાર્થનાથી રાજાભિયોગ-આગારને સ્વીકારીને (સામ્યક્ત્વના આચારમાં અપવાદમાર્ગ લઈને) શ્રાવકો દક્ષિણાવર્તથી આરતી વગેરે કરે છે.

વાસ્તવમાં તો તેમણે (ગીતાર્થોએ) વામાવર્તથી આરતી વગેરેનું આચરણ કર્યું હોવાથી તે જ પ્રમાણ છે. માટે અહીં બીજા વિચારો કરવાની શું જરૂર છે. એ જ રીતે **શ્રીજિનપ્રભસૂરિકૃત ગૃહપૂજાવિધિ**માં પણ કહ્યું છે કે – આ લૂણ ઉતારવું વગેરેમાં પાદલિપ્તસૂરિ વગેરે પૂર્વપુરુષોએ વામાવર્તથી કરવાની અનુજ્ઞા આપી છે. પણ વર્તમાનમાં દક્ષિણાવર્તથી કરાય છે. ખરેખર ગાડરિયો પ્રવાહ વિષમ છે.

આ રીતે મૂળથી લૂણ-આરતી વગેરે વામાવર્તથી થાય, તે અધિકાર કહ્યો. ॥૩૮॥



ननु– पूर्वं पुस्तकनिरपेक्षैव सिद्धान्तादिवाचनाऽभूत्, साम्प्रतं तु पुस्तकसङ्ग्रहः क्रियते साधुभिस्तत्कथं सङ्गतिमङ्गति ? उच्यते - पुस्तकग्रहणं तु कारणिकं न त्वौत्सर्गिकम्, अन्यथा तु पुस्तकग्रहणे भूयांसो दोषाः प्रतिपादिताः सन्तिः, यदुक्तं श्रीबृहत्कल्पभाष्यवृत्त्यादिषु, तथाहि–

**संघंस १ अपडिलेहा २ भारो ३ अहिगरण ४ मेव अविदिन्नं ५।**
**संकामणपलिमंथो ६ पमाय ७ परिकम्मणा ८ लिहिणा ९।।१।।**

व्याख्या- पुस्तकं ग्रामे नयतः स्कन्धे सङ्घर्षः स्यात्तस्य व्रणोत्पत्त्यादयो दोषाः।।१।। शुषिरत्वाच्च प्रत्युपेक्षणा न शुद्ध्यति।।२।। भारो मार्गे गच्छताम्।।३।। अधिकरणं च कुन्थुपनकादिसंसक्तलक्षणम्, यद्वा तत्पुस्तकं स्तेनैरपह्रियते ततोऽधिकरणम्।४। तीर्थङ्करैरदत्तश्चायमुपधिः।५।

विशेषोपनिषद्

(અહીં ઉમાસ્વાતિમહારાજકૃત પ્રકરણનો સ્પષ્ટ નિર્દેશ નથી. પંચાશકનો પાઠ પણ વામાવર્તનું પ્રતિપાદન તો નથી જ કરતો. માટે આ ઉત્તર ચિંતનીય છે.)

(૩૯) **પ્રશ્ન** :- પૂર્વે પુસ્તક વિના જ સિદ્ધાન્તવાચના વગેરે થતું હતું. હવે તો સાધુઓ પુસ્તક સંગ્રહ કરે છે. તે શી રીતે સંગત થાય ?

**ઉત્તર** :- પુસ્તકનું ગ્રહણ કારણિક છે, ઔત્સર્ગિક નથી. અન્યથા તો પુસ્તકના ગ્રહણમાં ઘણા દોષો છે. જેને **શ્રીબૃહત્કલ્પ-ભાષ્યવૃત્તિ** વગેરેમાં કહ્યા છે – (૧) પુસ્તકને વિહારમાં ગામે લઈ જતા ખભે સંઘર્ષ થાય. તેનાથી ગુમડુ વગેરે નુકશાનો થાય. (૨) તેમાં પોલાણ, છિદ્રોનો ભાગ હોવાથી પડિલેહણા શુદ્ધ થતી નથી. (૩) રસ્તે જતા ભાર લાગે છે. (૪) કંથવા, પનક વગેરેની સંસક્તિરૂપ વિરાધના થાય છે. અથવા તો તે પુસ્તકને ચોરો ચોરી જાય, તેનાથી કલહ થાય. (૫) આ ઉપધિ તીર્થંકરઅદત્ત છે. (૬) પુસ્તકને

स्थानान्तरं च पुस्तकं सङ्क्रामयतः [१] पलिमन्थः।६। प्रमादो मम पुस्तकं लिखितमस्तीति कृत्वा न गुणयति, अगुणनाच्च सूत्रनाशादयो दोषाः,।७। परिकर्मणायां च सूत्रार्थपरिमन्थो भवति।८। अक्षरलिखनं कुर्वतः कुन्थ्वादिव्यपरोपणेन कृकाटिकादिबाधया च संयमात्मविराधना।९। किञ्च-

**पुत्थगजिणदिट्ठंतो, वागुरुलेवेयजालचक्केय।**
**लोहिय लहुगाआणाइं, मुयण संघट्टणे बंधे।।२।।**

व्याख्या- पुस्तके शुषिरतया यो जन्तूनामुपघातस्तत्र जिनैस्तीर्थकृद्भिर्वागुरालेपेन १ जालेन २ चक्रेण ३ दृष्टान्तः कृतः, 'लोहियत्ति' यदि तेषां पुस्तकान्तर्गतानां लोहितं रुधिरं भवेत्ततः पुस्तकबन्धनकाले अक्षराणि परिस्पृश्य तत् रुधिरं परिगलेत्। 'लहुगत्ति' यावन्तो वारान्

विशेषोपनिषद्

અન્યસ્થાને મુકવા પડે તેમાં સ્વાધ્યાયવ્યાઘાત થાય. (૭) પ્રમાદ થાય, તે વિચારે કે મારી પાસે તો લખેલું પુસ્તક છે જ. તેથી તે પરાવર્તન ન કરે. અને તેનાથી સૂત્રનાશ વગેરે દોષો થાય. (૮) પુસ્તકનું પરિકર્મ કરવામાં સૂત્ર-અર્થનો વ્યાઘાત થાય. (૯) અક્ષરલેખન કરતાં કંથવા વગેરે મરી જાય, તેનાથી સંયમવિરાધના થાય અને ડોકમાં રહેલ ઉન્નત ભાગ-કાકડાને બાધા થતા આત્મવિરાધના થાય.(?) ॥૧॥ વળી –

પુસ્તકમાં પોલાણ, છિદ્રો હોવાથી જીવોનો જે ઉપઘાત થાય છે. તેને તીર્થંકરોએ મૃગબંધન, જાળ અને ચક્રના ઉદાહરણથી સમજાવ્યો છે. જેમ શિકારીઓ એના માધ્યમે હરણ વગેરે જીવોને મારે છે. તે જ રીતે પુસ્તકના માધ્યમે પણ જીવોની વિરાધના થાય છે (આગળ આ વસ્તુ સ્પષ્ટ કરશે.) જો પુસ્તકની અંદર રહેલા જીવોનું લોહી હોય તો પુસ્તકને બાંધતી વખતે અક્ષરોને સંઘટ્ટો કરીને તે લોહી ગળી જાય. તે જીવને ખૂબ કિલામણા થાય.

१. स्वाध्यायव्याघातः,।



तत्पुस्तकं बध्नाति मुञ्चति वा, अक्षराणि वा लिखति, तावन्ति लघूनि आज्ञादयो दोषाश्च, पुस्तकस्य मोचने बन्धने च सङ्घट्टनम्, उपलक्षणत्वात् परितापनम् उपद्रावणं वा यदाऽऽपद्यते तन्निष्पन्नं प्रायश्चितम्।२। एतामेव गाथां विवृणोति,-

**"चउरंगवागुरापरिवुडो वि, फडिज्ज अवि मिगो।**
**रन्नो छीरे खउरे चेव पडिओ सउणो पलोइज्जा।।३।।"**

व्याख्या- चतुरङ्गसेना रूपा वागुरा, तया परिवृत्तोऽपि समन्ताद्वेष्टितोऽपि मृगोऽपीति सम्भावनायाम्, अरण्ये तादृशादपायात्, न पुनः पुस्तकपत्रान्तरप्रविष्टा जीवा स्फिटेयुः, तथा शकुनः पक्षी, स चेह मक्षिकादिः क्षीरे दुग्धे, खउरे चिक्कणद्रव्योपले वा अवश्रावणादौ पतितोऽपि पलायते, न पुनः पुस्तकजीवाः।।३।।

**"सिद्धट्ठगजालेणं, गहिओ मत्थो(च्छो) वि निप्फडिज्जाहि।**

विशेषोपनिषद्

જેટલી વાર પુસ્તકને બાંધે કે છોડે કે અક્ષરો લખે તેટલા લઘુક પ્રાયશ્ચિત્ત આવે. અને આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના આ દોષો લાગે. પુસ્તકને છોડવા અને બાંધવામાં જીવોનો સંઘટ્ટો થાય. ઉપલક્ષણથી પરિતાપ કે ઉપદ્રવ થાય તે નિષ્પન્ન (?) પ્રાયશ્ચિત્ત છે. ॥૨॥

આ જ ગાથાનું વિવરણ કરે છે – ચતુરંગ સેનારૂપ જાળ હોય. તેનાથી ચારે બાજુથી વીંટળાયેલો મૃગ જંગલમાં તે અપાયથી બચીને નાસી જઈ શકે. પણ પુસ્તકના પાનાઓની અંદર પ્રવેશેલા જીવો નાસી ન શકે. વળી શકુન એટલે પક્ષી. પક્ષ = પાંખો તે જેને હોય તેવો જીવ. તે અહીં માખી વગેરે સમજવી. તે દૂધમાં, ચીકણા દ્રવ્યાપલમાં ઓસામણ વગેરેમાં પડી જાય, તો ય ત્યાંથી પલાયન કરી શકે છે. પણ પુસ્તકના જીવો પલાયન કરી શકતા નથી. ॥૩॥

જેનાથી સરસવને પણ ધારણ કરી શકાય, તેવી જાળમાં

**तिलकीडगावि चक्के, तिला व न य ते तओ जीवा।।४।।"**

सिद्धार्थाः सर्षपाः, तेपि येन जालेन निगृह्यन्ते, तत्सिद्धार्थकजालम्, तेनापि गृहीतो मत्स्यः कदाचिन्निःस्फिटेत्, तिलपीडनयन्त्रे प्रविष्टास्तिलकीटकास्तिला वा निर्गच्छेयुर्न च ते जीवाः ततो निर्गन्तुं शक्नुवन्ति।।४।।

**"जइ तेसिं जीवाणं, तत्थगयाणं तु सोणियं हुज्जा।**
**पीलिज्जंतो घणियं, गलिज्जंतो अक्खरे फुसियं।।५।।"**

यदि तेषां तत्र गतानां पुस्तकपत्रान्तरस्थितानां जीवानां कुन्थ्वादीनां लोहितं भवेत्ततः पुस्तकबन्धनकाले तेषां 'घणियं' गाढतरं पीड्यमानानां तद्रुधिरमक्षराणि स्पृष्ट्वा बहिः परिगलेत्।५। अत एव–

**"जत्तिय मित्ता वारा, मुंचइ बंधइ तओ जइ वारा।**
**जइ अक्खराणि लिहइ तइ लहुगा जं च आवज्जे।।६।।"**

यावन् मात्रान् वारान् पुस्तकं मुञ्चति छोटयति, यावन्ति वारान् बध्नाति, यावन्ति अक्षराणि लिखति, तावन्ति वारान् तावन्ति लघूनि, यच्च कुन्थुपनकादीनां सङ्घट्टनाद्यापद्यते, तन्निष्पन्नं प्रायश्चित्तम्। 'ननु

विशेषोपनिषद्

પકડાયેલો માછલો પણ કદાચ છૂટી જાય, તલ પીલવાના યંત્રમાં પ્રવેશેલા તલો કદાચ તેમાંથી નીકળી જાય, પણ પુસ્તકના પાનાઓમાં પ્રવેશેલા જીવો નીકળી શકતા નથી. ।।૪।।

જો પુસ્તકના પાનાઓની વચ્ચે રહેલા કંથવા વગેરે જીવોનું લોહી હોય, તો પુસ્તકને બાંધતી વખતે તેઓ અત્યંત પીડા પામે અને તેમનું લોહી અક્ષરોનો સ્પર્શ કરીને બહાર ગળી જાય. ।।૫।।

માટે જ, જેટલી વાર પુસ્તકને બાંધે કે છોડે, અક્ષરો લખે, તેટલી વાર તેટલા લઘુનું પ્રાયશ્ચિત્ત આવે. કારણ કે કંથવા, પનક વગેરેનો સંઘટ્ટો થાય છે. તે નિષ્પન્ન પ્રાયશ્ચિત છે. (આ રીતે જીવ વિરાધના થતી હોવાથી પુસ્તકનો ઉપયોગ કરવામાં પ્રાયશ્ચિત્ત આવે,



यद्येतावन्तो दोषाः पुस्तकग्रहणे तर्हि पुस्तकं न गृह्यते साधुभिः'। उच्यते– आधुनिकानां पुस्तकपञ्चकस्याप्यपवादतः समुपदिष्टत्वात्, यदुक्तं तत्रैव–

**"दुप्पडिलेहिय दूसे, अद्धाणाइ विवित्तागिण्हंति।**
**घिप्पइ पुत्थगपणगं, कालिय निज्जुत्तिकोसट्ठा।।१।।"**

व्याख्या– अध्वादौ विविक्ताः दुखिताः सन्तो यथोक्तमुपधिमलभमानाः दुष्प्रत्युपेक्षदूष्याणि यदि प्रावारप्रभृतीनि गृह्णन्ति, तथा मतिमेधादिपरिहानिं विज्ञाय कालिकश्रुतस्योपलक्षणत्वादुत्कालिकश्रुतस्य वा निर्युक्तीनां चावश्यकादिप्रतिबद्धानां दानग्रहणादौ कोश इदं भाण्डागारं भविष्यति, एवं सर्वं पुस्तकपञ्चकमपि गृह्यते, पुस्तकपञ्चकम् इदम्, श्रीप्रवचनसारोद्धारोक्तम्, तथाहि–

**'गंडी १ कच्छवी २ मुट्ठी ३ संपुडफलए ४ तहा छिवाडिया ५**

विशेषोपनिषद्

એવું સિદ્ધ થયું.)

**શંકા** :- જો પુસ્તકના ગ્રહણમાં આટલા બધા દોષો હોય, તો સાધુઓએ પુસ્તક ન જ લેવાય ને ?

**સમાધાન** :- ના, એવો એકાંત નથી. કારણ કે વર્તમાનના સાધુઓને અપવાદમાર્ગે પાંચ પુસ્તકોનો ઉપદેશ આપેલો છે. જે **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં જ કહ્યું છે–

જેમ કોઈ મહાત્માઓ માર્ગ વગેરેમાં છુટ્ટા પડી જાય અને દુઃખી થાય, ત્યારે આગમોક્ત ઉપધિ ન મળે તો જેનું સુખેથી પડિલેહણ ન થઈ શકે તેવા ઉત્તરીય વગેરેનું ગ્રહણ કરે છે. તે જ રીતે મતિ-મેધા વગેરેની હાનિ જોઈને કાલિકશ્રુતનું, ઉપલક્ષણથી ઉત્કાલિક શ્રુતનું અને આવશ્યક વગેરે સૂત્રોની નિર્યુક્તિઓનું દાન કરવામાં અને ગ્રહણ કરવામાં કોષ જેવી બની જશે. આ રીતે પુસ્તકપંચકનું ગ્રહણ કરાય છે. **શ્રીપ્રવચનસારોદ્ધાર**માં 'પુસ્તકપંચક' આ એંશીમું દ્વાર

**एयं पोत्थयपणगं वक्खाणमिणं भवे तस्स।।६३।।**
**बाहल्लपुहुत्तेहिं १ गंडी पोत्थो उ तुल्लगो दीहो २।**
**कच्छवी अंते तणुओ, मज्झे पिहुलो मुणेयव्वो ३।।६४।।**
**चउअंगुल दीहो वा, वट्टागिइमुट्ठिपुत्थगो अहवा।**
**चउरंगुलदीहो च्चिय, चउरंसो होइ विन्नेओ।।६५।।**
**संपुडगो दुगमाई, फलया वोच्छं च्छिवाडिमित्ता हो।**
**तणुपत्तूस्सियरूवो, होइ छिवाडिं बुहा बिंति।।६६।।**
**दीहो वा हस्सो वा जो पिहुलो होइ अप्पबाहुल्लो।**
**तं मुणियसमयसारा छिवाडिपुत्थं भणन्तीह।।६७।।"**

व्याख्या– इदानीं 'पुत्थगपंचगंति' अशीतितमद्वारमाह– 'गंडीगाहा' गण्डिका पुस्तकं १ कच्छपी पुस्तकं २ मुष्टिपुस्तकं ३ सम्पुडफलकपुस्तकं ४ छेदपाटीपुस्तकं ५ च एतत् पुस्तकपञ्चकं ज्ञातव्यमिति शेषः, तस्य च पुस्तकपञ्चकस्य इदं वक्ष्यमाणं व्याख्यानं भवेदिति।।६३।। तदेवाह- 'बाहल्लेति' गाथाचतुष्टयम्, 'बाहल्यं' पिण्डः 'पृथुत्वं' विस्तारस्ताभ्यां तुल्यः समानः चतुरस्रो दीर्घश्च गण्डीपुस्तको ज्ञेयः १ तथा कच्छपी पुस्तका उभयोः पार्श्वयोन्ते पर्यन्तभागे तनुकः सूक्ष्मः, मध्यभागे च पृथुलो विस्तृतो अल्पबाहुल्यो ज्ञातव्यः।।६४।। तथा चतुरङ्गुलोऽङ्गुल-

विशेषोपनिषद्

આ મુજબ કહ્યું છે – (૧) ગંડિકા પુસ્તક (૨) કચ્છપી પુસ્તક (૩) મુષ્ટિ પુસ્તક (૪) સંપુટફલકપુસ્તક (૫) છેદપાટી પુસ્તક. આ પાંચ પુસ્તક પંચક સમજવું. એ પુસ્તકપંચકની વ્યાખ્યા આ મુજબ સમજવી-

(૧) જેની જાડાઈ અને પહોળાઈ સરખી હોય, તેવું ચોરસ અને લાંબુ ગંડી પુસ્તક સમજવું. (૨) જે બંને છેડે પતલું હોય અને વચ્ચેના ભાગે વિસ્તૃત હોય, ઓછું જાડું હોય, તે કચ્છપી પુસ્તક સમજવું. (૩) તથા ચાર અંગુલ પ્રમાણ, લાંબુ કે પહોળું વર્તુળાકાર



चतुष्टयप्रमाणः, प्राकृतत्वात्सेर्लोपः, दीर्घो वा आयतो वृत्ताकृतिर्वर्तुलाकारो मुष्टिपुस्तकः। अथवा चतुरङ्गुलदीर्घ एव, अङ्गुलचतुष्कायाम एव, चतुरस्र चतुष्कोणो मुष्टिपुस्तको भवतीति विज्ञेयः।।६५।। तथा सम्पुटफलकपुस्तको, यत्र द्व्यादीनि फलकानि भवन्ति, वणिग्जनस्य उद्धार निरक्षेपाद्याधारः, सम्पुटकाख्यः, उपकरणविशेष इति भावः, इदानीं वक्ष्येच्छेदपाटीपुस्तकं यथा– तनुभिः स्तोकैः पत्रैरुच्छ्रितरूपः किञ्चिदुन्नतो भवति, छेदपाटीपुस्तक इति बुधा ब्रुवते, लक्षणान्तरमाह- दीर्घो वा महान्, ह्रस्वो वा लघुः, यः पृथुलो विस्तृतोऽल्पबाहुल्यश्च स्वल्पपिण्डो भवति। तं ज्ञातसमयसाराश्छेदपाटीपुस्तकं भणन्ति, इह शासने, न चैतत् स्वमनीषिकया व्याख्यायते, यदुक्तं निशीथचूर्णौ– दीहो बाहल्ल **"पुहत्तेण तुल्लो चतुरंसो गंडीपुत्थगो, अंते तणुओ मज्जे पिहुलो अप्पबाहुल्लो कच्छपी चउरंगुलो दीहो वा वट्टागिई मुट्ठी पुत्थगो, अहवा चउरंगुल दीहो चउरंसो मुट्ठिपुत्थगो दुगाइफलगा**

विशेषोपनिषद्

હોય, એ મુષ્ટિપુસ્તક છે. અથવા જે ચાર આંગળ લાંબુ અને ચાર આંગળ પહોળુ હોય, ચોરસ હોય તે મુષ્ટિપુસ્તક છે, એમ સમજવું.

(૪) તથા સંપુટફલક પુસ્તક– જેમાં બે-ત્રણ વગેરે ફલકો હોય. જેને વેપારીઓ ઉધાર, થાપણ વગેરે લખવામાં ઉપયોગમાં લે છે. તે સંપુટ નામનું ઉપકરણવિશેષ છે. (૫) હવે છેદપાટી પુસ્તક કહે છે - જેમાં પાના થોડા હોય, થોડું ઉન્નત હોય તે છેદપાટી પુસ્તક છે, એમ વિદ્વાનો કહે છે. બીજું લક્ષણ કહે છે – લાંબુ કે ટૂંકુ જે પહોળુ અને ઓછું જાડુ અલ્પપિંડરૂપ હોય તે છેદપાટી પુસ્તક છે. એમ જિનશાસનમાં સિદ્ધાન્તના સારને જાણનારાઓ કહે છે. આ વ્યાખ્યા સ્વમતિથી નથી કરતા. કારણ કે **નિશીથચૂર્ણિ**માં કહ્યું છે – (ઉપરોક્તાનુસારે સમજવું.)

**संपुडगं, दीहो हस्सो वा पिहुलो अप्पबाहुल्लो छिवाडी अहवा तणुपत्तेहिं, उस्सिओ छिवाडित्ति,"** इति अपवादतः साधूनां पुस्तकपञ्चकं ग्रहणम् ।।३९।।

ननु- सामायिकं कुर्वन् श्रावको नाममुद्रां निजहस्तादुत्तार्य पार्श्वे मुञ्चेत्किं वा नहि ? उच्यते - उत्तारयेत्, यदुक्तं उपासकदशायां षष्ठाध्ययने, कुण्डकौलिकश्रावकाधिकारे, **"तएणं से कुण्डकोलिए समणोवासए अण्णया कया वि पुव्वावरण्णहकालसमयंसि जेणेव असोगवणिया जेणेव पुढविसिलापट्टए तेणेव उवागच्छइ उवागच्छइत्ता नाममुद्दियं उत्तरिज्जगं च पुढविसिलापट्टए ठवेइ ठवेइत्ता समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मपन्नत्तिं उवसंपज्जित्ताणं विहरति"** एवं भगवत्यादौ सर्वत्र पौषधसामायिकग्रहणे 'उस्सुक्कमणिसुवण्णस्सेति', पाठो लिखितोऽस्ति, इति सामायिकग्रहणे नाममुद्रिकोत्तारणम्।।४०।।

विशेषोपनिषद्

આ રીતે સાધુઓને અપવાદથી પુસ્તકપંચકનું ગ્રહણ કહ્યું.।।૩૯।।

(૪૦) **પ્રશ્ન** :- શ્રાવક સામાયિક કરે, ત્યારે પોતાના હાથમાંથી વીંટી ઉતારીને બાજુમાં મૂકે કે નહીં ?

**ઉત્તર** :- મૂકે. કારણ કે **ઉપાસકદશા**ના ષષ્ઠ અધ્યયનમાં કુંડકૌલિક શ્રાવકના અધિકારમાં આ મુજબ કહ્યું છે–

પછી તે કુંડકૌલિક શ્રમણોપાસક અન્યદા ક્યારેક પૂર્વાપરાહ્ણ સમયે જ્યાં અશોકવનિકા અને જ્યાં પૃથ્વીશિલાપટ્ટક છે, ત્યાં જ આવે છે. આવીને નામમુદ્રા અને ઉત્તરીયને પૃથ્વીશિલાપટ્ટ પર રાખે છે. અને રાખીને મહાવીરસ્વામિ પાસે ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરે છે.

આ જ રીતે **ભગવતીસૂત્ર** વગેરેમાં પણ સર્વત્ર પૌષધ-સામાયિકનું ગ્રહણ કરવામાં 'મણિ-સુવર્ણ વગેરેનો જેણે ત્યાગ કર્યો છે, તેનું' એવો પાઠ લખેલો છે. આ રીતે 'સામાયિક લેવામાં નામમુદ્રા ઉતારવી જોઈએ' એનું સમર્થન કર્યું. ।।૪૦।।



ननु- लब्ध्यऽपर्याप्ताः करणापर्याप्ताश्च कथं भवन्ति ? उच्यते-

**"सो लद्धि अप्पज्जत्तो जो मरइ अपूरियं सपज्जत्तिं।**
**लद्धिपज्जत्तो सो पुण जो मरइ ताउ पूरित्ता।।१।।**
**न जोवि पूरेइ परं पुरिस्सइ स इह करणअपज्जत्तो।**
**सो पुण करणपज्जत्तो जेणं ता पूरिआ हुंति।।२।।"**

व्याख्या- अपर्याप्तका द्विधा, लब्ध्या करणैश्च, तत्र ये अपर्याप्तका एव सन्तो म्रियन्ते, न पुनः स्वयोग्यपर्याप्तीः सर्वा अपि समर्थयन्ते ते लब्ध्यऽपर्याप्तकाः।१। ये पुनः करणानि शरीरेन्द्रियादीनि न तावन्निर्वर्त्तयन्ति, अवश्यं पुरस्तान्निवर्त्तयिष्यन्ति, ते करणाऽपर्याप्तकाः। इह चैवमागमः, लब्ध्यऽपर्याप्तका अपि नियमादाहारशरीरेन्द्रियपर्याप्तिपरिसमाप्ता चैव म्रियन्ते नार्वाक्। यस्मादागामिभवायुर्बद्ध्वा म्रियन्ते सर्वे एव देहिनः, तच्चाहारशरीरेन्द्रियपर्याप्तिपर्याप्तानामेव बध्यते इति। लब्ध्यऽपर्याप्तकरणाऽपर्याप्तविचारः।।४१।।

विशेषोपनिषद्

(૪૧) **પ્રશ્ન** :- લબ્ધિ અપર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા શી રીતે થાય ?

**ઉત્તર** :- અપર્યાપ્તા બે પ્રકારે છે. લબ્ધિથી અને કરણોથી. તેમાં જેઓ અપર્યાપ્ત દશામાં જ મરણ પામે છે, પણ સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓને પૂરી કરતા નથી, તે લબ્ધિ અપર્યાપ્તા છે. ।।૧।।

જેઓએ શરીર-ઈન્દ્રિય વગેરે કરણોની હજી રચના કરી નથી, પણ પછી અવશ્ય રચના કરવાના છે, તેઓ કરણ અપર્યાપ્ત છે. અહીં આ રીતે આગમ છે – જેઓ લબ્ધિ અપર્યાપ્તા છે, તેઓ પણ અવશ્યપણે આહાર-શરીર-ઈન્દ્રિય આ ત્રણ પર્યાપ્તિને પૂરી કરીને જ મરણ પામે છે. તે પહેલા નહીં. કારણ કે સર્વ જીવો આગામી ભવનું આયુષ્ય બાંધીને જ મરે છે, અને એ આયુષ્ય તેમને જ બંધાય છે, કે જેમણે આહાર-શરીર-ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરી છે. આ રીતે

ननु– कदाचिद्भूकम्पो जायमानो दृश्यते तत्र किं देवः कोऽपि चालयति ? शाश्वतीमपि पृथ्वीं किं वा विस्रसा परिणामतः सा चलति ? उच्यते– कारणत्रयम्, श्रीस्थानाङ्गसूत्रे तृतीयस्थाने चतुर्थोद्देशके श्रीसुधर्मस्वामिना प्रतिपादितमस्ति, पृथिव्या देशत सर्वतश्चलने, तथा च तस्य सूत्रवृत्ती–

**"तिहिं ठाणेहिं देसेहिं पुहवी चलेज्जा,"** तं जहा– **"अहेणं इमीसे रयणप्पभाए पुढवीए उराला पुग्गला निचलेज्जा, तएणं ते उराला पुग्गला निव्वत्तिज्जमाणा देसं पुढवीए चलेज्जा।।१।। महोरए वा महड्ढिए जाव महेसक्खे इमीसे रयणप्पभाए अहे उमज्जणनिमज्जणीयं करेमाणे देसं पुढवीए चलेज्जा।।२।। नागसुवण्णाण वा संगामंसि वट्टमाणंसि देसं पुढवीए चलेज्जा।।३।।**

विशेषोपनिषद्

લબ્ધિ અપર્યાપ્તા અને કરણઅપર્યાપ્તાનો વિચાર કહ્યો. ।।૪૧।।

(૪૨) **પ્રશ્ન** :- ક્યારેક ધરતીકંપ થતો હોય, તેવું દેખાય છે. તો શું કોઈ દેવ ધરતીને કંપાવે છે, અથવા તો પૃથ્વી શાશ્વત હોવા છતાં પણ વિસ્રસા પરિણામથી ચલાયમાન થાય છે ?

**ઉત્તર** :- દેશથી કે સર્વથી ધરતીકંપ થાય છે. તેના ત્રણ કારણ છે એમ **શ્રીસ્થાનાંગસૂત્ર**માં તૃતીયસ્થાનમાં ચતુર્થ ઉદ્દેસામાં શ્રીસુધર્મા સ્વામિએ કહ્યું છે – તે સૂત્ર અને વૃત્તિ આ મુજબ છે –

ત્રણ સ્થાનોથી ધરતી દેશથી કંપાયમાન થાય. તે આ મુજબ - (૧) આ રત્નપ્રભા પૃથ્વીમાં સ્થૂળ પુદ્ગલો ચલાયમાન થાય. તે સ્થૂળ પુદ્ગલો ચલાયમાન થતા પૃથ્વી દેશથી ચલાયમાન થાય. (૨) મહોરગ, મહર્દ્ધિક યાવત્ મહેશ-નામ ધરાવતા (મોટા ઐશ્વર્યવાળા) દેવ આ રત્નપ્રભા પૃથ્વીમાં નીચે ઉન્મજ્જન-નિમજ્જન કરે, ત્યારે દેશથી પૃથ્વી ચલાયમાન થાય. (૩) **નાગકુમાર–સુવર્ણકુમાર**નો સંગ્રામ થાય, ત્યારે પૃથ્વીનો દેશ ચલાયમાન થાય.



**इच्चेतेहिं तिहिं ट्ठाणेहिं केवलकप्पा पुढवी चलेज्जा, तंजहा अहेणं इमीसे रयणप्पभाए पुढवीए घणवाए गुप्पेज्जा, तएण से घणवाए गुप्पिए समाणे घणोदहिमेएज्जा, तएणं से घणोदहीए एइए समाणे केवलकप्पं पुढविं चालेज्जा।१। देवे वा महड्ढिए जाव महेसक्खे तहा रूवस्स समणस्स माहणस्स वा इड्ढिजुत्तं जसं बलं वीरियं पुरिसक्कारपरिक्कमं उवदंसेमाणे केवलकप्पं पुढविं चालेज्जा।२। देवासुरसंगामंसि वा वट्टमाणंसि केवलकप्पा पुढवी चलेज्जा।३। इच्चेतेहिं।।**

व्याख्या– अधुना भङ्ग्यन्तरेण सामान्यपृथिवीदेशवक्तव्यतामाह– 'तिहिं' इत्यादि स्पष्टं केवलं देश इति भागः, पृथिव्या रत्नप्रभाभिधानाया इति 'अहेति' अधः 'उरालत्ति' उदारा बादराः, पुद्गला निपतेयुर्विस्रसापरिणामात् ततो विचटेयुरन्यतो वा आगत्य तत्र लगेयुर्यन्त्रमुक्त-

विशेषोपनिषद्

આ ત્રણ સ્થાનોથી સંપૂર્ણ પૃથ્વી ચલાયમાન થાય– (૧) આ રત્નપ્રભા પૃથ્વીમાં ઘનવાત ક્ષોભ પામે. તેનાથી ઘનોદધિ ચલાયમાન થાય, અને તેનાથી સંપૂર્ણ પૃથ્વી ચલાયમાન થાય. (૨) મહર્દ્ધિક યાવત્ મહૈશ્વર્યવાળા દેવ તથાવિધ શ્રમણ કે શ્રાવકને પોતાના ઋદ્ધિયુક્ત યશ, બળ, વીર્ય, પુરુષકાર, પરાક્રમનું ઉપદર્શન કરતાં સંપૂર્ણ પૃથ્વીને ચલાયમાન કરે. (૩) અથવા તો દેવો અસુરો સાથે યુદ્ધ કરતા હોય ત્યારે સંપૂર્ણ પૃથ્વી ચલાયમાન થાય.

આ ત્રણ સ્થાનોથી સંપૂર્ણ પૃથ્વી ચલાયમાન થાય.

વ્યાખ્યા :- હવે બીજી રીતે સામાન્ય પૃથ્વીની દેશ વક્તવ્યતા કહે છે. ત્રણ... વગેરે સ્પષ્ટ છે. દેશ એટલે અંશ. રત્નપ્રભા પૃથ્વીની નીચે. ઉદાર એટલે બાદર. પુદ્ગલો વડે એટલે વિસ્રસા પરિણામથી કુદરતી રીતે ત્યાંથી છુટ્ટા પડી જાય અથવા તો અન્યત્રથી તે ભાગ

महोपलवत्, 'तएणंति' ततस्ते निपतन्तो देशं पृथिव्याश्चलेयुरिति, पृथिवीदेशश्चलेदिति।१। 'महोरगो' व्यन्तरविशेषः, 'महिड्ढिए' परिवारादिना यावत् करणात् 'महज्जुइए' शरीरादिदीप्त्या, महाबले प्राणतो, महाणुभावे वैक्रियादिकरणतः, महेसक्खे महेश इत्याख्या यस्येति, उन्मग्ननिमग्निकामुत्पतनिपतनां कुतोऽपि दर्प्पादेः कारणात् कुर्वन् देशं पृथिव्याश्चालयेदिति।२। नागकुमाराणां च सुवर्णकुमारभवनपतिविशेषाणां, परस्परं सङ्ग्रामे प्रवर्त्तमाने जायमाने सति, 'देशंति' देशश्चलेदिति, 'इच्चेतेहिंति' निगमनमिति।३। पृथिव्या देशस्य चलनमुक्तम्, अधुना समस्तायास्तदाह- तिहिं, इत्यादि स्पष्टं किन्तु केवलैव केवलकल्पा ईषदूनता चेह न विवक्षितेत्यतः परिपूर्णेत्यर्थः, परिपूर्णप्राया चेति, पृथिवी भूः 'अहेत्ति'

विशेषोपनिषद्

પર જોરથી આવી પડે. જેમ યન્ત્રથી છોડેલો મોટો પત્થર હોય તેમ ધરતીના ભાગ પર તે મોટા પુદ્ગલો પડે. અને તેઓ પડવાની સાથે પૃથ્વીના દેશને ચલાયમાન કરે. પૃથ્વીનો દેશ ચલાયમાન થાય એવો આશય છે. ।।૧।।

મહોરગ એટલે વ્યંતરવિશેષ. પરિવાર વગેરેથી મહર્દ્ધિક હોય, યાવત્ શરીર વગેરેની દીપ્તિથી મોટી ધુતિવાળા હોય, પ્રાણશક્તિથી મોટા બળવાળા હોય, વૈક્રિય વગેરે લબ્ધિથી મહાપ્રભાવશાળી હોય, મહેશ એવું જેનું નામ છે. તે ઉંચે જવું, નીચે પડવું વગેરે કોઈ પણ દર્પ વગેરેના કારણથી કરે ત્યારે પૃથ્વીના દેશને ચલાયમાન કરે.।।૨।।

નાગકુમાર અને સુવર્ણકુમાર, કે જેઓ ભવનપતિ વિશેષ છે, તેમનો પરસ્પર સંગ્રામ થાય ત્યારે પૃથ્વીનો અંશ ચલાયમાન થાય છે.

આ ત્રણ સ્થાનોથી પૃથ્વીનો દેશ ચલાયમાન થાય છે, એવું નિગમન છે. ।।૩।।

પૃથ્વીના અંશનું ચલન કહ્યું, હવે સમસ્ત પૃથ્વીનું ચલન કહે છે. ત્રણ વગેરે સ્પષ્ટ છે. કેવલ = કેવલકલ્પ. અહીં થોડું પણ



अधो घनवातस्तथाविधपरिणामो वातविशेषो गुप्येत्, व्याकुलो भवेत् क्षुभ्येत् इत्यर्थः। ततः सङ्गुप्तः सन् घनोदधिं तथाविधपरिणामं जलसमूहलक्षणं 'एजयेत्' कम्पयेत्। 'तएणंति' ततोऽनन्तरं स घनोदधिरेजितः कम्पितः सन् केवलकल्पां पृथिवीं चलयेत्, सा च चलेदिति।१। देवो वा ऋद्धिं परिवारादिरूपां, द्युतिं शरीरादेर्यशः, पराक्रमकृताख्यातिं बलं शारीरं, वीर्यं जीवप्रभवं, पुरुषकारं साभिमानव्यवसायं, निष्पन्नफलं तदेवं पराक्रममिति। बलवीर्याद्युपदर्शनं हि पृथिव्यादिचलनं विना न भवतीति। तद्दर्शयंस्तां चालयेदिति। देवाश्च वैमानिका असुरा भवनपतयस्तेषां भवप्रत्ययं वैरं भवति। अभिधीयते च श्रीभगवत्याम्- 'किंपत्तिएणं भंते ! असुरकुमारा देवा सोहम्मकप्पं गया य गमिस्संति य, गोयमा ! तेसि णं देवाणं भवपच्चइए वेराणुबंधित्ति' ततश्च सङ्ग्रामः

विशेषोपनिषद्

ઓછાપણું વિવક્ષિત નથી. માટે તે પરિપૂર્ણ છે, અને પરિપૂર્ણપ્રાયઃ છે. પૃથ્વીમાં નીચે તથાવિધ પરિણામવાળો વાતવિશેષ = ઘનવાત વ્યાકુળ થાય, એટલે કે ક્ષોભાયમાન થાય. તેનાથી તે તથાવિધ-પરિણામવાળા જલસમૂહ = ઘનોદધિને કંપિત કરી દે. પછી કંપિત થયેલો તે ઘનોદધિ સંપૂર્ણ પૃથ્વીને ચલાયમાન કરે. ।।૧।।

પરિવાર વગેરેરૂપ ઋદ્ધિ, શરીરાદિનું તેજ, પરાક્રમકૃત ખ્યાતિ, બળ-શારીરિક, વીર્ય-જીવથી થયેલ, અભિમાન સાથેનો વ્યવસાય એટલે પુરુષાર્થ. તે પુરુષાર્થનું ફળ એટલે પરાક્રમ. પોતાની ઋદ્ધિ વગેરેને બતાવવા માટે દેવ પૃથ્વીને કંપાયમાન કરે. કારણ કે પૃથ્વી વગેરેના ચલન વિના બલ-વીર્ય વગેરેને બતાવી ન શકાય. માટે તેને બતાવતા પૃથ્વીને કંપાયમાન કરે.

દેવો એટલે વૈમાનિકો અને અસુરો એટલે ભવનપતિઓ. તેમનું ભવપ્રત્યયિક વેર હોય છે. **ભગવતીસૂત્ર**માં કહ્યું છે – 'ભગવંત ! અસુરકુમાર દેવો સૌધર્મ દેવલોકમાં શા માટે ગયાં છે ? અને જશે ?

स्यात्, तत्र वर्त्तमाने पृथिवी चलेत्, तत्र तेषां महाव्यायामत उत्पात-निपातसम्भवादिति, 'इच्चेतेहिं' इत्यादि निगमनमिति। इति भूकम्पे हेतुत्रयम्।।४२।।

ननु- मेरोः प्रथममेखलायां पञ्चयोजनशतविस्तीर्णायां नन्दनवनं तावत्प्रमाणं वर्त्तते, तत्र च बलकूटं वर्त्तते, तस्य तु मूलं सहस्रयोजन-विस्तीर्णमस्ति, ततस्तत्कूटं नन्दनवने कथं माति स्म ? उच्यते- श्रीबृहत्क्षेत्रसमाससूत्रवृत्त्योः श्रीमलयगिरिविरचितयोर्बलकूटस्य पञ्चशत-योजनानां मेरोर्बहिराकाशे स्थितिर्निगदिताऽस्ति, तथा च तत्सूत्रवृत्ती- सम्प्रति हरिकूट १ हरिस्सह २ बलकूटानां ३ परिमाणमाह-

**विज्जप्पह हरिकूडो १ हरिस्सहो मालवंतवक्खारे २।**
**नंदनवणे बलकूडो ३ उव्विद्धा जोयणसहस्सं।।१।।**
**मूले सहस्समेगं, मज्झे अद्धट्ठमा सया हुंति।**
**उवरिं पञ्चसयाइं, वित्थिण्णा सव्वकणगमया।।२।।**

विशेषोपनिषद्

ગૌતમ ! તે દેવોને ભવપ્રત્યયિક વેરાનુબંધ હોય છે.' અને તેનાથી સંગ્રામ થાય છે. સંગ્રામ ચાલતો હોય, તેનાથી પૃથ્વી ચલાયમાન થાય છે. કારણ કે તેમાં તેઓના મહાવ્યાયામથી ઉત્પાત-નિપાત સંભવે છે.

આ ત્રણ સ્થાનોથી... ઈત્યાદિ નિગમન છે. આ રીતે ધરતીકંપના ત્રણ કારણો કહ્યા. ।।૪૨।।

(૪૩) **પ્રશ્ન** :- મેરુ પર્વતની પ્રથમ મેખલા ૫૦૦ યોજન વિસ્તીર્ણ છે. તેમાં નંદનવન તેટલા જ પ્રમાણનું છે. તેમાં બલકૂટ છે, તેનું મૂળ (તળેટીનો ભાગ) ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ છે. તો તે કૂટ નંદનવનમાં શી રીતે સમાય છે ?

**ઉત્તર** :- શ્રીમલયગિરિવિરચિત **શ્રીબૃહત્ક્ષેત્રસમાસ સૂત્ર-વૃત્તિ**માં કહ્યું છે કે બલકૂટની તળેટી ૧૦૦૦ યોજન પ્રમાણ છે, તેમાં ૫૦૦



अत्राह- नन्दनवने बलकूटं, नन्दनवनं च पञ्चयोजनशतविस्तीर्णायां मेरोः प्रथममेखलायां, ततः कथं तत्तत्र माति, उच्यते- इह बलकूटेन पञ्चयोजनशतानि नन्दनवनसत्कानि रुद्धानि, पञ्चयोजनशतानि पुनर्मेरोर्बहिराकाशे, ततो न कश्चिद्दोषः, उक्तं च- नन्दनवणं रुंभित्ता पंचसए जोयणाइं नीसरिओ। आगासे पंचसए, रुंभित्ता ठाइ बलकूडो ।।१।।

एवं हरिकूट १ हरिस्सह २ कूटयोरपि निजनिजाश्रयगिर्योर्यथा-रूपमुभयपार्श्वतः आकाशमवरुध्य स्थितित्वं परिभावनीयमिति नन्दनवने बलकूटस्थितिविचारः।।४३।।

વિશેષોપનિષદ્

યોજન નંદનવનમાં છે, અને ૫૦૦ યોજન મેરુની બહાર આકાશમાં છે. તે સૂત્ર અને વૃત્તિ આ મુજબ છે – હવે હરિકૂટ, હરિસ્સહ અને બલકૂટનું પ્રમાણ કહે છે – વિદ્યુત્પ્રભમાં હરિકૂટ છે, હરિસ્સહ માલ્યવંત વક્ષસ્કાર પર્વતમાં છે અને નંદનવનમાં બલકૂટ છે. એ સર્વની ઊંચાઈ ૧૦૦૦ યોજન છે. તળેટીમાં ૧૦૦૦ યોજનનો વિસ્તાર છે, મધ્યમાં સાડા સાતસો યોજનનો વિસ્તાર છે, અને શિખરે ૫૦૦ યોજનનો વિસ્તાર છે. આ ત્રણે કૂટો સર્વકનકમય છે.

**શંકા** :- નંદનવનમાં બલકૂટ છે. નંદનવન ૫૦૦ યોજન વિસ્તીર્ણ એવી મેરુની પ્રથમ મેખલામાં છે. તો પછી તે કૂટ ત્યાં કેવી રીતે સમાય છે ?

**સમાધાન** :- અહીં બલકૂટ દ્વારા નંદનવનના ૫૦૦ યોજન રોકાયેલા છે. ૫૦૦ યોજન મેરુ પર્વતની બહાર આકાશમાં છે. માટે કોઈ દોષ નથી. કહ્યું પણ છે – (ઉપરોક્તાનુસારે સમજવું.) એ જ રીતે હરિકૂટ-હરિસ્સહ કૂટો પણ પોતપોતાના આશ્રયરૂપ પર્વતોને અનુસારે બંને બાજુએ આકાશમાં અવગાહન કરીને રહ્યા છે, એ સમજી લેવું. આ રીતે નંદનવનમાં બલકૂટની સ્થિતિનો વિચાર કહ્યો.।।૪૩।।

ननु– उन्मग्न-निमग्न-सलिलाभिधाने नद्यौ कुतः स्थानान्निर्गते, कुत्र च प्रविष्टे, तद्वक्तव्यता तु लघुक्षेत्रसमासादौ न तादृशी, ततः कुत्र तत्स्वरूपं सप्रपञ्चं स्पष्टं च प्रतिपादितमस्ति ? उच्यते– श्रीमलयगिरि-विरचितबृहत्क्षेत्रसमाससूत्रवृत्त्योस्तद्विस्तरो भूयानस्ति। तथाहि–

**“सत्तरसजोयणाइं, गुहदाराणुभयओ विगंतूणं।**
**जोयणदुगंतराओ, विउलाओ जोयणा तिन्नि।।१।।**
**गुहविउलायामाओ गंगं सिंधुं च ता समप्पं त्ति।**
**पव्वयकडगपवूढा, उमग्गनिम्मग्ग सलिलाओ।।२।।”**

इह तिमिश्रगुहा, खण्डप्रपातगुहा च, द्वादशयोजनविस्तरा, द्वयोरपि च अनयोर्गुहयोर्दक्षिणद्वारमुत्तरद्वारं च, चतुर्योजनविस्तृतम्, एकैकस्य च द्वारस्योभयपार्श्वयोः प्रत्येकमेकैकस्य उद्घाटितद्वारस्य कपाटस्य अवष्टम्भ-भूतः पृष्ठतश्चतुर्योजनायामविष्कम्भस्तूपस्तोड्डुक इत्यर्थः, एतच्च प्रागेवोक्तम्, ततस्तिमिश्रगुहाया दक्षिणद्वारे यः कपाटस्य पृष्ठतश्चतुर्योजनायामविष्कम्भः

विशेषोपनिषद्

(४४) **પ્રશ્ન** :- ઉન્મગ્નજલા નદી અને નિમગ્નજલા નદી ક્યાં સ્થાનથી નીકળી છે ? અને ક્યાં પ્રવેશ કરે છે ? તેની વક્તવ્યતા લઘુક્ષેત્રસમાસ વગેરેમાં તથાવિધ (ઉદ્ભવાદિ સ્થાન સહિત) નથી. તો તેનું સ્વરૂપ વિસ્તારથી અને સ્પષ્ટપણે ક્યાં કહ્યું છે ?

**ઉત્તર** :- શ્રીમલયગિરિવિરચિત **બૃહત્ક્ષેત્રસમાસસૂત્ર-વૃત્તિ**માં તેનો ઘણો વિસ્તાર છે – અહીં તમિસ્રા ગુફા અને ખંડપ્રપાત ગુફા છે. તેમનો વિસ્તાર ૧૨ યોજન છે. આ બંને ગુફાઓમાં દક્ષિણ અને ઉત્તર દ્વાર છે, જે ચાર યોજન વિસ્તૃત છે. એક-એક દ્વારની બંને બાજુએ દરવાજા ખૂલેલા હોય, તેના ટેકારૂપ પાછળ ચાર યોજન લાંબો-પહોળો સ્તૂપ = તોડ્ડુક (દરવાજાનો ટેકો) છે. તે પૂર્વે કહ્યું જ છે.

પછી તમિસ્રા ગુફાના દક્ષિણ દ્વારમાં જે કપાટની પાછળ ચાર યોજનની લંબાઈ-પહોળાઈવાળો સ્તૂપ છે તેની પછી, અને ૧૭



स्तूपस्तस्मात्परतः, सप्तदशयोजनानि गत्वा उत्तरद्वारेपि यः कपाटस्य पृष्ठतश्चतुर्योजनायामविष्कम्भः स्तूपस्तस्मादर्वाक्, सप्तदशयोजनान्यतिक्रम्य अत्रान्तरे पर्वतकटकप्रव्यूढे वैताढ्यपर्वतभित्तिविनिर्गते, उन्मग्न-निमग्न-सलिलाभिधाने द्वे नद्यौ स्तः, ते च योजनद्विकान्तरे त्रीणि योजनानि विपुले विस्तीर्णे गुहाविपुलायामे विस्तारायामे द्वादशयोजनायामे इत्यर्थः। एवं खण्डप्रपातगुहायामपि, ‘गंगं सिंघु च ता समप्पंति त्ति, खण्ड-प्रपातगुहागते गङ्गां समुपसर्पतः तिमिश्रगुहागते सिन्धुगते सिन्धुनदीमिति, इयमत्र भावना, तिमिश्रगुहायां दक्षिणद्वारे कपाटपृष्ठभाविनश्चतुर्योजना-यामात्परतः सप्तदशयोजनानि गत्वा अत्रान्तरे त्रियोजनविस्तारा द्वादश-योजनायामा पूर्वभित्तिविनिर्गता पश्चिमभित्तिं विभिद्य सिन्धुनदीं प्रविष्टा। उन्मग्नजला नाम नदी तिष्ठति। ततः परतो योजनद्विकान्तरिता

વિશેષોપનિષદ્

યોજન જઈને ઉત્તરદ્વારમાં પણ કપાટની પાછળ ચાર યોજનની લંબાઈ-પહોળાઈવાળો સ્તૂપ છે, તેની પહેલા, ૧૭ યોજન આગળ એ આંતરામાં પર્વતની મેખલા જેટલી વિસ્તૃત, વૈતાઢ્ય પર્વતની ભીંતમાંથી નીકળેલી ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામની બે નદીઓ છે. તે બંને નદીઓ વચ્ચે બે યોજનનું આંતરું છે. તે બંને નદીઓ ત્રણ યોજન પહોળી અને ગુફાના વિસ્તાર જેટલી એટલે કે ૧૨ યોજન જેટલી લાંબી છે. એ રીતે ખંડપ્રપાત ગુફામાં પણ સમજવું. ‘તેઓ ગંગા અને સિંધુમાં મળે છે’- અર્થાત્ ખંડપ્રપાત ગુફામાં જે ઉન્મગ્નજલા-નિમગ્નજલા નદીઓ છે, તેઓ ગંગામાં મળે છે અને તિમિશ્રગુફામાં જે ઉન્મગ્નજલા-નિમગ્નજલા નદીઓ છે, તેઓ સિંધુમાં મળે છે.

અહીં આ રીતે ભાવના છે - તિમિશ્રગુફામાં દક્ષિણ દ્વારમાં દરવાજાની પાછળ રહેલા ચાર યોજન લાંબા તોડ્ડકથી ૧૭ યોજન જઈને, ત્યાં ત્રણ યોજનના વિસ્તારવાળી, બાર યોજન લાંબી, પૂર્વની ભીંતથી નીકળેલી એવી ઉન્મગ્ના નદી છે. જે પશ્ચિમની ભીંતને

पूर्वभित्तिविनिर्गता पश्चिमभित्तिं विभिद्यं सिन्धुनदीं प्रविष्टा, त्रियोजनविस्तारा द्वादशयोजनायामा निमग्नजला नाम नदी। ततः परतः सप्तदशयोजनेभ्यः उत्तरद्वारकपाटपृष्ठभावी चतुर्योजनायामविष्कम्भस्तूपः, एवं खण्डप्रपात-गुहायामपि यथोक्तविधिभाग्प्रमाणायामे द्वे नद्यौ भावनीये, नवरं ते पश्चिमभित्तिविनिर्गते पूर्वभित्तिं विभिद्य गङ्गां प्रविष्टे ३३ पत्रे। इति उन्मग्न१निमग्न२नदीनिर्गमप्रवेशविचारः।।४४।।

ननु– गजदन्ताः प्रान्ते अङ्गुलाऽसङ्ख्येयभागमात्रविस्तीर्णाः प्रोक्तास्तत्र ते प्रान्ते सूच्यग्रभागतया वा, असिधाराग्रतया, उच्यते–प्रान्ते पञ्चयोजनशतानि लब्धत्वेन ते सन्ति, ततोऽसिधाराग्रत्वेन ज्ञेयाः, यदुक्तं श्रीबृहत्क्षेत्रसमाससूत्रवृत्त्योः श्रीमलयगिरिणा, तथाहि–

विशेषोपनिषद्

ભેદીને સિંધુ નદીમાં પ્રવેશ કરે છે. તેના પછી બે યોજનના આંતરે નિમગ્નજલા નામની નદી છે, જે પૂર્વ ભીંતમાંથી નીકળે છે અને પશ્ચિમ ભીંતને ભેદીને સિંધુ નદીમાં પ્રવેશ કરે છે. તે ત્રણ યોજન પહોળી છે અને બાર યોજન લાંબી છે. તેના પછી ૧૭ યોજને ઉત્તર દિશાના દરવાજાની પાછળનો ચાર યોજન લાંબો-પહોળો સ્તૂપ છે. એ જ રીતે ખંડપ્રપાત ગુફામાં પણ યથોક્ત પ્રમાણની બે નદીઓ સમજી લેવી. માત્ર તે પશ્ચિમ ભીંતમાંથી નીકળી છે અને પૂર્વ ભીંતને ભેદીને ગંગામાં પ્રવેશ કરે છે. (૩૩મા પત્રમાં)

આ રીતે ઉન્મગ્નજલા-નિમગ્નજલા નદીઓના નિર્ગમ અને પ્રવેશનો વિચાર કહ્યો. ।।૪૪।।

(૪૫) **પ્રશ્ન** :- ગજદંત પર્વતો છેડા પર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલા વિસ્તીર્ણ છે એવું જે કહ્યું છે, તે સોયના અગ્રભાગની જેમ છે, કે તલવારની ધારની જેમ છે ?

**ઉત્તર** :- છેડે તેમનું પ્રમાણ ૫૦૦ યોજન છે. માટે તેઓ છેડે તલવારની ધારની જેવા છે તેમ સમજવું. શ્રીબૃહત્ક્ષેત્રસમાસ સૂત્ર-



**वासहरगिरंतेणं, रुंदा पंचेव जोयणसयाइं।**
**चत्तारिसउव्विद्धा, ओगाढा जोयणेण सयं।।१।।**

व्याख्या– '**वर्षधरगिर्यन्ते**' वर्षधरपर्वतसमीपे '**रुंदा**' विस्तीर्णा **पञ्चयोजनशतानि**, किमुक्तं भवति, निषधसमीपे विद्युत्प्रभ १ सोमनसौ २ नीलवतः समीपे गन्धमादन ३ माल्यवन्तौ ४ प्रत्येकं पञ्चयोजनशतानि विस्तीर्णाविति। तथा चत्वारोपि वर्षधरपर्वतसमीपे प्रत्येकं **चत्वारि** योजनशतानि, **उद्विद्धा** उच्चाः, **अवगाढा** भूमावन्तः प्रविष्टाः पुनः प्रत्येकं **योजनानामेकं शतं** तदनन्तरं मात्रया विष्कम्भतः परिहीयमानाः परिहीयमाना उत्सेधाऽवगाढाभ्यां परिवर्द्धमानाः परिवर्द्धमानास्तावदवसेया यावन्मेरोः समीपं, ततस्तत्र उच्चत्वादिपरिमाणमाह–

**पंचसए उव्विद्धा, ओगाढा पंचगव्वूअसयाइं।**
**अंगुलऽसंखेयभागं, विच्छिन्ना मंदरंतेण।।१।।**

**मन्दरान्तेन** मन्दरगिरिसमीपे चत्वारोपि वक्षस्कारगिरयः प्रत्येकं पञ्चयोजनशतानि, **उद्विद्धा** उच्चाः, **अवगाढा** भूमौ निमग्नाः **पञ्च-**

विशेषोपनिषद्

વૃત્તિમાં શ્રીમલયગિરિ મહારાજે કહ્યું છે – વર્ષધર પર્વતોની પાસે ૫૦૦ યોજન વિસ્તીર્ણ છે. અર્થાત્ નિષધપર્વત પાસે વિદ્યુત્પ્રભ અને સૌમનસ છે અને નીલવંતપર્વત પાસે ગંધમાદન અને માલ્યવંત છે. એ પ્રત્યેક પર્વતો ૫૦૦ યોજન વિસ્તીર્ણ છે.

તથા ચારે ય વર્ષધર પર્વતની પાસે પ્રત્યેક ૪૦૦ યોજન ઉદ્વેધવાળા છે અર્થાત્ ઊંચા છે, ૧૦૦ યોજન જમીનની અંદર પ્રવેશેલા છે. તેના પછી પહોળાઈથી ઓછા-ઓછા થતા જાય છે અને ઊંચાઈ અને ભૂમિઅવગાહનથી વધતા જાય છે, તે જ્યાં સુધી મેરુપર્વતની સમીપ આવે ત્યાં સુધી આ ક્રમ ચાલુ રહે છે. ત્યાં તેમની ઊંચાઈ વગેરેનું પ્રમાણ કહે છે –

ચારે વક્ષસ્કાર પર્વતો મેરુ પર્વતની પાસે ૫૦૦ યોજનના છે.

**गव्यूतशतानि**, पञ्चविंशतियोजनशतमित्यर्थः, तथा– **अङ्गुलासङ्ख्येय-भागमात्रं विस्तीर्णः**। एकैकश्च वक्षस्कारगिरिरुभयोः पार्श्वयोरेकैकया पद्मवरवेदिकया, एकैकेन वनखण्डेन परिक्षिप्तः, इति गजदन्तानां विचारः।।४५।।

ननु– शीताशीतोदयोः श्रोतांसि बलवत्तरवेगेन लवणसमुद्रे पतन्ति, परं कुत्र प्रतिहतानि पुनरभिजगतीभित्तेर्निवर्त्तन्ते ? उच्यते दकसीमाभिधाने आवासपर्वते, यदुक्तं श्रीमलयगिरिणा स्वोपज्ञक्षेत्रसमासवृत्तौ तथाहि–

**पुव्वाइअणुक्कमसो गोत्थुभ दगभास संख दगसीमा।**

पदद्वयार्थो लिख्यते, यः पुनरुत्तरस्यां दिशि द्विचत्वारिंशत् योजन-सहस्राणि अवगाह्य अवस्थितः, स दकसीमा, तत्र हि शीतायाः शीतोदायाश्च महानद्याः श्रोतांसि प्रतिहत्य प्रतिहतानि निवर्त्तन्ते, तेन शीताशीतोदयोरुदकसीमाऽकारीति, दकसीमेत्यभिधीयते, उक्तं च–

—— विशेषोपनिषद् ——

જમીનમાં ૧૨૫ યોજન અવગાહન કરીને રહેલા છે અને અંગૂલના અસંખ્યાતમા ભાગના વિસ્તારવાળા છે. અને એક-એક વક્ષસ્કાર પર્વત બંને બાજુમાં એક-એક પદ્મવર વેદિકાથી + એક-એક વનખંડથી વીંટળાયેલો છે. આ રીતે ગજદંત પર્વતોનો વિચાર કહ્યો. ॥૪૫॥

(૪૬) **પ્રશ્ન** :- શીતા - શીતોદા નદીઓના પ્રવાહો અતિ પ્રબળ વેગથી લવણસમુદ્રમાં પડે છે.પણ તેઓ ક્યાં પ્રતિઘાત પામીને ફરી જગતીની ભીંત તરફ પાછા ફરે છે ?

**ઉત્તર** :- દકસીમા નામના આવાસ પર્વતમાં પ્રતિઘાત પામે છે. શ્રીમલયગિરિસૂરિએ સ્વોપજ્ઞક્ષેત્રસમાસવૃત્તિમાં કહ્યું છે – 'પૂર્વાદિના અનુક્રમથી ગોસ્તૂપ, દકભાસ, શંખ દકસીમા.' – બે પદનો અર્થ લખાય છે, જે ઉત્તર દિશામાં ૪૨૦૦૦ યોજન અવગાહન કરીને રહેલો છે,તે દકસીમા છે. ત્યાં શીતા-શીતોદા મહાનદીના પ્રવાહો પ્રતિઘાત કરી-કરીને પ્રતિઘાત પામીને પાછા ફરે છે. આમ તે પર્વત



केणट्ठेणं भंते एवं वुच्चइ, दगसीमे आवासपव्वए ? गोयमा ! सीयासीया(योया)णं महानईणं सोया तत्थ तत्थ णं पडिहया पडिनियत्तंति, से तेणट्ठेणं वुच्चइ दगसीमे आवासपव्वए, इति लवणान्तर्गतशीताशीतोदा-श्रोतोनिवर्त्तनहेतुविचारः।।४६।।

ननु– आदित्यसंवत्सरः १ ऋतुसंवत्सरः २ चन्द्रसंवत्सरः ३ नक्षत्रसंवत्सरः ४ अभिवर्द्धितसंवत्सरश्च ५। एते पञ्च संवत्सराः कुत्र ग्रन्थे सप्रपञ्चं निरूपिताः सन्ति ? उच्यते श्रीज्योतिष्करण्डक-सूत्रवृत्त्यादौ तेषां विशेषविस्तरतया वक्तव्यता प्रतिपादिताऽस्ति। तत्र श्रीज्योतिष्करण्डकसूत्रवृत्ती यथा–

**"संवच्छरो उ बारसमासा पक्खा य ते चउव्वीसं।**
**तिन्नेव सया सट्ठा, हवंति राइंदियाणं तु।।१।।"**

—— વિશેષોપનિષદ્ ——

શીતા-શીતોદાના પાણીની સીમા કરે છે, તેથી તેને દકસીમા કહેવાય છે. કહ્યું પણ છે –

ભગવંત ! દકસીમા આવાસપર્વત એવું કેમ કહેવાય છે ? ગૌતમ ! શીતા-શીતોદા મહાનદીના પ્રવાહો ત્યાં પ્રતિઘાત પામીને પાછા ફરે છે. તેથી દકસીમા આવાસપર્વત એમ કહેવાય છે. આ રીતે લવણસમુદ્રની અંતર્ગત શીતા-શીતોદા નદીના સ્રોતો પાછા ફરે છે, તે વિચાર કહ્યો. ॥૪૬॥

(૪૭) **પ્રશ્ન** :- આદિત્ય સંવત્સર, ઋતુ સંવત્સર, ચંદ્ર સંવત્સર, નક્ષત્ર સંવત્સર અને અભિવર્દ્ધિત સંવત્સર. આ પાંચ સંવત્સરો કયાં ગ્રંથમાં વિસ્તાર સાથે કહ્યાં છે ?

**ઉત્તર** :- **શ્રીજ્યોતિષકરંડકસૂત્રવૃત્તિ** વગેરેમાં તેમની સમજૂતીઓ વિશેષ વિસ્તારથી કહી છે. તેમાં શ્રીજ્યોતિષકરંડકસૂત્રવૃત્તિ આ મુજબ છે – **સંવત્સર એટલે ૧૨ મહિના. તે ૨૪ પખવાડિયા થાય છે. અને તેમાં ૩૬૦ રાત-દિવસ હોય છે.॥૧॥** તે ૧૨ માસ એક વર્ષ

ते अनन्तरोक्तप्रमाणा मासा द्वादशसङ्ख्या एकः संवत्सरो भवति, ते च द्वादशमासाः पक्षतया चिन्त्यमानाः चतुर्विंशतिः पक्षा भवन्ति। रात्रिंदिवसतया चिन्त्यमानास्त्रीणि शतानि षष्ट्यधिकानि रात्रिंदिवाना-महोरात्राणां एष च संवत्सरो लोके कर्मसंवत्सर इति ऋतुसंवत्सर इति च प्रसिद्धिं गतः, तथाहि– लौकिकास्त्रिंशतमहोरात्रान् मासं परिगणयन्ति, इत्थम्भूतमासद्वयात्मकं च वसन्तादिकमृतुम्, तथाभूतानां षण्णां वसन्तादीनामृतूनां समुदायं संवत्सरं, यानि च लोके कर्माणि प्रवर्तन्ते, तानि सर्वाणि अमुं संवत्सरं अधिकृत्यैष कर्मसंवत्सरः, स वनसंवत्सर ऋतुसंवत्सर इति ख्यातः। सम्प्रति संवत्सरप्रस्तावात् शेषसंवत्सरप्ररूपणार्थमाह–

**आइच्चो-उऊ-चंदो-रिक्खो-अभिवड्ढिओ य।**
**पंचेए संवच्छरा जिणमये जुगस्स माणे विधीयन्ते।।१।।**

**जिनमते** जिनशासने पञ्चैते संवत्सराः निरूप्यन्ते। ते यथा



थाय छे. ते १२ मासने पक्षरूपे विचारीએ तो २४ पखवाडिया थाय छे अने रात्रि-दिवसरूपे विचारीએ तो ३६० थाय छे. आ संवत्सर लोकमां कर्मसंवत्सर अने ऋतु संवत्सररूपे प्रसिद्ध छे.

ते आ प्रमाणे - लौकिको ३० दिवस-रातने महिनो गणे छे; आ प्रकारनी बे मासस्वरूप वसंत वगेरे ऋतु छे. तेवी वसंतादि छ ऋतुओनो समुदाय संवत्सर छे. लोकमां जे कार्यो प्रवर्ते छे, ते सर्व आ संवत्सरने आश्रीने ज प्रवर्ते छे. माटे आ कर्मसंवत्सर छे. ते वनसंवत्सर अने ऋतुसंवत्सर तरीके प्रख्यात छे. हवे संवत्सरनो प्रस्ताव होवाथी बाकीना संवत्सरोनी प्ररूपणा माटे कहे छे – **आदित्य, ऋतु, चन्द्र, नक्षत्र अने अभिवर्द्धित आ पांच संवत्सरो जिनमतमां युगना प्रमाणमां विहित थाय छे.।।१।।**

जिनमत एटले जिनशासनमां आ पांच संवत्सरोनुं निरूपण



'**आइच्चोत्ति**' पदैकदेशे पदसमुदायोपचारात् आदित्यसंवत्सर इत्यर्थः। **ऋतुसंवत्सरः, चन्द्र**संवत्सरो **नक्षत्र**संवत्सरोऽ**भिवर्धित**संवत्सर इति, **एते पञ्चापि संवत्सरा युगस्य माने** प्रमाणे **विधीयन्ते**। वक्ष्यमाणसूर्य-संवत्सरपञ्चात्मकयुगचिन्तायाम् एते उपयुज्यन्त इत्यर्थः। यथा च एते तत्रोपयुज्यन्ते, तथाऽग्रे युगमासपरिमाणचिन्तायां भावयिष्यामः। सम्प्रति अमूनेव सौर्यादीन् संवत्सरान् प्रतिपादयति। **"छप्पि य उऊ परियट्टा एसो संवच्छरो उ आइच्चो"** षडपि प्रावृडादय ऋतवो यदा परिपूर्णा आवृता भवन्ति, तदा स आदित्यसंवत्सरो भवति। यद्यपि च लोके षष्ट्यहोरात्रप्रमाणप्रावृडादिकः ऋतुः प्रसिद्धः, तत्रापि परमार्थतः स एकषष्ट्यहोरात्रप्रमाणो वेदितव्यः। तत्रैवोत्तरकालमव्यभिचारदर्शनात्। अत एव तस्मिन् संवत्सरे त्रीणि शतानि षट्षष्ट्यधिकानि रात्रिंदि-वानामवसेयानि। **"पुव्वभणिओ उ कम्मो एत्तो चंदं पवच्छामि"** **पूर्वभणितः** पूर्वप्रतिपादितः, **कर्म** कर्मसंवत्सर इति, नासौ भूयो

विशेषोपनिषद्

कराय छे. जेम के आदित्य. पदना एक देशमां पदसमुदायना उपचारथी आदित्यसंवत्सर एवो अर्थ थाय छे. ए रीते - ऋतुसंवत्सर, चंद्रसंवत्सर, नक्षत्रसंवत्सर, अने अभिवर्द्धित संवत्सर आ पांचे संवत्सरो युगना प्रमाणमां कहेवाय छे. अर्थात् हवे कहेवाशे ते सूर्यसंवत्सर वगेरे पांच वर्षरूप युगना विचारमां तेओ उपयोगी थाय छे. तेओ जे रीते उपयोगी थाय छे, ते आगळ युग, मास वगेरेना प्रमाणना विचारमां समजावशुं. हवे ए ज सूर्यसंबंधी वगेरे संवत्सरोने कहे छे.

छ ये वर्षा वगेरे ऋतुओ ज्यारे परिपूर्ण परिवर्त्त पामे, त्यारे ते आदित्य संवत्सर थाय छे, जो के लोकमां ६० दिवस-रात प्रमाणनी वर्षा वगेरे ऋतु प्रसिद्ध छे, छतां पण वास्तवमां ते ६१ दिवस-रात प्रमाण ऋतु समजवी. कारण के आ ज प्रमाण मानीએ

विधीयते, किन्तु पूर्वप्रतिपादित एवात्र अवधारणीयः। तत्र च रात्रिन्दिवपरिमाणं त्रीणि शतानि षष्ट्यधिकानि। एतच्च प्रागेवोक्तम् अत ऊद्‌र्ध्वं (चंदं) चन्द्रसंवत्सरं प्रवक्ष्यामि। प्रतिज्ञातमेव निर्वाहयति। **"पुण्णिमपरियट्टा पुणा बारस संवच्छरो हवइ। चंदो"** द्वादशसङ्ख्या पौर्णमासी परावर्त्ता एकश्चन्द्रः संवत्सरो भवति। एकः पौर्णमासी परावर्त एकश्चन्द्रो मासः। तस्मिंश्चान्द्रे मासे रात्रिन्दिवपरिमाणचिन्तायामेकोनत्रिंशद्रात्रिन्दिवानि, द्वात्रिंशच्च द्वाषष्टिभागा रात्रिन्दिवस्य, एतत् द्वादशभिर्गुण्यते। जातानि त्रीणि शतानि चतुःपञ्चाशदधिकानि, रात्रिन्दिनानां द्वादश च द्वाषष्टिभागा रात्रिन्दिवस्य। एवं परिमाणश्चान्द्रसंवत्सरः।। सम्प्रति नक्षत्रसंवत्सरमाह **"नक्खत्त चंदजोगे बारसगुणिओ उ नक्खत्तो"** नक्षत्रवृन्दयोगः सप्तविंशत्या नक्षत्रैः साकल्येन यः एकः क्रमेण योगः, एष द्वादशभिर्गुणितो नक्षत्रो नक्षत्रसंवत्सरो भवति। अत्र पुनरेकः समस्तः नक्षत्रयोगपर्याय एव, नक्षत्रमासः। स सप्तविंशति

विशेषोपनिषद्

तो पछीना काळे ऋतुने अनुसार अव्यभिचार देखाय छे. ते-ते ऋतुनी असरो आ रीते ज जोवा मळे छे. माटे ज ते संवत्सरमां ३६६ रात्रि-दिवस समजवा. ए पूर्वे कह्युं ज छे.

हवे चन्द्र संवत्सर कहीश. प्रतिज्ञातनो ज (चन्द्रसंवत्सरकथनरूप प्रतिज्ञानो ज) निर्वाह (पालन) करे छे. बार पूनमना परावर्त्तो एक चन्द्र संवत्सर थाय छे. एक पूनमनो परावर्त एक चन्द्र मास छे. ते चान्द्र मासमां रात्रि-दिवस परिमाणनी विचारणामां २९ ३२/६२ दिवस-रात होय छे. तेने १२ थी गुणीए एटले ३५४ १२/६२ थाय छे. आटला प्रमाणनो चंद्र संवत्सर होय छे.

हवे नक्षत्र संवत्सर कहे छे – नक्षत्रवृंदनो योग-२७ नक्षत्रोनो साकल्यथी जे क्रमथी एक योग थाय, तेने १२ थी गुणता नक्षत्र संवत्सर थाय. अहीं एक समस्त नक्षत्र योगपर्याय ज नक्षत्रमास



अहोरात्रा एकविंशतिश्च सप्तषष्टिभागा अहोरात्रस्य एष राशिर्यदा द्वादशभिर्गुण्यते, तदा त्रीणि अहोरात्रशतानि सप्तविंशत्यधिकानि एकपञ्चाशत् च सप्तषष्टिभागा अहोरात्रस्यैतावत्प्रमाणो नक्षत्रसंवत्सरः। साम्प्रतम् अभिवर्धितसंवत्सरमाह– **"तेरस य चन्दमासा एसो अभिवड्ढिओ नायव्वो"** त्रयोदश चन्द्रमासा यस्मिन् चन्द्रसंवत्सरे स एष संवत्सरोऽभिवर्द्धितसम्वत्सरोऽभिवर्धितसंवत्सरः इत्युच्यते। एकस्मिंश्चन्द्रमासे, अहोरात्रा एकोनत्रिंशद्भवन्ति। द्वात्रिंशच्च द्वाषष्टिभागा अहोरात्रस्य। एष राशिस्तु द्वा(त्रयो)दशभिर्गुण्यते जातानि त्रीणि अहोरात्रशतानि अशीत्यधिकानि ३८३ ? चतुश्चत्वारिंशच्च द्वाषष्टिभागाः अहोरात्रस्य एतावत् रात्रिदिवपरिमाणोऽभिवर्द्धितसंवत्सरः। सम्प्रति एतदेवानन्तरं भावितं रात्रिन्दिवमानं क्रमेण संवत्सरेण साक्षादुपदेष्टुकामः प्रथमतो मासपरिमाणमाह **मासाणं तु पमाणं वोच्छं सव्वेसिं वासाणं** सर्वेषां पञ्चानामपि संवत्सराणां क्रमेण मासानां परिमाणं वक्ष्ये। तदेव आह-

**आइच्चो खलु मासो तीसं अद्धं च सावणो तीसा।**
**चंदो एगुणतीसं विसट्ठिभागा य बत्तिसा।।**

विशेषोपनिषद्

छे. ते २७ २१/६७ दिवस-रात प्रमाण छे. तेने १२ थी गुणो एटले ३२७ ५१/६७ दिवस-रात थाय. आटला प्रमाणनो नक्षत्रसंवत्सर थाय छे. हवे अभिवर्धित संवत्सर कहे छे – तेर चन्द्रमास जे चंद्र संवत्सरमां होय, ते संवत्सर अभिवर्द्धित संवत्सर एम कहेवाय छे. एक चन्द्रमासमां २९ ३२/६२ दिवस-रात होय छे. तेने १३ थी गुणीए एटले ३८३ ४४/६२ दिवस-रात थाय. आटला प्रमाणनो अभिवर्द्धित संवत्सर थाय छे.

हवे आ ज हमणा कहेलुं दिवस-रातनुं प्रमाण क्रमथी संवत्सररूपे साक्षात् कहेवा माटे प्रथम मासनुं परिमाण कहे छे – सर्व-पांचे संवत्सरोना महिनाओनुं प्रमाण कहीश – (उपरोक्तानुसारे समजवुं.)

**नक्खत्तो खलु मासो सत्ताविसं भवे अहोरत्ता।**
**अंसा च एकविसं सत्तट्ठिकएण छेएणं।।**
**अभिवड्ढिओ मासो एक्कतीसं भवे अहोरत्ता।**
**भागसयमेगवीसं चउवीससएणं छेएणं।।**

इत्यादि सप्तमपत्रे, अत ऊर्द्ध्वं यथानुपूर्व्या यथाक्रमेण युगवर्षाणि यैर्वर्षैर्युगं सूर्यसंवत्सरपञ्चात्मकं भवति, तान्यपि वक्ष्ये, तान्येवाह–

**"चंदो चंदो अभिवड्ढिओ य चंदमभिवड्ढिओ चेव।**
**पंच सहितं जुगमिणं दिट्ठं तेल्लुक्कदंसीहिं।।१।।"**

चान्द्रश्चान्द्रस्तदनन्तरम् अभिवर्द्धितस्ततो भूयश्चन्द्रोऽत्र मकारोऽलाक्षणिकस्ततोऽभिवर्द्धितः, एतैः पञ्चभिः वर्षैः सहितं किमुक्तं भवति, एतत्पञ्चवर्षात्मकं युगम्। इत्थंभूतं च युगम् इदं दृष्टं त्रैलोक्यदर्शिभिः सर्वज्ञैः तीर्थकृद्भिस्ततोऽवश्यम् इदं तथेति श्रद्धेयम्, एतदेव व्याख्यानयति।

**"पढम बितिया उ चंदा तइयं अभिवड्ढियं वियाणाहि।**
**चंदे चेव चउत्थं पंचममभिवड्ढियं जाण।।१।।"**

इत्यादि, सम्प्रति भरतैरवतविदेहेषु साधारणं युगस्यादिमं प्ररूपयति-

विशेषोपनिषद्

આ પાંચ સંવત્સરોનો એક યુગ થાય છે એવું ત્રૈલોક્યદર્શી-સર્વજ્ઞ એવા તીર્થંકરોએ જોયું છે. માટે અવશ્ય તે પ્રમાણે છે એવી શ્રદ્ધા કરવી જોઈએ. એની જ વ્યાખ્યા કરે છે – **પ્રથમ-દ્વિતીય ચંદ્રસંવત્સર, ત્રીજું અભિવર્દ્ધિત, ચોથું ચન્દ્ર અને પાંચમું અભિવર્દ્ધિત સંવત્સર સમજવું.** ઈત્યાદિ.

હવે ભરત-ઐરવત-મહાવિદેહમાં સાધારણ એવી યુગની આદિ કહે છે –

શ્રાવણ વદ એકમે બાલવ કરણમાં અભિજિત્ નક્ષત્રમાં પ્રથમ સમયે યુગની આદિ જાણવી. એટલે કે યુગની આદિમાં સર્વ ક્ષેત્રોમાં આટલું નિયતરૂપે હોય છે. જે રીતે તેઓ યુગની આદિમાં હોય છે,



**"सावणबहुलपडिवए बालवकरणे अभिइयनक्खत्ते।**
**सव्वत्थ-पढमसमये जुगस्स आइं वियाणाहिं।।"**

सर्वत्र भरतैरवतमहाविदेहेषु च श्रावणमासे बहुलपक्षे (कृष्णपक्षे) प्रतिपत्तिथौ बालवकरणे अभिजिन्नक्षत्रे प्रथमसमये युगस्य आदिमं विजानीहि। किमुक्तं भवति, एतावद्युगस्य आदौ सर्वेषु अपि क्षेत्रेषु अव्यभिचारी, अमीषां च यथायुगादिता तथा प्रागेव भावितम्। सम्प्रति युगे सर्वसङ्ख्यया तिथिपरिमाणम् अहोरात्रप्रमाणं प्रतिपादयति।

**"अट्ठारससट्ठसया तिहीण नियमया जुगम्मि नायव्वा।**
**तत्थेव अहोरत्ता तीसा अट्ठारससयाओ।।१।।"**

अत्र तिथयः शशिसम्भवाः, अहोरात्राः सूर्यसम्भवाः। इत्यादि नवम।९। पत्रे, सूर्यादिमासैर्विभज्यमाना मासा युगे यावन्तो भवन्ति तदेव आह–

**"आइच्चेण उ सट्ठा मासाणं उउणो होति एगट्ठी।।६१।।**
**चंदेण य बासट्ठी।।६२।। सत्तट्ठी होइ नक्खत्ते।।६७।।"**

सम्प्रति उत्तरकालविशेषः सर्वोऽपि येन सम्वत्सरेण परिभावनीयस्तत्प्रतिपादनार्थम् आह–

विशेषोपनिषद्

તે પૂર્વે જ સમજાવ્યું છે. હવે યુગમાં સર્વ સંખ્યાથી તિથિપ્રમાણ અને દિવસ-રાતનું પ્રમાણ કહે છે – એક યુગમાં ૧૮૬૦ તિથિ અવશ્ય હોય છે. તેમાં જ (૧ યુગમાં) ૧૮૩૦ દિવસ-રાત હોય છે.

અહીં તિથિ ચંદ્રથી થાય છે અને દિવસ-રાત સૂર્યથી થાય છે. ઈત્યાદિ ૯ મા પત્રમાં કહ્યું છે. સૂર્યાદિ માસથી વિભાગ પાડતા યુગમાં જેટલા માસો થાય છે, તે કહે છે– **આદિત્યથી ૬૦ માસ થાય છે, ઋતુથી ૬૧ માસ થાય છે, ચંદ્રથી ૬૨ માસ અને નક્ષત્રથી ૬૭ માસ થાય છે.**

હવે સંવત્સરથી મોટો જે કાળ હોય છે, તે બધું વર્ષના માધ્યમે સમજવાનો હોય છે. તેથી તેનું પ્રતિપાદન કરવા માટે કહે છે. – સો વર્ષ, હજાર વર્ષ વગેરે સર્વ કાળવિભાગો, સિદ્ધાન્તમાં જે તિર્યંચ,

**"सव्वे कालविसेसा आउपमाणो ठिई अ कम्माणं।**
**सव्वे समाविभागा सूरपमाणेण नायव्वा।।१।।"**

सर्वे वर्षशतवर्षसहस्रादयो ये कालविशेषाः, यानि च तिर्यग्नरामराणाम् आयुषां प्रमाणानि सिद्धान्ते व्यावर्ण्यन्ते, याश्च ज्ञानावरणीयादीनां स्थितयः त्रिंशत्सागरोपमकोटाकोट्यादिप्रमाणाः, ये च उत्सर्पिण्याम् अव-सर्पिण्यां च सुषमदुषमादिरूपा विभागाः, ते सर्वेऽपि सूर्यमानेन सूर्यसम्व-त्सरपरिमाणेन ज्ञातव्याः। ननु- यद् युगं प्राग् चन्द्रचन्द्राभिवर्द्धितसम्वत्सर-पञ्चकं व्यावर्णितं, तेन युगेन उत्तरः सर्वोऽपि कालविशेषो गण्यते, तथा चोक्तम्– **"वीसं जुगवाससयं दसवाससयाइ वाससहस्साइं"** इत्यादि, ततः कथम् 'उच्यते' सर्वे कालविशेषाः सूर्यमानेन ज्ञातव्याः इति। तत आह।

**"जं किर सूरेण जुगं अणूणमहगाणि पंच वासाणि।**



મનુષ્ય અને દેવોના આયુષ્યના પ્રમાણો કહેવાય છે, જે ૩૦ કોડાકોડી સાગરોપમ વગેરે પ્રમાણની જ્ઞાનાવરણીય વગેરેની સ્થિતિ કહેવાય છે, અને જે ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં સુષમા-દુઃષમા વગેરે વિભાગો છે, તે બધા સૂર્યસંવત્સરના પ્રમાણથી જાણવા.

**શંકા** :- જે યુગ પહેલા ચન્દ્ર-ચન્દ્ર-આભિવર્દ્ધિત વગેરે પાંચ સંવત્સરરૂપ કહ્યો, તે યુગથી સર્વ કાળવિશેષ ગણાય છે. જેમ કે કહ્યું છે - ૧૨૦ યુગ, ૧૦૦૦ વર્ષ, હજારો વર્ષ-ઈત્યાદિ તો પછી એમ કેમ કહો છો, કે સર્વ કાળવિશેષ સૂર્યના પ્રમાણથી જાણવા ? (પ્રશ્નનો આશય એ છે કે ચન્દ્ર વગેરે દ્વારા ગણાતા સંવત્સર પણ યુગના ઘટક બને છે. માટે માત્ર સૂર્યને આધારે કાળ જાણવાની વાત શી રીતે સંગત થઈ શકે ?)

**સમાધાન** :- સૂર્યથી જે યુગ થાય છે, તે અન્યૂન-અનધિક



**तो किर जुगेण सव्वं गणंति अ वसं उ०।।११।।"**

इत्यादि। इति आदित्यसम्वत्सरादिवर्षपञ्चकविचारः।।४७।।

ननु– केवलिनो मनः कस्मिन् प्रयोजने समेति। लोकालोकस्वरूपं तु केवलज्ञानकेवलदर्शनाभ्यां ज्ञातं नाम दृष्टम् ? 'उच्यते' केवलिनो मनोद्रव्याणि अनुत्तरदेवादिमनःपृष्टलोकस्वरूपादिसन्देहव्यापोहे सप्रयोज-नानीति। यदुक्तं श्रीभगवतीसूत्रवृत्त्योश्चतुर्थशतके पञ्चमोद्देशके, तथाहि- 'पहू णं भंते ! अणुत्तरोववाइया देवा तत्थ गया चेव समाणा इहगएणं केवलिणा सद्धिं आलावं वा, संलावं वा करित्तए ? हंता, गोयमा ! पहू। से केणट्ठेणं जाव-पहूणं अणुत्तरोववाइआ देवा जाव-करित्तए ? गोयमा ! जं णं अणुत्तरोववाइयआ देवा तत्थ गया चेव समाणा अट्ठं वा, हेउं वा, पसिणं वा, कारणं वा, वागरणं वा पुच्छन्ति; तं णं इह गए केवली अट्ठं वा, वागरणं वा वागरेइ; से तेणट्ठेणं। जं णं भंते !



એવા પાંચ વર્ષ પ્રમાણ છે. માટે સર્વ યુગથી ગણાય છે..ઈત્યાદિ.

આ રીતે આદિત્ય સંવત્સર વગેરે પાંચ વર્ષનો વિચાર કહ્યો. ।।૪૭।।

**(૪૮) પ્રશ્ન** :- કેવલીનું મન શું કામમાં આવે છે ? લોકાલોકસ્વરૂપ તો કેવળજ્ઞાન-કેવળદર્શન દ્વારા જણાયું અને જોવાયું જ છે.

**ઉત્તર** :- કેવલીના જે મનોદ્રવ્યો છે, તે અનુત્તર દેવો વગેરેએ મનથી પૂછેલા લોકસ્વરૂપ વગેરેનો સંદેહ દૂર કરવા માટે ઉપયોગી છે. **શ્રીભગવતીસૂત્ર-વૃત્તિ**માં ચતુર્થ-શતકમાં પંચમ ઉદ્દેસમાં કહ્યું છે –

હે ભગવંત ! અનુત્તર દેવો ત્યાં રહીને અહીં રહેલા કેવલી સાથે આલાપ કે સંલાપ કરવા સમર્થ છે ? હા, ગૌતમ ! સમર્થ છે. ભગવંત ? એવું શી રીતે કહો છો ? ગૌતમ ! અનુત્તર દેવો ત્યાં રહીને જ અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ કે વ્યાકરણ પૂછે છે, તેનો અહીં રહેલા કેવલી જવાબ આપે છે. માટે એવું કહેવાય છે.

इह गए केवली अट्ठं वा, हेउं वा जाव- वागरेइ; तं णं अणुत्तरोववाइया देवा तत्थ गया चेव समाणा जाणंति, पासंति ? हंता, जाणंति पासंति। से केणट्ठेणं जाव- पासंति ? गोयमा ! तेसि णं देवाणं अणंताओ मणोदव्ववग्गणाओ लद्धाओ, पत्ताओ, अभिसमण्णागयाओ भवंति; से तेणट्ठेणं। जं णं इह गए केवली जाव-पासंति। 'आलावं व' त्ति सकृद् जल्पम्, 'संलावं व' त्ति मुहुर्मुहुर्जल्पं मानसिकमेव इति। 'लद्धाओ' त्ति तदवधेर्विषयभावं गताः, 'पत्ताओ' त्ति तदवधिना सामान्यतः प्राप्ताः-परिच्छिन्ना इत्यर्थः, 'अभिसमण्णागयाओ' त्ति विशेषतः परिच्छिन्नाः-यतस्तेषाम्, अवधिज्ञानं सम्भिन्नलोकनाडीविषयम्, यच्च लोकनाडीविषयग्राहकं तद् मनोवर्गणाया ग्राहकं भवत्येव। यतो योऽपि लोकसङ्ख्येयभागविषयोऽवधिः, सोऽपि मनोद्रव्यग्राही, यः पुनः सम्भिन्न-



હે ભગવંત ! અહીં રહેલા કેવલી જે અર્થ કે હેતુ યાવત્ કહે છે, તેને અનુત્તર દેવો ત્યાં રહીને જાણે છે, જોવે છે ? હા, જાણે છે, જોવે છે. એવું શાથી કહો છો યાવત્ જોવે છે ? ગૌતમ ! તે દેવોને અનંત મનોદ્રવ્યવર્ગણાઓ લબ્ધ, પ્રાપ્ત, અભિસમન્વાગત હોય છે. તેથી એવું કહું છું કે અહીં રહેલા કેવલી, યાવત્ જોવે છે.

આલાપ એટલે એકવાર વાત કરવી, સંલાપ એટલે વારંવાર વાત કરવી. આ વાત માનસિક જ સમજવાની છે. લબ્ધ એટલે તે દેવોના અવધિજ્ઞાનનો વિષય બનેલા, પ્રાપ્ત એટલે તેના અવધિજ્ઞાન વડે સામાન્યથી પ્રાપ્ત, અભિસમન્વાગત એટલે વિશેષથી જણાયેલા. કારણ કે તેમના અવધિજ્ઞાનનો વિષય સંપૂર્ણ લોકનાડી હોય છે. જે લોકનાડીના વિષયનું ગ્રાહક હોય, તે મનોવર્ગણાનું ગ્રાહક હોય જ છે. કારણ કે લોકના સંખ્યાતા ભાગોનું ગ્રહણ કરનાર જે અવધિજ્ઞાન હોય, તે પણ મનોદ્રવ્યનું ગ્રહણ કરનાર હોય છે. તો પછી જે સમગ્ર લોકને વિષય બનાવતું હોય, તે અવધિજ્ઞાન મનોદ્રવ્યનું ગ્રહણ કેમ



लोकविषयः स कथं न मनोद्रव्यग्राही भविष्यति ?। इष्यते च लोकसङ्ख्येयभागावधेर्मनोद्रव्यग्राहित्वम्। यदाह- **"संखिज्जमणो दव्वे भागो लोगस्स पलियस्स बोधव्वो"** त्ति। पुनः श्रीषडशीतिकप्रकरणे श्रीदेवेन्द्रसूरिकृतकर्मग्रन्थचतुर्दशसहस्रीवृत्तावपि पञ्चदशयोगाधिकारे गाथार्धे तथैव। तथाहि- **"उरलदुगं कम्म पढमं ऽतिममण-वइ केवलदुग्गम्मि।"**

व्याख्या- औदारिकद्विकम्-औदारिकमिश्रकार्मणकाययोगौ, सयोग्य-वस्थायामेव समुद्घातगतस्य वेदितव्यौ। मिश्रौदारिकयोगौ सप्तम-षष्ठ-द्वितीयेषु। कार्मणशरीरयोगी चतुर्थके पञ्चमे, तृतीये चेति। प्रथमाऽन्ति-ममनोयोगौ तु अविकलसकलविमलकेवलज्ञान-केवलदर्शनबलावलोकित-निखिललोकालोकस्य भगवतो मनःपर्यायज्ञानिभिः, अनुत्तरसुरादिभिर्वा



ન કરે ?

વળી લોકના સંખ્યાતા ભાગોનું ગ્રહણ કરે, તે અવધિ પણ મનોદ્રવ્યનું ગ્રહણ કરે એવું શાસ્ત્રકારોને ઈષ્ટ છે કારણ કે કહ્યું છે કે – પલ્યોપમ પ્રમાણ કાળથી અવધિજ્ઞાન હોય, તે ક્ષેત્રથી લોકના સંખ્યાતા ભાગ જોઈ શકે અને દ્રવ્યથી મનોદ્રવ્યને જોઈ શકે.

વળી **ષડશીતિક પ્રકરણમાં શ્રીદેવેન્દ્રસૂરિકૃત** કર્મગ્રંથની ૧૪,૦૦૦ શ્લોકપ્રમાણ વૃત્તિમાં પણ ૧૫ યોગના અધિકારમાં અર્ધ ગાથામાં તે જ મુજબ કહ્યું છે – ઔદારિક દ્વિક એટલે ઔદારિક મિશ્ર અને કાર્મણ કાયયોગ, તે સયોગી અવસ્થામાં જ જેણે સમુદ્ઘાત કર્યો છે, તેના સમજવા. બીજા-છટ્ઠા-સાતમા સમયે મિશ્ર-ઔદારિક યોગો હોય છે. ચોથા-પાંચમા-ત્રીજા સમયે કાર્મણશરીરયોગી હોય છે. જેમણે અવિકલ સકલ વિમલ કેવળજ્ઞાન-કેવળદર્શનના બળે સમગ્ર લોકાલોકને જોયા છે એવા કેવળી ભગવંતને સત્ય અને અસત્યામૃષા એમ પ્રથમ અને અંતિમ મનોયોગ હોય છે. કારણ કે જ્યારે મનઃપર્યાયજ્ઞાનીઓ અને અનુત્તર સુરો વગેરે મનથી પૂછે, ત્યારે કેવળી ભગવંતો તેનો

मनसा पृष्टस्य सतो मनसैव देशनात्। ते हि भगवत्प्रयुक्तानि मनोद्रव्याणि मनःपर्यायज्ञानेन, अवधिज्ञानेन वा पश्यन्ति। दृष्ट्वा च ते विवक्षितवस्त्वा-लोचनाकारान्यथानुपपत्त्या लोकस्वरूपादिकं बाह्यमर्थं पृष्टम् अवगच्छन्ति-इति। बृहत्सङ्ग्रहणीवृत्तौ श्रीमलयगिरिणाऽपि प्रोचे। तथाहि–

**"आरण-अच्चुआओ गमणा-ऽऽगमणं तु देव-देवीणं।**
**तत्तो परं तु नियमा उभएसु नत्थि तं कहवि।।"**

व्याख्या– गमना-ऽऽगमनप्रतिषेधः, तत्रत्यानां तु इहाऽऽगमने प्रयोजनाभावात्। ते हि जिनजन्ममहिमादिषु अपि नाऽत्र आगच्छन्ति। किन्तु स्थानस्थिता एव भक्तिमातन्वते, संशयविषयं च स्थानस्थिताः पृच्छन्ति पृष्टं चार्थं भगवता व्याकृतमवधिज्ञानतो भगवत्प्रयुक्तानि मनोद्रव्याणि साक्षाद् एव अवेत्य तदाकारान्यथानुपपत्त्या परिभावयन्ति। न चान्यत् प्रयोजनान्तरम् अस्ति, ततस्तेषाम् इहागमनाऽसम्भवः। पुनः

——— વિશેષોપનિષદ્ ———

મનથી જ જવાબ આપે છે. તેઓ ભગવંતે પ્રયોજેલા મનોદ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાનથી કે અવધિજ્ઞાનથી જોવે છે અને તેને જોઈને વિવક્ષિત વસ્તુની વિચારણાના આકારની અન્યથાનુપપત્તિથી લોકસ્વરૂપ વગેરે જે બાહ્ય અર્થ તેમણે પૂછ્યો હોય તેને સમજી જાય છે.

**બૃહત્સંગ્રહણીની વૃત્તિમાં શ્રીમલયગિરિસૂરિએ** પણ કહ્યું છે કે – દેવ-દેવીઓનું ગમનાગમન આરણ-અચ્યુત સુધી હોય છે, તેનાથી ઉપર તો નિયમથી બંનેનું ગમનાગમન કોઈ રીતે પણ હોતું નથી. વ્યાખ્યા – ગમનાગમનનો પ્રતિષેધ એટલા માટે કર્યો છે કે ત્યાંના દેવોને અહીં આવવાનું પ્રયોજન નથી. તેઓ જિનજન્મ વગેરેના અવસરે પણ અહીં આવતા નથી. પણ પોતાના સ્થાનમાં રહીને જ ભક્તિ કરે છે. પોતાને જેનો સંશય હોય, તેને પોતાના સ્થાનમાં રહીને જ પૂછે છે. જે પૂછે તેનો ભગવાન મનથી જવાબ આપે. તે દેવો અવધિજ્ઞાનથી ભગવાનના મનોદ્રવ્યોને સાક્ષાત્ જ



श्रीप्रशमरतिवृत्तौ, तथाहि– 'अथ मनोयोगः केवलिनः कुतः ? इति। उच्यते, यदि नाम अनुत्तरामरो मनसा तत्रस्थ एव पृच्छेत्, अन्यो वा देवो मनुष्यो वा, ततो भगवान् मनोद्रव्याणि आदाय मनःपर्याप्तिकरणेन तत्प्रश्नव्याकरणं करोति इति केवलिनो मनसः प्रयोजनम् इति विचारः।।४८।।

ननु– सौधर्मे-शान-सनत्कुमार-माहेन्द्र-ब्रह्म-लान्तक-शुक्र-सहस्रारदेवाः सौधर्मे-शानदेवीभिः समं काय-स्पर्श-रूप-शब्दविषयैः परस्परं साभिलाषा विज्ञातान्योन्यमैथुनभावाः कायादिप्रवीचाराद् विषयसुखमनुभवन्ति, तत् सङ्गतिमङ्गति। परम् आनतकल्पादिस्थैर्मनःप्रविचारकैर्देवैः मनःपरिणामे कृते सौधर्मेशानदेव्योऽपि तदर्थमुच्चावचांसि मनांसि सम्प्रधारयन्त्यस्तिष्ठन्ति।

——— વિશેષોપનિષદ્ ———

જાણીને તે આકારની અન્યથા અનુપપત્તિથી સમજી જાય છે. (અર્થાત્ ભગવાને મારા પ્રશ્નોના જવાબરૂપે આવો જ વિચાર કર્યો હોવો જોઈએ, એના વિના ભગવાનના મનોદ્રવ્યોનો આવા પ્રકારનો આકાર ન ઘટે, આ રીતે તેઓ પોતાના પ્રશ્નનો ઉત્તર જાણી લે છે.)

આ સિવાય તે દેવોને બીજું પ્રયોજન હોતું નથી. તેથી તેઓ અહીં આવે એ સંભવિત નથી.

વળી **શ્રીપ્રશમરતિવૃત્તિ**માં કહ્યું છે – કેવળીને મનોયોગ ક્યાંથી ? તે કહેવાય છે - જો અનુત્તરદેવ ત્યાં જ (અનુત્તર દેવલોકમાં) રહીને મનથી પૂછે, અન્ય દેવ કે મનુષ્ય પૂછે તો ભગવાન મનોદ્રવ્યોનું ગ્રહણ કરીને મનઃપર્યાપ્તિ કરવા દ્વારા તે પ્રશ્નનો જવાબ આપે છે, આ રીતે કેવલીને મનનું પ્રયોજન હોય છે, એ વિચાર કહ્યો. ।।૪૮।।

(૪૯) **પ્રશ્ન** :- સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર અને સહસ્રારના દેવોને સૌધર્મ-ઈશાનની દેવીઓ સાથે કાય-સ્પર્શ-રૂપ અને શબ્દરૂપી વિષયોથી પરસ્પર અભિલાષ થાય છે. પરસ્પરનો મૈથુનભાવ જાણે છે અને કાય વગેરેના પ્રવીચાર દ્વારા

परं वा देवानां मनःपरीणामं कथं जानन्ति ? उपरिष्टात् तदवधेः अल्पत्वाद् इति। अत्रोच्यते, अत्र दिव्यप्रभावात्, स्वभावाद् वा देवानां शुक्रपुद्गलाः तासां शरीरे परिणमन्ति, तेन तासामपि स्वाङ्गस्फुरणादिना कामाभिलाषज्ञानं जायते इति कारणं सम्भाव्यते। यदुक्तं श्रीप्रवचनसारोद्धारवृत्तौ २१३ पत्रे 'देवाण प्पवियारो' त्ति। षट्षष्ट्या अधिकद्विशततम २६६ द्वारे 'दो कायप्पवियारा' इत्यादिगाथायास्तृतीयपदव्याख्याने। तथाहि–

**"दो कायप्पवियारा कप्पा, फरिसेण दुन्नि दो रूवे।**
**सद्दे दो, चउर मणे अत्थि वियारो, उवरि नत्थि।।"**

चत्वार आनत-प्राणता-ऽऽरणाऽच्युताभिधानदेवलोकदेवा मनसा



વિષયસુખને અનુભવે છે, તે તો સંગત થાય છે. પણ જેઓ આનત વગેરે દેવલોકમાં રહેલા છે, તેવા મનઃપ્રવીચાર કરનારા દેવો મનનો પરિણામ કરે ત્યારે સૌધર્મ-ઈશાન દેવીઓ પણ તેના માટે ઉંચુ-નીચુ મન કરે છે. આ રીતે પ્રવીચારની જે વાત કહી છે, તે ઘટતી નથી. કારણ કે તે દેવીઓ દેવના મનના પરિણામને શી રીતે જાણી શકે ? કારણ કે વૈમાનિક દેવોમાં ઉર્ધ્વદિશામાં અવધિનો વિષય અલ્પ હોય છે.

**ઉત્તર** :- અહીં દિવ્યપ્રભાવથી કે સ્વાભાવિક રીતે દેવોના શુક્ર પુદ્ગલો દેવીઓના શરીરમાં પરિણમે છે, તેથી તેઓને પણ પોતાનું અંગ ફરકવું, વગેરેથી તેમના કામાભિલાષનું જ્ઞાન થાય છે. એવું કારણ સંભવે છે.

**શ્રીપ્રવચનસારોદ્ધારની વૃત્તિ**માં ૨૧૩ માં પત્રમાં 'દેવોનો પ્રવીચાર' અને ૨૬૬ માં દ્વારે 'બે કાયપ્રવીચાર વાળા છે, ઈત્યાદિ ગાથાના તૃતીયપદની વ્યાખ્યામાં કહ્યું છે –

બે કલ્પો કાયપ્રવીચારવાળા છે, બે સ્પર્શ૦ બે રૂપ૦, બે શબ્દ૦,



सप्रविचारा भवन्ति, ते हि यदा प्रविचारचिकीर्षया देवीचित्तस्य गोचरीकुर्वन्ति, तदैव ताः सङ्कल्पाज्ञानेऽपि तथाविधस्वभावतः कृताऽद्भुतशृङ्गाराः स्वस्थानस्थिता एव उच्चावचांसि मनांसि दधाना मनसैव भोगाय उपतिष्ठन्ति। तत इत्थम् अन्योन्यं मनःसङ्कल्पे दिव्यप्रभावाद् देवदेवीषु शुक्रपुद्गलसङ्क्रमः, उभयेषां कायप्रविचाराद् अनन्तगुणं सुखं सम्पद्यते, तृप्तिश्च उल्लसति इति। पुनः तपाश्रीहीरविजयसूरिप्रसादीकृतप्रश्नोत्तरसमुच्चये तच्छिष्यपण्डितकीर्तिविजयगणिसमुच्चिते प्रश्नोत्तरग्रन्थे श्रीसुमतिविजयोपाध्यायशिष्यपण्डितगुणविजयगणिकृतद्वितीयप्रश्नोत्तरेऽपि तथैव। तथाहि– 'अत्र दिव्यानुभावतः शुक्रपुद्गलाः तासां शरीरे



ચાર મન૦, તેનાથી ઉપર પ્રવીચાર નથી.

આનત-પ્રાણત-આરણ-અચ્યુત આ ચાર દેવલોકમાં મનથી પ્રવીચાર હોય છે. તેઓ જ્યારે પ્રવીચાર કરવા માટે દેવીના મનને વિષય કરે છે, ત્યારે તે દેવીઓ સંકલ્પને ન જાણવા છતાં પણ તથાવિધસ્વભાવથી અદ્ભુતશૃંગાર કરીને પોતાના સ્થાને જ રહીને મન ઉંચુ-નીચુ કરીને, મનથી જ ભોગ માટે ઉપસ્થિત થાય છે. આ રીતે પરસ્પર મનસંકલ્પથી દિવ્યપ્રભાવથી દેવ-દેવીઓમાં શુક્રપુદ્ગલોનો સંક્રમ થાય છે. અને બંનેને કાયપ્રવીચારથી અનંતગુણ સુખ ઉત્પન્ન થાય છે અને તૃપ્તિ ઉલ્લાસ પામે છે.

વળી **તપાગચ્છીય શ્રીહીરવિજયસૂરિ**એ કૃપા કરીને કહેલ જે **પ્રશ્નોત્તરસમુચ્ચય** ગ્રંથ છે. જેમાં તેમના શિષ્ય પંડિતશ્રીકીર્તિવિજયજીગણિએ પ્રશ્નોત્તરોનો સમુચ્ચય કર્યો છે. તેમાં શ્રીસુમતિવિજયઉપાધ્યાયના શિષ્ય પંડિતગુણવિજયજીગણિએ કરેલા દ્વિતીય પ્રશ્નોત્તરમાં પણ તે જ મુજબ છે – અહીં દિવ્ય પ્રભાવથી તે દેવીઓના શરીરમાં શુક્રપુદ્ગલો રૂપ વગેરે સ્વરૂપે પરિણમે છે, તેમ દિવ્ય પ્રભાવથી જ તરત જ તેમને અંગ ફરકવા વગેરે દ્વારા તેમના અભિલાષનું જ્ઞાન

रूपादितया परिणमन्ति, तथा त्वरितमेव तासाम् अङ्गस्फुरणादिना तदभिलाषज्ञानमपि भवतीति ज्ञायते। तथैव प्रज्ञापनासूत्रवृत्त्योरपि।

इति आनतादिदेवानां मनःविचारणाविचारः।।४९।।

ननु– केनापि साधुना ग्लानाद्यर्थं खण्डादेः, पानकादेर्वा याचने कृते गृहस्थेन जानता अजानता वा साधवे बिडलवणम्, अन्यद् वा लवणं सचित्तम्, अप्रासुकं वा दत्तं तदा स साधुः तल् लवणं भक्षयेत्, वा परिष्ठापयेद् वा– किं कुर्यात् ? को वा–परिष्ठापनविधिः ? उच्यते, श्रीआचाराङ्गसूत्रद्वितीयश्रुतस्कन्धे प्रथमाध्ययने दशमोद्देशके तद्विधेः प्रतिपादनात्। तथाहि–

**"से भिक्खू वा, भिक्खुणी वा जाव समाणे सिया, परो अवहट्टु अंतोपडिग्गहते बिडं वा, लोणं वा, उत्तायं वा लोणं परिभाएत्ताए णीहट्टु दलएज्जा, तहप्पगारं पडिग्गहगं परहत्थंसि**

——— विशेषोपनिषद् ———

પણ થાય છે, એવું જણાય છે.

આ જ રીતે **શ્રીપ્રજ્ઞાપનાસૂત્રવૃત્તિ**માં પણ કહ્યું છે. આ રીતે આનતાદિ દેવોના મનપ્રવીચારનો વિચાર કહ્યો. ॥૪૯॥

(૫૦) **પ્રશ્ન** :- કોઈ પણ મહાત્માએ ગ્લાન વગેરેને માટે સાકર વગેરેની કે પ્રવાહી વગેરેની યાચના કરી. ગૃહસ્થે જાણીને કે અજાણતા તેમને બિડલવણ (ખાણ વિશેષમાં ઉત્પન્ન એક જાતનું કાચુ મીઠું) કે અન્ય કોઈ સચિત્ત મીઠું કે અપ્રાસુક મીઠું આપ્યું હોય, ત્યારે તે મહાત્મા એ મીઠું વાપરે કે પરઠવે ? શું કરે ? અથવા તો પરઠવવાની વિધિ શું છે ?

**ઉત્તર** :- શ્રી આચારાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયનના દશમા ઉદ્દેસામાં તેની વિધિ કહી છે –

ભિક્ષુ કે ભિક્ષુણી યાવત્ ગોચરી માટે ગૃહસ્થના ઘરે પ્રવેશે, ત્યારે કાષ્ઠના દાબડા વગેરે રૂપ પાત્રમાં ગ્લાનાદિ માટે સાકર



**वा, परपायंसि वा, अफासुयं जाव णो पडिग्गहेज्जा। से आहच्च पडिगाहिए सिया, तं च नाइदूरगए जाणेज्जा, से तमायाए तत्थ गच्छेज्जा। पुव्वामेव आलोएज्जा, आउसे ! त्ति वा, भइणी ! त्ति वा, इमं ते किं जाणता दिन्नं, उदाहु अजाणता ? सो य भणिज्जा णो खलु जाणता दिन्नं, अजाणया। कामं खलु आउसो ! इयाणि निस्सिरामि। तं जहा– भुंजह व णं, परिभाएह व णं, तं परेहिं समणुन्नायं समणुसिट्ठं, ततो संजयमेव भुंजेज्ज वा, पिएज्ज वा। जं च णो संचाएति भोत्तए, पायए वा, साहम्मिआ तत्थ वसंति, संभोइआ समणुन्ना अपरिहारिआ, अदूरगया, तेसिं अणुप्पदायव्वं। सिया णो जत्थ साहम्मिया सिया जहेव बहुपरियावन्ने कीरति तहेव, कायं सिया। एवं खलु तस्स भिक्खुस्स, भिक्खुणीए वा सामग्गिअं।"**

——— વિશેષોપનિષદ્ ———

વગેરેની યાચના કરતા, ત્યારે ગૃહસ્થ અંદર જઈને બિડ કે અન્ય કાચુ મીઠુ કે મીઠાની ખાણમાં ઉત્પન્ન થયેલ ઉદ્ભિજ્જ મીઠું હોય, તેમાંથી થોડો અંશ લઈને બહાર નીકળીને આપે, ત્યારે તેવા પ્રકારનું દાન બીજાના હાથમાં કે પગમાં હોય, તેવું અપ્રાસુક યાવત્ ન વહોરવું, એ ગૃહસ્થના હાથ વગેરેમાં હોય, ત્યારે જ તેનો પ્રતિષેધ કરવો. તે સહસા વહોરી લીધું હોય, અને તે દાતા નજીક જ હોય એમ જણાય, તો તે ભિક્ષુ તે લવણ વગેરેને લઈને ત્યાં તેની પાસે જાય. જઈને પહેલા જ તે લવણ વગેરે બતાવે અને કહે 'હે આયુષ્માન્ ! અથવા હે બહેન ! આ લવણ વગેરે તમે જાણીને આપ્યું કે અજાણતા ?' તેને આવું કહેતા જો તે કહે કે 'મે જાણતા નથી આપ્યું પણ અજાણતા આપ્યું છે. હે આયુષ્માન્ ! હવે જો તમને એનો ખપ હોય, તો હવે હું તમને મારી ઈચ્છાપૂર્વક આ આપી દઉં છું. આપ તેને વાપરો. આ રીતે બીજાઓએ અનુજ્ઞા આપી હોય તેવું,

व्याख्या– 'से' इत्यादि। स भिक्षुर्गृहादौ प्रविष्टः, तस्य च स्यात् कदाचित्, परो गृहस्थः, 'अभिहट्टु अंतो' इति अन्तः प्रविश्य, पतद्ग्रहे काष्ठद्दब्बकादौ, ग्लानाद्यर्थं खण्डादियाचने सति, बिडं वा लवणं खनि-विशेषोत्पन्नम्, उद्भिज्जं वा लवणाकराद्युत्पन्नम्, 'परिहाएत्त' त्ति दातव्यं विभज्य-दातव्यद्रव्यात् कञ्चिद् अंशं गृहीत्वा इत्यर्थः। ततो निःसृत्य दद्यात् तथाप्रकारं परहस्तादिगतमेव प्रतिषेधयेत्, तच्च 'आहच्चे'ति सहसा प्रतिगृहीतं भवेत्, तं च दातारमदूरगतं ज्ञात्वा स भिक्षुस्तल्लव-णादिकमादाय तत्समीपं गच्छेत्। गत्वा च पूर्वमेव तल्लवणादिकमालोकयेद् दर्शयेत्। एतच्च ब्रूयात्– अमुका इति वा, भगिनीति वा, एतल्लवणादिकं किं त्वया जानता दत्तम्, उत अजानता ? एवमुक्तः सन् पर एवं वदेत्– यथा पूर्वं मया अजानता दत्तम्, साम्प्रतं तु यदि भवतोऽनेन प्रयोजनं ततो दत्तमेतत्, परिभोगं कुरुध्वम्। तदैवं परैः समनुज्ञातम्, समनुसृष्टं सत् प्रासुकम्, कारणवशाद् अप्रासुकं वा भुञ्जीत, पिबेद् वा। यच्च न शक्नोति भोक्तुं पातुं वा तत् साधर्मिकेभ्यो दद्यात्, तदभावे बहुपर्यापन्नविधिं प्राक्तनवद् विदध्यात्। एवं तस्य भिक्षोः सामग्र्यमिति।

विशेषोपनिषद्

વિસર્જિત કર્યુ હોય તેવું, તે પ્રાસુક કે કારણવશે અપ્રાસુક ખાય કે પીવે. જે પોતે ખાઈ કે પી ન શકે, તે સાધર્મિકોને આપે જે ત્યાં સાંભોગિક, સમાન સમાચારી વાળા, અપરિહારિક (પરિહારવિશુદ્ધિરૂપ વિશિષ્ટ ચારિત્રનો અંગીકાર ન કર્યો હોય તેવા ? આચારાંગ સૂ.૨૭૭ ની વૃત્તિમાં સાધર્મિક-સાંભોગિક-સમનોજ્ઞ અને અપરિહારિક આ ચારે પદોને સમાનાર્થી કહ્યા છે. એ આની પછીના પાઠમાં દર્શાવાશે.) નજીક હોય, તેમને આપવું. ત્યાં સાધર્મિકો ન હોય, તો પૂર્વોક્તાનુસારે બહુપર્યાપન્નવિધિ પૂર્વવત્ કરે. આ રીતે તે ભિક્ષુ કે ભિક્ષુણીનું ચારિત્ર પરિપૂર્ણ બને છે, કે તે સર્વ વસ્તુઓમાં સદા



अथ प्रस्तावागतो बहुपर्यापन्नालापको लिख्यते–

**"से भिक्खू वा, भिक्खुणी वा बहुपरिआवन्नं भोअणजातं पडिग्गहेत्ता बहवे साहम्मिआ तत्थ वसंति, संभोइआ समणुन्ना अपरिहारिआ अदूरगया, तेसिं अणालोइअ-अणामंतिअ परिट्ठवेति, माइट्ठाणं संफासे, नो एवं करेज्जा। से तमायाए तत्थ गच्छेज्जा, पुव्वामेव आलोएज्जा-आउसंतो समणा ! इमे मे असणे, पाणे, खाइमे, साइमे बहुपरिआवन्ने तं भुंजह णं। सेवं वदंतं परो वएज्जा-आउसंतो समणा ! आहारमेतं असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा जावइयं परिसडति तावइयं भोक्खामो वा, पाहामो वा।"** अस्यायमर्थः स भिक्षुर्बह्वशनादि पर्यापन्नं लब्ध्वा परिगृह्य बहुभिर्वा प्रकारैराचार्य–ग्लान-प्राघूर्णकाद्यर्थं दुर्लभं द्रव्यादिभिः

विशेषोपनिषद्

જયણા કરે.

હવે પ્રસ્તાવગત બહુ પર્યાપન્નનો આલાવો લખાય છે. – ભિક્ષુ કે ભિક્ષુણી બહુપર્યાપન્ન ભોજનને (અશનાદિને) વહોરીને અથવા ઘણા પ્રકારે આચાર્ય, ગ્લાન, પ્રાઘૂર્ણક વગેરેને માટે દુર્લભ એવું દ્રવ્ય વગેરેથી પર્યાપ્ત પ્રમાણમાં આહાર વહોરી લે. પછી વધે, તે ઘણું હોવાથી પોતે ન વાપરી શકે. ત્યાં જે ઘણા સાધર્મિકો રહેતા હોય. સાધર્મિક-સાંભોગિક-સમનોજ્ઞ આ આલાપકો એકાર્થક છે. આ પદોનો અર્થ એક જ છે. તેઓ નજીકમાં હોય, અને તેમને પ્રમાદથી પૂછે નહીં, વધેલી ગોચરી વાપરવા માટે આમંત્રણ ન આપે અને પરઠવી દે, તો માતૃસ્થાનનો સ્પર્શ થાય, માયાચાર સેવ્યો ગણાય. માટે તેવું ન કરે. જે કરવું જોઈએ, તે કહે છે – તે ભિક્ષુ વધારાની ગોચરી લઈને તેમની પાસે જાય, અને જઈને પહેલા જ તેમને તે બતાવે અને એમ કહે કે હે આયુષ્માન શ્રમણો ! મને આ ગોચરી વધે છે. હું તેને વાપરી શકું એમ નથી. માટે તમે કાંઈક વાપરો. તે આવું કહે.

पर्यापन्नमाहारजातं परिगृह्य तद्बहुत्वाद् भोक्तुमसमर्थः, तत्र च साधर्मिकाः, सम्भोगिकाः, समनोज्ञाः एकार्थाश्चालापका इति। एतेषु अदूरगतेषु वा, तान् अनापृच्छ्य प्रमादितया परिष्ठापयेत् परित्यजेत्, एवं मातृस्थानं संस्पर्शेद् नैवं कुर्यात्। यत् कुर्यात् तद् दर्शयति-स भिक्षुस्तमधिकमाहारजातं परिगृह्य तत्समीपं गच्छेत्, गत्वा च पूर्वमेव अवलोकयेद् दर्शयेत्। एवं च ब्रूयात्– आयुष्मत्श्रमणाः ! मम एतद् अशनादि बहु पर्यापन्नम्, नाहं भोक्तुमलम् अतो यूयं किञ्चिद् भुङ्गध्वम्। तस्य चैवं वदतः स परो ब्रूयात्-यावन्मात्रं भोक्ष्यामहे, पास्यामो वा, सर्वं वा परिशटति उपयुज्यते, तत् सर्वं भोक्ष्यामहे, पास्याम इति। इति आचाराङ्गद्वितीयश्रुतस्कन्धे प्रथमाध्ययने नवमोद्देशके 'साधुर्लवणाशनं कुर्यात्' इत्यभिप्रायः।

अथ यः पानकपरिष्ठापनादिविधिः श्रीआचाराङ्गसूत्रवृत्त्योर्द्वितीय-श्रुतस्कन्धे षष्ठाध्ययने द्वितीयोद्देशके प्रोक्तः, तमाह, तथाहि–

**'से भिक्खू वा, भिक्खुणी वा जाव–समाणे सिया, से परो अभिहट्टु अंतो परिग्गहंसि सीउदगं परिभाएत्ता णीहट्टु दलएज्जा।**



તેને તે શ્રમણ કહે કે હે આયુષ્માન શ્રમણ ! આ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ આહાર અમે આટલી માત્રામાં ભોજન કરશું કે પીશું. અથવા તો જેટલું પરિશટિત છે (વધે છે ?) તેટલું ભોજન કરશું કે પીશું.

આ રીતે **આચારાંગસૂત્ર**ના દ્વિતીય શ્રુતસ્કંધમાં પ્રથમાધ્યયનના નવમાં ઉદ્દેસામાં 'સાધુ લવણ વાપરે', એ અભિપ્રાય કહ્યો.

હવે **શ્રીઆચારાંગસૂત્રવૃત્તિ**માં દ્વિતીય શ્રુતસ્કન્ધમાં ષષ્ઠ અધ્યયનમાં દ્વિતીય ઉદ્દેશામાં જે પાનકપારિષ્ઠાપનનો વિધિ કહ્યો છે, તે કહે છે – ભિક્ષુ કે ભિક્ષુણી હોય, તે ગૃહસ્થના ઘરે વહોરવા માટે પ્રવેશ કરે, ત્યારે તે ગૃહસ્થ અનાભોગથી, શત્રુતાથી કે દયાથી કે



**तहप्पगारं परिग्गहं परहत्थंसि वा, परपायंसि वा, परपायंसि वा अफासुअं जाव–णो परिगाहेज्जा। से य आहच्च परिग्गहिए सिया, से खिप्पामेव उदगम्मि साहरेज्जा। से य पडिग्गहमायाए एअं परिट्ठवेज्जा। से सणिद्धाए च णं भूमीए णियामेज्जा।**

व्याख्या– स भिक्षुर्गृहपतिकुलं पिण्डपातप्रतिज्ञया प्रविष्टः सन् पानकं याचेत। तस्य च स्यात् कदाचित् स परो गृहस्थः अनाभोगेन, प्रत्यनीकतया, तथा अनुकम्पया, विमर्षतया वा गृहान्तः-मध्ये एव परस्मिन् पतद्ग्रहे स्वकीये भाजने आहृत्य शीतोदकं परिभाज्य विभागीकृत्य 'णीहट्टु' त्ति निःसार्य दद्यात्, स साधुः तथाप्रकारं शीतोदकं परहस्तगतं परपात्रगतं वा अप्रासुकमिति मत्वा न प्रतिगृह्णीयात्। तद्यथा अकामेन विमनस्केन वा प्रतिगृहीतं स्यात्, ततः क्षिप्रमेव तस्यैव दातुः उदकभाजने प्रक्षिपेत्। अनिच्छतः कूपादौ समानजातीयोदके परिष्ठापनाविधिना परिष्ठापनं कुर्यात्, तदभावे अन्यत्र वा छायागर्तादौ प्रक्षिपेत्। सति वा अन्यस्मिन् भाजने तत् सभाजनमेव निरुपरोधिस्थाने मुञ्चेदिति।



કાંઈ વિચારીને અંદર જઈને પાત્રમાં કાચું પાણી ભરીને બહાર નીકળીને આપે તો તે તેના હાથ કે પાત્રમાં રહેલું પાણી અપ્રાસુક છે એમ માનીને ન લેવું. અનાભોગથી લેવાઈ જાય તો તરત જ તે ગૃહસ્થના પાણીના ભાજનમાં નાખી દેવું. તે ગૃહસ્થ તે પાણી પાછું લેવા ન ઈચ્છે તો કૂવા વગેરેમાં તે પાણીની સમાનજાતીય હોય એવા પાણીમાં પરિષ્ઠાપનાની વિધિથી પરઠવે. તેવું પાણી ન મળે તો અન્યત્ર છાયામાં કે ખાડા વગેરેમાં પરઠવે. અને પોતાની પાસે બીજું પાત્ર હોય, તો તે પાત્રા સાથે જ એવા સ્થાનમાં તે પાણી મુકી દે, કે જ્યાં તે જીવોની વિરાધના ન થાય. તે સ્નિગ્ધ ભૂમિમાં છોડે, (જે ભૂમિ આર્દ્ર હોવાથી જીવોને કિલામણા ન થાય.)

इति सचित्ताऽचित्तलवणपानीयपरिष्ठापनविधिः।।५०।।

ननु–

**'बारस जोयणमुसभे समवसरणं च नेमिजिण जाव।**

**दो दो गाऊऊणं पासे पण कोस चउ वीरे।।**

इयं गाथा छुटकपत्रे लिखिता प्रवर्त्तमाना च दृश्यते, परं प्रमाणम् अप्रमाणं वा ? 'उच्यते' अप्रमाणमेवेति सम्भाव्यते, महत्प्रमाणीभूतशास्त्रानुक्तत्वेन आगमविरुद्धत्वाच्च।

ननु– श्रीआवश्यकनिर्युक्तौ श्रीभद्रबाहुस्वामिना भगवत्समवसरणस्य

विशेषोपनिषद्

આ રીતે સચિત્ત-અચિત્ત લવણ અને પાણીને પરઠવવાની વિધિ કહી. ।।૫૦।।

**(૫૧) પ્રશ્ન** :- છૂટક પત્રમાં લખેલી એવી ગાથા દેખાય છે કે ઋષભદેવનું સમવસરણ ૧૨ યોજનનું હતું. નેમિનાથ સુધીના જિનોનું સમવસરણ તેનાથી બે-બે ગાઉં ન્યૂન હતું. પાર્શ્વનાથનું સમવસરણ પાંચ ગાઉનું અને મહાવીરસ્વામિનું સમવસરણ ચાર ગાઉનું હતું.

આ ગાથાની પ્રવૃત્તિ પણ થાય છે. પણ આ ગાથા પ્રમાણ છે કે અપ્રમાણ ?

**ઉત્તર** :- અપ્રમાણ જ હોય એવું સંભવે છે. કારણ કે તે ગાથા મહાપુરુષોને પ્રમાણ એવા શાસ્ત્રોમાં નથી, માટે તે ગાથા નિરાધાર છે. તથા એમાં પ્રતિપાદિત અર્થ આગમવિરુદ્ધ છે. માટે પણ આ ગાથા અપ્રમાણ છે.

**શંકા** :- **શ્રીઆવશ્યકનિર્યુક્તિ**માં **શ્રીભદ્રબાહુસ્વામિએ** ભગવાનના સમવસરણનું શું પ્રમાણ કહ્યું છે ?

**સમાધાન** :- એક યોજન જ પ્રમાણ કહ્યું છે. **આવશ્યકચૂર્ણિ**માં અને **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સમવસરણસ્તોત્ર**માં પણ એ મુજબ જ છે.



कियत् मानम् उक्तम्, इत्याह– योजनमात्रमेवोक्तम्, एवम् आवश्यकचूर्णावपि। एवं श्री देवेन्द्रसूरिकृतसमवसरणस्तोत्रेऽपि।

ननु– श्रीआवश्यकनिर्युक्त्यादौ भगवतां समवसरणं सामान्यतया योजनप्रमाणं प्रोक्तम्, परं क्वाऽपि ग्रन्थे श्रीऋषभदेवस्य नामग्राहं योजनप्रमितं समवसरणं प्रतिपादितम् अस्ति न वा ? 'उच्यते' श्रीहेमाचार्यैः स्वकृते श्रीआदिनाथचरित्रे तृतीयसर्गे योजनप्रमाणस्यैव उक्तत्वात्। तत्पाठश्चायम्–

**ततः समवसरणस्या-वनीमेकयोजनाम्।**

**अमृजन् वायुकुमाराः स्वयं मार्जितमानिनः।।**

इति पुनरपि आह परः, ननु भवद्भिरियं गाथा ग्रन्थसम्मत्या यथा अप्रमाणीक्रियते, तथा पूर्वसूरिभिरपि कैश्चिद् अप्रमाणीकृताऽस्ति ?

विशेषोपनिषद्

**શંકા** :- **આવશ્યકનિર્યુક્તિ** વગેરેમાં જે 'ભગવાનનું સમવસરણ એક યોજનનું હોય છે' એવું કહ્યું છે, તે સામાન્યથી કહ્યું છે. પણ કોઈ પણ ગ્રંથમાં શ્રીઋષભદેવનું નામ લઈને એક યોજનનું સમવસરણ કહ્યું છે ? કે નહીં ?

**સમાધાન** :- **કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યે** સ્વરચિત **શ્રીઆદિનાથચરિત્ર**માં તૃતીય સર્ગમાં એક યોજનનું જ સમવસરણ કહ્યું છે. તેનો પાઠ આ મુજબ છે –

પછી સ્વચ્છતાની માન્યતાવાળા વાયુકુમાર દેવોએ પોતે જ સમવસરણની એક યોજનપ્રમાણ ધરતીને સમ્માર્જિત કરી.

**શંકા** :- તમે આ ગાથાને આવશ્યકનિર્યુક્તિ વગેરે ગ્રંથસમ્મતિથી અપ્રમાણ કરો છો. તે રીતે શું કોઈ પૂર્વસૂરિઓએ પણ આ ગાથાને અપ્રમાણ કરી છે ?

**સમાધાન** :- તપાગચ્છીય **શ્રીધર્મકીર્તિ ઉપાધ્યાયે શ્રી સંઘાચાર-**

'उच्यते' तपागच्छीयश्रीधर्मकीर्त्युपाध्यायैः श्रीसङ्घाचारग्रन्थे– बारस जोयणमुसभे इत्यादि– गाथेयमसाम्प्रदायिका इति लिखितत्वात्, तदर्थिना च सङ्घाचारग्रन्थो विलोकनीयः, पुनरपि समवसरणस्तोत्रावचूरावपि– 'बारस जोयणत्ति' गाथायाः पारम्पर्यं न ज्ञायते, इति लिखितमस्ति। ततः श्रीआवश्यकनिर्युक्त्यादौ समवसरणस्य योजनप्रमाणोक्तित्वात्। 'बारस-जोअणमुसभे' इत्यादि गाथाया महत्प्रमाणीभूतशास्त्रेषु अनुक्तत्वात्, श्रीआदिनाथसमवसरणस्य नामग्राहं श्रीहेमाचार्यकृतश्रीआदिनाथचरित्रे योजनमात्रस्य प्रतिपादितत्वात्। सङ्घाचारग्रन्थे एतद् गाथाया असाम्प्रदायि-कत्वेन लिखितत्वात् च इयं गाथा अप्रमाणीभूता एव सम्भाव्यते, पुनः क्वापि ग्रन्थे पूर्वसूरिभिः प्रमाणीकृता भवति तदा दृश्यते इति 'बारस

विशेषोपनिषद्

**भाष्य**માં લખ્યું છે કે – 'બાર યોજનપ્રમાણ ઋષભદેવનું' ઈત્યાદિ જે આ ગાથા છે તે અસાંપ્રદાયિક છે. ગુરુપરંપરાથી આવેલી નથી. (सम्प्रदायो गुरुक्रमः – हैम) જેને આ વિષયમાં જાણવું હોય, તેમણે સંઘાચાર ગ્રંથ જોવો.

વળી **સમવસરણસ્તોત્ર**ની અવચૂરિમાં પણ લખ્યું છે, કે ૧૨ યોજન વગેરે જે ગાથા છે, તે પરંપરાથી આવેલી હોય, એવું જણાતું નથી.

ઉપરોક્ત સર્વ કારણોથી આ ગાથા અપ્રમાણ હોય, એવું જ સંભવે છે. જો આ ગાથાને પૂર્વાચાર્યોએ કોઈ પણ ગ્રંથમાં પ્રમાણભૂત માની હોત, તો દેખાત. પણ કોઈ ગ્રંથમાં આ ગાથા દેખાતી નથી. માત્ર છૂટક પત્ર માં જ મળે છે. માટે 'બાર યોજન ઋષભદેવનું' આ ગાથા અપ્રમાણ છે, એ વિચાર કહ્યો. ।।૫૧।।

(૫૨) **પ્રશ્ન** :- કેટલાક એમ કહે છે કે વીંધેલા મોતીઓ પ્રાસુક છે અને વીંધેલા ન હોય તે સચિત્ત છે. આ વાત સાચી છે કે ખોટી ?

**ઉત્તર** :- મોતીઓ વીંધેલા હોય કે ન હોય, પણ પોતાના સ્થાનથી ચ્યવિત થાય - છીપ વગેરેમાંથી નીકળી જાય તે સર્વ



जोयणमुसभे' इयं गाथाऽप्रमाणमिति विचारः।।५१।।

ननु– केचिद् वदन्ति विद्धमुक्ताफलानि प्रासुकानि अविद्धानि तु सचित्तानीति। तत्सत्यं तदितरद् वा ? 'उच्यते' मुक्ताफलानि विद्धानि अविद्धानि च स्वस्थानच्युतानि सर्वाणि अपि प्रासुकान्येव। एवं मणि-सुवर्णरत्नशङ्खप्रवालादीनि अपि। यदुक्तं श्रीअनुयोगद्वारसूत्रवृत्त्योस्तथाहि- **"से किं तं लोइए ? लोइए तिविहे पण्णत्ते, तं जहा–सचित्ते १ अचित्ते २ मीसए ३, से किं तं सचित्ते, सचित्ते तिविहे पण्णत्ते तं जहा दुपयाणं १ चउप्पयाणं २ अपयाणं ३ दुपयाणं दासाणं दासीणं १ चउप्पयाणं आसाणं हत्थीणं २ अपयाणं अंबाणं अंबाडगाणं आए से तं सचित्ते, ३ से किं तं अचित्ते, सुवण्णरययमणिमुत्तियसंखं सिलप्पवालरत्तरयणाईणि। से तं लोइए आए इति।"**

व्याख्या– 'से किं तं आए इत्यादि,' आयः प्राप्तिर्लाभ इत्यनर्थान्तरम्

विशेषोपनिषद्

પ્રાસુક જ છે. એ જ રીતે મણિ, સુવર્ણ, રત્ન, શંખ, પ્રવાલ વગેરેની બાબતમાં પણ સમજવું. શ્રી **અનુયોગદ્વારસૂત્રવૃત્તિ**માં કહ્યું છે – લૌકિક શું છે ? લૌકિક ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે – (૧) સચિત્ત (૨) અચિત્ત (૩) મિશ્રક. સચિત્ત શું છે ? સચિત્ત ત્રણ પ્રકારનું છે.(૧) દ્વિપદનું (૨) ચતુષ્પદનું (૩) અપદનું. (૧) દ્વિપદનું - દાસોનું અને દાસીનું. (૨) ચતુષ્પદોનું ઘોડાનું, હાથીનું (૩) અપદનું - આંબા, આમળા વગેરેનો લાભ થાય તે (?) આ રીતે સચિત્ત કહ્યું.

અચિત્ત શું છે ? સુવર્ણ, રજત, મણિ, મોતી, શંખ, શિલા, પ્રવાલ, રક્ત રત્નો વગેરે. આ લૌકિક આય (લાભ) કહ્યો.

**વ્યાખ્યા** :- આય શું છે ? ઈત્યાદિ. આય-પ્રાપ્તિ-લાભ આ

अस्यापि नामादिभेदभिन्नस्य विचारः सूत्रसिद्ध एव यावत्' 'से किं तं अचित्ते २ सुवण्णेत्यादि, लौकिकोऽचित्तस्य सुवर्णादेरायो मन्तव्यः। तत्र सुवर्णादीनि प्रतीतानि' 'सिलत्ति' शिलामुक्ताशैलराजपट्टादीनां रक्तरत्नानि पद्मरागरत्नानि, एवं श्रीसूत्रकृदङ्गे आहारपरिज्ञाध्ययनेऽपि। तथाहि– साम्प्रतं पृथ्वीकायम् अधिकृत्याह इह एके सत्त्वाः प्राणिनः पूर्वं नानाविधयोनिकाः स्वकृतकर्म्मवशात् नानाविधत्रसस्थावराणां शरीरेषु सचित्ताचित्तेषु पृथ्वीत्वेन उत्पद्यन्ते, तद्यथा सर्पशिरस्सु मणयः, करिकुम्भेषु मौक्तिकानि, विकलेन्द्रियेषु अपि शुक्त्यादिषु मौक्तिकानि, स्थावरेषु वेण्वादिषु तान्येवेति। एवम् उत्पत्त्यादिषु ऊषरादिषु जीवा लवणभावेन उत्पद्यन्ते, इति। यथा तपागच्छनायकश्रीहीरविजयसूरिप्रसादीकृतप्रश्नोत्तरसमुच्चये, तच्छिष्यपण्डितकीर्त्तिविजयगणिसमुच्चिते श्रीजेसलमेरुसङ्घकृत-



સર્વ એકાર્થક છે. નામ વગેરેના ભેદોથી આયનો વિચાર સૂત્રથી જ સમજાઈ જાય છે. 'અચિત શું છે ? સુવર્ણ વગેરે' ત્યાં સુધી. લૌકિક અચિત્તનો લાભ સુવર્ણ વગેરેનો સમજવો. તેમાં સુવર્ણ વગેરે પ્રતીત છે. શિલા, મોતી, શૈલરાજપટ્ટ (?) વગેરે, લાલ રત્નો એટલે પદ્મરાગ રત્નો.

આ જ રીતે **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર**માં આહારપરિજ્ઞા અધ્યયનમાં પણ કહ્યું છે. તે આ મુજબ છે –

હવે પૃથ્વીકાયને વિષે કહે છે. અહીં કેટલાક જીવો પૂર્વે અનેક યોનિઓમાં ઉત્પન્ન થયા બાદ, પોતે કરેલા કર્મોને કારણે અનેક પ્રકારના ત્રસ-સ્થાવર જીવોના શરીરોમાં સચિત્ત-અચિત્ત પૃથ્વીરૂપે ઉત્પન્ન થાય છે. જેમ કે સર્પોના માથાઓમાં મણિઓ થાય છે. હાથીના કુંભસ્થળો પર મોતીઓ થાય છે. વિકલેન્દ્રિયોમાં પણ છીપ વગેરેમાં મોતીઓ થાય છે, સ્થાવરોમાં પણ વાંસ વગેરેમાં મોતીઓ થાય છે. આ રીતે ખાણ-વગેરેમાં અને ઉષર ભૂમિમાં જીવો લવણરૂપે ઉત્પન્ન



षोडशप्रश्नोत्तरेऽपि। मौक्तिकानि विद्धानि अविद्धानि अपि प्रासुकान्येव प्रोक्तानि सन्ति। तथाहि– मौक्तिकानि सचित्तानि अचित्तानि वा कुत्र वा कथितानि सन्तीति, अत्र मौक्तिकानि विद्धानि अविद्धानि वा अचित्तानि ज्ञेयानि, यतः श्रीअनुयोगद्वारसूत्रे मौक्तिकरत्नादीति अचित्त-परिग्रहमध्ये तानि सन्तीति अष्टाविंशतिपत्रे। इति विद्धाविद्धानि मुक्ताफलानि स्वस्थानच्युतानि प्रासुकानीतिविचारः।।५२।।

ननु– केचिद् वदन्ति गड्डरिकाया उष्ट्र्याश्च दुग्धम् अभक्ष्यम् इति। तत्सत्यम् असत्यं वा ? 'उच्यते' सत्यम् एतत्, सप्तविंशत्यधिके एकादशशतसम्वत्सरे श्रीवीरर्षिकृतायां श्रीपिण्डनिर्युक्तिलघुटीकायाम् अभक्ष्यत्वेन प्रतिपादनात्। तत्सूत्रवृत्तिपाठश्चायम्– तथाहि–



થાય છે.

તથા તપાગચ્છનાયક **શ્રીહીરવિજયસૂરિ** દ્વારા પ્રસાદીકૃત **પ્રશ્નોત્તરસમુચ્ચય** ગ્રંથનો તેમના શિષ્ય શ્રીકર્તિવિજયગણિએ સંગ્રહ કર્યો છે. તેમાં શ્રી જેસલમેર સંઘે કરેલા સોળ પ્રશ્નોત્તરમાં પણ એવું જ કહ્યું છે, કે મોતીઓ વીંધેલા હોય કે ન હોય, તે અચિત્ત જ છે. કારણ કે શ્રી અનુયોગદ્વારસૂત્રમાં મોતી, રત્ન વગેરે અચિત્ત પરિગ્રહમાં ગણ્યા છે.

આ રીતે વીંધેલા અને નહીં વીંધેલા મોતીઓ પોતાના સ્થાનથી ચ્યવિત થયા હોય તે પ્રાસુક છે એ વિચાર કહ્યો. ।।૫૨।।

(૫૩) **પ્રશ્ન** :- કેટલાક એમ કહે છે કે ઘેટી અને ઉંટડીનું દૂધ અભક્ષ્ય છે, તો એ સત્ય છે કે અસત્ય ?

**ઉત્તર** :- એ સત્ય છે. **શ્રીવીરર્ષિ**એ વિ.સં. ૧૧૨૭ માં **શ્રીપિંડનિર્યુક્તિ**ની **લઘુટીકા** બનાવી હતી. તેમાં તેમણે તે દૂધ અભક્ષ્ય છે, એમ કહ્યું છે. તે સૂત્રવૃત્તિનો પાઠ આ મુજબ છે – ઘેટી

**"अविला १ करही २ खीरं लसुण पलंडू ३ सुरा ४ य गोमंसं।।५।। वेयसमए वि अमयं किंचि अभोज्जं अपेयं च ।।१।। १६।।७७।।**

व्याख्या- **अविलाकरभीक्षीरं** गड्डरिकोष्ट्रीदुग्धं, तथा '**लसुणपलंडु**त्ति, कन्दविशेषः शाकविशेषश्च, तथा '**सुरा**' मद्यं, **चः** समुच्चये तथा **गोमांसम्**-सुरभीपलम्, एतत् किम् इत्याह **वेदा** ऋग्वेदादयो ब्राह्मणसम्बद्धाश्चत्वारः शास्त्रविशेषाः। **समय**स्तु शेषदर्शनिनां सिद्धान्तस्तस्मिन्नपि, न केवलं जिनशासने इत्यपिशब्दार्थः, **अमतं** ग्राह्यतया अनभिप्रेतं शिष्टानाम् इति शेषः। यत एतेषां मध्यात् किमपि **अभोज्यं** प्रतीतं लशुनादि, तथा किञ्चिदिति अनुवृत्तेर**पेयम्** अपातव्यम्, अविलाक्षीरादि, उपलक्षणत्वात् काकमांसादिग्रहः, **चः** समुच्चये वेदादयो हि असमञ्जसभाषकाः प्रायः स्युः, ततो यदि तेष्वपि अविलाक्षीरादिग्रहणेऽसंमतत्वम् उक्तं, तदानीं युक्तभाषिणि जिनशासने सावद्यत्वेन साधूनाम् आधाकर्म-

विशेषोपनिषद्

અને ઊંટડીનું દૂધ, લસણ અને પ્યાજ, મદિરા, ગાયનું માંસ આ બધી વસ્તુઓ જિનશાસનમાં તો અભક્ષ્ય છે જ, ઋગ્વેદ વગેરે જે બ્રાહ્મણોના ચાર ગ્રંથો છે, તેમના મતમાં અને બીજા દર્શનાનીઓના સિદ્ધાન્તમાં પણ શિષ્ટપુરુષો એ વસ્તુઓને અગ્રાહ્ય માને છે. કારણ કે આ વસ્તુઓમાં કાંઈક અભક્ષ્ય છે, જેમ કે લસણ વગેરે, અને કોઈક અપેય છે, જેમ કે ઘેટીનું દૂધ વગેરે. ઉપલક્ષણથી કાગડાનું માંસ વગેરે સમજવા. વેદ વગેરે તો પ્રાયઃ અનુચિત પ્રરૂપણા કરનારા હોય છે. તેથી જો તેમાં પણ ઘેટીના દૂધ વગેરેનું ગ્રહણ કરવામાં અસમ્મતિ કહી હોય તો યુક્તિયુક્ત પ્રરૂપણા કરનારા જિનશાસનમાં તો સાવધ હોવાથી સાધુઓને આધાકર્મનો પરિહાર કહ્યો એ અત્યંત ઉચિત જ છે. (વેદ જેવા શાસ્ત્રો પણ જો તેને અભક્ષ્ય માનતા હોય, તો તે વસ્તુ કેટલી નિકૃષ્ટ-અધમ હશે. તેના ભક્ષણમાં કેટલી



परिहारः सुतरां वक्तुम् उचितः, इति गाथार्थः।।

श्रीमलयगिरिकृतपिण्डनिर्युक्तिवृत्तौ एतद्गाथाव्याख्याने तु एवं व्याख्यातं, यदुत यथा वेदे अविलाकरभीक्षीरादिकम् अभोज्यम् अपेयं च, तथा जिनशासनेऽपि, किञ्चिदाधाकर्मादिरूपम् अभक्ष्यम् अपेयं च वेदितव्यं, तथाहि '**अविला**' अविला उरणी, **करभी** उष्ट्री तयोः **क्षीरम्**, तथा **लशुनं पलाण्डुः सुरा गोमांसं च**, वेदे यथायोगं शेषेषु समयेषु निर्धर्मप्रणीतेषु, **अमतम्** असंमतं भोजनेषु पानेषु च, तथा जिनशासनेऽपि किञ्चिद् आधाकर्मादिकम् अभोज्यम् अपेयं च वेदितव्यम्, अत्र भावनापूर्वम् इह संयमप्रतिपत्तौ असंयमवमनेन आधाकर्मापि साधुभिर्वान्तपुरीषम् इव उत्सृष्टं वा, न च वान्तं पुरीषं वा भोक्तुमुचितं विवेकिनामपि,

विशेषोपनिषद्

જઘન્યતા હશે. એ વિચારી તેનો ત્યાગ કરવો જોઈએ. જિનશાસનમાં તો તેને અભક્ષ્ય ગણ્યું જ છે.) આ પ્રમાણે ગાથાર્થ છે.

**શ્રીમલયગિરિ**કૃત **પિંડનિર્યુક્તિ**ની **વૃત્તિ**માં આ ગાથાની વ્યાખ્યા આ મુજબ કરી છે – જેમ વેદમાં ઘેટી-ઉંટડીનું દૂધ વગેરે અભક્ષ્ય અને અપેય છે, તેમ જિનશાસનમાં પણ કાંઈક આધાકર્મ વગેરે અભક્ષ્ય અને અપેય સમજવું જોઈએ. ઘેટી-ઊંટડીનું દૂધ, લસણ, પ્યાજ, મદિરા, ગાયનું માંસ... આ બધું વેદમાં અને નિધર્મીઓએ બનાવેલા બાકીના સિદ્ધાન્તોમાં પણ અભક્ષ્ય અને અપેય મનાયા છે. તેમ જિનશાસનમાં પણ કાંઈક-આધાકર્મ વગેરે અભક્ષ્ય અને અપેય સમજવા. પહેલાં અહીં સંયમનો સ્વીકાર કર્યો એટલે અસંયમનું વમન કર્યું. જેમ એક વાર વમેલી વસ્તુ– જે ઉલ્ટી દ્વારા શરીરમાંથી નીકળી ગઈ છે, તેવી વસ્તુ ફરીથી ન ખવાય. તેમ આધાકર્મિક આહાર પણ સાધુઓએ ઉલ્ટી કરેલ વસ્તુ અને વિષ્ટાની જેમ છોડી દીધો છે. ઉલ્ટી કે વિષ્ટાનું ભક્ષણ કરવું એ વિવેકીઓને માટે ઉચિત નથી. આ રીતે યુક્તિ દ્વારા 'આધાકર્મ અભક્ષ્ય છે'

युक्तिवशाद् अभोज्यम् उक्तम् आधाकर्म। अथवा अप्रमाण्याद् अभोज्यम् अवसेयम्, तथा च मिथ्यादृष्टयोऽपि वेदेषु यथायोगम् अन्येष्वपि समयेषु गोमांसादिकं करभीक्षीरादिकं च अभोज्यम् अपेयं च अभिधीयमानं वचनप्रामाण्याभ्युपगमतस्तथेति, प्रतिपद्यन्ते, तद् यदि मिथ्यादृष्टयोऽपि स्वस्वसमयवचनप्रामाण्याभ्युपगमतस्तथेति प्रतिपन्नाः, ततः साधुभिः भगवति सर्वज्ञे प्रत्ययदार्ढ्यम् अवलम्बमानैः, विशेषतो भगवत्प्रणीतवचसि अभिधीयमानम् आधाकर्मादिकम् अभोज्यम् अपेयं च, तथेति प्रतिपत्तव्यम्। इत्यादि एकोनपञ्चाशत्पत्रे।।४९।। अत्र वीरर्षिकृतवृत्त्यभिप्रायेण, अविलाकरभीक्षीरादीनामपि जिनशासनेऽभक्ष्यत्वम् अपेयत्वम् उक्तं दृश्यते। मलयगिरिवृत्त्यभिप्रायेण तु वेदसमयेषु अविलाकरभीक्षीराणाम्

विशेषोपनिषद्

એવું સિદ્ધ કર્યું.

અથવા તો અપ્રમાણ હોવાથી એ અભક્ષ્ય છે, એમ સમજવું. જેમ કે વેદો અને અન્ય સિદ્ધાન્તોમાં ગાયનું માંસ, ઊંટડીનું દૂધ વગેરેને અભક્ષ્ય અને અપેય કહ્યું છે, મિથ્યાદષ્ટિઓ પણ તે શાસ્ત્રોના વચનોને પ્રમાણ તરીકે સ્વીકારે છે. અને તે તે વસ્તુને અભક્ષ્ય અને અપેય માને છે.

તો જો મિથ્યાદષ્ટિઓ પણ પોતાના શાસ્ત્રોના વચનોને પ્રમાણ માનીને તે વસ્તુ અભક્ષ્ય જ -અપેય જ છે એવું સ્વીકારે છે. તો સાધુઓએ તો સર્વજ્ઞ ભગવાનના વચન પર કેટલી દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ ? તેમણે તો વિશેષથી ભગવાનના વચન પર શ્રદ્ધા રાખીને આધાકર્મ વગેરે અભોજ્ય અને અપેય છે એવું સ્વીકારવું જોઈએ. ઈત્યાદિ ૪૯ માં પત્રમાં છે.

અહીં વીરર્ષિકૃત વૃત્તિના અભિપ્રાયથી ઘેટી-ઊંટડીનું દૂધ વગેરે પણ જિનશાસનમાં અભક્ષ્ય અને અપેય કહ્યું છે, એવું દેખાય છે. મલયગિરિવૃત્તિના અભિપ્રાયથી તો વેદ સમયોમાં ઘેટી-ઊંટડીનું દૂધ



अभक्ष्यत्वं, परं जिनशासने नहि पश्चाद् तत्त्वं पुनः केवलिनो विदन्तीति।

ननु– द्वाविंशत्यभक्ष्यमध्ये, अभक्ष्यत्वेन अनुक्तावपि कथम् अविलाकरभीक्षीरम् अभक्ष्यम् उक्तम्। उच्यते यथा श्रीजिनवल्लभसूरिभिः श्राद्धकुलके श्रावकाणाम् अभक्ष्यनियमाधिकारे।

**“महु १ मक्खण २ सिंघाडग ३ गोरसजुयंबिदल ४ जाणियमणंतं ५। अन्नायफलं ६ वयंगण ७ पंचुंवरि ८ मवि न भुंजंति।।”** इति शृङ्गाटकानां द्वाविंशत्यभक्ष्यमध्ये अनुक्तत्वेऽपि अभक्ष्यत्वं

વિશેષોપનિષદ્

વેદ-સમયોમાં અભક્ષ્ય છે, પણ જિનશાસનમાં અભક્ષ્ય નથી. અહીં તત્ત્વ તો કેવળી ભગવંતો જાણે છે. (શ્રીમલયગિરિ મહારાજે આધાકર્મ પરિહાર માટે- મિથ્યાદષ્ટિઓ શાસ્ત્રવચનને પ્રમાણ માનીને જેનો અભક્ષ્ય તરીકે પરિહાર કરે છે - તેનું દૃષ્ટાન્ત આપ્યું છે. જિનશાસનમાં તે અભક્ષ્ય છે કે નહી એવો કોઈ સંકેત કર્યો નથી. માટે ‘શ્રીમલયગિરિ મહારાજના અભિપ્રાયથી ઘેટી-ઊંટડીનું દૂધ જિનશાસનમાં અભક્ષ્ય નથી’ એવું ન કહી શકાય. અન્યથા તેની સાથે જ કહેલા સુરા-ગોમાંસ વગેરે પણ જિનશાસનમાં અભક્ષ્ય-અપેય નથી, એવો તેમનો અભિપ્રાય છે એવું પણ માનવાની આપત્તિ આવશે. બહુશ્રુતોને વિચારણા કરવા વિનંતિ.)

**શંકા** :- એ વસ્તુઓ ૨૨ અભક્ષ્યોમાં અભક્ષ્યરૂપે કહી નથી. તો પણ તેને અભક્ષ્ય કેમ કહેવાય છે ?

**સમાધાન** :- **શ્રીજિનવલ્લભસૂરિકૃત શ્રાદ્ધકુલક**માં શ્રાવકોના અભક્ષ્ય નિયમના અધિકારમાં કહ્યું છે – મધ, માખણ, શિંગોડા, ગોરસયુક્ત દ્વિદળ, જ્ઞાત (?) અનંતકાય, અજ્ઞાતફળ, વયંગ નામનું ફળ (વયંગ દેશ્ય શબ્દ છે, જે ફળવિશેષ અર્થમાં છે) તથા પંચ ઉંબરા પણ ખાતા નથી.

આ રીતે અહીં ૨૨ અભક્ષ્યમાં શિંગોડા ન કહ્યા હોવા છતાં પણ તેને અભક્ષ્ય કહ્યા છે.

प्रत्यपादि। पुनः श्रीचन्द्राचार्यैरपि स्वकृतयोगविधौ सम्यक्त्वाऽऽरोपणानन्तरं।

**"पंचुंबरचउविगई अणायफलकुसमहिमविसकरगे।**
**मट्टीराइभोयणघोलवडा रीगणी चेव।।१।।**
**पंपोडयसंघाडय वाइंगणकाइं वणे य तह चेव।**
**वावीसदव्वाणि अभक्खणीयाणि सड्ढाणं।।२।।**

पुनः चतुर्दशपूर्वधरश्रीशय्यम्भवाचार्यकृतदशवैकालिकद्वितीयाध्ययनप्रथमगाथायाम्– 'कहन्नु कुज्जासामन्नं' इत्यादि, इति कामव्याख्याने चतुर्दशपूर्वधरश्रीभद्रबाहुस्वामिकृतदशवैकालिकनिर्युक्तिगाथाव्याख्यानप्रस्तावे, बृहद्वृत्तिकारेण श्रीहरिभद्रसूरिणा, शब्दरसरूपगन्धस्पर्शमोहोदयाभिभूतैः सत्त्वैः काम्यते इति कामः, मोहोदयकारीणि च यानि द्रव्याणि सङ्घाटकविकटमांसादीनि तान्यपि मदनः कामाख्यः तस्य हेतुत्वात्, 'ये काम'



વળી **શ્રીચન્દ્રાચાર્યે** પણ સ્વકૃત યોગવિધિમાં સમ્યક્ત્વારોપણની વિધિ પછી કહ્યું છે કે –

પાંચ ઉંબર, ચાર વિગઈ, અજાણ્યા ફળ, ફૂલ, હિમ, વિષ, કરા, માટી, રાત્રિભોજન, ઘોલવડા, રિંગણા, પંપોટા, શિંગોડા, વયંગ અને વણ (?) આ બાવીશ દ્રવ્યો શ્રાવકોને અભક્ષ્ય છે.

વળી ૧૪ પૂર્વધર **શ્રી શય્યંભવસૂરિકૃત દશવૈકાલિક સૂત્ર**માં દ્વિતીય અધ્યયનની પ્રથમ ગાથામાં - તે શ્રામણ્ય શી રીતે કરે ? ઈત્યાદિમાં 'કામ' ની વ્યાખ્યા કરતાં ૧૪ પૂર્વધરશ્રી **ભદ્રબાહુસ્વામિકૃત દશવૈકાલિકનિર્યુક્તિ** ગાથાની વ્યાખ્યાના અવસરે બૃહદ્વૃત્તિકાર **શ્રીહરિભદ્રસૂરિ**એ આ મુજબ કહ્યું છે – 'શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શમાં મૂર્ચ્છાના ઉદયથી અભિભૂત થયેલા જીવો જેની કામના કરે છે, તેને કામ કહેવાય. જે દ્રવ્યોથી મોહોદય થાય તે શિંગોડા-વિકટ (?) માંસ વગેરે પણ કામ છે. કારણ કે એ કામના કારણ છે.



इति। एवम् अक्षरै-र्मद्यमांसतुल्यतादर्शनेन सामान्येन साधुश्रावकयोर्निषेधः। इति शृङ्गाटकानाम् अभक्ष्यत्वमुक्तम्। तथा गड्डरिकाकरभीदुग्धस्यापि इति। श्रीपिण्डविशुद्धिबृहद्वृत्तौ तु यथा वेदसमये गड्डरिकाकरभीक्षीरादिनि, गर्हितानि तथा तत्समानम् आधाकर्मिकमपि गर्हितं ज्ञेयम्, इत्युक्तं तथाहि–

**"वंतु १ च्चार २ सुरा ३ गोमंस सममिमंति तेण न जुत्तं।**
**पत्तं पि कयतिकप्पं कप्पइ पुव्वं करिसघट्टं।।१६।।"**

एतद्गाथाव्याख्याप्रान्ते उपलक्षणमात्रं चेह वान्तादिग्रहणं, तेन गड्डरिकाकरभीक्षीरलशुनपलण्डुकाकमांसादीनि अपि वेदसमयगर्हितानि, इह द्रष्टव्यानि। एवं च अभक्षणीयमेव इदम् इत्युक्तं, वेदशास्त्रे तु



જે કામનું નિવારણ ન કરે તે શ્રામણ્યનું પાલન શી રીતે કરી શકે ?' (દશ.૨-૧) આવા અક્ષરોથી શિંગોડાને મદ્ય-માંસ જેવા બતાડીને સામાન્યથી સાધુ-શ્રાવકોને તેનો નિષેધ કર્યો છે.

આ રીતે જેમ શિંગોડાને અભક્ષ્ય કહ્યા છે, તેમ ઘેટીના દૂધને પણ અભક્ષ્ય સમજવું. **શ્રીપિંડનિર્યુક્તિ**ની **બૃહદ્વૃત્તિ**માં તો એમ કહ્યું છે કે – જેમ વેદસમયમાં ઘેટી-ઊંટડીનું દૂધ વગેરે નિંદિત કહ્યા છે, તેમ આધાકર્મિકને પણ નિંદિત સમજવું. તે ગાથા આ મુજબ છે - - આધાકર્મિક આહાર ઉલ્ટી, વિષ્ટા, મદિરા અને ગોમાંસ જેવું છે. માટે તે વાપરવું ઉચિત નથી. જે પાત્રામાં પૂર્વે આધાકર્મિક આહાર વહોરાઈ ગયો હોય તે પાત્રું પણ ત્રણ વાર ધોઈને સૂકા છાણાથી ઘસ્યા પછી જ વાપરી શકાય.

આ ગાથાની વ્યાખ્યામાં છેલ્લે એવું કહ્યું છે કે અહીં ઉલ્ટી વગેરેનું ગ્રહણ ઉપલક્ષણ છે. તેથી ઘેટી-ઊંટડીનું દૂધ, લસણ, પ્યાજ, કાગડાનું માંસ વગેરે વેદો અને અન્ય ગ્રંથોમાં નિંદિત વસ્તુઓ પણ સમજી લેવી. આ રીતે તે અભક્ષ્ય જ છે. વેદશાસ્ત્રોમાં તો મોટા

गड्डरिकाकरभ्योः क्षीरस्य महता प्रबन्धेन अभक्षणीयत्वमुक्तमस्ति। इति गड्डरिकोष्ट्रीदुग्धस्याऽभक्ष्यत्वविचारः।।५३।।

ननु- अचित्तवनस्पतीनामपि यतनाऽस्ति ? 'उच्यते' अस्तीति, यदुक्तं श्रीओघनिर्युक्तिवृत्तौ, तथाहि- ननु कस्माद् अचित्तवनस्पतियतना ? उच्यते, तथाहि- सचेतनविषया यतनेति न्याय उच्यते, अत्रापि अस्ति कारणम्, यद्यपि अचित्तस्तथापि कदाचित्केषाञ्चित् वनस्पतीनाम् अविनष्टा योनिः स्यात्, गडूचीमुद्गादीनाम्, तथाहि, गडूची शुष्कापि जलसेकात् तादात्म्यं भजती दृश्यते, एवं कङ्कुदु(टु)कमुद्गादिरपि । अतो योनिरक्षणार्थम् अचेतनयतनापि न्यायवत्येव, इति अचित्तवनस्पतीनामपि यतनाविचारः ।।५४।।

——— विशेषोपनिषद् ———

प्रबंधथी घेटी-ऊंटडीना दूधनी अभक्ष्यता कही छे. आ रीते घेटी-ऊंटडीना दूधनी अभक्ष्यतानो विचार कह्यो. ।।५३।।

(५४) **प्रश्न** :- शुं अचित्त वनस्पतिओनी पण जयणा साचववानी होय छे ?

**उत्तर** :- हा, **श्रीओघनिर्युक्तिनी वृत्ति**मां कह्युं छे –

**शंका** :- अचित वनस्पतिनी यतना शा माटे कहेवाय छे ? कारण के जयणा तो सचित्तनी करवानी होय.

**समाधान** :- एनुं कारण छे. भले अचित होय, पण क्यारेक कोईक वनस्पतिओनी योनि अविनष्ट होय छे. जेम के गळो, मग वगेरेनी. ते आ मुजब - गळो सूकी होय, तो पण पाणी सिंचवाथी सजीव थती देखाय छे. ते ज रीते करडु मग वगेरेमां पण समजवुं. माटे योनिना रक्षण माटे अचित वनस्पतिनी जयणा पण उचित ज छे. आ रीते अचित्त वनस्पतिनी जयणानो विचार कह्यो. ।।५४।।

१. अथवाऽचित्तवनस्पतियतना दयालुताम् आह, यतो भक्षणे सचित्ताचित्त-योरविशेषात्।



ननु- साधुसाध्वीनां ग्रहीतसामायिकपौषधिकानां श्रावकश्राविकाणां च विद्युत्प्रदीपादिप्रभाणां स्पर्शने सति ईर्यापथिकी लगति, तत् कथं ? 'उच्यते' श्रूयतां तेजस्कायिकजीवानां मलिनदेहसंघट्टे विराधनासद्भावेन ईर्यापथिक्याः प्रतिक्रमणं सङ्गतिम् अङ्गति एव। अत एव शास्त्रे साधूनां स्पर्शनशङ्कायां कम्बलप्रावरणमुपदिष्टम्। तथाहि-

**सचित्तसलिल १ महिया २ रय ३ संपाइम ४ पमुक्खजीवाणं।**
**रक्खट्ठा उवइट्ठं कंबलग्गहणं सुसाहूणं।।१।।**
**कंबलमहुरत्तगुणेण नोदगाई जीया वि वज्जंति।**
**अइखार मलिणयाए य अंगसंगंमि जंति खयं।।२।।**

ननु- यथा विद्युत्प्रदीपादिप्रभाणां स्पर्शने दोषस्तथा चन्द्रादित्य-विमानप्रभाणां स्पर्शेऽपि दोषो भवेत्, किं वा नहि? 'उच्यते' न भवेत्

——— विशेषोपनिषद् ———

(५५) **प्रश्न** :- साधु-साध्वीओ अने जेमणे सामायिक-पौषध लीधा छे, एवा श्रावक-श्राविकाओने वीजळी-दीवो वगेरेनी प्रभानो स्पर्श थाय एटले ईरियावही करवी पडे छे, ते शा माटे ?

**उत्तर** :- तेजस्कायना जीवोने मलिन देहनो संघट्टो थाय, एटले तेमनी विराधना थाय छे. माटे ईरियावहिथी ते पापनुं प्रतिक्रमण संगत ज छे. माटे ज ज्यारे प्रभा-स्पर्शनो संशय होय, त्यारे साधुए कामळीने ओढवी जोईए, एवो उपदेश आप्यो छे. ते आ मुजब छे – सचितपाणी, महिका (जेमां आखुं वातावरण सचित्त पृथ्वीकायथी व्याप्त थई जाय छे) रज, संपातिम वगेरे जीवोना रक्षण माटे सुसाधुजनोने कामळीना ग्रहणनो उपदेश आप्यो छे.

कामळीनी मधुरताना (?) गुणथी अप्काय वगेरे जीवो पण वर्जन करता नथी (विराधना पामता नथी ?) अतिक्षार अने मलिनताने कारणे शरीरनो संपर्क थता मरण पामे छे.

**शंका** :- जेम वीजळी, प्रदीप वगेरेनी प्रभाना स्पर्शमां दोष छे,

दोषः, कथम् ? तासाम् अचेतनत्वात्, अत्र आह विचारचर्चाचञ्चुः शिष्यः, ननु-सिद्धन्ते चन्द्रादित्यविमानप्रभाणाम् अपि सकर्मकत्वेन सचेतनत्वं सूचितमिव दृश्यते, तथाहि– विवाहप्रज्ञप्तौ **"अत्थी णं भंते सरूवी सकम्मलेसा पुग्गला ओभासंति त्ति"। हंता 'अत्थि सहरूवेण'** मूर्त्ततया ये ते सरूपिणो वर्णादिमन्तः कर्मणो योग्या लेश्या कृष्णादिकाः। कर्मणो वा लेश्या, लिश् श्लेषणे इति वचनात् सम्बन्धः, सह तया वर्त्तन्ते सकर्मलेश्याः पुद्‌गलाः स्कन्धरूपाः। 'ओभासंति' प्रकाशन्ते **"कयरे णं भंते सरूपी सकम्मलेसा पुग्गला ओभासंति, जाव पगासंति, गोयमा ! जा इमाओ चंदिमसूरियाणं देवाणं विमाणेहिंतो लेसाओ बहिया अभिनिस्सडाओ पयाविंति। एएणं गोयमा ते सरूवीसकम्मलेसा पुग्गला ओभासंति त्ति' लेसाओ त्ति। तेजांसि**

विशेषोपनिषद्

તેમ ચન્દ્ર-સૂર્ય વગેરેની પ્રભાને સ્પર્શ કરવામાં પણ દોષ થાય કે ન થાય ?

**સમાધાન** :- ન થાય, કારણ કે તે પ્રભા અચિત્ત છે.

**શંકા** :- સિદ્ધાન્તમાં સૂર્ય-ચન્દ્ર વિમાનોની પ્રભાને સકર્મક કહી છે, તેના દ્વારા તેની સચિતતા સૂચવી હોય એવું દેખાય છે. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ**માં કહ્યું છે – 'ભગવંત ! સરૂપી સ્વકર્મલેશ્યા પુદ્‌ગલો પ્રકાશે છે ? હા, રૂપ સાથે' મૂર્ત હોવાથી સરૂપી છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા છે, કર્મને યોગ્ય લેશ્યા કૃષ્ણ, નીલ વગેરે અથવા તો કર્મની લેશ્યા, લિશ્ શ્લેષણે આવું ધાતુ પાઠનું વચન હોવાથી લેશ્યા = સંબંધ. તેની સાથે વર્તે છે, તે સકર્મલેશ્યા પુદ્‌ગલો - સ્કન્ધરૂપ, પ્રકાશે છે. 'ભગવંત ! કયાં સરૂપી સકર્મલેશ્યા પુદ્‌ગલો અવભાસે છે યાવત્ પ્રકાશે છે ? ગૌતમ ! જે આ ચન્દ્ર-સૂર્ય દેવોના વિમાનોમાંથી લેશ્યાઓ બહાર નીકળીને પ્રકાશે છે. લેશ્યાઓ = પ્રભાઓ, જે બહાર નીકળી હોય છે. આ રીતે સકર્મલેશ્યાપણું અન્યથા ન ઘટતું



**बहिया अभिनिस्सडाओ त्ति।** बहिस्ताद् अभिनिःसृता निर्गता, इति सिद्धं सकर्मलेश्यत्वान्यथानुपपत्त्या चन्द्रादितेजसां सजीवत्वमिति। अत्र 'उच्यते' चन्द्रादिप्रभाणां सकर्म्मलेश्यत्वम् उपचरितत्वाद् अत्रोक्तम्। न पुनर्वास्तव्यत्वात्, यदुक्तं श्रीमदभयदेवसूरिभिरस्यैव आलापकस्य वृत्तौ- इह यद्यपि चन्द्रादिविमानपुद्‌गला एव पृथिवीकायिकत्वेन सचेतनत्वात् कर्मलेश्याः तथापि– तन्निर्गतप्रकाशपुद्‌गलानामपि तद्धेतुत्वेन उपचारात् सकर्मलेश्यत्वम् अवगन्तव्यम् इति। दृश्यते च कारणधर्मः कार्ये उपचर्य्यमाणः, यथा अमन्त्री अपि मन्त्रीपुत्रो मन्त्री भण्यते, साध्यं च वास्तवेन साधकेन सिद्‌ध्यति नोपचारकेण, नहि अग्निर्माणवक इत्यनेन पदेन माणवकेऽग्नित्वम् उपचरितम् इत्यसौ दहति, पाकादिक्रियां वा

વિશેષોપનિષદ્

હોવાથી = તે પ્રભાને સચિત્ત માનો તો જ ઘટતું હોવાથી, 'ચન્દ્ર વગેરેની પ્રભા સચિત્ત છે', એવું સિદ્ધ થાય છે.

**સમાધાન** :- અહીં ચન્દ્ર વગેરેની પ્રભાને સકર્મલેશ્યા કહી તે ઉપચારથી કહ્યું છે. વાસ્તવમાં સકર્મલેશ્યા હોય છે એવું નથી કહ્યું. **શ્રીઅભયદેવસૂરિજી**એ આ જ આલાવાની વૃત્તિમાં કહ્યું છે – અહીં ભલે ચન્દ્ર વગેરે વિમાનના પુદ્‌ગલો જ પૃથ્વીકાયિક હોવાથી સચેતન છે, તેથી તેઓ જ કર્મલેશ્યાસહિત છે. તો પણ તેમાંથી નીકળતા પ્રકાશ-પુદ્‌ગલોના તેઓ કારણ છે. માટે અહીં ઉપચારથી સકર્મલેશ્યત્વ સમજવું. એવું દેખાય છે કે કારણધર્મનો કાર્યમાં ઉપચાર થાય છે. જેમ કે મંત્રીનો પુત્ર વાસ્તવમાં મંત્રી ન હોવા છતાં પણ તેને મંત્રી કહેવાય છે. સાધ્ય તો વાસ્તવિક સાધકથી સિદ્ધ થઈ શકે, ઔપચારિક સાધકથી નહીં. 'માણવક અગ્નિ છે' એવો ઉપચાર કરવામાં આવે તેનાથી માણવક બાળવાનું કામ કરતો નથી. તેના પર રસોઈ કરી શકાતી નથી. કારણ કે તેમાં રહેલું અગ્નિત્વ વાસ્તવિક નથી, ઉપચરિત છે. તે જ રીતે ચન્દ્રાદિ પ્રભામાં સકર્મલેશ્યત્વ ઉપચરિત

जनयति। तस्मात् माणवकस्य इव, चन्द्रादिप्रभाणां सम्पर्केऽपि न विराधना। किञ्च केषाञ्चिद् जीवानाम् उद्योतनामकर्मास्ति, यद् उदयाद् अमीषां शरीराणि दूरस्थानि अपि अनुष्णप्रकाशात्मक उद्योतं कुर्वन्ति। यथा यतिदेवोत्तरवैक्रियचन्द्रग्रहनक्षत्रतारा रत्नौषधिमणिप्रभृतयः, तथा केषाञ्चिद् जन्तूनाम् आतपनामकर्मास्ति, यदुदयात् तेषां शरीराणि दूरस्थान्यपि स्वयम् अनुष्णत्वेऽपि उष्णप्रकाशरूपम् आतपं कुर्वन्ति। यथा सूर्यबिम्बादि। तथा च तच्छरीरस्पर्शे कथं विराधना येन अत्रोच्यते। नन्वेवं तर्हि विद्युत्प्रदीपादिप्रभासम्बन्धेऽपि न विराधना विद्युदादीनाम् अग्निकायशरीराणां दूरस्थत्वात्, इति चेन्न, अग्निकायेषु हि न उद्योतनाम्नः कर्मण उदयोऽस्ति तथास्वाभाव्यात्, नापि आतपनाम्नोऽपार्थिवत्वात्,

विशेषोपनिषद्

હોવાથી, તે સચિત્ત નથી. માટે તેનો સંપર્ક થવા છતાં પણ વિરાધના થતી નથી. વળી કેટલાક જીવોને ઉદ્યોત નામ કર્મનો ઉદય હોય છે, જેનાથી તેમના શરીરો દૂર હોવા છતાં પણ શીત પ્રકાશરૂપ ઉદ્યોત કરે છે. જેમ કે મુનિ અને દેવનું ઉત્તર વૈક્રિય શરીર, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા, રત્ન, ઔષધિ (વિશિષ્ટ વનસ્પતિ), મણિ વગેરે. તથા કેટલાક જીવોને આતપ નામ કર્મ છે, જેના ઉદયથી તેમના શરીરો દૂર હોવા છતાં પણ, સ્વયં શીત હોવા છતાં પણ ઉષ્ણપ્રકાશરૂપ આતપ કરે છે. જેમ કે સૂર્યબિંબ વગેરે. (અહીં વગેરે કહ્યું તે ચિંતનીય છે. કારણ કે સૂર્યવિમાનના પૃથ્વીકાયિક જીવો સિવાય કોઈ જીવને આતપ નામકર્મનો ઉદય સંભવતો હોય, એવું જાણ્યું નથી.) તેથી તેમના શરીરનો સ્પર્શ થતા શી રીતે વિરાધના થાય ? જેથી અહીં તે (વિરાધના)નું આપાદન કરાય છે. (શરીર તો દૂર હોવાથી તેનો સ્પર્શ થતો નથી માટે ચન્દ્ર વગેરેની પ્રભાના સંપર્કથી વિરાધના થતી નથી.)

**શંકા** :- તો પછી વીજળી, દીવો વગેરેની પ્રભાના સંપર્કમાં પણ વિરાધના નહીં થાય, કારણ કે વીજળી વગેરેરૂપ જે અગ્નિકાયના



पार्थिवेष्वेव हि आतपोदयस्य आगमे भणितत्वात्। तर्हि कथममी दूरस्थमपि वस्तु उद्योतयन्ति तापयन्ति चेति चेद् 'उच्यते' उष्णस्पर्शोदयेन, लोहितवर्णनामोदयेन च प्रकाशयुक्ता अग्निकायिका जीवा एव तदानीम् इतस्ततो विस्तरन्ति, न तत्प्रभा असत्त्वात्, केवलं ते एव अतिसूक्ष्मत्वात् प्रभा इत्युच्यन्ते। तत्सम्पृक्ताश्च पदार्था उद्योततापवन्त इव प्रतिभासन्ति, तथा च अग्निकायिकजीवानां क्षारशरीरसम्बन्धेऽवश्यं जीवविराधना भवति। चन्द्रसूर्यादिविमानादीनां सचित्तत्वेऽपि, प्रभाणां नामकर्मप्रभावतो जातानां स्पर्शनेऽपि अचित्तत्वेन विराधनाया अभाव इति न ईर्यापथिकी प्रतिक्रम्यते।

विशेषोपनिषद्

જીવોનું શરીર છે, એ તો દૂર છે.

**સમાધાન** :- અગ્નિકાયમાં ઉદ્યોત નામ કર્મનો ઉદય નથી. એમાં તથા પ્રકારનો સ્વભાવ જ કારણભૂત છે. વળી આતપ નામ કર્મનો પણ ઉદય નથી. કારણ કે એ પૃથ્વીકાય નથી. પૃથ્વીકાયમાં જ આતપનો ઉદય થાય એવું આગમમાં કહ્યું છે.

**શંકા** :- તો પછી વીજળી વગેરે દૂર રહેલી વસ્તુઓને પણ શી રીતે પ્રકાશિત કરે છે અને તપાવે છે ?

**સમાધાન** :- ઉષ્ણ સ્પર્શના ઉદયથી અને લોહિતવર્ણ નામ કર્મના ઉદયથી અગ્નિકાયિક જીવો જ ત્યારે આમ-તેમ ફેલાઈ જાય છે. તેમની પ્રભા નથી ફેલાતી, કારણ કે તેમની પ્રભા તો હોતી જ નથી. પણ તેઓ જ અતિ સૂક્ષ્મ હોવાથી પ્રભા કહેવાય છે. તેના સંપર્કમાં રહેલા પદાર્થો ઉદ્યોત આતપવાળા હોય તેવા પ્રકાશિત થાય છે. આ રીતે અગ્નિકાયિક જીવોનો ક્ષાર-શરીર સાથે સંપર્ક થવાથી અવશ્ય જીવવિરાધના થાય છે. ચન્દ્ર-સૂર્ય વગેરે વિમાનો સચિત્ત હોવા છતાં પણ નામકર્મથી થયેલી તેમની પ્રભા તો અચિત્ત હોય છે, તેથી તેમનો સ્પર્શ થવા છતાં પણ વિરાધના થતી નથી. માટે તેનો

ननु– चन्द्रोज्ज्वलायां रात्रौ साधूनां पुनः गृहीतसामायिकपौषधानां श्रावकश्राविकाणां च विद्युत्प्रदीपादिज्योतिषा स्पर्शनकं भवति वा न वा ? 'उच्यते' न भवति चन्द्रोद्द्योतवति प्रदेशे, अन्यत्र तु भवत्येव। ननु– कुतोऽयं निषेध इति चेद् ? भण्यते, चान्द्रेण तेजसा तस्य अभिभूतत्वाद्, अभिभूयन्ते हि ज्योत्स्नानामतिप्रबलतया इन्दुकिरणै-र्विद्युत्प्रदीपादिभ्यः पृथग् भूयेत्, तत एकैकशो विस्तृता ज्योतिःसञ्ज्ञिकाः अग्निकायिका जीवाः परस्परोपष्टम्भरहितत्वेन तथाविधाहारविकलत्वेन क्षणिकत्वेन च अतिमात्रम् अबलत्वात्। यथा दिवा दिवाकरप्रसरेण, इयांस्तु विशेषः सूर्यप्रभाणां प्रचण्डत्वेन प्रत्युद्द्योतेनापि विद्युदादि-ज्योतिरभिभूयते, अतोऽनातपेऽपि स्थितस्य अस्य तेन स्पर्शनकं न



સ્પર્શ થતાં ઈરિયાવહી કરાતી નથી.

**શંકા** :- રાત્રિ ચન્દ્રથી ઉજ્જ્વળ હોય ત્યારે સાધુઓને અને જેમણે સામાયિક-પૌષધ લીધા છે એવા શ્રાવક-શ્રાવિકાઓને વીજળી, દીવા વગેરેની જ્યોતિનો સ્પર્શ થાય છે કે નહીં ?

**સમાધાન** :- જ્યાં ચન્દ્રનો ઉદ્યોત હોય, તે પ્રદેશમાં નથી થતો, અન્યત્ર તો થાય જ છે.

**શંકા** :- એવો નિષેધ શેના પરથી કહો છો ?

**સમાધાન** :- ચન્દ્રના તેજથી વીજળી વગેરે અભિભૂત થઈ જાય છે. ચન્દ્રના કિરણો અતિ પ્રબળ હોવાથી તેઓ અભિભવ પામે છે. અને આમ-તેમ ફેલાતા તે જીવોનો વીજળી-પ્રદીપ વગેરે સાથેનો સંપર્ક તૂટી જાય છે. અને તેઓ છૂટા પડી જાય છે. પછી એક-એક, વિસ્તૃત, જ્યોતિ નામના અગ્નિકાયિક જીવો પરસ્પર ટેકા વિનાના હોવાથી અને તથાવિધ આહાર વિનાના હોવાથી અને ક્ષણિક હોવાથી અત્યંત નિર્બળ હોય છે, તેથી અભિભવ પામે છે. જેમ કે દિવસે સૂર્યના (કિરણોના) પ્રસારથી અભિભવ પામે છે.



भवति, चन्द्रप्रभाणां तु मृदुत्वात् तत्प्रत्युद्द्योतेन तन्न अभिभूयते, इति प्रत्युद्द्योतवत्यपि प्रदेशे स्थितस्य तेन स्पर्शनकं भवति एव, केवलं चन्द्रातपे एव न भवति। तत्रापि चन्द्रप्रभाभिर्व्याप्ते एव शरीरभागे पटावृत्ते इव तन्न भवति, अन्यत्र तु भवत्येव, इति वृद्धसम्प्रदायः। पुनर्विशेषार्थिना श्रीसन्देहदोलावलीबृहद्वृत्तिर्विलोकनीया। इति विद्युत्प्रदीपादि-प्रभाणां स्पर्शनेऽपि दोष इति विचारः।।५५।।

ननु– गर्भजतन्दुलमत्स्योऽन्तर्मुहूर्त्तायुष्कः सन्, महारौद्रध्यानोपगतो नरकेषु जायते, इति सर्वैः प्ररूप्यते। एतदक्षराणि क्वापि सिद्धान्ते



તેમાં ફેર એટલો જ છે કે સૂર્યપ્રભા પ્રચંડ હોવાથી તેના પ્રત્યુદ્યોત(રિફ્લેક્શન)થી પણ વીજળી વગેરેની જ્યોતિ અભિભૂત થાય છે. માટે વ્યક્તિ તડકામાં ન હોય તો પણ તેને વીજળી વગેરેની પ્રભા (અગ્નિકાય જીવો) નો સ્પર્શ થતો નથી. ચંદ્રની પ્રભા કોમળ છે. તેથી તેના પ્રત્યુદ્યોતથી વીજળી વગેરે અભિભૂત થતા નથી. માટે જે ચંદ્રના પ્રત્યુદ્યોતવાળી જગ્યાએ રહેલા હોય, તેને તો તે જીવોનો સ્પર્શ થાય જ છે, માત્ર ચન્દ્રનો આતપ (ડાયરેક્ટ પ્રકાશ) હોય ત્યાં જ તે જીવોનો સ્પર્શ થતો નથી.

તેમાં પણ શરીરનો જે ભાગ ચાંદનીથી વ્યાપ્ત હોય, જેમ કપડાથી આવૃત થાય તેમ ચાંદનીથી આવૃત હોય ત્યાં જ તે જીવોનો સ્પર્શ થતો નથી. એ સિવાયના ભાગમાં તો થાય જ છે. એવો વૃદ્ધ સંપ્રદાય છે. અહીં જેને વિશેષ જિજ્ઞાસા હોય, તેમણે સંદેહ દોલાવલી વૃત્તિ જોઈ લેવી. આ રીતે વીજળી-દીવા વગેરેના પ્રભાનો સ્પર્શ થાય તેમાં પણ દોષ છે, એ વિચાર કહ્યો. ।।૫૫।।

(૫૬) **પ્રશ્ન** :- ગર્ભજ તંદુલિયો મત્સ્ય અંતર્મુહૂર્તના આયુષ્યવાળો હોય છે, તે મહારૌદ્રધ્યાન પામીને નરકમાં ઉત્પન્ન થાય છે એવી બધા પ્રરૂપણા કરે છે. આ અક્ષરો કોઈ આગમમાં સૂત્ર-વૃત્તિ વગેરેમાં

सूत्रवृत्त्यादौ वर्तन्ते न वा ? उच्यते। सन्ति, जीवाभिगमसूत्रवृत्त्योः प्रोक्तत्वात्। तथाहि **"नेरइयस्स णं भंते ! अंतरं कालओ केवि चिरं होइ ? गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं वणस्सइकालो"** अनन्तकालः, नेरइयस्स णं भंते ! इत्यादि 'नैरयिकस्य' भदन्त ! अन्तरं नैरयिकत्वात् परिभ्रष्टस्य, भूयो नैरयिकत्वाऽप्राप्तेः, अपान्तरालं, कालतः कियच्चिरं भवति। कियत्कालं यावत् भवतीत्यर्थः। भगवान् आह– गौतम ! जघन्येन अन्तर्मुहूर्त्तं। कथमिति चेद्– उच्यते, नरकाद् उद्वृत्य गर्भजमनुष्यत्वेन उत्पद्य सर्वाभिः पर्य्याप्तिभिः पर्य्याप्तो विशिष्टसञ्ज्ञानोपेतो वैक्रियलब्धिमान् राज्याद्याकाङ्क्षी परचक्राद्युपद्रवम् आकर्ण्य, स्वशक्ति-प्रभावतः चतुरङ्गसैन्यं विकुर्वित्वा, सङ्ग्रामयित्वा च, महारौद्रध्यानोपगतो गर्भस्थ एव कालं कृत्वा, भूयो नरकेषु उत्पद्यते। तदेवम् अन्तर्मुहूर्त्तं



છે કે નહીં ?

**ઉત્તર** :- છે. જીવાભિગમસૂત્ર-વૃત્તિમાં તેનો અધિકાર કહ્યો છે - - ભગવંત ! નારકનું અંતર કાળથી કેટલું લાંબુ હોય છે ? અર્થાત્ નરકમાંથી જીવ ચ્યવે, તે પછી કેટલા કાળે નરકમાં ઉત્પન્ન થઈ શકે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ. (અનંત કાળરૂપ વનસ્પતિની કાયસ્થિતિ).

નરકમાંથી જીવ ચ્યવે અને મનુષ્ય કે તિર્યંચ ભવમાં અંતર્મુહૂર્ત રહીને ફરીથી નરકમાં ઉત્પન્ન થાય, એ રીતે જઘન્યથી અંતર્મુહૂર્તનું આંતરું મળી શકે. તેમાં મનુષ્યભવની ભાવના આ મુજબ છે – કોઈ નરકમાંથી ચ્યવીને ગર્ભજ મનુષ્યરૂપે ઉત્પન્ન થાય. સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત થાય. ત્યારે તે વિશિષ્ટ જ્ઞાનથી યુક્ત હોય, વૈક્રિયલબ્ધિ ધરાવતો હોય, રાજ્ય વગેરેનો આકાંક્ષી હોય, ત્યારે તે દુશ્મન રાજા વગેરેનો ઉપદ્રવ સાંભળીને પોતાની શક્તિના પ્રભાવે ચતુરંગ સૈન્યની વિકુર્વણા કરે, યુદ્ધ કરે અને મહારૌદ્રધ્યાનપૂર્વક ગર્ભમાં જ કાળ



नरकाद् उद्वृत्त्य, तिर्यग्भवे गर्भव्युत्क्रान्तिकतन्दुल-मत्स्यत्वेन उत्पद्य, महारौद्रध्यानोपगतोऽन्तर्मुहूर्त्तं[1] जीवित्वा भूयो नरकेषु जायते- इति। उत्कर्षतोऽनन्तं कालं स च अनन्तकालः परम्परया वनस्पतिषु उत्पादाद् अवसातव्यम्। तथा च आह– वनस्पतिकालः स प्रागेव उक्त इति। पुनर्विशेषतया एतत्सम्मतिः श्रीनवतत्त्वस्य बृहद्बालावबोधेऽपि अस्ति। तत्पाठस्तु तत एव अवसेयः। एवमेव श्रीधर्मबिन्दुसूत्रवृत्त्योः सप्तमाध्य-यनेऽपि तथाहि– तन्दुलमत्स्यस्तु बाह्योपमर्दाभावेऽपि निर्निमित्तम् एव अपूरिता (?) अतितीव्ररौद्रध्यानोऽन्तर्मुहूर्त्तमायुरनुपाल्य, सप्तमनरकपृथिव्यां त्रयस्त्रिंशत्सागरोपमायुः नारक उत्पद्यते इति।

पुनः श्रीउत्तराध्ययनसूत्रे द्वात्रिंशत्तमाध्ययने अष्टनवतितमगाथाया



કરીને ફરી નરકમાં ઉત્પન્ન થાય.

એ જ રીતે અંતર્મુહૂર્ત માટે નરકથી નીકળીને તિર્યંચ ભવમાં ગર્ભજ તંદુલિયા મત્સ્યરૂપે ઉત્પન્ન થઈને, મહારૌદ્રધ્યાનપૂર્વક અંતર્મુહૂર્ત જીવીને ફરી નરકમાં ઉત્પન્ન થાય છે.

ઉત્કૃષ્ટથી અનંતકાળ છે, તે અનંતકાળ પરંપરાએ વનસ્પતિકાયમાં ઉત્પન્ન થવાથી સમજવો (નરકમાંથી ચ્યવીને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ/ મનુષ્યનો જ ભવ મળે છે. માટે અનંતર તો વનસ્પતિકાયમાં ઉત્પન્ન ન થઈ શકાય, માટે 'પરંપરાએ વનસ્પતિકાયમાં ઉત્પન્ન થવાથી' એમ કહ્યું છે - વળી આ પદાર્થની વિશેષરૂપે સમ્મતિ **શ્રીનવતત્ત્વના બૃહદ્ બાલાવબોધ**માં પણ છે, એ પાઠ તેમાંથી જ સમજી લેવો.

આ જ રીતે **શ્રીધર્મબિંદુસૂત્ર-વૃત્તિ**માં પણ સપ્તમ અધ્યયનમાં કહ્યું છે – તંદુલિયો મત્સ્ય બાહ્ય હિંસા વિના પણ નિષ્કારણ જ અતિ તીવ્ર રૌદ્રધ્યાન કરીને અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂરું કરીને સાતમી નરકમાં ૩૩ સાગરોપમ આયુષ્યવાળા નારક તરીકે ઉત્પન્ન થાય છે.

१. नवसमयानादौ कृत्वा यावदेकसमयोनस्तावद् अन्तर्मुहूर्त्तमिति।

व्याख्याने लघुवृत्तौ यथा प्रद्विष्टचित्तः सन् न कुर्वन्नपि कर्म चिनोति, तन्दुलमत्स्यवत्। यथा स महामत्स्यस्य मुखासन्ने मत्स्यीकुक्षौ अन्तर्मुहूर्त्ते एव, गर्भे भूत्वा पर्य्याप्तो 'भूत्वा' उत्पद्य सञ्ज्ञी प्रौढमत्स्यमुखे विशतो मत्स्यलक्षान् दृष्ट्वाऽयं धन्यो यस्य आस्ये इयन्तो मत्स्या विशन्ति- इति ध्यायन् तेषु निस्सरत्सु रे मूर्ख ईदृग् अज्ञः, कथं, यद् एतान् मुञ्चसि, अहम् एतावन्मात्रश्चेद् स्यां तदा एतावतो न मुञ्चे। इत्यादि च निन्दन्नन्तर्मुहूर्त्तेनैव सप्तम्याम् उत्कृष्टमायुः बद्ध्वा, अन्तर्मुहूर्त्तेनैव अबाधां भुक्त्वा अन्तर्मुहूर्त्तमध्येनैव मृत्वा सप्तम्याम् उत्पद्यते, इति तन्दुलमत्स्याधिकारविचारः।।५६।।

ननु- क्षुल्लकभवस्वरूपं किं कुत्र ग्रन्थे केन प्रतिपादितम् अस्ति ?

विशेषोपनिषद्

વળી **શ્રીઉત્તરાધ્યયનસૂત્ર**માં ૨૨ મા અધ્યયનની ૯૮ મી ગાથાની વ્યાખ્યામાં **લઘુવૃત્તિ**માં કહ્યું છે – જેના મનમાં પ્રદ્વેષ છે તે હિંસા ન કરે તો પણ કર્મ બાંધે છે, જેમ કે તંદુલિયો મત્સ્ય. મોટા માછલાના મુખની નજીક હોય, તેવી માછલીની કુક્ષિમાં તે ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે. અંતર્મુહૂર્તમાં જ પર્યાપ્ત થઈને સંજ્ઞી એવો તે મોટા માછલાના મુખમાં જતા લાખો માછલાને જોઈને વિચારે છે કે 'આ ધન્ય છે, કે જેના મુખમાં આટલા માછલાઓ પ્રવેશ કરે છે.' પણ પછી તે માછલાઓ મુખની બહાર નીકળી જાય, ત્યારે વિચારે કે 'અરે મૂર્ખ... સાવ બુધ્ધુ છે... કારણ કે આ બધાને છોડી દે છે. જો હું આટલો મોટો હોઉં તો આ બધાને ખાઈ જાઉં, કોઈને ન છોડું.' આ રીતે નિંદા કરે છે. અને અંતર્મુહૂર્તમાં જ સાતમી નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધીને, અંતર્મુહૂર્તમાં જ અબાધાકાળ પૂરો કરીને અંતર્મુહૂર્તમાં જ મરીને સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે. આ રીતે તંદુલ મત્સ્યના અધિકારનો વિચાર કહ્યો. ।।૫૬।।

(૫૭) **પ્રશ્ન** :- ક્ષુલ્લકભવનું સ્વરૂપ શું છે ? તે કયાં ગ્રંથમાં



'उच्यते' एकस्मिन् आनप्राणे समधिकाः सप्तदशक्षुल्लकभवा भवन्ति। षट्पञ्चाशदधिकावलिका शतद्वयप्रमाणम्, एतादृक् स्वरूपं श्रीजीवाभिगमवृत्तौ श्रीमलयगिरिसूरिभिः प्रतिपादितम् अस्ति। तथाहि- अथ स्थाने स्थाने क्षुल्लकभवग्रहणम् इत्युक्तं, तत्र क्षुल्लकभवग्रहणम् इति कः शब्दार्थः ? उच्यते, क्षुल्लं लघु स्तोकम् इत्येकोऽर्थः, क्षुल्लम् एव क्षुल्लकः, एकायुष्कसंवेदनकालो भवः, तस्य ग्रहणं सम्बन्धनं भवग्रहणं, तच्चावलिकातश्चिन्त्यमानं षट्पञ्चाशदधिकम् आवलिकाशतद्वयम्, अथैकस्मिन् आनप्राणे कियन्ति क्षुल्लकभवग्रहणानि भवन्ति 'उच्यते' किञ्चित्समधिकानि सप्तदश, कथमिति चेद् उच्यते- इह मुहूर्त्तमध्ये सर्वसङ्ख्यया पञ्चषष्टिसहस्राणि पञ्चशतानि षट्त्रिंशानि क्षुल्लकभवग्रहणानि भवन्ति। यत उक्तं चूर्णौ-

विशेषोपनिषद्

કોણે પ્રતિપાદિત કર્યું છે ?

**ઉત્તર** :- એક શ્વાસોચ્છ્વાસમાં સાધિક ૧૭ ક્ષુલ્લકભવો થાય છે. એક ક્ષુલ્લક ભવ ૨૫૬ આવલિકા પ્રમાણ હોય છે. એવું સ્વરૂપ **શ્રીજીવાભિગમવૃત્તિ**માં શ્રી **મલયગિરિસૂરિ**એ કહ્યું છે –

**પ્રશ્ન** :- અહીં સ્થાને સ્થાને ક્ષુલ્લકભવગ્રહણ એવું કહ્યું છે. તેમાં ક્ષુલ્લકભવગ્રહણ શબ્દનો અર્થ શું છે ?

**ઉત્તર** :- ક્ષુલ્લ-નાનું-ઓછુ એ સમાનાર્થી છે. ક્ષુલ્લ એ જ ક્ષુલ્લક. એક આયુષ્યના સંવેદનના કાળવાળો ભવ. તેનું ગ્રહણ = તેની સાથે સંબંધ થવો, તે ભવગ્રહણ છે. આવલિકાથી તેનો વિચાર કરીએ તો ૨૫૬ આવલિકા થાય છે.

પ્રશ્ન :- એક શ્વાસોચ્છ્વાસમાં કેટલા ક્ષુલ્લકભવગ્રહણ થાય છે ?

ઉત્તર :- સાધિક ૧૭.

પ્રશ્ન :- કેવી રીતે ?

ઉત્તર :- એક મુહુર્તમાં ૬૫,૫૩૬ ક્ષુલ્લકભવો થાય છે.

**“पणट्ठिसहस्साइं पंचेव सयाइं हवन्ति छत्तीसा।**
**खुड्डागभवग्गहणा हवन्ति अंतोमुहुत्तम्मि।।१।।”**

आनप्राणाश्च मुहूर्त्ते त्रीणि सहस्राणि सप्तशतानि त्रिसप्तत्यधिकानि। उक्तं च–

**“तिन्नि सहस्सा सत्त य सयाइं तेवत्तरिं च ऊसासा।**
**एस मुहुत्तो भणिओ सव्वेहिं अणंतणाणीहिं।।१।।”**

ततोऽत्र त्रैराशिककर्मावतारः। यदि त्रिसप्तत्यधिकसप्तशतोत्तरै स्त्रिभिः सहस्रैरुच्छ्वासानां पञ्चषष्टिसहस्राणि पञ्चशतानि षट्त्रिंशानि क्षुल्लकभवग्रहणानां भवन्ति, तत एकेन उच्छ्वासेन किं लभामहे। राशित्रयस्थापना ।।३७७३।। ६५५३६।। तत्र आद्येन राशिना एक-लक्षणेन मध्यराशिर्गुणने जातः स तावान् एव, एकेन गुणितं तदेव भवतीति न्यायात्। तत आद्येन राशिना भागहरणे लब्धं सप्तदशक्षुल्लकभवाः। शेषास्तु अंशाः तिष्ठन्ति, त्रयोदशशतानि पञ्चनवत्यधिकानि। उक्तं च-

**“सत्तरस भवग्गहणा खुड्डाणं इह भवन्ति पाणम्मि।**
**तेरस चेव सयाइं पंचाणुइ चेव अंसाणं।।१।।”**

अथ एतावद्भिरंशैः कियन्त्य आवलिका लभ्यन्ते, उच्यते–समधिकचतुर्नवतिः, तथाहि-षट्पञ्चाशदधिकेन शतद्वयेन आवलिकानां

विशेषोपनिषद्

તથા કહ્યું છે – ૩૭૭૩ ઉચ્છ્વાસપ્રમાણ એક મુહૂર્ત છે, એવું સર્વ અનંતજ્ઞાનીઓએ કહ્યું છે. તેથી અહીં ત્રિરાશી માંડવી જોઈએ -
- ૩૭૭૩ ઉચ્છ્વાસમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવો થાય, તો એક ઉચ્છ્વાસમાં કેટલા ક્ષુલ્લકભવો થાય ?

૩૭૭૩ – ૬૫૫૩૬    $\frac{૬૫૫૩૬}{૩૭૭૩}$ = ૧૭
૧    ?

આ સિવાય શેષ અંશો પણ રહે છે, તે છે ૧૩૯૫.

પ્રશ્ન :- એટલા અંશોથી કેટલી આવલિકાઓ મળે ?



त्रयोदशशतानि पञ्चनवतीनि गुण्यन्ते, जातानि त्रीणि लक्षाणि सप्तपञ्चाशत्सहस्राणि शतम् एकम्।।३।५७।१।२०।। छेदराशिः स एव ।।३७७३।। लब्धाश्चतुर्नवतिरावलिकाः, शेषास्तु अंशा आवलिकायास्तिष्ठन्ति। चतुर्विंशतिशतानि अष्टपञ्चाशदधिकानि।।२४५८।। एवं यदा एकस्मिन् आनप्राणे आवलिकाः सङ्ख्यातुम् इष्यन्ते, तदा सप्तदशभवा द्वाभ्यां षट्पञ्चाशदधिकाभ्यां शताभ्यां गुण्यन्ते।।४३५२।। गुणयित्वा च उपरितनाश्चतुर्नवतिरावलिकाः प्रक्षिप्यन्ते। तत आवलिकाः चतुश्चत्वारिंशच्छतानि षट्चत्वारिंशदधिकानि भवन्ति। उक्तं च–

**“एगो उ आणपाणू चोयालीसंसयाउ छायाला।**
**आवलिआ पमाणेणं अणंतणाणीहिं निद्दिट्ठो।।१।।”**

यदि पुनरन्तर्मुहूर्त्ते आवलिकाः सङ्ख्यातुम् इष्यन्ते, तत एतान्येव चतुश्चत्वारिंशच्छतैस्त्रिषट्चत्वारिंशानि आवलिकानां मुहूर्त्ते किल उच्छ्वासानां सप्तत्रिंशच्छतानि त्रिसप्तत्यधिका भवन्ति, सप्तत्रिंशच्छतैस्त्रिसप्तत्यधिकैर्गुण्यन्ते जाता एका कोटी सप्तषष्टिशतसहस्राणि चतुःसप्ततिसहस्राणि सप्तशतानि, अष्टपञ्चाशदधिकानि (।।१६७७४७५८।। )

विशेषोपनिषद्

ઉત્તર :- સાધિક ૯૪. તે આ મુજબ- ૨૫૬ આવલિકાથી ૧૩૯૫ ગુણીએ એટલે ૩,૫૭,૧૦૦ થાય. છેદરાશિ તે જ છે– ૩૭૭૩. ૯૪ આવલિકા થઈ. શેષ આવલિકાના અંશો બાકી રહે છે – ૨૪૫૮. હવે જ્યારે એક શ્વાસોચ્છ્વાસની આવલિકાઓ ગણવી હોય ત્યારે ૧૭ ભવ x ૨૫૬ આવલિકા આ રીતે ગુણીને ઉપરની ૯૪ આવલિકા ઉમેરીએ એટલે ૪૪૪૬ આવલિકા થાય છે.

જો અંતર્મૂહુર્તની આવલિકાઓ ગણવી હોય, તો આ જ ૪૪૪૬ આવલિકાને, મુહૂર્તમાં ૩૭૭૩ ઉચ્છ્વાસો હોય છે, તેની સાથે ગુણીએ એટલે ૪૪૪૬ x ૩૭૭૩ = ૧,૬૭,૭૪,૭૫૮ થયા.

તથા જે આવલિકાના અંશો હતા - ૨૪૫૮ તેમણે પણ મુહૂર્તના

येऽपि च आवलिकाया अंशाश्चतुर्विंशतिशतानि अष्टपञ्चाशदधिकानि, (२४५८) तेऽपि मुहूर्त्तोच्छ्वासराशिना (३७७३) गुण्यन्ते, अस्यैव छेदस्य ते अंशा इति आवलिकायानयनार्थं तेनैव (३७७३) एकमुहूर्त्तोच्छ्वासरूपेण भागो ह्रियते, लब्धास्तावन्त्य एव आवलिकाश्चतुर्विंशतिशतानि अष्टपञ्चाशदधिकानि (।।२४५८।।) तानि मूलराशौ प्रक्षिप्यन्ते जाता मूलराशिरेका कोटिः, सप्तषष्टिलक्षाः, सप्तसप्ततिसहस्राणि, द्वे शते षोडशोत्तरे, एतावन्त्य आवलिका मुहूर्त्ते भवन्ति। यदि वा मुहूर्त्तगतानां क्षुल्लकभवग्रहणानां पञ्चषष्टिसहस्राणि पञ्चशतानि षट्त्रिंशतानि एकभवग्रहणप्रमाणेन षट्पञ्चाशेन शतद्वयेन, आवलिकानां गुण्यन्ते, तथापि तावन्त्य एव आवलिका भवन्ति। उक्तं च–

**"एगा कोडी सत्तसट्ठिलक्खा सत्तहत्तरी सहस्सा य।**
**दोयसया सोलहिया आवलियाणं मुहुत्तंमि।।१।।"**

एवं च यद् उच्यते 'संखिज्जाओ आवलियाओ एगे ऊसासनीसासे" इत्यादि, तदतीव समीचीनम्। इति क्षुल्लकभवविचारः।।५७।।

विशेषोपनिषद्

ઉચ્છ્વાસ રાશિ સાથે ગુણીએ. આ જ છેદના તે અંશો છે, માટે આવલિકા લાવવા માટે તે જ એક મુહૂર્તના ઉચ્છ્વાસરૂપ ૩૭૭૩ સંખ્યાથી ભાગીએ, એટલે તેટલી જ આવલિકા - ૨૪૪૮ મળી. તેને મૂળ રાશિમાં નાંખીએ એટલે ૧,૬૭,૭૭,૨૧૬ થયા. આટલી આવલિકા એક મુહૂર્તમાં હોય છે. અથવા તો એક મુહૂર્તમાં જેટલા ક્ષુલ્લકભવગ્રહણ છે (૬૫,૫૩૬) તેને એક ક્ષુલ્લકભવપ્રમાણ આવલિકાથી (૨૫૬) ગુણીએ તો પણ તેટલી જ આવલિકા થાય છે.

આ રીતે જે કહેવાય છે – સંખ્યાતી આવલિકાઓ = ૧ ઉચ્છ્વાસનિઃશ્વાસ છે. - ઈત્યાદિ તે અત્યંત સમ્યક્ છે. આ રીતે ક્ષુલ્લકભવવિચાર કહ્યો. ।।૫૭।।



ननु– भव्यजीवो मोहनीयादिकर्मणां सप्ततिसागरोपमकोटीकोटीप्रमुखस्थितीनां मध्याद् यदा एका सागरोपमकोटीकोटीपल्योपमासङ्ख्येयभागोना स्थितिः शेषा भवति, तदा सम्यक्त्वं लभते। परं ततः परं, देशविरतिं कदा लभते ? कोऽर्थः सम्यक्त्वप्राप्तौ सत्यां यावती कर्मस्थितिरवशिष्टाऽस्ति तन्मध्यादपि कियति कर्मस्थितिक्षये विरतिरुदयम् एतीति प्रष्टुः शिष्यस्य आशयः, तत्र उच्यते शेषकर्मस्थितेः पल्योपमपृथक्त्वे क्षयिते अनुव्रतानि लभते, यदुक्तं श्रीप्रथमपञ्चाशकसूत्रे षष्ठगाथायां श्रीहरिभद्रसूरिभिः सप्तमपत्रे वृत्तौ च श्रीअभयदेवसूरिभिः तथाहि–

**"सम्मा पलिअपहुत्ते वगए कम्माण भावओ होंति।**
**वयप्पभितीणि भवण्णवतरंडतुल्लाणि नियमेणं।।"**

व्याख्या– '**सम्मत्ति**' सूचनात् सूत्रमिति न्यायात् सम्यक्त्वात्

विशेषोपनिषद्

(૫૮) **પ્રશ્ન** :- ભવ્ય જીવ મોહનીયાદિ કર્મોની ૭૦ કોડાકોડી સાગરોપમ વગેરે જે સ્થિતિઓ છે, તેમાંથી જ્યારે એક કોડાકોડી સાગરોપમમાં પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલી ન્યૂન સ્થિતિ બાકી રહે, ત્યારે સમ્યક્ત્વ પામે છે. તેના પછી દેશવિરતિ ક્યારે મેળવે છે ? આશય એ છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ત્યારે જેટલી કર્મ સ્થિતિ બાકી હતી, તેમાંથી કેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય, ત્યારે વિરતિની પ્રાપ્તિ થાય ?

**ઉત્તર** :- શેષ કર્મસ્થિતિમાં પલ્યોપમપૃથક્ત્વનો ક્ષય થાય ત્યારે અણુવ્રતો મળે છે. **પ્રથમ પંચાશકસૂત્ર**માં છટ્ઠી ગાથામાં **શ્રીહરિભદ્રસૂરિ**એ અને વૃત્તિમાં સપ્તમ પત્રમાં શ્રી**અભયદેવસૂરિ**એ કહ્યું છે - **સમ્યક્ત્વથી કર્મોના પલ્યોપમપૃથક્ત્વ જાય એટલે ભવસાગરમાં તરાપા જેવા વ્રત ભાવથી અવશ્ય થાય છે.**

સમ્યક્ત્વને પામ્યા પછી પલ્યોપમ પૃથક્ત્વ એટલે કે ૨ થી ૯ આગમપ્રસિદ્ધ કાલપરિમાણરૂપ પલ્યોપમોની સ્થિતિનો ક્ષય થાય,

लब्धाद् अनन्तरं पल्योपमानाम् आगमप्रसिद्धानां कालपरिमाणविशेषलक्षणानां पृथक्त्वं द्विप्रभृतिनवान्तसङ्ख्यालक्षणं **पल्योपमपृथक्त्वं**, तस्मिन्न**पगते** अपेते वेदिते इत्यर्थः, केषां पल्योपमपृथक्त्वम् इत्याह **कर्मणां** ज्ञानावरणादीनाम्, इह च कर्मस्थितेरिति वाच्ये स्थितेः स्थितिमतां च अभेदविवक्षया कर्मणाम् इत्युक्तं, यतो मोहनीयादिकर्मणां सागरोपमकोटीकोटीसप्तत्यादिकायाः स्थितेर्मध्यात्, कोटीकोट्यादिकां स्थितिं, यथाप्रवृत्तिकरणेन क्षपयति, तावद्यावदेका पल्योपमासङ्ख्येयभागोना सागरोपमकोटीकोटीशेषा। ततो ग्रन्थिभेदेन सम्यक्त्वं लभते, ततः शेषकर्मस्थितेः पल्योपमपृथक्त्वे क्षपिते सति अनुव्रतानि लभते, इत्यागममुद्राः। ततः किम् इत्याह– **भावतः** परमार्थवृत्तिमाश्रित्य, द्रव्यतः पुनरतिदीर्घतरायाम् अपि कर्मस्थितौ महाव्रतानि अपि भवन्ति। यदुक्तम्–

विशेषोपनिषद्

કોની સ્થિતિ ? જ્ઞાનાવરણીયાદિ કર્મોની. અહીં 'કર્મસ્થિતિની' એવું કહેવું જોઈતું હતું, તેની બદલે કર્મોની એવું કહ્યું. તે સ્થિતિ અને સ્થિતિમાન એ બંનેના અભેદની વિવક્ષાથી કહ્યું છે. કારણ કે મોહનીયાદિ કર્મોની ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી કોડાકોડી વગેરેની સ્થિતિને યથાપ્રવૃત્તિકરણથી ખપાવે છે. તે ત્યાં સુધી કે જ્યાં સુધી એક કોડાકોડી સાગરોપમમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એટલી સ્થિતિ બાકી રહે, ત્યારે ગ્રંથિભેદથી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. પછી શેષ કર્મસ્થિતિમાંથી પલ્યોપમપૃથક્ત્વનો ક્ષય થાય, ત્યારે અણુવ્રતોને મેળવે છે, અર્થાત્ દેશવિરતિને મેળવે છે, એવી આગમમર્યાદા છે. પછી શું ? એ કહે છે– ભાવથી પરમાર્થવૃત્તિને આશ્રીને ઉપરોક્ત પદાર્થ સમજવાનો છે. દ્રવ્યથી કર્મસ્થિતિ અતિ દીર્ઘતર હોય, તો પણ મહાવ્રતો પણ સંભવે છે. જિનેશ્વરોએ સૂત્રમાં સર્વ જીવોનો ગ્રૈવેયકોમાં ઉપપાત કહ્યો છે, તે લિંગ વિના નથી



**"सव्वजीयाणं जम्हा सुत्ते गेविज्जगेसु उववाओ।**
**भणिओ जिणेहिं सो न य लिंगं मोत्तुं जओ भणियं।।१।।**
**जे दंसणवावन्ना लिंगग्गहणं करिंति सामण्णे।**
**तेसिं पि य उववाओ उक्कोसो जाव गेविज्जे।।२।।**

'**होंति** त्ति' भवन्ति जायन्ते, कानीत्याह **व्रतप्रभृतीनीति**, अनुव्रतादीनि, स्वरूपतः किंविधानि तानि, इत्याह **भवार्णवतरण्डतुल्यानि** संसारसागरोत्तरणद्रोण्यादिकल्पानि, **नियमेन** अवश्यम्भावेन, तदुक्तम्–

**"सम्मत्तंमि उ लद्धे पलिअपुहुत्तेण सावओ होज्जा।**
**चरणोवसमखयाणं सागरसंखंतरा होंति।।"**

पल्योपमपृथक्त्वादिवेद्यस्य च कर्मणो ह्रासोऽनुक्रमेण स्याद्, वीर्योल्लासात् करणान्तरप्रवृत्तेः अतिशीघ्रकालेन वा तदुक्तम् "एवं अप्पडिवडिए सम्मत्ते देवमणुयजम्मेसु" अनुक्रमवेदनेनेत्यर्थः। 'अन्नयर-

विशेषोपनिषद्

ઘટતો, કારણ કે કહ્યું છે કે– **જેઓ સમ્યગ્દર્શનરહિત હોય છે અને શ્રામણ્યમાં લિંગગ્રહણ કરે છે, તેમનો પણ ઉત્કૃષ્ટથી યાવત્ ગ્રૈવેયક સુધી ઉપપાત થાય છે.**

થાય છે – શું - વ્રત વગેરે અણુવ્રત વગેરે. સ્વરૂપથી તે કેવા હોય છે ? તે કહે છે - સંસારસાગરને પાર ઉતરવામાં નાવ વગેરે સમાન. નિયમથી એટલે અવશ્યપણે. તે કહ્યું છે –

સમ્યક્ત્વ મળ્યા પછી પલ્યોપમ પૃથક્ત્વ સ્થિતિનો ક્ષય થાય એટલે શ્રાવક થાય છે. અને સંખ્યાતા સાગરોપમની સ્થિતિનો ક્ષય થાય, એટલે ચારિત્ર, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થાય છે.

પલ્યોપમ પૃથક્ત્વ વગેરે કાળ સુધી ભોગવવા યોગ્ય જે કર્મ હોય, તેનો અનુક્રમે હ્રાસ થાય અથવા તો વીર્યોલ્લાસથી કરણાન્તરની પ્રવૃત્તિ થવાથી અતિ શીઘ્રકાળથી હ્રાસ થાય છે, તે કહ્યું છે- આ રીતે સમ્યક્ત્વથી પતન ન થાય તો દેવ અને મનુષ્ય જન્મમાં

सेढिवज्जं एगभवेणं च सव्वाइं" ननु यदा सम्यक्त्वयुक्त एव नवपल्यो-पमातिरिक्तस्थितिकदेवेषु उत्पद्यते, तदा देवभवे विरतेरभावात् कथं 'सम्मत्तंमि उ लद्धे पलिय पुहुत्तेण सावओ होज्जा' इत्येतद् घटते ? अत्रोच्यते तस्यामेव अवस्थायां यावन्तीं स्थितिं क्षपयति, तावतीम् अन्यां बध्नाति, ततो देशोनसागरोपमकोटाकोटीरूपाया अधिकृतकर्मस्थितेः पल्योपमपृथक्त्वस्य नापगमो भवतीति न देवभवादौ देशविरतिलाभः स्यादिति न विरोधस्तदेवं सम्यक्त्वलाभेऽपि व्रतप्रतिपत्तौ भजना इति स्थितम्, इति गाथार्थः पञ्चमपत्रे। इति सम्यक्त्वलाभान्तरमपि नवपल्योपमस्थितिककर्मक्षये व्रतप्रतिपत्तिः।।५८।।

विशेषोपनिषद्

અનુક્રમે ભોગવવાથી ઉપશમ-ક્ષપકશ્રેણિમાંથી એક શ્રેણીને છોડીને એક ભવમાં સર્વ (દેશવિરતિ વગેરે) થાય છે.

**શંકા** :- જ્યારે સમ્યક્ત્વસહિત જ નવ પલ્યોપમથી અધિક સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થશે, ત્યારે દેવભવમાં વિરતિ નથી, તો 'સમ્યક્ત્વ પામ્યે છતે પલ્યોપમપૃથક્ત્વ જાય ત્યારે શ્રાવક થાય', એ શી રીતે ઘટે ?

**સમાધાન** :- તે જ અવસ્થામાં જેટલી સ્થિતિ ખપાવે છે, તેટલી બીજી સ્થિતિ બાંધે છે. માટે દેશોન સાગરોપમકોડાકોડીરૂપ એવી જે અધિકૃત કર્મસ્થિતિ છે, તેમાંથી પલ્યોપમપૃથક્ત્વનો અપગમ થતો નથી. તેથી દેવભવ વગેરેમાં દેશવિરતિની પ્રાપ્તિ થતી નથી માટે વિરોધ નથી. આ રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા છતાં પણ વ્રતપ્રાપ્તિમાં ભજના થાય છે, એવું સિદ્ધ થયું. આ મુજબ ગાથાર્થ છે. ।।પંચમ પત્રમાં।। આ રીતે સમ્યક્ત્વના લાભ પછી પણ નવ પલ્યોપમની સ્થિતિવાળા કર્મનો ક્ષય થાય ત્યારે વ્રતનો સ્વીકાર થાય છે, એ વિચાર કહ્યો. ।।૫૮।।



ननु- बादरपर्य्याप्तजीवनिश्रया अपर्य्याप्ताः कियन्त उत्पद्यन्ते, उच्यते- असङ्ख्येया इति, यदुक्तं श्रीजीवाभिगमसूत्रे अष्टादशपत्रे वृत्तौ च तथाहि- **"एएसिं सुहुमाणं १ बायराण २ य पज्जत्ताणं अप्पज्जत्ताणं य, कयरे कयरे सव्वत्थोवा बायरा।।१।। अप्पज्जत्तगा असंखेज्जगुणा ।।२।। सुहुमापज्जत्ता असंखेज्जगुणा इति।। एएसि णं भंते, सुहुमाण पज्जत्ताणमित्यादि।"**

व्याख्या- इह बादरेषु पर्य्याप्तेभ्योऽपर्य्याप्ता असङ्ख्येयगुणाः, एकैकपर्य्याप्ति(प्त)निश्रया असङ्ख्येयानाम् अपर्य्याप्तानाम् उत्पादात्, तथा चोक्तं प्रज्ञापनायां प्रज्ञापनाख्ये पदे-

**"पज्जत्तगनिस्साए अपज्जत्तगा वक्कमंति।**
**तं जत्थ एगो तत्थ नियमा असंखेज्जा इति।।"**

सूक्ष्मेषु पुनर्नाऽयं क्रमः, पर्य्याप्ताश्च अपर्य्याप्तापेक्षया चिरकाला-

विशेषोपनिषद्

(૫૯) **પ્રશ્ન** :- બાદરપર્યાપ્ત જીવની નિશ્રાએ કેટલા અપર્યાપ્તા જીવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર** :- અસંખ્યાતા. **શ્રીજીવાભિગમસૂત્ર**માં ૧૮ માં પત્રમાં અને **વૃત્તિ**માં કહ્યું છે – એમના સૂક્ષ્મ-બાદર-પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કયાં કયાં (? અધિકતર અધિકતર છે ?) સર્વથી થોડા બાદર છે, અપર્યાપ્તા અસંખ્યાતગુણ છે. સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાતગુણ છે. ભગવંત ! આમના સૂક્ષ્મ અપર્યાપ્તોના ઈત્યાદિ.

**વ્યાખ્યા** :- અહીં બાદરોમાં પર્યાપ્તા કરતા અપર્યાપ્તા અસંખ્યગુણ છે. કારણ કે એક-એક પર્યાપ્તની નિશ્રાથી અસંખ્યાતા અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. **પ્રજ્ઞાપના**માં પ્રજ્ઞાપનાપદમાં કહ્યું છે – પર્યાપ્તાની નિશ્રામાં અપર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક પર્યાપ્તો છે, ત્યાં નિયમા અસંખ્યાતા અપર્યાપ્તા જીવો હોય છે. સૂક્ષ્મોમાં આ ક્રમ નથી. પર્યાપ્તા જીવો અપર્યાપ્તની અપેક્ષાએ ચિરકાળ સુધી અવસ્થિત

वस्थायिन इति, सदैव ते बहवो लभ्यन्ते, तत उक्तं सर्वस्तोकाः सूक्ष्मा अपर्य्याप्तास्तेभ्यः सूक्ष्माः पर्याप्ताः सङ्ख्येयगुणाः, एवं पृथिवीकायादिषु अपि भावनीयम्। एवं श्रीआचाराङ्गवृत्तौ प्रथमाध्ययनद्वितीयोद्देशके पञ्चदशपत्रे, तथाहि– पुनरपि पर्य्याप्तकादिभेदाद् भेदम् आह 'जे बायरे' इत्यादि। यानि बादरपृथिवीकाये 'विधानानि' भेदाः प्रतिपादिताः, तानि यावन्ति पर्य्याप्तकानां तावन्त्येव अपर्य्याप्तकानामपि, अत्र च भेदानां तुल्यत्वं द्रष्टव्यम्। न तु जीवानाम्, यत एकपर्य्याप्तकाश्रयेण असङ्ख्येया अपर्य्याप्तका भवन्ति। सूक्ष्मा अपि पर्य्याप्ताऽपर्य्याप्तकभेदेन द्विविधा एव, किन्तु अपर्य्याप्तकनिश्रया पर्य्याप्तकाः समुत्पद्यन्ते। यत्र च एकोऽपर्य्याप्तकस्तत्र नियमाद् असङ्ख्येयाः पर्य्याप्तकाः स्युरिति। एवं जलाश्रिता असङ्ख्येयाः, यदुक्तं श्रीआचाराङ्गद्वितीयोद्देशके पञ्च-



હોય છે. માટે તે જીવો હંમેશા મોટી સંખ્યામાં હોય છે. માટે જ કહ્યું છે કે – સૌથી ઓછા સૂક્ષ્મ અપર્યાપ્તા જીવો હોય છે, તેમના કરતા સૂક્ષ્મ પર્યાપ્તા જીવો સંખ્યાતગુણ હોય છે. એ જ રીતે પૃથ્વીકાય વગેરેમાં પણ સમજી લેવું.

એ જ રીતે **શ્રીઆચારાંગવૃત્તિ**માં પ્રથમ અધ્યયનના દ્વિતીય ઉદ્દેસામાં ૧૫ માં પત્રમાં પણ કહ્યું છે - ફરીથી પર્યાપ્તા વગેરેના ભેદોથી જે પ્રકાર થાય છે, તે કહે છે – 'જે બાદર' ઈત્યાદિ. બાદર પૃથ્વીકાયમાં જે ભેદો કહ્યાં તેમાં જેટલા પર્યાપ્તાઓના છે, એટલા જ અપર્યાપ્તાઓના પણ છે. આ રીતે અહીં ભેદોની તુલ્યતા સમજવી, પણ જીવોની તુલ્યતા નથી. કારણ કે એક પર્યાપ્તાના આશ્રયે અસંખ્યાતા અપર્યાપ્તા હોય છે. સૂક્ષ્મ પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે પ્રકારના જ હોય છે, પણ અપ્રાયપ્તાની નિશ્રામાં પર્યાપ્તા ઉત્પન્ન થાય છે. જ્યાં એક અપર્યાપ્ત જીવ હોય ત્યાં અવશ્યપણે અસંખ્ય પર્યાપ્ત જીવો હોય છે. એ જ રીતે જલને આશ્રિત એવા



विंशतिपत्रे।।२५।। तथाहि– **'संति पाणा उदगणिस्सिया जीवा अणेगे,** तट्टीका 'संति पाणा, इत्यादि पूर्ववत्, कियन्तस्ते पुनस्ते इति दर्शयति, जीवा अणेगे, पुनर्जीवोपादानमुदकाश्रितप्रभूतजीवज्ञापनार्थम्, ततश्च इदम् उक्तं भवति, एकैकस्मिन् जीवभेदे उदकाश्रिता अनेकेऽसङ्ख्येयाः प्राणिनो भवन्ति। एवं च अप्विषयारम्भभाजस्तन्निश्रित-प्रभूतसत्त्वव्यापत्तिकारिणो द्रष्टव्याः। इति एकबादरपर्य्याप्तजीवनिश्रया असङ्ख्येया बादरा अपर्य्याप्ता इति विचारः।।५९।।

ननु– नरकेषु अशुभवर्णदुरभिगन्धकटुकरसकर्कशस्पर्शान् पुद्गलान् यथा मिथ्यादृष्टिनारका आहारयन्ति, तथैव भविष्यत्तीर्थंकरादयोऽपि, किंवा कोऽपि विशेषः ? उच्यते– भविष्यत्तीर्थंकरादयः शुभवर्णादिमतः पुद्गलान् आहारयन्तीति विशेषः, यदुक्तं श्रीभगवतीवृत्तौ प्रथमशतके



અસંખ્યાતા જીવો સમજવા. **શ્રીઆચારાંગ**ના દ્વિતીય ઉદ્દેસામાં ૨૫ માં પત્રમાં કહ્યું છે – જલનિશ્રિત અનેક જીવો હોય છે – 'પ્રાણો છે' – ઈત્યાદિ પૂર્વવત્ સમજી લેવું. તે કેટલા છે, એ દર્શાવે છે - જીવો અનેક છે. ફરીથી જીવ શબ્દનું ગ્રહણ કર્યું તે જલમાં આશ્રિત ઘણા જીવોનું જ્ઞાપન કરવા માટે છે. માટે એક-એક જીવભેદમાં જલને આશ્રિત અનેક અસંખ્યાતા જીવો થાય છે. આ રીતે જલના જીવોને વિષયક આરંભ કરનારા, તેમાં આશ્રિત ઘણા જીવોનો વધ કરે છે, એમ સમજવું. આ રીતે એક બાદર પર્યાપ્ત જીવની નિશ્રાએ અસંખ્ય બાદર અપર્યાપ્ત જીવો હોય છે, એ વિચાર કહ્યો. ।।૫૯।।

(૬૦) **પ્રશ્ન** :- મિથ્યાદૃષ્ટિ નારક જીવો જે રીતે નરકમાં અશુભ વર્ણ, દુરભિ ગંધ, કટુક રસ, કર્કશસ્પર્શ ધરાવતા પુદ્ગલોનો આહાર કરે છે. તે જ રીતે જે જીવો ભવિષ્યમાં તીર્થંકર થવાના છે, તેઓ પણ તેવા જ પુદ્ગલોનો આહાર કરે છે, કે પછી કોઈ વિશેષ છે ?

प्रथमोद्देशके, तथाहि–

"**वण्णओ कालनीलाइं, गंधओ दुब्भिगंधाइं, रसओ तित्तकडुयरसाइं, फासओ कक्खडगुरुयसीयलुक्खाइं।।**"

एतानि च प्रायो मिथ्यादृष्टय एव आहारयन्ति, न तु भविष्यत्तीर्थंकरादयः। इति नरके भविष्यत्तीर्थंकरादयः शुभपुद्गलान् आहारयन्तीति विचारः।।६०।।

ननु– व्यन्तरेभ्योऽपि केचिद् भवनपतिदेवा अल्पऋद्धयो वर्त्तन्ते न वा ? उच्यते– सन्ति एके, यदुक्तं श्रीभगवतीसूत्रे वृत्तौ च प्रथमशतकद्वितीयोद्देशके तथाहि– "**असन्नीणं जहन्नेणं भवणवासीसु उक्कोसेणं वाणव्वंतरेसुत्ति**" इह यद्यपि 'चमरबलिसारमहियं,



**ઉત્તર** :- તીર્થંકરના જીવો શુભ વર્ણ વગેરેને ધરાવતા શુભ-પુદ્ગલોનો આહાર કરે છે - એવો વિશેષ હોય છે. શ્રી **ભગવતી-સૂત્રવૃત્તિ**માં પ્રથમશતકના પ્રથમ ઉદ્દેસામાં કહ્યું છે – વર્ણથી કૃષ્ણ-નીલ, ગંધથી દુરભિગંધ, રસથી તિક્ત અને કટુ અને સ્પર્શથી કર્કશ, ગુરુ, શીત, ઋક્ષ પુદ્ગલોનો આહાર કરે છે.

વ્યાખ્યા :- આવા પુદ્ગલોનો આહાર પ્રાયઃ મિથ્યાદૃષ્ટિઓ જ કરે છે. તીર્થંકરના જીવો વગેરે નહીં.

આ રીતે ભવિષ્યમાં તીર્થંકર થનારા વગેરે જીવો નરકમાં શુભ પુદ્ગલોનો આહાર કરે છે, એ વિચાર કહ્યો. ।।૬૦।।

(૬૧) **પ્રશ્ન** :- વ્યંતરો કરતાં અલ્પ ઋદ્ધિવાળા કોઈ ભવનપતિ દેવો હોય કે નહીં ?

**ઉત્તર** :- કોઈ હોય છે. કારણ કે **શ્રીભગવતીસૂત્ર**માં અને **વૃત્તિ**માં પ્રથમ શતકના દ્વિતીય ઉદ્દેસામાં કહ્યું છે કે – અસંજ્ઞીઓનો દેવોમાં ઉત્પાદ થાય તો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી વાણવ્યંતરોમાં થાય છે.



इत्यादिवचनाद् असुरादयो महर्द्धिकाः, 'पलिओवममुक्कोसं वंतरियाणंति, वचनाच्च व्यन्तरा अल्पर्द्धिकाः, तथापि अत एव वचनाद् अवसीयते। सन्ति व्यन्तरेभ्यः सकाशाद् अल्पर्द्धयो भवनपतयः केचन। इति व्यन्तरेभ्योऽपि केचन भवनपतयोऽल्पर्द्धय इति विचारः।।६१।।

ननु– विग्रहगतिकरणे जीवानां कति समयान् यावत् अनाहारकत्वं स्यात् ? उच्यते– त्रिसमयान् मतान्तरे तु चतुःसमयान् अनाहारकत्वं स्यात्। यदुक्तं श्रीभगवतीसूत्रवृत्तौ सप्तमशतके प्रथमोद्देशके तथाहि– "**तेणं कालेणं तेणं समएणं जाव, एवं वयासी जीवे णं भंते ! कं समयं अणाहारए भवति" गोयमा ! पढमे समए सिय आहारए सिय अणाहारए।।१।। बितियसमए सिय आहारए सिय**



'ચમરેન્દ્રનું આયુષ્ય એક સાગરોપમ અને બલીન્દ્રનું આયુષ્ય સાધિક સાગરોપમ હોય છે' એવા વચનોથી ભલે અસુરો વગેરે મહર્દ્ધિક છે. અને વ્યંતરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ છે, એ વચનથી વ્યંતરો અલ્પર્દ્ધિક છે. આમ છતાં પણ **ભગવતીસૂત્ર**ના ઉપરોક્ત વચનથી જ જણાય છે કે કેટલાક ભવનપતિ દેવો વ્યંતરો કરતા પણ અલ્પ ઋદ્ધિવાળા છે. આ રીતે વ્યંતરો કરતા પણ કેટલાક ભવનપતિ દેવો અલ્પ ઋદ્ધિવાળા હોય છે એ વિચાર કહ્યો. ।।૬૧।।

(૬૨) **પ્રશ્ન** :- વિગ્રહગતિમાં જીવો કેટલા સમય સુધી અનાહારક હોય ?

**ઉત્તર** :- ત્રણ સમય સુધી અનાહારક હોય, મતાંતરે તો ચાર સમય સુધી અનાહારક હોય. **શ્રીભગવતીસૂત્રવૃત્તિ**માં સપ્તમ શતકમાં પ્રથમ ઉદ્દેસામાં આ મુજબ કહ્યું છે – 'તે કાળે તે સમયે યાવત્ શ્રીગૌતમસ્વામિએ આ મુજબ કહ્યું – ભગવંત ! જીવો ક્યાં સમયે અનાહારક હોય છે ? ગૌતમ ! પ્રથમ સમયે કથંચિત્ આહારક હોય

**अणाहारए।।२।। ततिय समए सिअ आहारए सिअ अणाहारए ।।३।। चउत्थे समए नियमा आहारए।। कं समयं अणाहारए त्ति।।** परभवं गच्छन् कस्मिन् समयेऽनाहारको भवतीति प्रश्नः। उत्तरं तु यदा जीव ऋजुगत्या उत्पादस्थानं गच्छन्ति, तदा परभवायुषः प्रथमे एव समये आहारको भवति। यदा तु विग्रहगत्या गच्छति, तदा प्रथमसमये वक्रोऽनाहारको भवति, उत्पत्तिस्थानाऽनवाप्तौ, तदा आहारणीयपुद्गलानाम् अभावात्, अत एवाह– **"पढमे समये सिअ आहारए सिअ अणाहारए त्ति।** तथा यदा एकेन वक्रेण द्वाभ्यां समयाभ्यां उत्पद्यते, तदा प्रथमसमयेऽनाहारको, द्वितीये तु आहारकः। यदा तु वक्रद्वयेन त्रिभिः समयैरुत्पद्यते, तदा प्रथमे द्वितीये च अनाहारकः। इत्यत आह **"बीय समए सिय आहारए सिअ**

विशेषोपनिषद्

છે, અને કથંચિત્ અનાહારક હોય છે. બીજા સમયે કથંચિત્ આહારક હોય છે, કથંચિત્ અનાહારક હોય છે. ત્રીજા સમયે કથંચિત્ આહારક હોય છે, કથંચિત્ અનાહારક હોય છે. ચોથા સમયે તો અવશ્યપણે આહારક હોય છે.

**વ્યાખ્યા** :- જીવ પરભવમાં જતી વખતે કયાં સમયે અનાહારક હોય છે ? એવો અહીં પ્રશ્ન છે. તેનો ઉત્તર છે કે - જીવ જ્યારે ઋજુગતિએ ઉત્પત્તિસ્થાને જાય છે, ત્યારે પરભવના આયુષ્યના પ્રથમ જ સમયે આહારક હોય છે. જ્યારે વિગ્રહગતિથી જાય છે, ત્યારે પ્રથમ સમયે વક્રગતિમાં અનાહારક હોય છે, કારણ કે ત્યારે ઉત્પત્તિસ્થાનની પ્રાપ્તિ ન થઈ હોવાથી આહાર કરવા યોગ્ય પુદ્ગલો નથી. માટે જ કહ્યું કે પ્રથમ સમયે કથંચિત્ આહારક હોય છે, અને કથંચિત્ અનાહારક હોય છે. તથા જ્યારે એક વક્રતાથી બે સમયમાં ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ સમયે અનાહારક હોય છે, દ્વિતીય સમયે આહારક હોય છે. જ્યારે બે વક્રથી ત્રણ સમયે ઉત્પન્ન થાય



**अणाहारए"** त्ति।।२।। तथा यदा वक्रद्वयेन त्रिभिः समयैरुत्पद्यते, तदा आद्ये समयत्रये अनाहारकः। चतुर्थे तु नियमाद् आहारकः। इति कृत्वा **'तइए समए सिअ आहारए सिअ अणाहारए'** इत्युक्तम्। वक्रत्रयं च इत्थं भवति, नाड्या बहिर्विदिग्व्यवस्थितस्य सतो यस्य अधोलोकाद् ऊर्ध्वलोके उत्पादो नाड्या बहिरेव दिशि भवति, सोऽवश्यम् एकेन समयेन विश्रेणितः समश्रेणिं प्रतिपद्यते, द्वितीयेन नाडिं प्रविशति, तृतीयेन ऊर्ध्वलोकं गच्छति, चतुर्थेन लोकनाडीतो निर्गत्य उत्पत्तिस्थाने उत्पद्यते। इह च आद्ये समयत्रये वक्रत्रयम् अवगन्तव्यम्। समश्रेण्यैव

વિશેષોપનિષદ્

છે, ત્યારે પ્રથમ અને દ્વિતીય સમયમાં અનાહારક હોય છે. માટે જ કહે છે કે દ્વિતીય સમયે કથંચિત્ આહારક હોય છે અને કથંચિત્ અનાહારક હોય છે - જ્યારે બે વક્રથી ત્રણ સમયે ઉત્પન્ન થાય,ત્યારે પહેલા બે સમયે અનાહારક હોય છે, અને તૃતીયે આહારક હોય છે. જ્યારે ત્રણ વક્રથી ચાર સમયમાં ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ ત્રણ સમયોમાં અનાહારક હોય છે. ચતુર્થ સમયે તો અવશ્ય આહારક હોય છે. માટે તૃતીય સમયે કથંચિત્ આહારક અને કથંચિત્ અનાહારક હોય છે, એમ કહ્યું.

ત્રણ વક્ર = વળાંક આ રીતે થાય છે – ત્રસનાડીની બહાર રહેલો જીવ વિદિશામાં હોય, અને ત્યારે જેનો ઉત્પાદ અધોલોકમાંથી ઉર્ધ્વલોકમાં થાય, અને ઉર્ધ્વલોકમાં પણ નાડીની બહારના ભાગમાં જ થાય. તે અવશ્ય એક સમયમાં વિશ્રેણીમાંથી શ્રેણીમાં આવે છે, અર્થાત્ વિદિશામાંથી દિશામાં આવે છે. દ્વિતીય સમયે ત્રસનાડીમાં પ્રવેશ કરે છે. તૃતીય સમયે ઉર્ધ્વલોકમાં જાય છે અને ચોથા સમયે લોકનાડીમાંથી નીકળીને ઉત્પત્તિસ્થાને ઉત્પન્ન થાય છે. અહીં પહેલા ત્રણ સમયમાં ત્રણ વક્ર-વળાંક સમજવા કારણ કે સમશ્રેણીથી જ ગમન કરે છે, ત્રાંસુ ગમન નથી કરતો. માટે વળાંકો લઈને જ

गमनात्, अन्ये तु आहुः– वक्रचतुष्टयमपि सम्भवति। यदा हि विदिशो विदिशि एवोत्पद्यते, तत्र समयत्रयं प्राग्वद्, चतुर्थसमये तु नाडीतो निर्गत्य समश्रेणिं प्रतिपद्यते। पञ्चमेन तु उत्पत्तिस्थानं प्राप्नोति। तत्र च आद्ये समयचतुष्टये वक्रचतुष्टयं स्यात्, तत्र अनाहारक इति। इदं सूत्रे न दर्शितम्, प्रायेणेत्थमनुत्पत्तेरिति। एवं 'दंडओ त्ति' अमुना अभिलापेन चतुर्विंशति दण्डको वाच्यः, तत्र च जीवपदे एकेन्द्रियपदेषु च पूर्वोक्तभावनया एव चतुर्थे समये नियमाद् आहारक इति वाच्यम्, शेषेषु पदेषु तृतीयसमये नियमात् आहारक इति। तत्र यो नारकादित्रसः त्रसेषु एवोत्पद्यते, तस्य नाड्या बहिस्ताद् आगमनं गमनं नास्तीति तृतीयसमये नियमाद् आहारकत्वम्, तथाहि– यो मत्स्यादि-र्भरतस्य पूर्वभागाद् ऐरवतपश्चिमभागस्य अधो नरके उत्पद्यते, स एकेन समयेन भरतस्य पूर्वभागात् पश्चिमं भागं याति। द्वितीयेन तु भरतैरवतपश्चिमभागं



વિવક્ષિત સ્થાને પહોંચે છે.

મતાંતરે તો ચાર વળાંક પણ સંભવે છે. જ્યારે વિદિશામાંથી વિદિશામાં જ ઉત્પન્ન થાય, ત્યારે ત્રણ સમય તો પૂર્વની જેમ સમજવું. ચોથા સમયે ત્રસનાડીમાંથી નીકળીને સમશ્રેણીમાં આવે છે અને પાંચમા સમયે વિદિશામાં-વિશ્રેણીમાં રહેલા ઉત્પત્તિસ્થાને પહોંચે છે. માટે પહેલા ચાર સમયમાં ચાર વળાંક થાય, તેમાં અનાહારક હોય છે. શ્રીભગવતીસૂત્રમાં આ પ્રકાર નથી કહ્યો. કારણ કે પ્રાયઃ આ રીતે ઉત્પત્તિ થતી નથી.

આ અભિલાપથી '૨૪' પ્રકારના જીવોનો દંડક સમજી લેવો. તેમાં જીવ (સામાન્ય) પદે અને એકેન્દ્રિયના પદે પૂર્વોક્તાનુસારે - ચતુર્થ સમયે અવશ્ય આહારક હોય, એવું કહેવું. શેષ પદોમાં તો તૃતીય સમયે અવશ્ય આહારક હોય, એમ કહેવું. તેમાં જે નારક વગેરે ત્રસ હોય, અને ત્રસમાં જ ઉત્પન્ન થાય તે ત્રસનાડીની બહાર



(?) ततस्तृतीयेन नरकम् इति। अत्र च आद्ययोरनाहारकः, तृतीये तु आहारकः, एतदेव दर्शयति।

**"जीवा य एगिंदिया च चउत्थे समए सेसा तइए समए त्ति।"**

तथा सङ्ग्रहणिसूत्रवृत्त्योस्त्वेवम्, तथाहि– परभवं गच्छतां जीवानां गतिर्द्वेधा ऋज्वी १ वक्रा २ च तत्र ऋज्वी एकसमया, समश्रेणिव्य-वस्थितत्वेन उत्पत्तिदेशस्य आद्यसमये एव प्राप्तेः, वक्रा तु बाहुल्येन उत्कर्षतश्चतुःसमयान्ता, क्वचित् कदाचित् पञ्चमसमयान्ता अपि, एतच्च अनन्तरमेव भावयिष्यते। अथ अस्मिन्नेव गतिद्वये निश्चयव्यवहारनयाभ्यां



આવ-જા ન કરે, તેથી તે તૃતીયસમયે અવશ્ય આહારક હોય છે.

તે આ પ્રમાણે – જે માછલી વગેરે ભારતના પૂર્વભાગથી ઐરવતક્ષેત્રના પશ્ચિમભાગની નીચે નરકમાં ઉત્પન્ન થાય છે. તે એક સમયમાં ભરતક્ષેત્રના પૂર્વભાગથી પશ્ચિમ ભાગમાં જાય છે. દ્વિતીય સમયે ઐરવતના પશ્ચિમ ભાગમાં જાય છે અને ત્રીજા સમયે નરકમાં જાય છે. તેમા આદ્ય બે સમયમાં અનાહારક છે અને તૃતીયમાં આહારક છે. એ જ દર્શાવે છે – જીવો (સામાન્યથી જીવોની વિચારણા કરવાની આગમશૈલી છે) અને એકેન્દ્રિયો ચોથે સમયે, શેષ ત્રીજા સમયે (અવશ્ય આહારક હોય છે.)

તથા **સંગ્રહણીસૂત્ર-વૃત્તિ**માં આ રીતે કહ્યું છે – જીવો પરભવમાં જાય ત્યારે તેમની ગતિ બે પ્રકારે હોય છે – ઋજુ અને વક્ર. તેમાં ઋજુગતિ એક સમયની હોય છે. કારણ કે તેમાં ઉત્પત્તિસ્થાન અને પોતે એક જ શ્રેણિમાં હોવાથી પહેલા જ સમયે ઉત્પત્તિસ્થાને પહોંચી જાય છે. વક્ર તો બાહુલ્યથી ઉત્કૃષ્ટથી ચાર સમયવાળી હોય છે. અને ક્યાંક ક્યારેક પાંચ સમયની પણ હોય છે. એ હવે તરત સમજાવાશે. હવે આ જ બે ગતિમાં નિશ્ચયનય અને વ્યવહારનયથી

परभवायुरुदयं १ परभवाहारं २ च चिन्तयन्नाह–

**"उज्जुगइपढमसमए पारभविअं आउयं तहाहारो।**
**वक्काइ बीयसमये परभविआउं उदयमेइ।।६०।।"**

व्याख्या– ऋजुगतौ प्रथमसमये एव पारभविकम् आयुरुदयम् आगच्छति, प्रथमसमये एव परभवाहारः। तथाहि– निश्चयनयेन परभवप्रथमसमये एव पूर्वशरीरशाटो, यस्मिन्नेव समये सर्वात्मना पूर्वशरीरत्यागः, तस्मिन्नेव गतिरेवं च तस्मिन्नेव आद्यसमये परभवायुरुदयः। ऋजुगत्या च आद्यसमये एव जन्तुरुत्पत्तिदेशम् आसादयति, तद्गतांश्च स्वशरीरयोग्यान् पुद्गलान् आदत्ते, ततः सिद्धः प्रथमसमये एव परभवाहारोऽपि, यद्यपि च वक्रगतावपि निश्चयनयाद् उक्तनीत्या प्रथमसमये एव परभवायुरुदयः, तमन्तरेण सर्वात्मना पूर्वशरीरत्यागासम्भवतो

विशेषोपनिषद्

પરભવના આયુષ્યનો ઉદય અને પરભવસંબંધી આહાર, આ બેનો વિચાર કરે છે – **ઋજુગતિના પ્રથમ સમયે પરભવનું આયુષ્ય અને આહાર. વક્રગતિમાં દ્વિતીય સમયે પરભવના આયુષ્યનો ઉદય થાય છે.**

વ્યાખ્યા :- ઋજુગતિમાં પ્રથમ સમયે જ પરભવના આયુષ્યનો ઉદય થાય છે. પ્રથમ સમયે જ પરભવસંબંધી આહાર પણ લે છે. તે આ પ્રમાણે – નિશ્ચયનયથી પરભવના પ્રથમ સમયે જ પૂર્વશરીર છૂટી જાય છે. જે સમયે સર્વાત્મના પૂર્વશરીરનો ત્યાગ કરે છે, તે જ સમયે પરભવના ઉત્પત્તિસ્થાન તરફ ગતિ થાય છે, અને તે જ પ્રથમ સમયમાં પરભવના આયુષ્યનો ઉદય થાય છે. ઋજુગતિથી પ્રથમ સમયે જ જીવ ઉત્પત્તિસ્થાને પહોંચે છે. ત્યાં રહેલા પોતાના શરીરને પ્રાયોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરે છે. તેનાથી પરભવનો આહાર પણ પ્રથમ સમયે જ થાય છે, એવું સિદ્ધ થાય છે. જો કે વક્રગતિમાં પણ નિશ્ચયનયથી પ્રથમ સમયે જ પરભવના આયુષ્યનો ઉદય થાય છે.



गतेरभावात्, तथापि केचित् परिस्थूलव्यवहारनयाश्रिताः, वक्रगतौ द्वितीयसमये एव परभवायुरुदेतीति प्रतिपन्नाः, ततस्तन्मतेन आह 'वक्काइ' इत्यादि वक्रायां गतौ द्वितीयसमये पारभविकम् आयुरुदयम् एति।।१।। अयम् अभिप्रायः– यः किल प्राग्भवान्त्यसमये एव वक्रा गतिः प्रतिपत्तुमारब्धा, तत्परिणामाभिमुखत्वात्, ततः सोऽपि समयो वक्रगतिसम्बन्धी द्रष्टव्यः। द्वितीये च समये परभवायुरुदयः, इति सिद्धं वक्रगतौ प्राग्भवान्त्यसमयापेक्षया द्वितीयसमये परभवायुरुदेतीति। अस्यां च वक्रगतौ स्थितो जन्तुरेकेन द्वाभ्यां त्रिभिश्चतुर्भिर्वा वक्रैरुत्पत्तिदेशम् आसादयति, तत्रैकवक्रायां गतौ समयद्वयेऽपि नियमाद् आहारकः, तथाहि– आद्यसमये पूर्वशरीरमोक्षः, तस्मिंश्च समये तच्छरीरयोग्याः केचित् पुद्गला जीवयोगात् लोमाहारतः सम्बन्धम् आयान्ति, औदारिकवैक्रियाहारकपुद्गलाऽऽदानं च आहारः, ततः

विशेषोपनिषद्

કારણ કે તેના વિના સર્વાત્મના પૂર્વશરીરનો ત્યાગ સંભવિત નથી, માટે ઉત્પત્તિસ્થાન પ્રતિ ગતિ જ ન કરે, છતાં પણ વક્રગતિમાં દ્વિતીય સમયે જ પરભવના આયુષ્યનો ઉદય થાય છે. જે સમયે શરીર છોડે છે, એ છોડવાની ક્રિયા તો તે શરીર સાથે સંબંધ હોય તો જ ઘટે, માટે પ્રથમ સમયે તો પૂર્વભવના આયુષ્યનો જ ઉદય હોય છે. એવું અત્યંત સ્થૂલ એવા વ્યવહાર નયને આશ્રીને કેટલાક માને છે. માટે તેમના મતે કહ્યું કે – વક્રગતિમાં દ્વિતીય સમયે પરભવના આયુષ્યનો ઉદય થાય છે. અહીં આવો અભિપ્રાય છે, કે પૂર્વભવના છેલ્લા સમયે વક્ર ગતિ કરવાની શરૂઆત કરી હોય છે, કારણ કે જીવ તેના પરિણામને અભિમુખ છે, તેથી તે સમય પણ વક્રગતિસંબધી છે, એવું સમજવું જોઈએ, બીજા સમયે પરભવના આયુષ્યનો ઉદય થાય છે. આ રીતે સિદ્ધ થયું કે વક્રગતિમાં પૂર્વભવના છેલ્લા સમયની અપેક્ષાએ બીજા સમયે પરભવના આયુષ્યનો

आहारकः, द्वितीये च समये उत्पत्तिदेशे तद्भवयोग्यपुद्गलादानाद् आहारकः।।१।। द्विवक्रायां त्रयः समयाः, तत्र आद्ये, अन्त्ये, च प्राग्वद् आहारको, मध्ये तु अनाहारकः।।२।। त्रिवक्रायां चत्वारः समयाः, तथाहि–त्रसनाड्या बहिरधस्तनभागाद् ऊर्ध्वम्, उपरितनभागाद् अधो वा समुत्पद्यमानो जन्तुर्विदिशो दिशि यदा उत्पद्यते, तदा एकेन समयेन विदिशो दिशि याति, द्वितीयेन त्रसनाड्यां प्रविशति, तृतीयेन उपर्य्यधो वा याति, चतुर्थेन बहिरुत्पद्यते, दिशो विदिशि उत्पादे तु आद्ये समये त्रसनाड्यां प्रविशति द्वितीये उपर्य्यधो वा याति, तृतीये बहिर्गच्छति, चतुर्थे विदिशि उत्पद्यते, तत्र आद्यन्तयोः प्राग्वद् आहारको, मध्यमयोस्तु अनाहारकः, चतुर्थवक्रायां पञ्च समयाः, ते च त्रसनाड्या बहिरेव विदिशो विदिशि उत्पादे प्राग्वद् भावनीयाः। अत्रापि आद्यन्तयोराहारकः, त्रिषु तु अनाहारकः। एतदेवाह–

विशेषोपनिषद्

ઉદય થાય છે. આ વક્રગતિમાં રહેલો જીવ એક, બે ત્રણ કે ચાર વળાંકોથી ઉત્પત્તિસ્થાને પહોંચે છે.

તેમાં એક વળાંકવાળી ગતિમાં બંને સમયે અવશ્ય આહારક હોય છે. તે આ પ્રમાણે – પહેલા સમયે પૂર્વશરીરનો ત્યાગ કરે છે, તે સમયે તે શરીરને પ્રાયોગ્ય કેટલાંક પુદ્ગલો જીવના યોગથી લોમાહાર દ્વારા સંબંધ પામે છે. ઔદારિક-વૈક્રિય-આહારક પુદ્ગલોનું ગ્રહણ તે આહાર છે. માટે તે સમયે જીવ આહારક છે. બીજા સમયે ઉત્પત્તિદેશમાં તે ભવને પ્રાયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, માટે આહારક છે. ।।૧।।

બે વળાંકવાળી ગતિમાં ત્રણ સમય હોય છે. તેમાં પ્રથમ અને અંતિમ સમયે પૂર્વાનુસારે આહારક છે. (એક વળાંકવાળી ગતિમાં જે રીતે બંને સમયે આહારક હોય છે, તેમ પ્રસ્તુતમાં પણ સમજવું.) વચ્ચેના સમયે અનાહારક હોય છે. ।।૨।।



**“इग-दु-ति-चउ-वक्कासुं दुगाइ-समएसु परभवाहारो।**
**दुगवक्काईसु समया इग-दो-तिन्नि य अणाहारो।।६१।।”**

व्याख्या– एकद्वित्रिचतुर्वक्रासु वक्रगतिषु द्वितीयादिषु समयेषु परभवाहारः, तद्यथा– एकवक्रायां द्वितीये, द्विवक्रायां तृतीये, त्रिवक्रायां चतुर्थे, चतुर्वक्रायां पञ्चमे समये परभवाहारः। तत्र एकवक्रायाम् उक्तनीत्या समयद्वयेऽपि आहारः, द्विवक्रादिषु तु वक्रगतिषु क्रमाद् एको द्वौ त्रयश्च समया अनाहाराः। न विद्यते आहार एषु इति, यद्वा एकं द्वौ त्रीन् समयान् जीवा अनाहाराः, एतद् गाथार्थश्च प्रागेव भावितः, तदेवं चिन्तितो निश्चयतः ऋजुगत्याम्, व्यवहारस्तु वक्रगत्यां परभवायुराहारौ, यदि पुनर्वक्रगतौ अपि निश्चयतस्तौ चिन्त्येते, तदा अस्यामपि आद्यसमये एव परभवायुरुदयः, तथाहि– यद्यपि प्राग्भवान्त्यसमये वक्रगतिप्रतिपत्ति(त्ते?)रभिमुखो जन्तुः, तथापि प्राग्भव-

विशेषोपनिषद्

ત્રણ વળાંકવાળી ગતિમાં ચાર સમય થાય છે. (પૂર્વોક્તાનુસારે સમજવું) તેમાં પ્રથમ અને અંતિમ સમયે પહેલાની જેમ આહારક છે. વચ્ચેના બે સમયે અનાહારક છે. ।।૩।।

ચાર વળાંકવાળી ગતિમાં પાંચ સમય થાય છે. તે ત્રસનાડીની બહાર જ વિદિશામાંથી વિદિશામાં ઉત્પન્ન થાય ત્યારે પૂર્વની જેમ સમજવાં. તેમાં પણ પહેલા અને છેલ્લા સમયે આહારક છે. વચ્ચેના ત્રણ સમયે અનાહારક છે. એ જ કહે છે– (ઉપરોક્તાનુસારે સમજી લેવું.)

આ રીતે નિશ્ચયનયથી ઋજુગતિમાં આહાર હોય છે, તેનો વિચાર કર્યો. વ્યવહારનયથી તો વક્રગતિમાં પરભવનું આયુષ્ય અને આહાર હોય છે. જો વક્રગતિમાં નિશ્ચયથી તેમનો વિચાર કરીએ, તો તેમાં પણ પ્રથમ સમયે જ પરભવના આયુષ્યનો ઉદય થાય છે. તે આ પ્રમાણે, જો કે પૂર્વભવના છેલ્લા સમયે જીવ વક્રગતિની પ્રાપ્તિને અભિમુખ હોય છે, તો પણ પૂર્વભવસંબંધી સંઘાત અને પરિશાટ તે

सम्बन्धिनोः सङ्घातपरिशाट्योस्तत्र भावात् प्राग्भवसम्बन्धे वाऽसौ समयः, तदनन्तरसमये तु प्राग्भवसम्बन्धिनः शरीरस्य सर्वथा शाटः, तथा चागमः– 'परभवपढमे साडो त्ति' ततश्च अ(न)न्तरसमये परभवायुरुदेतीति सिद्धः ऋजुगतिवक्रगतौ अपि आद्यसमये एव परभवायुरुदयः। आहारस्तु एकवक्रायां गतौ द्वितीये समये, तस्मिन्नेव उत्पत्तिदेशावाप्तेः, प्रथमसमयस्तु अनाहारस्तत्र सर्वात्मना पूर्वशरीरत्यागाद् उत्पत्तिदेशस्य च अप्राप्तेः। एवं द्विवक्रायां तृतीये, त्रिवक्रायां चतुर्थे, चतुर्वक्रायां च पञ्चमे समये आहारः। ततः स्थितम् इदम्–उत्कर्षेण व्यवहारस्तत्र यो निश्चयतस्तु चत्वारः समयाः, अनाहारा इति, प्रभूतं

विशेषोपनिषद्

સમયે હોય છે, માટે તે સમય પૂર્વભવસંબંધી છે. તેના પછીના સમયે તો પૂર્વભવસંબંધી શરીરનો સર્વથા ત્યાગ થાય છે. આગમમાં પણ કહ્યું છે – પરભવના પ્રથમ સમયે પરિશાટ થાય છે. માટે તેની પછીના સમયે પરભવના આયુષ્યનો ઉદય થાય છે. માટે ઋજુગતિમાં અને વક્રગતિમાં પ્રથમ સમયે જ પરભવના આયુષ્યનો ઉદય થાય છે, એવું સિદ્ધ થયું.

એક વળાંકવાળી ગતિમાં દ્વિતીય સમયે આહાર લે છે. કારણ કે તે જ સમયે ઉત્પતિસ્થાને પહોંચે છે. પ્રથમ સમયે અનાહારક હોય છે, કારણ કે એ સમયે પૂર્વશરીર તો સર્વથા છોડી દીધું છે. અને ઉત્પતિસ્થાને પહોંચ્યો નથી. એમ બે વળાંકવાળી ગતિમાં તૃતીય સમયે આહાર હોય છે. ત્રણ વળાંકવાળી ગતિમાં ચોથા સમયે આહાર હોય છે. ચાર વળાંકવાળી ગતિમાં પાંચમા સમયે આહાર હોય છે. માટે સિદ્ધ થયું કે ઉત્કૃષ્ટથી વ્યવહાર તેમાં જે નિશ્ચયથી તો ચાર સમય અનાહારક હોય છે (?)

અહીં ઘણું કહેવા જેવું છે. પણ મંદમતિ જીવોને ક્યાંક વ્યામોહ ન થઈ જાય, એ ભયથી કહેતા નથી.



च अत्र वाच्यम्, तच्च मन्दमतिव्यामोहभयात् नाभिधीयते। तथा श्रीप्रवचनसारोद्धारसूत्रवृत्त्योरपि, त्रिंशदुत्तरद्विशततमद्वारेऽपि एवम्–

**"विग्गहगइमावन्ना केवलिणो समुहया अजोगी य।।**
**सिद्धा य अणाहारा सेसा आहारगा जीवा।।।२७३३।।"**

व्याख्या– विग्रहगतिर्भवान्तरे विश्रेण्यागमनम्, ताम् आपन्नाः प्राप्ताः सर्वेऽपि जीवाः, तथा केवलिनः समुद्धताः, कृतसमुद्घाताः, तथा अयोगिनः शैलेश्यवस्था, तथा सिद्धाः क्षीणकर्माष्टकाः, सर्वेऽपि एतेऽनाहाराः, एतद्व्यतिरिक्ताः शेषा सर्वेऽपि आहारकाः। इह परभवगच्छतां जन्तूनां गतिर्द्वेधा, ऋजुगतिर्विग्रहगतिश्च, तत्र यदा जीवस्य मरणस्थानाद् उत्पत्तिस्थानं समश्रेण्यां प्राञ्जलम् एव भवति, तदा ऋजुगतिः, सा च एकसमया समश्रेणिव्यवस्थितत्वेन उत्पत्तिदेशस्य आद्यसमये एव प्राप्तेर्नियमात्, आहारकश्च अस्यां हेयग्राह्यशरीरमोक्ष-ग्रहणान्तरालाभावेन आहाराव्यवच्छेदात्, यदा तु मरणस्थानाद् उत्पत्ति-स्थानं वक्रं भवति, तदा विग्रहगतिः, वक्रश्रेण्यन्तरारम्भ[1]रूपेण विग्रहेण उपलक्षिता गतिर्विग्रहगतिः, इति कृत्वा तत्र विग्रहगत्यापन्ना उत्कर्षतस्त्रीन् समयान् यावद् अनाहारकाः। तथाहि– अस्यां वक्रगतौ स्थितो जन्तुरेकेन द्वाभ्यां त्रिभिश्चतुर्भिर्वा वक्रैरुत्पत्तिदेशम् आयाति। तत्र एकवक्रायां द्वौ

विशेषोपनिषद्

આ જ રીતે **શ્રીપ્રવચનસારોદ્ધારસૂત્ર-વૃત્તિ**માં પણ ૨૩૦ માં દ્વારમાં પણ કહ્યું છે –

**વિગ્રહગતિને પામેલા, સમુદ્ઘાતની અવસ્થામાં રહેલા કેવળીઓ, અયોગી અને સિદ્ધો અનાહારક છે, શેષ જીવો આહારક છે.**

વ્યાખ્યા – વિગ્રહગતિ એટલે ભવાન્તર તરફ જતાં વિશ્રેણીમાં આગમન, તેને પામેલા સર્વ જીવો, તથા સમુદ્ઘાતની અવસ્થામાં

१. अन्तरालरूपेण।

समयौ तयोश्च नियमाद् आहारकः। तथाहि– आद्यसमये पूर्वशरीरमोक्षः, तस्मिंश्च समये तच्छरीरयोग्याः केचित् पुद्गला जीवयोग्या लोमाहारतः सम्बन्धम् आयान्ति औदारिकवैक्रियाऽऽहारक पुद्गलादीनां च आहारः, तत्र आद्यसमये आहारकः, द्वितीये च समये उत्पत्तिदेशे तद्भव-योग्यशरीरपुद्गलादानाद् आहारकः, द्विवक्रायां गतौ त्रयः समयाः, आद्ये अन्त्ये च प्राग्वद् आहारको, मध्यमे तु अनाहारकः, त्रिवक्रायां गतौ चत्वारः समयाः, ते चैवम्– त्रसनाड्या बहिरधस्तनभागाद् ऊर्ध्वम्, उपरितनभागाद् अधो वा, जायमानो जन्तु-र्विदिशो दिशि, दिशो वा विदिशि यदा उत्पद्यते, तदा एकेन समयेन विदिशो दिशि याति, द्वितीयेन त्रसनाडीं प्रविशति, तृतीयेन उपर्यधो वा याति, चतुर्थेन बहिरुत्पद्यते, दिशो विदिशि उत्पादे तु प्रथमे त्रसनाडीं प्रविशति, द्वितीये उपर्य्यधो वा याति, तृतीये बहिर्गच्छति। चतुर्थे विदिशि उत्पद्यते, अत्राद्यन्तयोः प्राग्वद् आहारकः, मध्यमयोस्तु अनाहारकः, चतुर्वक्रायां च पञ्च समयास्ते च त्रसनाड्या बहिरेव विदिशो विदिशि उत्पादे प्राग्वद् भावनीयाः। अत्रापि आद्यन्तयोः आहारकः, त्रिषु तु अनाहरक इति। अत्र श्रीभगवत्यां सङ्ग्रहणिसूत्र-प्रवचनसारोद्धारयोश्च विग्रहगतिसत्कोऽनाहारकसमयान् आश्रित्य यः कोऽपि परस्परविशेषोऽस्ति, स आलापकार्थविचारणेन स्वयं ज्ञातव्यः कुशाग्रीयमतिभिः। पुनर्विस्त-रार्थस्त्वयम्-त्रसनाडीस्थो जीवो मृत्वा वक्रगत्या नरकस्य पश्चिमदिशि समुत्पद्यमानो मनुष्यलोकस्य पूर्वदिशः सकाशाद् अध ऋजुगत्या एकसमयेन नरकस्य पूर्वदिशि याति। ततस्तिर्यग्गतिं कृत्वा द्वितीयसमयेन नरकस्य पश्चिमदिशि गत्वा उत्पद्यते। एषा द्विसामयिकविग्रहगतिः। यदा त्रस-नाडीमध्ये मनुष्यलोकस्य ईशानविदिशः सकाशाद् एकेन समयेन ऋजुगत्या अधो लोके ईशानविदिशि समायाति, ततो द्वितीयसमयेन तिर्यग्गत्वा,



तृतीयसमयेन वायव्यविदिशि उत्पद्यते। एषा त्रिसामयिकविग्रहगतिः। यदा त्रसनाडीबाह्ये आग्नेयविदिशिस्थो जीवस्त्रसनाडीबाह्ये पश्चिमदिग्भागे उत्पद्यते, तदा चतुःसामयिकविग्रहगतिः। तथाहि-ऋजुगत्या एकेन समयेन अधोऽधः पूर्वदिशि याति, द्वितीयेन समयेन तिर्यग्गत्या त्रसनाडीमध्ये याति, तृतीयेन समयेन तत ऊर्ध्वं याति, चतुर्थसमयेन त्रसनाडीतो बहिः पश्चिमदिशि गत्वा उत्पद्यते। एषा चतुःसामयिकी विग्रहगतिः। अथ यदा त्रसनाडीबाह्ये आग्नेयविदिशिस्थो जीवस्त्रसनाडीबहिर्नैऋत्यां विदिशि गत्वा उत्पद्यते तदा पञ्चसामयिकविग्रहगतिः। तथाहि– एकेन समयेन आग्नेयविदिशः सकाशात् त्रसनाडीबाह्ये एव ईशानविदिशि याति, ततो द्वितीयसमयेन त्रसनाडीमध्ये तिर्यग् याति, तृतीयेन ततः ऊर्ध्वं याति, चतुर्थेन ततस्त्रसनाडीबाह्ये पश्चिमदिशि याति, पञ्चमेन समयेन तत ऊर्ध्वं गत्वा नैऋते विदिशि उत्पद्यते। एषा पञ्चसामयिकी विग्रहगतिः। अयमर्थः तावद् यन्त्रकाद् अवसेयः। तच्चेदम्–


| | | |
|---|---|---|
| आ०<br>पू०<br>ई० | दक्षिणदिशि<br>ऊर्ध्वलोक<br>उत्तरदिशि | नैऋ०<br>पश्चि०<br>वाय० |
| आ०<br>पू०<br>ई० | दक्षिण<br>तिर्यग्<br>उत्तर | नै०<br>पश्चि०<br>वाय० |
| आ०<br>पू०<br>ई० | दक्षिण<br>१ अधो० २<br>१ उत्तर २ | नै०<br>पश्चिम<br>वाय० |

इदं द्वि-त्रिसामायिकविग्रहगति-यन्त्रकम्।

| | | |
|---|---|---|
| आ०<br>पू०<br>ई० | दक्षिण<br>ऊर्ध्वलोक<br>उत्तरा | नैऋत<br>पश्चिम<br>वायव्य |
| आ०<br>१पू०<br>१ई० | ३ दक्षिण<br>तिर्यग्<br>२ उत्तरा | नैऋत<br>४ पश्चिम<br>वायव्य |
| आ०<br>पू०<br>ई० | दक्षिण<br>अधो०<br>उत्तरा | नैऋत<br>पश्चिम<br>वायव्य |

इदं चतुःसामायिकविग्रहगति-यन्त्रम्।

## પરભવ જતાં એકવક્રા આદિ ગતિનું યંત્ર



| | | |
|---|---|---|
| आ० | दक्षिण | नै० ५ |
| पू० | ३ ऊर्ध्वे | ४ पश्चि० |
| ई० | २ उत्तरा | वा० |
| आ० | ३ दक्षिण | नै० ५ |
| २पू० | तिर्यग् | पश्चि० ४ |
| ई० | २ उत्तरा | वा० |
| आ० | ३ दक्षिणा | नैऋ० ५ |
| पू० | २ अधो | पश्चि० ४ |
| १ई० | २ उत्तरा | वा० |

इदं पञ्चसामयिकविग्रहगतियन्त्रकम्।

इति विग्रहगतिविचारे समयत्रयं चतुष्टयं वा जीवानामनाहारकत्वम् ।।६२।।

ननु– कल्याणमन्दिरस्तोत्रकारकस्य सिद्धसेनदिवाकरस्य को गच्छः ? उच्यते, विद्याधरगच्छः। यदुक्तं सिंहासनद्वात्रिंशिकायां द्वितीयपत्रे, तथाहि- अन्यदा श्रीविद्याधरगच्छे षट्त्रिंशल्लक्षकन्यकुब्जाधिपति– श्रीमरुण्डराजप्रति-

विशेषोपनिषद्

रहेला केवળીઓ, તથા શૈલેષીમાં સ્થિત અયોગીઓ અને જેમના આઠ કર્મોનો ક્ષય થયો છે, એવા સિદ્ધો. આ સર્વે અનાહારક છે. તેમના સિવાયના બધાં ય જીવો આહારક છે. (શેષ પૂર્વોક્તાનુસારે સમજવું.)

આ રીતે વિગ્રહગતિના વિચારમાં ત્રણ સમય કે ચાર સમય સુધી જીવો અનાહારક હોય છે, તે વિચાર કહ્યો. ॥૬૨॥

(૬૩) **પ્રશ્ન** :- કલ્યાણમંદિરસ્તોત્રના કર્તા શ્રીસિદ્ધસેનદિવાકર-સૂરિનો ગચ્છ કયો ?

**ઉત્તર** :- વિદ્યાધરગચ્છ. **સિંહાસનદ્વાત્રિંશિકા**ના દ્વિતીય પત્રમાં કહ્યું છે - તે આ પ્રમાણે – એક વાર શ્રીવિદ્યાધરગચ્છમાં શ્રીવૃદ્ધવાદીસૂરિ



बोधकश्रीपादलिप्तसूरिसन्ताने श्रीस्कन्दिलाचार्यशिष्यश्रीवृद्धवादिसूरिः, तच्छिष्यश्रीसिद्धसेनदिवाकरः श्रीसर्वज्ञपुत्र इत्याख्यया प्रसिद्धः। इति श्रीसिद्धसेनदिवाकरगच्छः।।६३।।

ननु– लौकिकानीव लोकोत्तरे जिनशासनेऽपि मासादीनां नामानि अभूवन् ? किं वा भिन्नानि ? उच्यते, भिन्नान्येव। यदुक्तं ज्योतिष्करण्डके, तथाहि– लोकोत्तराणि अमूनि, तद्यथा– प्रथमः श्रावणोऽभिनन्दनः, द्वितीयः प्रतिष्ठः, तृतीयो विजयः, चतुर्थः प्रतिवर्धनः, पञ्चमः श्रेयान्, षष्ठः शिवः, सप्तमः शिशिरः, अष्टमो हेमवान्, नवमो वसन्तः, दशमः कुसुमसम्भवः, एकादशो निदाघः, द्वादशो वननिरोहः। दिवसानां क्रमेण अमूनि नामानि, तद्यथा– प्रथमः पूर्वाङ्गः, द्वितीयः सिद्धिसेनः, तृतीयो मनोहरः, चतुर्थो यशोभद्रः पञ्चमो यशोधरः, षष्ठः सर्वकामसमृद्धः,

विशेषोपनिषद्

થઈ ગયાં. જેઓ ૩૬ લાખ કન્યકુબ્જના અધિપતિ શ્રીમરુંડરાજાના પ્રતિબોધક એવા શ્રી પાદલિપ્તિસૂરિની પરંપરામાં થયા હતાં તથા જેઓ શ્રી સ્કંદિલાચાર્યના શિષ્ય હતાં. તેમના શિષ્ય શ્રીસિદ્ધસેન-દિવાકર ‘શ્રીસર્વજ્ઞપુત્ર’ એવા નામે પ્રસિદ્ધ હતાં. આ રીતે શ્રીસિદ્ધસેન-દિવાકરસૂરિનો ગચ્છ કહ્યો. ॥૬૩॥

(૬૪) **પ્રશ્ન** :- મહિનાઓ વગેરેના નામ જેવા લૌકિક જગતમાં છે, તેવાં જ લોકોત્તર જિનશાસનમાં છે ? કે તેનાથી ભિન્ન છે ?

**ઉત્તર** :- ભિન્ન જ છે. કારણ કે **જ્યોતિષકરંડક**માં કહ્યું છે - લોકોત્તર આ મુજબ છે – પ્રથમ શ્રાવણ અભિનંદન, બીજો પ્રતિષ્ઠ, ત્રીજો વિજય, ચોથો પ્રતિવર્ધન, પાંચમો શ્રેયાન્, છટ્ઠો શિવ, સાતમો શિશિર, આઠમો હેમવાન, નવમો વસંત, દશમો કુસુમસંભવ, અગિયારમો નિદાઘ, બારમો વનનિરોહ.

દિવસોના નામ ક્રમશઃ આ મુજબ છે – પહેલો પૂર્વાંગ, બીજો સિદ્ધિસેન, ત્રીજો મનોહર, ચોથો યશોભદ્ર, પાંચમો યશોધર, છટ્ઠો

सप्तमः इन्द्रमूर्धाभिषिक्तः, अष्टमः सौमनसः, नवमो धनञ्जयः, दशमोऽर्थसिद्धः, एकादशोऽभिजातः, द्वादशोऽत्यशनः, त्रयोदशः शतञ्जयः, चतुर्दशोऽग्निवेश्मः, पञ्चदश उपशमः। रात्रीणां क्रमेण अमूनि नामानि, तद्यथा-प्रथमा उत्तरामा, द्वितीया सुनक्षत्रा, तृतीया एलापत्या, चतुर्थी यशोधरा, पञ्चमी सौमनसा, षष्ठी श्रीसम्भूता, सप्तमी विजया, अष्टमी वैजयन्ती, नवमी जयन्ती, दशमी अपराजिता, एकादशी इच्छा, द्वादशी समाहारा, त्रयोदशी तेजा, चतुर्दशी अतितेजा, पञ्चदशी देवानन्दा इति। इति मासादीनि लोकोत्तराणि नामानि।।६४।।

ननु– अनादिकालाद् जन्तुः सम्यक्त्वं लभते, तदा किं क्षायोपशमिकं सम्यक्त्वं प्रथमतो लभते ? किं वा औपशमिकसम्यक्त्वम् ? उच्यते, अतिविशुद्धो जीवः क्षायोपशमिकम्, मन्दविशुद्धस्तु औपशमिकम्। यदुक्तं श्रीबृहत्कल्पे, तथाहि–



સર્વકામસમૃદ્ધ, સાતમો ઈન્દ્રમૂર્ધાભિષિક્ત, આઠમો સૌમનસ, નવમો ધનંજય, દશમો અર્થસિદ્ધ, અગિયારમો અભિજાત, બારમો અત્યશન, તેરમો શતંજય, ચૌદમો અગ્નિવેશ્મ, પંદરમો ઉપશમ.

રાત્રિઓના નામ ક્રમશઃ આ મુજબ છે – પ્રથમ ઉત્તરામા, બીજી સુનક્ષત્રા, ત્રીજી એલાપત્યા, ચોથી યશોધરા, પાંચમી સૌમનસા, છટ્ઠી શ્રીસંભૂતા, સાતમી વિજયા, આઠમી વૈજયન્તી, નવમી જયન્તી, દશમી અપરાજિતા, અગિયારમી ઈચ્છા, બારમી સમાહારા, તેરમી તેજા, ચૌદમી અતિતેજા અને પંદરમી દેવાનંદા.

આ રીતે માસ વગેરેના લોકોત્તર નામો કહ્યા. ॥૬૪॥

(૬૫) **પ્રશ્ન** :- જીવ અનાદિકાળમાં પહેલીવાર સમ્યક્ત્વ મેળવે છે, તે શું ક્ષાયોપશમિક સમ્યક્ત્વ મેળવે છે ? કે પછી ઔપશમિક સમ્યક્ત્વ મેળવે છે ?

**ઉત્તર** :- અતિવિશુદ્ધ જીવ ક્ષાયોપશમિક મેળવે છે. મંદવિશુદ્ધ



"इयमत्र भावना– द्विविधस्तत्प्रथमतया सम्यग्दर्शनप्रतिपत्ता– अतिविशुद्धो मन्दविशुद्धश्च। तत्र योऽतिविशुद्धः सोऽपूर्वकरणमारूढो मिथ्यात्वं पुञ्जीकरोति, कृत्वा च अनिवृत्तिकरणे प्रविष्टः तत्प्रथमिकतया क्षायोपशमिकं सम्यग्दर्शनमासादयति, सम्यक्त्वं पुञ्जोदयाद्, (?) यस्तु मन्दविशुद्धः सोऽपूर्वकरणमपि आरूढस्तीव्राध्यवसायाभावाद् न मिथ्यात्वं त्रिपुञ्जीकर्तुमलम्, ततोऽनिवृत्तिकरणमुपगतोऽन्तरकरणं कृत्वा तत्र प्रविष्टः तत्प्रथमतया औपशमिकसम्यग्दर्शनमनुभवति, अन्तरकरणं च अन्तर्मुहूर्तप्रमाणम्, एतस्य वा क्षये अन्येषां पुद्गलानामभावतो मिथ्यात्वमेति। इति प्रथमतो जीवः क्षायोपशमिकसम्यक्त्वम्, औपशमिकसम्यक्त्वं वा लभते इति विचारः।।६५।।



જીવ ઔપશમિક મેળવે છે. **શ્રીબૃહત્કલ્પ**માં કહ્યું છે –

અહીં આ રીતે ભાવના છે. સૌ પ્રથમ વાર સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરતો હોય, તેવો જીવ બે પ્રકારે છે. અતિવિશુદ્ધ અને મંદવિશુદ્ધ. તેમાં જે અતિવિશુદ્ધ હોય, તે અપૂર્વકરણ પર આરૂઢ થઈને મિથ્યાત્વના ત્રણ પૂંજ કરે છે. પછી અનિવૃતિકરણમાં પ્રવેશ કરે છે. અને સૌ પ્રથમ ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

જે મંદવિશુદ્ધ હોય, તે અપૂર્વકરણમાં આરૂઢ થાય છે, પણ તેના તીવ્ર અધ્યવસાય ન હોવાથી, તે મિથ્યાત્વના ત્રણ પૂંજ કરવા સમર્થ થતો નથી. માટે તે અનિવૃતિકરણને પામીને અંતરકરણ કરે છે. તેમાં પ્રવેશ કરીને સૌ પ્રથમ ઔપશમિક સમ્યગ્દર્શનને અનુભવે છે. અંતરકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. અથવા તો તેનો ક્ષય થાય ત્યારે અન્ય પુદ્ગલોનો અભાવ હોવાથી મિથ્યાત્વ પામે છે.

આ રીતે સૌ પ્રથમ જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કે ઔપશમિક સમ્યક્ત્વ પામે છે, તે વિચાર કહ્યો. ॥૬૫॥

ननु– सम्यग्दर्शन-ज्ञानयोः कः प्रतिविशेषः ? उच्यते, प्रकटं भेदोऽस्ति यदुक्तम्– श्रीबृहत्कल्पे,

**“दंसणमोग्गहईहा नाणमवाओ धारणा जह उ।**

**तह तत्तरुई सम्मं रोइज्जइ जेणं तं नाणं।।”**

यथा तुल्यावबोधे दर्शन-ज्ञानयोर्भेदः-अवग्रहः, ईहा दर्शनम्, सामान्यावबोधात्मकत्वात्। अपायः धारणा च, ज्ञानं विशेषावबोधरूपत्वात्। यस्तत्त्वावगमः स ज्ञानम्, या तु अवगतेषु तत्त्वेषु रुचिः परमा श्रद्धा आत्मनः परिणामविशेषरूपा सा सम्यग्दर्शनम्, येन तद् ज्ञानं रोच्यते– रुच्यात्मकं क्रियते। इति ज्ञान-दर्शनयोर्भेदः।।६६।।

ननु– स्त्रीवेदः कियन्तं कालं तिष्ठति ? उच्यते, अत्र अर्थे पञ्च आदेशाः सन्ति श्रीप्रज्ञापनायाम् अष्टादशपदे। तथाहि–

विशेषोपनिषद्

(૬૬) **પ્રશ્ન** :- સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બેમાં શું ભેદ છે ?

ઉત્તર :- તેમાં પ્રગટ જ ભેદ છે. **શ્રીબૃહત્કલ્પ**માં કહ્યું છે – જેમ અવગ્રહ, ઈહા દર્શન છે, અપાય, ધારણા જ્ઞાન છે, તેમ તત્ત્વરુચિ સમ્યક્ત્વ છે. અને તત્ત્વની રુચિ જેનાથી થાય છે, તે જ્ઞાન છે.

જેમ અવબોધ તુલ્ય હોવા છતાં પણ દર્શન અને જ્ઞાનનો ભેદ છે, અવગ્રહ-ઈહા દર્શન છે, કારણ કે તે સામાન્ય અવબોધરૂપ છે. અપાય-ધારણા જ્ઞાન છે, કારણ કે એ વિશેષ અવબોધરૂપ છે. જે તત્ત્વનો બોધ એ જ્ઞાન છે. જાણેલા તત્ત્વોમાં જે રુચિ = પરમ શ્રદ્ધા, કે જે આત્માના પરિણામવિશેષરૂપ છે, તે સમ્યગ્દર્શન છે, જેના વડે તે જ્ઞાન રુચિસ્વરૂપ કરાય છે.

આ રીતે જ્ઞાન-દર્શનનો ભેદ કહ્યો. ॥૬૬॥

(૬૭) **પ્રશ્ન** :- સ્ત્રીવેદ કેટલો કાળ રહે છે ?



**“इत्थिवेए णं भंते ! ‘इत्थिवेदि’ त्ति कालओ केवचिरं होति ? गोयमा ! एगेणं आदेसेणं जहन्नेणं एगं समयं, उक्कोसेणं दसुत्तरं पलिओवमसयं (११०) पुव्वकोडिपुहुत्तमब्भहिअं। एगेणं आएसेणं जहन्नेणं एग्गं समयं, उक्कोसेणं अट्ठारस पलिओवमाइं पुव्वकोडिपुहुत्तमब्भहिआइं। एगेणं आएसेणं जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउद्दसपलिओवमाइं पुव्वकोडिपुहुत्तमब्भहिआइं। एगेणं आएसेणं जहन्नेणं एगं समयं, उक्कोसेणं पलिओवमसयं (१००) पुव्वकोडिपुहुत्तमब्भहिअं। एगेणं आएसेणं जहन्नेणं एगं समयं, उक्कोसेणं पलिओवमपुहुत्तं पुव्वकोडिपुहुत्तमब्भहिअं। पुरिसवेए**

विशेषोपनिषद्

**ઉત્તર** :- આ અર્થમાં **શ્રીપ્રજ્ઞાપનાસૂત્ર**ના ૧૮ મા પદમાં પાંચ આદેશ કહ્યા છે. તે આ પ્રમાણે છે –

હે ભગવંત ! સ્ત્રીવેદ સ્ત્રીવેદરૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! એક આદેશથી જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૧૧૦ પલ્યોપમ + પૂર્વકોટિ પૃથક્ત્વ.

એક આદેશથી જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૧૮ પલ્યોપમ + પૂર્વકોટિ પૃથક્ત્વ.

એક આદેશથી જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી ૧૪ પલ્યોપમ + પૂર્વકોટિ પૃથક્ત્વ.

એક આદેશથી જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી ૧૦૦ પલ્યોપમ + પૂર્વકોટિ પૃથક્ત્વ.

એક આદેશથી જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી પલ્યોપમ પૃથક્ત્વ + પૂર્વકોટિ પૃથક્ત્વ.

| આદેશ | જઘન્યથી | ઉત્કૃષ્ટથી |
|---|---|---|
| ૧ | ૧ સમય | ૧૧૦ પલ્યોપમ + પૂર્વોકોટિ પૃથક્ત્વ. |
| ૨ | ૧ સમય | ૧૮ પલ્યોપમ + પૂર્વોકોટિ પૃથક્ત્વ. |

**णं भंते ! 'पुरिसवेदि' त्ति केवचिरं कालं होइ ? गोयमा ! जहन्नेणं एगं समयं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं साइरेगं। नपुंसगवेए णं भंते ! नपुंसगवेदि' त्ति केवचिरं कालं होइ ? गोयमा ! जहन्नेणं एगं समयं, उक्कोसेणं वणप्फइकालो।"**

व्याख्या– स्त्रीवेदविषये पञ्च आदेशाः, तान् अनुक्रमेण निरूपयति- 'एगेणं आदेसेणं' इत्यादि। तत्र सर्वत्रापि जघन्यतः समयमात्रभावना इयम्– काचिद् युवतिः उपशमश्रेण्यां वेदत्रयोपशमनेन अवेदकत्वमनुभूय ततः श्रेणेः प्रतिपतन्ती स्त्रीवेदोदयम् एकसमयम् अनुभूय द्वितीयसमये कालं कृत्वा देवेषु उत्पद्यते। तत्र च तस्याः पुंस्त्वमेव, न स्त्रीत्वम्। तत एव जघन्यतः समयमात्रं स्त्रीवेदः। उत्कर्षचिन्तायामियं प्रथमा-देशभावना- कश्चिद् जन्तुर्नारीषु, तिरश्चीषु वा पूर्वकोट्यायुष्कासु मध्ये पञ्चषान् भवान् अनुभूय ईशाने कल्पे पञ्चपञ्चाशत्पल्योपम-प्रमाणोत्कृष्टस्थितिषु अपरिगृहीतासु देवीषु मध्ये देवीत्वेन उत्पन्नः,

विशेषोपनिषद्

| | | |
|---|---|---|
| ૩ | ૧ સમય | ૧૪ પલ્યોપમ + પૂર્વોકોટિ પૃથક્ત્વ. |
| ૪ | ૧ સમય | ૧૦૦ પલ્યોપમ + પૂર્વોકોટિ પૃથક્ત્વ. |
| ૫ | ૧ સમય | પલ્યોપમ પૃથક્ત્વ + પૂર્વોકોટિ પૃથક્ત્વ. |

હે ભગવંત ! પુરુષવેદ પુરુષવેદરૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સાધિક સાગરોપમશત-પૃથક્ત્વ (સાધિક ૨૦૦ થી ૯૦૦ સાગરોપમ).

હે ભગવંત ! નપુંસક વેદ નપુંસકવેદરૂપે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ.

વ્યાખ્યા :- સ્ત્રીવેદ વિષયમાં પાંચ આદેશ છે. તેનું અનુક્રમે નિરૂપણ કરે છે – એક આદેશથી ઈત્યાદિ... તેમાં સર્વત્ર જઘન્યથી એક સમય કહ્યો છે. તેમાં ભાવના આ મુજબ છે – કોઈ યુવતી ઉપશમશ્રેણીમાં ત્રણ વેદનો ઉપશમ કરવા દ્વારા અવેદીપણાનો અનુભવ



ततः स्वायुःक्षये च्युत्वा भूयोऽपि नारीषु, तिरश्चीषु वा पूर्वकोट्यायुष्कासु मध्ये स्त्रीत्वेन उत्पन्नः, ततो भूयोऽपि द्वितीयवारम् ईशाने देवलोके पञ्चपञ्चाशत्पल्योपमप्रमाणोत्कृष्टायुष्कासु अपरिगृहीतदेवीषु मध्ये देवीत्वेन उत्पन्नः, ततः परमवश्यं वेदान्तरमवगच्छति, एवं दशोत्तरं पल्योपमशतं पूर्वकोटिपृथक्त्वाभ्यधिकं प्राप्यते। अत्र पर आह–ननु यदि देवकुरु–उत्तरकुर्वादिषु पल्योपमत्रयस्थितिकासु स्त्रीषु मध्ये समुत्पद्यते, ततोऽधिकाऽपि स्त्रीवेदस्थितिरवाप्यते, ततः किम् इति एतावती एव उपदिष्टा ? तद् अयुक्तम्, अभिप्रायाऽपरिज्ञानात्। तथाहि–इह तावद्

વિશેષોપનિષદ્

કરીને પછી શ્રેણીથી પતન પામે ત્યારે એક સમય માટે સ્ત્રીવેદનો અનુભવ કરીને બીજા સમયે કાળ કરીને દેવ થાય. ત્યાં તે પુરુષ જ હોય છે, સ્ત્રી નહીં. અર્થાત્ એ દેવ જ હોય, દેવી નહીં. આ રીતે જઘન્યથી એક સમય સ્ત્રીવેદ હોય છે.

ઉત્કૃષ્ટ વિચારમાં પ્રથમાદેશની ભાવના આ મુજબ છે. કોઈ જીવ નારી કે તિર્યંચ-સ્ત્રી તરીકે પૂર્વકોટી આયુષ્યવાળા પાંચ-છ ભવોને અનુભવીને ઈશાન દેવલોકમાં ૫૫ પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિવાળી અપરિગૃહીત દેવી તરીકે ઉત્પન્ન થાય. પછી પોતાના આયુષ્યના ક્ષયે ચ્યવીને ફરીથી પૂર્વકોટિ આયુષ્યવાળી નારી કે તિર્યંચ સ્ત્રી તરીકે ઉત્પન્ન થાય. પછી બીજી વાર ઈશાન દેવલોકમાં ૫૫ પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુષ્યવાળી અપરિગૃહીત દેવી તરીકે ઉત્પન્ન થાય છે. તેના પછી અવશ્ય બીજો વેદ પામે છે. આ રીતે પૂર્વકોટિપૃથક્ત્વસહિત ૧૧૦ પલ્યોપમ સુધી સ્ત્રીવેદ રહે છે.

**શંકા** :- જો તે દેવકુરુ-ઉત્તરકુરુ વગેરેમાં ત્રણ પલ્યોપમની સ્થિતિવાળી દેવી તરીકે ઉત્પન્ન થાય, તો તેનાથી પણ વધુ સ્ત્રીવેદની સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે. તો પછી આટલી જ સ્થિતિ કેમ કહી ?

**સમાધાન** :- આવી શંકા ઉચિત નથી. કારણ કે તમે અભિપ્રાય જાણ્યો નથી. દેવી ચ્યવીને અસંખ્યવર્ષના આયુષ્યવાળી સ્ત્રી તરીકે

देवीभ्यः च्युत्वा असङ्ख्येयवर्षायुष्कासु स्त्रीषु मध्ये नोत्पद्यते, देवयोनेः च्युतानाम् असङ्ख्येयवर्षायुष्केषु मध्ये उत्पादप्रतिषेधात्। नाऽपि असङ्ख्येयवर्षाऽऽयुष्का सती योषित् उत्कृष्टायुष्कासु देवीषु मध्ये जायते। यत उक्तं मूलटीकाकृता–

**“जाता असंखेज्जवासाउया उक्कोसठिई न पावेइ”** इति। ततो यथोक्तप्रमाणा एव उत्कृष्टा स्थितिः स्त्रीवेदस्य अवाप्यते। द्वितीयादेशवादिनः पुनरेवमाहुः– नारीषु, तिरश्चीषु वा पूर्वकोट्यायुष्कासु मध्ये पञ्चषान् भवान् अनुभूय पूर्वप्रकारेण ईशानदेवलोके वारद्वयम् उत्कृष्टस्थितिकासु देवीषु मध्ये उत्पद्यमाना नियमतः परिगृहीतासु एव उत्पद्यते, नाऽपरिगृहीतासु। ततस्तन्मतेन उत्कृष्टमवस्थानं स्त्रीवेदस्य

विशेषोपनिषद्

ઉત્પન્ન ન થઈ શકે. કારણ કે દેવયોનિથી ચ્યવે તે અસંખ્ય વર્ષના આયુષ્ય ધરાવતી યોનિમાં ઉત્પન્ન ન થાય, એવું આગમવચન છે. વળી અસંખ્ય વર્ષના આયુષ્યવાળી સ્ત્રી ઉત્કૃષ્ટ આયુષ્યવાળી દેવી તરીકે ઉત્પન્ન થતી નથી. કારણ કે મૂળ ટીકાકારે કહ્યું છે –

જે અસંખ્ય વર્ષના આયુષ્યવાળી સ્ત્રી હોય તે દેવી તરીકે ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટ સ્થિતિને પામતી નથી. માટે જે પૂર્વે કહીં તે જ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

દ્વિતીયઆદેશવાદીઓ આ મુજબ કહે છે – પૂર્વકોટિ વર્ષના આયુષ્યવાળી નારી કે તિર્યંચ સ્ત્રી તરીકે ૫-૬ ભવોને અનુભવીને પૂર્વે કહેલા પ્રકારથી બે વાર ઈશાન દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવી તરીકે ઉત્પન્ન થાય, તેમાં તે અવશ્યપણે પરિગૃહીત દેવી તરીકે નહીં. તેથી તેમના મતે સ્ત્રી વેદની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮ પલ્યોપમ + પૂર્વકોટિ-પૃથક્ત્વ છે.

તૃતીય આદેશવાળાના મતે સૌધર્મદેવલોકમાં સાત પલ્યોપમના આયુષ્યવાળી પરિગૃહીત દેવી તરીકે બે વાર ઉત્પન્ન થાય છે તેથી તેમના મતે સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૪ પલ્યોપમ + પૂર્વકોટિપૃથક્ત્વ છે.

ચતુર્થ આદેશવાદીના મતે સૌધર્મદેવલોકમાં ૫૦ પલ્યોપમ પ્રમાણ



अष्टादश पल्योपमानि, पूर्वकोटिपृथक्त्वं च। तृतीयादेशवादिनां तु सौधर्मदेवलोके परिगृहीतासु सप्तपल्योपमप्रमाणोत्कृष्टायुष्कासु वारद्वयं समुत्पद्यते। ततस्तन्मतेन चतुर्दश पल्योपमानि पूर्वकोटिपृथक्त्वाभ्यधिकानि स्त्रीवेदस्य स्थितिः। चतुर्थादेशवादिनां तु मतेन सौधर्मदेवलोके पञ्चाशत्पल्योपमप्रमाणोत्कृष्टायुष्कासु अपरिगृहीतदेवीषु अपि पूर्वप्रकारेण वारद्वयं देवीत्वेन उत्पद्यते, ततस्तन्मतेन पल्योपशतं पूर्वकोटिपृथकत्वाभ्यधिकं प्राप्यते, पञ्चमादेशवादिनः पुनरिदमाहुः नानाभवभ्रमणद्वारेण यदि स्त्रीवेदस्य उत्कृष्टम् अवस्थानं चिन्त्यते, तर्हि पल्योपमपृथक्त्वमेव पूर्वकोटिपृथक्त्वाभ्यधिकं प्राप्यते, न ततोऽधिकम्, कथमिति चेत्, उच्यते नारीषु तिरश्चीषु वा पूर्वकोट्यायुष्कासु मध्ये सप्तभवान् अनुभूय अष्टमे भवे देवकुर्वादिषु त्रिपल्योपस्थितिषु स्त्रीषु मध्ये स्त्रीत्वेन समुत्पद्यते, ततो मृत्वा सौधर्मदेवलोके जघन्यस्थितिकासु देवीषु मध्ये देवीत्वेन उत्पद्यते, तदनन्तरं च अवश्यं वेदान्तरम् अधिगच्छतीति। अमीषां

विशेषोपनिषद्

ઉત્કૃષ્ટ આયુષ્યવાળી અપરિગૃહીત દેવીઓમાં પણ પૂર્વપ્રકારે બે વાર દેવી તરીકે ઉત્પન્ન થાય છે. તેથી તેમના મતે ૧૦૦ પલ્યોપમ + પૂર્વકોટિપૃથક્ત્વ પ્રાપ્ત થાય છે.

પંચમ આદેશવાદીઓ આ મુજબ કહે છે – અનેક ભવભ્રમણ દ્વારા જો સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિનો વિચાર કરીએ તો ૨ થી ૯ પલ્યોપમ + પૂર્વકોટિપૃથક્ત્વ આટલી જ સ્થિતિ મળી શકે, વધારે નહીં. શી રીતે ? તેનો જવાબ આ છે – પૂર્વકોટિ આયુષ્યવાળી નારી કે તિર્યંચ સ્ત્રી તરીકે સાત ભવ કરીને આઠમા ભવે દેવકુરુ વગેરેમાં ત્રણ પલ્યોપમની સ્થિતિવાળી સ્ત્રી તરીકે ઉત્પન્ન થાય, પછી મરીને સૌધર્મ દેવલોકમાં જઘન્યસ્થિતિવાળી દેવી તરીકે ઉત્પન્ન થાય. પછી અવશ્ય બીજા વેદને પામે છે.

આ પાંચ આદેશોમાંથી કયો આદેશ સાચો છે તેનો નિર્ણય

पञ्चानाम् आदेशानाम् अन्यतमादेशसमीचीनता निर्णीततया अतिशय-ज्ञानिभिः, सर्वोत्कृष्टश्रुतलब्धिसम्पन्नैर्वा कर्त्तुं शक्यते, ते च भगवदार्यश्या-मप्रतिपत्तौ न आसीरन्, केवलं तत्कालापेक्षया ये पूर्वतमाः सूरयः, स्वमतेन सूत्रं पठन्तो गौतमप्रश्नभगवन्निर्वचनरूपतया पठन्ति। ततस्तदवस्थान्येव सूत्राणि लिखितानि, गोयमा इत्युक्तम् अन्यथा भगवति गौतमाय निर्देष्टरि न तत्संशयकथनम् उपपद्यते भगवतः सकलसंशया-तीतत्वात्। पुरुषवेदसूत्रे जघन्यतोऽन्तर्मुहूर्त्तम् इति–

यदा कश्चिद् अन्यवेदेभ्यो जीवेभ्यो उद्वृत्य पुरुषवेदेषु उत्पद्यते, तत्र चान्तर्मुहूर्त्तं सर्वायुर्जीवित्वा गत्यन्तरे अन्यवेदेषु मध्ये समुत्पद्यते, तदा पुरुषवेदस्य जघन्यतोऽन्तर्मुहूर्त्तम् अवस्थानं लभ्यते, उत्कृष्टमानं

विशेषोपनिषद्

અતિશયજ્ઞાની કે સર્વોત્કૃષ્ટ શ્રુતલબ્ધિથી સંપન્ન હોય, તે જ કરી શકે. પ્રસ્તુત સૂત્રના કર્તા ભગવાન આર્યશ્યામના કાળે તેવા જ્ઞાનીઓ ન હતાં. માત્ર તે કાળની અપેક્ષાએ જે પૂર્વના આચાર્યો હતાં, તે પોતાના મતથી સૂત્રપાઠ કરતા હતાં, તેમાં ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો હોય અને પ્રભુ - વીરે જવાબ આપ્યો હોય, એ રીતે સૂત્રપાઠ કરતાં હતાં. તેથી તે જ રૂપે સૂત્રોનું આલેખન કરવામાં આવ્યું. માટે આ સૂત્રમાં 'ગૌતમ' એવા શબ્દો છે. અન્યથા જ્યારે પ્રભુ વીર ગૌતમસ્વામીને પ્રત્યુત્તર આપતા હોય, ત્યારે આવો સાંશયિક જવાબ ઘટતો નથી. કારણ કે ભગવાન તો સર્વસંશયથી અતીત છે. પુરુષવેદસૂત્રમાં જઘન્યથી અંતર્મુહૂર્ત કહ્યું છે. તે આ મુજબ –

જ્યારે કોઈ જીવ અન્યવેદવાળા જીવોમાંથી પુરુષવેદવાળા જીવોમાં ઉત્પન્ન થાય, અને ત્યાં અંતર્મુહૂર્ત પ્રમાણનું સર્વ આયુષ્ય જીવીને અન્યવેદવાળા જીવોમાં ઉત્પન્ન થાય, ત્યારે પુરુષવેદની જઘન્યથી અંતર્મુહૂર્તની સ્થિતિ મળે છે. ઉત્કૃષ્ટ પ્રમાણ સાધિક ૨૦૦ થી ૯૦૦ સાગરોપમ છે. એ સુગમ છે. કોઈ પણ જીવ તથાસ્વભાવે આટલો જ



कण्ठ्यम्, नपुंसकवेदसूत्रे जघन्यत एकः समयः, स्त्रीवेदस्येव भावनीयः, उत्कर्षतो वनस्पतिकालः, स च प्रागेव उक्तः। एतच्च सांव्यवहारिकजीवान् अधिकृत्य, यदा तु असांव्यवहारिकजीवान् अधिकृत्य चिन्ता क्रियते, तदा द्विविधा, नपुंसकवेदाद् वा कांश्चिद् अधिकृत्य अनाद्यपर्यवसाना ये न जातुचिदपि सांव्यवहारिकराशौ निपतिष्यन्ति। कांश्चिदधिकृत्य पुनरनादिसपर्यवसाना ये असांव्यवहारिकराशेरुद्वृत्य सांव्यवहारिकराशौ आगमिष्यन्ति। अथ किमसांव्यवहारिकराशेरपि विनिर्गत्य सांव्यवहारि-कराशौ आगच्छन्ति, येनैवं प्ररूपणा क्रियते ? उच्यते आगच्छति, कथमेतद् अवसेयम् इति चेद्, उच्यते पूर्वाचार्योपदेशात्, तथा चाह–

विशेषोपनिषद्

સમય પુરુષવેદમાં રહી શકે, પછી અવશ્યપણે અન્યવેદમાં ઉત્પન્ન થાય, અથવા તો અવેદી બને.

નપુંસકવેદના સૂત્રમાં જઘન્યથી એક સમય છે, એ સ્ત્રીવેદની જેમ સમજવો. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ છે. એ પહેલા કહ્યું જ છે.

એ કાળ પણ સાંવ્યાવહારિક જીવોની અપેક્ષાએ છે. જ્યારે અસાંવ્યાવહારિક જીવો (અનાદિ નિગોદના જીવો) ની અપેક્ષાએ વિચાર કરીએ ત્યારે નપુંસકવેદની સ્થિતિ બે પ્રકારે છે. એક તો અનાદિ અનંત-જેઓ કદી પણ સાંવ્યાવહારિક રાશિમાં આવવાના નથી, તેમની અને બીજી અનાદિ સાંત-જેઓ ભવિષ્યમાં અસાંવ્યાવહારિક રાશિમાંથી સાંવ્યાવહારિક રાશિમાં આવશે, તેમની.

**શંકા** :- શું જીવો અસાંવ્યાવહારિક રાશિમાંથી નીકળીને સાંવ્યાવહારિક રાશિમાં આવે છે ? કે જેનાથી તમે આવી પ્રરૂપણા કરો છો ?

**સમાધાન** :- હા, આવે છે.

**શંકા** :- એ શેનાથી જાણી શકાય ?

**સમાધાન** :- પૂર્વાચાર્યોના ઉપદેશથી. દુઃષમાકાળરૂપી અંધકારમાં

दुःषमान्धकारनिमग्नजिनप्रवचनप्रदीपो भगवान् जिनभद्रगणिक्षमाश्रमणः-

**सिज्झंति जत्तिया किर इह संववहार-जीवरासीओ।**

**इय अणाइ वणस्सइ रासीओ तित्तिया तंसि।।१।।**

इति स्त्रीपुरुषनंपुसकवेदानां कालविचारः।।६७।।

ननु- योनिकुलयोः को विशेषः ? उच्यते- अत्र श्रीप्रवचनसारोद्धार-वृत्ति(ः)प्रमाणम्, तथाहि-योनिर्जीवानाम् उत्पत्तिस्थानम्, यथा वृश्चिकादे-र्गोमयादि, कुलानि तु योनिप्रभवानि, तथाहि-एकस्यामेव योनौ अनेकानि कुलानि भवन्ति। यथा छगणयोनौ कृमिकुलं वृश्चिककुलम् इत्यादि, यदि वा तस्यैव वृश्चिकादेर्गोमयादौ उत्पन्नस्यापि, कपिलरक्तादिवर्णभेदाद् अनेकधा कुलानीति। इति योनिकुलभेदविचारः।।६८।।

विशेषोपनिषद्

નિમગ્ન એવા જીવો માટે જેઓ જિનપ્રવચનરૂપ પ્રદીપ ધરે છે, એવા ભગવાનશ્રી **જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે** કહ્યું છે –

સંવ્યવહાર રાશિમાંથી જેટલા જીવો સિદ્ધ થાય છે, તેટલા જીવો અનાદિ વનસ્પતિ રાશિમાંથી (અસંવ્યવહારરાશિમાંથી) સંવ્યવહારરાશિમાં આવે છે.

આ રીતે સ્ત્રીપુરુષ-નપુંસકવેદના કાળનો વિચાર કહ્યો. ।।૬૭।।

(૬૮) **પ્રશ્ન** :- યોનિ અને કુલમાં શું ભેદ છે ?

ઉત્તર :- તેના ભેદમાં **શ્રીપ્રવચનસારોદ્ધારવૃત્તિ** પ્રમાણ છે. તે આ પ્રમાણે – યોનિ જીવોનું ઉત્પત્તિસ્થાન છે. જેમ કે વીંછી વગેરેનું ઉત્પત્તિસ્થાન છાણ છે. કુલ તો યોનિથી થાય છે. એક જ યોનિમાં અનેક કુલ હોય છે. જેમ કે છાણારૂપી યોનિમાં કૃમિકુલ, વીંછીકુલ વગેરે. અથવા તો છાણા વગેરેમાં ઉત્પન્ન એવો તે જ વીંછી હોય, તેના પીળા-લાલ વગેરે વર્ણોના ભેદથી અનેક કુળો હોય છે.

આ રીતે યોનિ અને કુળના ભેદનો વિચાર કહ્યો. ।૬૮।।



ननु- 'सव्वेसिं उत्तरो मेरू' इति कथं भवति ? उच्यते-

**जे मंदरस्स पुव्वेण मणूसा दाहिणेण अवरेणं।**

**जे आवि उत्तरेणं सव्वेसिं मेरू उत्तरओ।।१।।**

**सव्वेसिं उत्तरेणं मेरू लवणो य हुंति दाहिणओ।**

**पुव्वेणं तु उदेइ अवरेण य अत्थिमे सूरो।।२।।**

ये मन्दरस्य मेरोः पूर्वेण मनुष्यक्षेत्रदिगङ्गीकरणेन, रुचकापेक्षं पूर्वादित्वं वेदितव्यम्, तेषाम् उत्तरो मेरुः। दक्षिणेन 'लवणाइ त्ति' आदित्यदिगङ्गीकरणेन। इति सर्वेषामुत्तरो मेरुरितिविचारः।।६९।।

ननु-कः कोटिशिलाविचारः ? उच्यते-

**तत्रैकयोजनोत्सेधां विस्तारेऽप्येकयोजनाम्।**

**भरतार्द्धवासिनीभिर्देवताभिरधिष्ठिताम्।।१।।**

विशेषोपनिषद्

(૬૯) **પ્રશ્ન** :- બધાને ઉત્તરમાં મેરુ પર્વત આવે, એ શી રીતે થાય ?

**ઉત્તર** :- જે પુરુષો મેરુ પર્વતની પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં કે ઉત્તરમાં છે, તે બધાને મેરુ ઉત્તરમાં છે. બધાને ઉત્તરદિશામાં મેરુ પર્વત છે, અને દક્ષિણ દિશામાં લવણ સમુદ્ર છે. ચારે દિશામાં રહેલા મનુષ્યોની અપેક્ષાએ સૂર્ય પૂર્વદિશામાં ઉગે છે, અને પશ્ચિમમાં આથમે છે.

મનુષ્યક્ષેત્રની દિશા માનીને રુચકની અપેક્ષાએ જેઓ પૂર્વ વગેરે દિશામાં છે, તેઓ સર્વેને મેરુ પર્વત ઉત્તરમાં છે. આદિત્યની દિશા માનીને અર્થાત્ સૂર્ય ઉગે તે પૂર્વદિશા આ રીતે દિશા માનીને સર્વને દક્ષિણ દિશામાં લવણ સમુદ્ર આવે.

આ રીતે મેરુ સર્વની ઉત્તરમાં છે, એ વિચાર કહ્યો. ।।૬૯।।

(૭૦) **પ્રશ્ન** :- કોટિશિલાની વિચારણા શું છે ?

**ઉત્તર** :- જે એક યોજન ઉંચી છે અને એક યોજનના

**शिलां कोटिशिलानाम दक्षिणेतरबाहुना।**
**चतुरङ्गुलम् उद्दध्रे पृथ्वीतः कंससूदनः।।२।।**
**तां भुजाग्रे दधौ विष्णुराद्यो मूर्ध्नि द्वितीयकः।**
**कण्ठे तृतीयस्तूर्यस्तूरःस्थले पञ्चमो हृदि।।३।।**
**षष्ठः कट्यां षडधिकस्तूर्वोराजानु चाष्टमः।**
**चतुरङ्गुलमन्त्योऽवसर्पिण्यां ते पतद्बलाः।।१।।**

पुनर्ग्रन्थान्तरविस्तारः, यथा-भरतक्षेत्रमध्यखण्डे मगधदेशे दशार्ण-पर्वतसमीपे उत्सेधाङ्गुलनिष्पन्नैकयोजनपृथुलायामा एकयोजनोच्चा वृत्ता कोटिशिलानाम् एका शिला अस्ति। तस्यां श्रीशान्तिनाथादिजिन-षट्कतीर्थसिद्धाः अनेकमुनिकोटयो ज्ञेयाः, कथम् इत्याह-प्रथमं श्रीशान्ति-नाथस्य चक्रायुधनामा प्रथमगणधरोऽनेकसाधुगणपरिवृत्तः सिद्धः, ततो द्वात्रिंशत्पट्टप्रतिष्ठितपुरुषपरम्पराभिः सङ्ख्येयमुनिकोटयः सिद्धाः, ततः

વિશેષોપનિષદ્

વિસ્તારવાળી છે, ભરતાર્દ્ધમાં વાસ કરતા દેવતાઓથી જે અધિષ્ઠિત છે, એવી કોટિશિલા નામની શિલાને કૃષ્ણે પોતાના ડાબા હાથથી જમીનથી ચાર આંગળ ઉપર ઉંચકી લીધી. તે શિલાને પ્રથમ વાસુદેવે બંને હાથ ઊંચા કરીને એટલે ઉંચે ઉચકી હતી, બીજાએ માથા સુધી, ત્રીજાએ ગળા સુધી, ચોથાએ છાતી સુધી, પાંચમાએ હૃદય સુધી, છટ્ઠાએ કટિ સુધી, સાતમાએ સાથળ સુધી, આઠમાએ જાનુ સૂધી અને નવમાએ ચાર આંગળ ઉંચી ઉપાડી હતી. કારણ કે અવસર્પિણીમાં વાસુદેવોનું બળ હીયમાન હોય છે.

વળી બીજા ગ્રંથમાં કોટિશિલા વિષે આવો વિસ્તાર છે – ભરતક્ષેત્રના મધ્યખંડમાં મગધદેશમાં દશાર્ણ પર્વતની પાસે ઉત્સેધ અંગુલથી નિષ્પન્ન એવા એક યોજનની લંબાઈ વાળી, એક યોજન ઊંચી એવી ગોળ કોટિશિલા નામની એક શિલા છે. તે શિલા પરથી શ્રીશાંતિનાથ વગેરે છ જિનેશ્વરોના શાસનમાં કરોડો મુનિઓ સિદ્ધ



श्रीकुन्थुनाथतीर्थसम्बन्धिनोऽष्टाविंशतियुगैः सङ्ख्येयमुनिकोटयः सिद्धाः। ततः श्रीअरनाथजिनस्य द्वादशकोटयो मुनीनां चतुर्विंशतियुगानि यावत् सिद्धाः, ततः श्रीमल्लिनाथस्य विंशतियुगानि यावत् षट्कोटयः सिद्धाः, ततः श्रीमुनिसुव्रतस्य तिस्रः कोटयः सिद्धाः, ततः श्रीनमितीर्थंकरस्य एका मुनिकोटिः सिद्धा। एवमन्येऽपि बहवः साधवः सिद्धाः, तेन कारणेन एषा कोटिशः सिद्धिभवनात् कोटिशिला इत्यभिधीयते। अथ सा कैरुत्पाटिता तदाह– नवभिर्वासुदेवैः सा शिला उत्पाटनावसरे एतेषु स्वाङ्गस्थानकेषु आनीता। यथा प्रथमेन त्रिपृष्ठवासुदेवेन वामहस्तेन उत्पाट्य छत्रस्थाने शिरसि ऊर्ध्वं समानीता।१। द्वितीयेन द्विपृष्ठेन

વિશેષોપનિષદ્

થયા છે. કેવી રીતે ? તે કહે છે –

પહેલા શ્રીશાંતિનાથ ભગવાનના પ્રથમ ગણધર ચક્રાયુધ અનેક સાધુઓ સાથે સિદ્ધ થયાં. પછી ૩૨ પાટે આવેલી પુરુષપરંપરાઓથી સંખ્યાતા કરોડ મુનિઓ સિદ્ધ થયાં. પછી શ્રી કુંથુનાથ સંબંધી ૨૮ પાટપરંપરાથી સંખ્યાત કરોડ મુનિઓ સિદ્ધ થયા.

પછી શ્રીઅરનાથભગવાનસંબંધી ૨૪ પાટપરંપરા સુધી ૧૨ કરોડ મુનિઓ સિદ્ધ થયા. પછી શ્રીમલ્લિનાથસંબંધી ૨૦ પાટપરંપરા સુધી ૬ કરોડ મુનિઓ સિદ્ધ થયાં. પછી શ્રીમુનિસુવ્રતસ્વામીના શાસનમાં ૩ કરોડ મુનિઓ સિદ્ધ થયાં. પછી શ્રીનમિનાથના એક કરોડ મુનિઓ સિદ્ધ થયા. એમ અન્ય પણ ઘણા સાધુઓ સિદ્ધ થયાં. આ રીતે અહીં કરોડો આત્માઓ સિદ્ધિ પામ્યા હોવાથી, તે કોટિશિલા કહેવાય છે.

હવે તે કોણે ઉપાડી તે કહે છે. ૯ વાસુદેવોએ ડાબા હાથેથી તે શિલા ઉપાડી. તે વખતે તેમણે પોતાના આ અંગો સુધી લાવી હતી.

| | વાસુદેવ | અંગસ્થાન |
|---|---|---|
| ૧ | ત્રિપૃષ્ઠ | છત્રસ્થાને મસ્તક ઉપર |

तथैवोत्पाट्य शीर्षं यावद् आनीता।२। तृतीयेन स्वयंभुवा ग्रीवां यावदानीता।३। चतुर्थेन पुरुषोत्तमेन वक्ष्यस्यानीता।४। पञ्चमेन पुरुषसिंहेन उदरं यावदानीता।५। षष्ठेन पुरुषपुण्डरीकेण कटिं यावदानीता।६। सप्तमेन दत्तनाम्ना ऊर्वोरानीता।७। अष्टमेन लक्ष्मणेन जान्वोरानीता। नवमेन कृष्णेन कथमपि जान्वोः किञ्चिदधः समानीता। इति श्रीशान्तिनाथचरित्रे सीतारामचरित्रे च विस्तरतया अस्ति, इति कोटिशिलाविचारः ।।७०।।

ननु– जहन्नेण सत्तरयणी, इति महत्त्वे उच्चत्वे सिद्ध्यन्ति महावीरवत् 'उक्कोसेणं पंचसयधणुयत्ति, इति ऋषभस्वामिवत्, इत्युक्तं तर्हि द्विहस्तप्रमाणः कूर्म्मापूत्रः, सातिरेकपञ्चधनुःशतप्रमाणा च मरुदेवी कथं सिद्ध्यति

विशेषोपनिषद्

| | | |
|---|---|---|
| ૨ | દ્વિપૃષ્ઠ | મસ્તક સુધી |
| ૩ | સ્વયંભૂ | ગળા સુધી |
| ૪ | પુરુષોત્તમ | છાતી સુધી |
| ૫ | પુરુષસિંહ | પેટ સુધી |
| ૬ | પુરુષપુંડરીક | કટિ સુધી |
| ૭ | દત્ત | સાથળ સુધી |
| ૮ | લક્ષ્મણ | જાનુ સુધી |
| ૯ | કૃષ્ણ | જાનુની નીચે સુધી |

આ રીતે શ્રીશાંતિનાથ ચરિત્રમાં અને સીતારામ ચરિત્રમાં વિસ્તારથી કહ્યું છે. આ રીતે કોટિશિલાનો વિચાર કહ્યો. ।।૭૦।।

**(૭૧) પ્રશ્ન** :- જઘન્યથી સાત હાથ, મહાવીરસ્વામિની જેમ, અને ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ય શ્રીઋષભસ્વામીની જેમ. આવી અવગાહનાવાળા સિદ્ધ થાય છે, એવું કહ્યું છે, તો પછી બે હાથની અવગાહનાવાળા કૂર્માપુત્ર અને સાધિક ૫૦૦ ધનુષ્યની કાયાવાળા મરુદેવામાતા કેવી રીતે સિદ્ધ થયા ?



स्म ? उच्यते पूर्वोक्तं जघन्योत्कृष्टदेहमानं तीर्थंकरापेक्षया ज्ञेयमिति न कोऽपि विरोधः। इति सिद्धदेहमानविचारः।।७१।।

ननु– बलवीर्यपुरुषाकारपराक्रमाणां परस्परं को भेदः ? उच्यते अयं भेदः– बलं शारीरम्, वीर्यं जीवप्रभवम्, पुरुषाकारोऽभिमानविशेषः, पराक्रमः स एव निष्पादितस्वविषयः, अथवा पुरुषाकारः पुरुषकर्त्तव्यम्, पराक्रमो बलवीर्ययोर्व्यापारणम्, इति विचारसारग्रन्थे, इति बलवीर्यपुरुषाकारपराक्रमाणाम् अर्थभेदविचारः।।७२।।

ननु– लवणसमुद्रे षोडशयोजनसहस्रप्रमाणा शिखा ततः कथं चन्द्रसूर्याणां तत्र देशे चारं चरतां न गतिव्याघातः ? उच्यते लवणसमुद्रवर्जेषु शेषेषु द्वीपसमुद्रेषु यानि ज्योतिष्कविमानानि, तानि सर्वाणि

विशेषोपनिषद्

**ઉત્તર** :- તમે જે જઘન્ય-ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ કહ્યું, તે તીર્થંકરોની અપેક્ષાએ સમજવું, માટે કોઈ વિરોધ નથી. આ રીતે સિદ્ધના દેહપ્રમાણનો વિચાર કહ્યો. ।।૭૧।।

**(૭૨) પ્રશ્ન** :- બલ, વીર્ય, પુરુષકાર અને પરાક્રમનો પરસ્પર શો ભેદ છે ?

**ઉત્તર** :- આ ભેદ છે – બળ શારીરિક છે, વીર્ય જીવથી થાય છે, પુરુષકાર અભિમાનવિશેષ છે, અને પોતાના વિષયને સિદ્ધ કરી લે એ પુરુષકાર જ પરાક્રમ છે. અથવા તો પુરુષકાર એ પુરુષનું કર્તવ્ય છે. અને પરાક્રમ એ બળ અને વીર્યનો પ્રયોગ છે. એવું **વિચારસાર** ગ્રંથમાં કહ્યું છે. આ રીતે બળ, વીર્ય, પુરુષકાર અને પરાક્રમના અર્થભેદનો વિચાર કહ્યો. ।।૭૨।।

**(૭૩) પ્રશ્ન** :- લવણસમુદ્રમાં ૧૬૦૦૦ યોજન પ્રમાણ શિખા છે, તો પછી તે ક્ષેત્રમાં ફરતા ચન્દ્ર-સૂર્યોની ગતિનો વ્યાઘાત કેમ થતો નથી ?

**ઉત્તર** :- લવણ સમુદ્ર સિવાયના બાકીના બધા દ્વીપસમુદ્રોમાં

अपि सामान्यरूपस्फटिकमयानि, यानि पुनर्लवणसमुद्रे ज्योतिष्कविमानानि, तानि तथाजगत्स्वाभाव्यत्वात्, उदकस्फाटनस्वभावस्फटिकमयानि, तथा चोक्तं सूर्यप्रज्ञप्तिनिर्युक्तौ–

**"जोइसियविमाणाइं सव्वाइं हवंति फालिहमयाइं।**
**दगफालियमया पुण लवणे जे जोइअविमाणा।।१।।"**

अतो न तेषाम् उदकमध्ये चारं चरताम् उदकेन व्याघातः। अन्यथा शेषद्वीपसमुद्रेषु चन्द्रसूर्यविमानानि अधो लेश्याकानि, यानि पुनर्लवणसमुद्रे तानि तथाजगत्स्वाभाव्यात् ऊर्ध्वं लेश्याकानि, तेन शिखायामपि सर्वत्र लवणसमुद्रे प्रकाशो भवति। इति लवणसमुद्रशिखायां चन्द्रसूर्यगत्यव्याघाते हेतुः।।७३।।



જે વિમાનો છે, તે સર્વ સામાન્યરૂપ સ્ફટિકથી બનેલા છે. પણ જે લવણ સમુદ્રમાં જ્યોતિષ વિમાનો છે, તે તથાવિધ જગતસ્વભાવથી જલસ્ફાટન સ્વભાવવાળા સ્ફટિકથી બનેલા હોય છે. તેથી તે વિમાનોથી પાણીમાં માર્ગ થઈ જાય છે. અને તેમની ગતિનો વ્યાઘાત થતો નથી.

**સૂર્યપ્રજ્ઞપ્તિ નિર્યુક્તિ**માં કહ્યું છે –

**સર્વ જ્યોતિષવિમાનો સ્ફટિકમય હોય છે, પણ લવણસમુદ્રમાં જે જ્યોતિષવિમાનો છે તે જલસ્ફટિકમય હોય છે.**

તેથી જલમધ્યમાં પણ ભ્રમણ કરતા તે વિમાનોનો જલથી વ્યાઘાત થતો નથી. વળી શેષદ્વીપસમુદ્રોમાં ચન્દ્ર-સૂર્યના વિમાનો નીચે તરફ પ્રકાશ કરનારા હોય છે. (નીચે ૧૮૦૦ યોજન સુધી અને ઉપર માત્ર ૧૦૦ યોજન સુધી પ્રકાશ કરે છે.) પણ જે લવણસમુદ્રમાં જ્યોતિષ વિમાનો છે તે તથાવિધ જગત્સ્વભાવથી ઊર્ધ્વલેશ્યાવાળા છે = ઉપરની દિશામાં વિશેષ પ્રકાશ કરે છે. તેથી લવણસમુદ્રમાં સર્વત્ર શિખામાં પણ પ્રકાશ થાય છે. આ રીતે લવણસમુદ્રની શિખામાં સૂર્ય-ચંદ્ર ગતિનો વ્યાઘાત થાય છે, તેનો હેતુ કહ્યો. ।।૭૩।।



ननु–यस्य साधोः सम्पूर्णानि चतुर्दशपूर्वाणि दश पूर्वाणि भवन्ति, तस्मिन् साधौ मिथ्यात्वं भवेत् न वा ? उच्यते, न भवतीति नियमः, असम्पूर्णदशपूर्विणस्तु भजनया भवति। यदुक्तं श्रीबृहत्कल्पे **"चोद्दस दस च अभिन्ने नियमा सम्मं तु सेसए भयणा"** यस्य चतुर्दशपूर्वाणि यावत् दशपूर्वाणि अभिन्नानि, परिपूर्णानि सन्ति, तस्मिन् नियमात् सम्यक्त्वम्। शेषे च किञ्चिद् ऊनदशपूर्वधरादौ भजना, सम्यक्त्वं वा स्यात् मिथ्यात्वं वा इत्यर्थः। इति सम्पूर्णदशपूर्वाणि यावन्मिथ्यात्व-निषेधविचारः।।७४।।

ननु– अष्टाहिकत्रयमहोत्सवः केषु केषु जीर्णग्रन्थेषु प्रोक्तोऽस्ति ? उच्यते श्रीवसुदेवहिण्डौ तथाहि–

**"एवं सिरिविजय अमियतेया विसयसुहमणुहवंता तिन्नि महिमा**



(૭૪) **પ્રશ્ન** :- જે મુનિ પાસે સંપૂર્ણ ૧૪ પૂર્વોનું જ્ઞાન હોય, કે ૧૦ પૂર્વોનું જ્ઞાન હોય, તે મુનિમાં મિથ્યાત્વ હોય કે નહીં ?

**ઉત્તર** :- અવશ્યપણે ન જ હોય, જેની પાસે અપૂર્ણ ૧૦ પૂર્વનું જ્ઞાન હોય, તેના મિથ્યાત્વમાં ભજના છે, હોઈ પણ શકે અને ન પણ હોઈ શકે. શ્રી **બૃહત્કલ્પ**માં કહ્યું છે – ચૌદપૂર્વી અને સંપૂર્ણ દશ પૂર્વીમાં અવશ્ય સમ્યક્ત્વ હોય છે. શેષમાં ભજના હોય છે. - - જેને ૧૪ પૂર્વો કે યાવત્ ૧૦ પૂર્વોનું સંપૂર્ણ જ્ઞાન હોય, તેને અવશ્ય સમ્યક્ત્વ હોય છે. શેષ-કંઈક ન્યૂન ૧૦ પૂર્વનું જ્ઞાન હોય, તેને ભજના છે, સમ્યક્ત્વ હોય અથવા મિથ્યાત્વ હોય.

આ રીતે સંપૂર્ણ ૧૦ પૂર્વો સુધી મિથ્યાત્વના નિષેધનો વિચાર કહ્યો. ।।૭૪।।

(૭૫) **પ્રશ્ન** :- અષ્ટાહિક ત્રય (આઠ દિવસનો એક એવા ત્રણ) મહોત્સવ કયાં કયાં પ્રાચીન ગ્રંથોમાં કહ્યો છે ?

**ઉત્તર** :- (૧) **વસુદેવહિંડી**માં – એ રીતે શ્રીવિજય અને

**करेमाणा ते वरिसेणं कालं गमिंति त्ति।"**

एवं श्रीशान्तिनाथचरित्रेऽपि, तथाहि–

**"एवं सिरिविजय अमियतेया नरविज्जाहराहिवा।।**

**विसयसुहमणुहवंता वरिसे वरिसे।"**

**तिन्नि महिमाओ करेमाणा कालं गमिंति।।**

**अवि य दो सासयजत्ताओ तत्थेगा होइ चित्तमासम्मि।।**

**अट्ठाहिया उ महिमा बीया पुण अस्सिणे मासे।।१।।**

**एयाओ दो वि सासयजत्ताओ करिंति सव्वदेवा वि।।**

**नंदीसरम्मि विज्जाहरा नरा नियमट्ठाणेसु।।२।।**

**तइया असासया पुण करिंति सामन्नगे इमे दो वि।।**

**नाभेयस्सायणे बलनाणुप्पत्तिठाणेसु।।३।।**

**अणुयाणे अणुयाइ पुप्फारुहणाइ उक्किरणगाणि।।**

**पूयं च चेइयाणं ते वि सरज्जे कारिंति।।४।।**



અમિતતેજ વિષયસુખને અનુભવતા વર્ષમાં ત્રણ મહિમા કરતા સમય પસાર કરે છે.

(૨) **શાંતિનાથચરિત્રમાં** – આ રીતે શ્રીવિજય રાજા અને અમિતતેજ વિદ્યાધર રાજા વિષયસુખને અનુભવતા વર્ષે વર્ષે ત્રણ મહિમાઓ કરતાં કાળ પસાર કરે છે.

વળી બે શાશ્વત યાત્રાઓ છે. તેમાં એક ચૈત્ર માસમાં અષ્ટાહિકા મહિમા હોય છે. અને બીજી આસો મહિનામાં હોય છે. નંદીશ્વરમાં આ બે શાશ્વત યાત્રાઓ સર્વ દેવો પણ કરે છે, અને વિદ્યાધર મનુષ્યો પણ નિયત સ્થાનોમાં કરે છે.

શ્રીવિજય અને અમિતતેજ આ બે યાત્રા કરવા સાથે ત્રીજી અશાશ્વતયાત્રા પણ કરે છે. તેઓ આ યાત્રાઓ શ્રીઋષભદેવના મંદિરમાં અને બલ (વ્રત?) જ્ઞાનોત્પત્તિસ્થાનોમાં કરે છે. અનુયાનમાં



इति अष्टाहिकत्रयमहोत्सवविचारः।।७५।।

ननु– आशाम्बरीयाः स्त्रीणां तद्भावे मुक्तिगमनं निषेधयन्ति तत्कथम् ? उच्यते, स्त्रीणां मुक्तिगमननिषेधो न सङ्गतिमङ्गति, युक्त्यक्षमत्वात् तथाहि– मुक्तिकारणस्य रत्नत्रयस्य नरेषु नारीषु च विशेषाऽभणनात्, तत्पालनस्य च उभयत्रापि प्रत्यक्षोपलभ्यमानत्वात्, न नारीणां मुक्तिगमननिषेधं कर्तुं शक्यते, अथ एतासां सप्तमनरक-गमनाभावेन ऊर्ध्वाधो गतिवैषम्यदर्शनात्, कैश्चिद् मुक्तिगमनं प्रति विप्रतिपद्यते, तदपि अयुक्तम्, न हि यस्य अधः स्तोकागतिस्तस्य ऊर्ध्वमपि स्तोकैव तथाहि– अधो गतौ भुजपरिसर्पा द्वितीयां नरकपृथिवीम्,



અનુયાતિ (?) પુષ્પારોહણ ઉત્કિરણ (?) અને ચૈત્યોની પૂજા તેઓ પોતાના રાજ્યમાં કરાવે છે.

આ રીતે ત્રણ અષ્ટાહિકા મહોત્સવનો વિચાર કહ્યો. ।।૭૫।।

(૭૬) **પ્રશ્ન** :- દિગંબરો એમ કહે છે કે સ્ત્રીઓ તે જ ભવે મોક્ષે ન જઈ શકે. તે કેવી રીતે ?

**ઉત્તર** :- સ્ત્રીઓ મોક્ષે ન જઈ શકે, એવો મત સંગત નથી. કારણ કે એ યુક્તિથી વિચારીએ તો ટકી શકતો નથી. તે આ પ્રમાણે –

મુક્તિનું કારણ છે દર્શન-જ્ઞાન-ચારિત્ર. તેમાં પુરુષ અને સ્ત્રીઓ વચ્ચે કોઈ ભેદ કહ્યો નથી. અને તેનું પાલન બંનેમાં પ્રત્યક્ષ દેખાય છે. માટે સ્ત્રીઓના મુક્તિગમનનો નિષેધ ન કરી શકાય.

**શંકા** :- સ્ત્રીઓ સાતમી નરકે નથી જઈ શકતી. પણ પુરુષો જઈ શકે છે. તે જ રીતે પુરુષો મોક્ષમાં જઈ શકે છે. પણ સ્ત્રીઓ નહીં. આમ સ્ત્રીઓ અને પુરષોમાં સમાનતા નથી, પણ ઉપર અને નીચે ગતિમાં વૈષમ્ય છે, એવું દેખાય જ છે. આ રીતે 'સ્ત્રીઓ મોક્ષમાં ન જઈ શકે' એવું સિદ્ધ થાય છે.

पक्षिणस्तृतीयाम्, सिंहास्तुर्याम्, उरगाः पञ्चमीमेव यावद् यान्ति। न परतः, परतः पृथिवीगमनहेतु- तथाविधमनोवीर्यविरहात्, अथ च सर्वेऽपि ऊर्ध्वम् उत्कृष्टतः सहस्रारं यावद् गच्छन्ति, तन्न अधोगतिविषयमनोवीर्य-परिणतिवैषम्यदर्शनात् ऊर्ध्वगतौ अपि तद् वैषम्यं, तथा च सति सिद्धं स्त्रीपुंसाम् अधोगतिवैषम्येऽपि निर्वाणं समानमिति। इति स्त्रीणां मुक्ति-गमननिषेधनिरासविचारः।।७६।।

ननु– कुत्रिकापणः किम् उच्यते ? उच्यते कूनां स्वर्ग-मर्त्त्य-पाताल-भूमीनां त्रिकं तात्स्थ्यात् तद्व्यपदेशः, इति भुवनत्रयेऽपि यद्वस्तुजातं



**સમાધાન** :- આ તર્ક પણ અનુચિત છે. કારણ કે જેની નીચેની ગતિ અલ્પ હોય, તેની ઉપરની ગતિ પણ અલ્પ જ હોય એવું નથી. તેનું ઉદાહરણ જોઈ લો – નીચેની ગતિમાં ભુજપરિસર્પો બીજી નરક સુધી, પક્ષીઓ ત્રીજી નરક સુધી, સિંહો ચોથી નરક સુધી અને સર્પો પાંચમી નરક સુધી જ જાય છે. કારણ કે તેની આગળની નરકોમાં લઈ જાય એવું મનોવીર્ય તેમની પાસે નથી. અને એ બધા જીવો ઉપર તો ઉત્કૃષ્ટથી સહસ્રાર દેવલોક સુધી જાય છે. માટે એવો નિયમ નથી કે અધોગતિ વિષયક મનોવીર્યની પરિણતિની વિષમતા હોય, તો ઉર્ધ્વગતિમાં પણ તેની વિષમતા થાય. માટે સ્ત્રી અને પુરુષમાં અધોગતિની વિષમતા હોવા છતાં પણ સમાનરૂપે બંનેનું નિર્વાણ સિદ્ધ થાય છે.

આ રીતે સ્ત્રીમુક્તિગમનના નિષેધના નિરાસનો વિચાર કર્યો.।।૭૬।।

(૭૭) **પ્રશ્ન** :- કુત્રિકાપણ શું હોય છે ?

**ઉત્તર** :- કુ + ત્રિક = કુત્રિક. આ રીતે કુત્રિક શબ્દ બન્યો છે. કુ એટલે ભૂમિ. અહીં ત્રણ ભૂમિ સ્વર્ગ, મનુષ્ય અને પાતાલ ભૂમિની જે ત્રિક છે, તે કુત્રિક. તેમાં રહેલી વસ્તુઓને પણ તેનો જ વ્યપદેશ કરીને અહીં કુત્રિક કહી છે. આ રીતે ત્રણે ભુવનમાં જે વસ્તુઓ છે,



तत् कुत्रिकम् उच्यते। तस्य पण्याय निमित्तम् 'आपणो' हट्टः कुत्रिकापणः, यद् वा कौ पृथिव्यां 'त्रिकस्य' जीवधातुमूलात्मकस्य, समस्तलोकभाविनो वस्तुजातस्य, आपणः कुत्रिकापणः। अस्मिंश्च कुत्रि-कापणे वणिजः कस्यापि मन्त्राद्याराधितः सिद्धो व्यन्तरसुरः, क्रायकजन-समीहितं समस्तमपि वस्तु कुतोऽपि आनीय सम्पादयति। तन्मूलद्रव्यं तु वणिक् गृह्णाति। अन्ये तु अभिदधति, वणिग्वर्जिताः सुराधिष्ठिता एव ते आपणाः सन्ति, मूल्यद्रव्यमपि स एव सुरव्यन्तरः स्वीकरोति। एते च कुत्रिकापणाः प्रतिनियतेषु, एव नगरेषु भवन्ति, न सर्वत्र नगरेषु। इति कुत्रिकापण-विचारः।।७७।।

ननु– निगोदतो निसृत्य मनुष्यभवं प्राप्य मरुदेवा सिद्धा इति कुत्र लिखितम् अस्ति ? उच्यते श्रीबृहत्कल्पभाष्यवृत्तौ तथाहि मरुदेवा



તે કુત્રિક કહેવાય છે. તેના પણ્ય (મૂલ્ય) માટે નિર્મિત તે આપણ = દુકાન. આમ કુત્રિક + આપણ = કુત્રિકાપણ શબ્દ બન્યો છે. અથવા તો કુ = પૃથ્વીમાં જે ત્રિક છે. તેની દુકાન = કુત્રિકાપણ. અહીં ત્રિક = જીવ, ધાતુ, મૂલ આ ત્રણ લેવા. એમાં સમસ્ત લોકમાં રહેલી વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે.

આ કુત્રિકાપણમાં કોઈ વેપારી દ્વારા આરાધિત વ્યંતર દેવ, ખરીદનારને જોઈતી સર્વ વસ્તુ ક્યાંયથી પણ લાવીને આપી દે છે, તેનું મૂલ્ય તો તે વેપારી લે છે.

અન્ય મત એવો છે કે તે દુકાનમાં વેપારી ન હોય, પણ દેવાધિષ્ઠિત એવી તે દુકાનો છે, અને મૂલ્ય પણ તે વ્યંતર દેવ જ સ્વીકારે છે. આ કુત્રિકાપણ પ્રતિનિયત નગરોમાં જ હોય છે, સર્વ નગરોમાં નહીં. આ રીતે કુત્રિકાપણનો વિચાર કહ્યો. ।।૭૭।।

(૭૮) **પ્રશ્ન** :- નિગોદથી નીકળીને મનુષ્યભવ પામીને મરુદેવામાતા સિદ્ધ થયા, એવું ક્યાં લખેલું છે ?

भगवती अनादिवनस्पतिकायिका तद्भवेन सिद्धा इति, अत्रार्थे बहवो ग्रन्थसम्मतयः सन्ति, तदर्थिभिस्ते ग्रन्था विलोकनीयाः इति मरुदेवी-भवसिद्धिविचारः।।७८।।

ननु- ज्ञान-दर्शन-चारित्राणाम् अभावेऽपि व्यवहारतः साधवः एते इति कथ्यन्ते न वा ? उच्यते, कथ्यन्ते, यदुक्तं श्रीआवश्य-कहारिभद्रीवृत्तौ वन्दनाऽध्ययने तथाहि-

**"दंसण-नाण-चरित्ते तवविणए निच्चकालपासत्था।**

**एए अवंदणिज्जा जे जसघाई पवयणस्स।।१४८।।"**

व्याख्या- 'दंसण-नाणचरित्ते' त्ति, प्राकृतशैल्या छान्दसत्वाच्च ज्ञान-दर्शनचरित्राणाम्, तथा तपोविनययोः 'निच्चकालपासत्थ त्ति, सर्वं कालं पार्श्वे तिष्ठन्तीति, सर्वकालपार्श्वस्थाः, नित्यकालग्रहणम् इत्वरप्रमाद-

विशेषोपनिषद्

**ઉત્તર** :- **શ્રીબૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં લખ્યું છે, કે મરુદેવામાતા ભગવતી અનાદિવનસ્પતિકાયિક હતા અને તે જ ભવે સિદ્ધ થયા હતાં. આ વિષયમાં ઘણા ગ્રંથોની સમ્મતિઓ છે. જિજ્ઞાસુઓએ તે ગ્રંથો જોઈ લેવા. આ રીતે મરુદેવામાતાની તે જ ભવે મુક્તિ થઈ, તેનો વિચાર કહ્યો. ।।૭૮।।

(૭૯) **પ્રશ્ન** :- જ્ઞાન-દર્શન-ચારિત્ર ન હોય, તો પણ વ્યવહારથી 'આ સાધુઓ છે' એવું કહેવાય કે નહીં ?

**ઉત્તર** :- કહેવાય. **શ્રીઆવશ્યકહારિભદ્રીવૃત્તિ**માં વંદન-અધ્યયનમાં કહ્યું છે –

દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વિનય આમાં જેઓ હંમેશા પાર્શ્વસ્થ (નિરુદ્યમ) છે, એવા જેઓ પ્રવચનના યશનો ઘાત કરનારા છે, તેઓ અવંદનીય છે.

સર્વ કાળે બાજુમાં રહે-દર્શનાદિની આરાધના ન કરે તે સર્વકાલપાર્શ્વસ્થ છે. અહીં નિત્યકાળનું ગ્રહણ કર્યું છે. તે કાદાચિત્ક



व्यवच्छेदार्थम्, तथा इत्वरप्रमादात् निश्चयतो ज्ञानाद्यपगमेऽपि व्यवहारतस्तु साधव एवेति। इति व्यवहारतः साधव इति विचारः।।७९।।

ननु- कतिधा जीवाः, किं च जातिभव्यजीवानां लक्षणम् ? उच्यते जीवाः चतुर्विधा अभव्य-सिद्ध-भव्य-जातिभव्य-भेदात्, तत्र जाति-भव्यजीवानां तु लक्षणम् इदम्-

**"सामग्गिअभावाउ ववहारिअरासिअप्पवेसाओ।**

**भव्वा वि ते अणंता जे मुत्तिसुहं न पावंति।।१।।"**

इति यदुक्तं श्रीतरुणप्रभसूरिबालावबोधे, तथाहि-

**चउहा अणंता जीवा उवरिं अणंतगुणियाओ।**

**अभविय सिद्धा भविया जाइभव्वा चउत्थाओ।।**

इसा वचने तउ चिहुं भेदे अणंता जीवउवरि अनंतगुणित हुवइं यथा अभव्य अणंत, सिद्ध अणंत, भव्यअनंत, जातिभव्यअणंत इत्यादि

विशेषोपनिषद्

પ્રમાદનો વ્યવચ્છેદ કરવા માટે છે. કાદાચિત્ક પ્રમાદથી નિશ્ચયનયના અભિપ્રાયે જ્ઞાનાદિનો અપગમ થાય છે, પણ વ્યવહારનયથી તો સાધુઓ જ કહેવાય છે.

આમ વ્યવહારથી સાધુઓ કહેવાય તે વિચાર કહ્યો. ।।૭૯।।

(૮૦) **પ્રશ્ન** :- જીવો કેટલા પ્રકારના છે ? જાતિભવ્ય જીવોનું શું લક્ષણ છે ?

**ઉત્તર** :- જીવો ચાર પ્રકારના છે. (૧) અભવ્ય (૨) સિદ્ધ (૩) ભવ્ય (૪) જાતિભવ્ય. તેમાં જાતિભવ્ય જીવોનું લક્ષણ આ મુજબ છે -

સામગ્રીના અભાવે જેમનો વ્યાવહારિક રાશિમાં પ્રવેશ નહીં થાય, એવા ભવ્યો પણ અનંત છે કે જેઓ મુક્તિસુખને પામતા નથી.

**શ્રીતરુણપ્રભસૂરિકૃત બાલાવબોધ**માં કહ્યું છે –

ચાર પ્રકારના જીવો અનંત સંખ્યાવાળા છે, તેઓ દરેક ઉત્તરોત્તર

विशेषतत्पाठस्तु तत एव अवलोकनीयः विस्तरभयाद् नात्रलिखितः।

'अर्थः– जघन्य युक्तानांतकाभिधान चतुर्थ अनंतसंख्याभेदसमान, तथा च भणितं **"थोवा जहन्नजुत्ताणंतय तुल्लाय ते अभव्यजिवा इति"** तीयां कह्ना सिद्ध अणंतगुण तीयां कम्हा भव्य अणंतगुण छे स पुण निर्वाणगमनयोग्यजीव कहीइ।।२।। तीयां कह्ना जातिभव्य अणंतगुण छे।।४।। ते पुन जातिकरी भव्यथइ मुक्तिं पणिं कदा कालिं नही जायें। तथा च भणितं–

**"सामग्गिअभावाओ ववहारिअरासि अप्पवेसाओ।**
**भव्वा वि ते अणंता जे मुत्तिसुहं न पावंति।।"**

जइ मुक्तिं नही जाइं तउ भव्य किम कयइ मुक्तिगांमि आइ जिव रहइं भव्यता भणनइ तओ। जिम मलयाचलगत सारु चंदनदारु संभार इहा आवइ स्तन्नधारहादिचडइ तउ तीहं हूंति जिनप्रतिमा घडइ न हाथें आवइ न प्रतिमा घडइ। पुण योग्यतालगी तिहाइं जत्थ छता ते चंदनभार जिनप्रतिमा अर्ह कहीजें तिम जातिभव्य पुण जइ इहा व्यवहाररासि माहें आवें सुगुरुसमायोगलहै तो तेपि ण मुक्ति जाइ न इहां व्यवहार राशिमाहे आवेइ, न सुगुरुसमायोग लहइ, न मुक्ति जाइ किंतु व्यवहारराशि अनादि अणंताकाल लगी छतीइ योग्यता लगी भव्यकही इति।

१ श्रीप्रज्ञापनासूत्रे अष्टादशपदेऽपि उक्तं यथा **"भवसिद्धिए णं भंते, पुच्छा गोयमा ! अणादीए सपज्जवसिते अभवसिद्धिए णं पुच्छा, गोयमा ! साईए सपज्जवसिए"** इत्यादि पुनर्विस्तरार्थिना वृत्तिर्विलोक्या। इति जातिभव्यजीवानां लक्षणविचारः।।८०।।

ननु– श्रीमहावीरदेवस्य छद्मस्थावस्थायां सर्वतपोदिनानां, सर्वपारणकदिनानां च मीलने, द्वादशवर्षाणि त्रयोदशपक्षाश्च जायन्ते, इति यत्प्रोक्तं तत्कथं घटनामाटीकते। यतो मार्गशीर्षकृष्णदशमीदिने दीक्षाग्रहणं, अथ च केवलोत्पत्तिस्तु वैशाखशुक्लदशमीदिने समजनि। इत्येवं गणन एकादशपक्षा एव एधन्ते, न त्रयोदश, एतावता एको मासो न्यूनो



અનંત-અનંતગુણ છે, (૧) અભવ્ય (૨) સિદ્ધ (૩) ભવ્ય (૪) જાતિભવ્ય. (બાલાવબોધ સુગમ છે.)

**શ્રીપ્રજ્ઞાપના સૂત્ર**માં ૧૮ મા પદમાં પણ કહ્યું છે – ભગવંત ! ભવ્ય જીવોની પૃચ્છા. ગૌતમ ! અનાદિ સાંત. અભવ્યોની પૃચ્છા સાદિ સાંત. (પ્રજ્ઞાપનાસૂત્રની પ્રસ્તુત પાઠમાં સંપૂર્ણ પ્રશ્ન આ રીતે સમજવાનો છે કે ભગવંત ! જે ભવ્ય હોય તે ભવ્યરૂપે ક્યાં સુધી રહે છે ? જવાબ છે અનાદિ સાંત. ભવ્યજીવ અનાદિ કાળથી ભવ્ય જ હોય છે, તે મોક્ષે જાય એટલે પછી તે ભવ્ય કહેવાતો નથી. માટે તેના ભવ્યપણાનો ત્યારે અંત આવે છે. અભવ્ય જીવ તો સદા માટે અભવ્ય જ છે, તેથી તેની સ્થિતિ અનાદિ - અનંત છે, પ્રજ્ઞાપના સૂત્રમાં પણ 'अणादीए अपज्जवसिते' એવો જ પાઠ ઉપલબ્ધ થાય છે. પ્રસ્તુતમાં 'साईए सपज्जवसिए' એવો પાઠ છે. તે કોઈ પણ પ્રકારની ક્ષતિને કારણે હોય, એવું જણાય છે.)

ઈત્યાદિ વિસ્તારના અર્થીઓએ વૃત્તિ જોવી. આ રીતે જાતિભવ્ય જીવોના લક્ષણનો વિચાર કહ્યો. ।।૮૦।।

(૮૧) **પ્રશ્ન** :- શ્રીમહાવીરદેવની છદ્મસ્થ અવસ્થામાં સર્વ તપના દિવસો અને સર્વ પારણાના દિવસોને મેળવીએ એટલે ૧૨ વર્ષ અને ૧૩ પખવાડિયા થાય છે, એવું જે કહ્યું, તે શી રીતે ઘટે ? કારણ કે માગસર વદ ૧૦ ના દિવસે દીક્ષા લીધી છે. કેવળજ્ઞાન તો વૈશાખ સુદ ૧૦ ના દિવસે થયું. આ રીતે ગણતા ૧૧ પખવાડિયા જ થાય છે, ૧૩ નહીં, આમ ૧ મહિનો ઓછો થાય છે. ફરી દર વર્ષે ૭ દિવસો ઓછા થાય છે. આમ સાડા બાર વર્ષોમાં અઢી મહિના

जातः। पुनरपि प्रतिवर्षं षड् दिवसा हीयन्ते, एवं सार्द्धद्वादशवर्षैः सार्द्धौ द्वौ मासौ न्यूनौ जातौ, एवं सार्द्धत्रयोदशमासा न्यूना जाताः। अथ च युगे युगे द्वौ मासौ एधेते, एवं सार्धयुगद्वये पञ्च मासा एधन्ते, तत एतेभ्यः पञ्चमासेभ्यः सार्द्धास्त्रयो मासाः पातिताः। तथापि सार्द्धो मासोऽवर्द्धिष्ट, तस्य का गतिः, तन्मध्ये भवता किं व्यधायि ? अत्रोच्यते, श्रीआचाराङ्गसूत्रे उपधानश्रुताख्ये अष्टमाध्ययने चतुर्थोद्देशके प्रोक्तं वर्त्तते –

भगवता कदाचित् षष्ठाष्टमदशमादितपांसि अपि कृतानि, तथा च तत्पाठः, तथाहि–

**"छट्ठेणं एगया भुंजे, अहवा अट्ठमेणं, दसमेणं, दुवालसमेणं, एगया भुंजे।"**

इति, अतो वर्द्धितसार्धमासे एतत्षष्ठाष्टमदशमादितपःकरणं

विशेषोपनिषद्

ઓછા થાય છે. આમ સાડા તેર મહિના ઓછા થાય છે. વળી દરેક યુગમાં બે મહિના વધે તેથી સાડા બાર વર્ષ = અઢી યુગમાં પાંચ મહિના વધે. તે પાંચમાંથી સાડા ત્રણ મહિના કાઢી નાખીએ તો પણ દોઢ મહિનો વધે છે, તેનું શું ?

**ઉત્તર** :- **શ્રીઆચારાંગસૂત્ર**માં ઉપધાનશ્રુત નામના આઠમા અધ્યયનમાં ચોથા ઉદ્દેસામાં કહ્યું છે –

ભગવાને ક્યારેક છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ વગેરે તપો પણ કર્યા છે. તે આ મુજબ–

**ક્યારેક છટ્ઠ કરીને પારણુ કરે છે. ક્યારેક અટ્ઠમ કરીને, ક્યારેક ચાર ઉપવાસ કરીને, ક્યારેક પાંચ ઉપવાસ કરીને પારણુ કરે છે.**

માટે જે દોઢ મહિનો વધે છે, તેમાં છટ્ઠ, અટ્ઠમ વગેરે તપ કર્યો હોય, એવું સંપ્રદાયથી સંભવે છે. **આવશ્યકનિર્યુક્તિકાર શ્રીભદ્રબાહુ-**



सम्प्रदायात् सम्भाव्यते। आवश्यकनिर्युक्तिकारकश्रीभद्रबाहुस्वामिना तु एतत् तपस्तपःसङ्कलनामध्ये न गणितम्, तत्रार्थे तद् अभिप्रायं ते एव विदन्ति, इति सर्वं समीचीनम्, इति श्रीमहावीरदेवस्य तपोमेलविचारः ।।८१।।

ननु– पृथिव्यप्तेजोवायुवनस्पतयः पञ्चाऽपि अचित्ता भवन्ति नवा ? उच्यते भवन्ति यदुक्तं श्रीपिण्डनिर्युक्तिवृत्तौ श्रीमलयगिरिकृतायां सप्त-सहस्रप्रमाणायाम्, तथाहि– अत्र क्षेत्रयोजनशतात् परतो यदानीयते, तदा सर्वो पृथिवीकायः, सर्वस्माद् अपि क्षेत्रात् योजनशतात् ऊर्ध्वम् आनीतो, भिन्नाहारत्वेन शीतादिसम्पर्काच्च अवश्यम् अचित्तीभवति, इत्थं च क्षेत्रादिक्रमेण अचित्तीभवनम् अप्कायादीनामपि भावनीयं, यावद् वनस्पतिकायिकानाम्। तथा च हरीतक्यादयो योजनशताद्

વિશેષોપનિષદ્

**સ્વામી**એ આ તપ તપસંકલનામાં નથી ગણ્યું. તેમાં જે આશય હશે, એ તો તેઓ જ જાણે છે. માટે સર્વ સમ્યક્ છે. આ રીતે શ્રીમહાવીરપ્રભુના તપના મેળનો વિચાર કહ્યો. ।।૮૧।।

(૮૨) **પ્રશ્ન** :- પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ આ પાંચે અચિત્ત હોય કે નહીં ?

ઉત્તર :- હોય, **શ્રીમલયગિરિસૂરિકૃત શ્રીપિંડનિર્યુક્તિ**ની ૭૦૦૦ શ્લોકપ્રમાણ **વૃત્તિ**માં કહ્યું છે – અહીં સો યોજન દૂરથી જે લાવવામાં આવે, તે સર્વ પૃથ્વીકાય, અચિત્ત થઈ જાય છે. કારણ કે સો યોજનના અંતરે તે જીવોને ભિન્ન આહાર પ્રાપ્ત થાય છે, જે તેમના જીવન માટે વિરોધી હોય છે. વળી વાતાવરણ પણ બદલાય છે. તે જીવો જેમાં જીવી ન શકે એવા શીત-ઉષ્ણ વગેરેનો સંપર્ક થાય છે. તેથી તે પૃથ્વીકાય અવશ્ય અચિત્ત બને છે. એ રીતે અપ્કાય વગેરે પણ ક્ષેત્ર વગેરેના ક્રમથી (ક્ષેત્રાતિક્રમથી ?) અચિત્ત બને છે એ સમજી લેવું જોઈએ. યાવત્ વનસ્પતિકાય સુધી.

ऊर्ध्वम् आनीताः, अचित्तीभूतत्वाद् औषधाद्यर्थं साधुभिः परिगृह्यन्ते, कालतस्तु अचित्तता, स्वभावतः स्वायुःक्षयेण, सा च परमार्थतोऽतिशयज्ञानेनैव सम्यक् परिज्ञायते, न छाद्मस्थिकज्ञानेन इति न व्यवहारपथम् अवतरति, अत एव तृषादिपीडितानामपि साधूनां स्वभावतः स्वायुःक्षयेण अचित्तीभूतमपि तडागोदकं पानाय वर्धमानस्वामी भगवान् न अनुज्ञातवान्, इत्थम्भूतस्य अचित्तीभवनस्य छद्मस्थानां दुर्लक्ष्यत्वेन, मा भूत् सर्वत्रापि तडागोदके सचित्तेऽपि पाश्चात्यसाधूनां प्रवृत्तिप्रसङ्गः, इति कृत्वा, भावतोऽचित्तीभवनं पूर्ववर्णादिपरित्यागेन अपरवर्णादितया भवनम्, साम्प्रतम् अचित्तं तेजस्कायपिण्डम् आह–

**ओअण-वंजण पाणग-आयामुसिणोदगं च कुम्मासा।**



તેથી હરડે વગેરે ૧૦૦ યોજન દૂરથી લાવ્યા હોય, તે અચિત્ત હોવાથી ઔષધ વગેરે માટે સાધુઓ લે છે.

કાળથી અચિત્તતા સ્વાભાવિક રીતે પોતાના આયુષ્યનો ક્ષય થવાથી થાય છે. તે અચિત્તતા તો વાસ્તવમાં અતિશયજ્ઞાનથી જ સમ્યક્ જણાય છે, છાદ્મસ્થિક જ્ઞાનથી નહીં. માટે તેનો વ્યવહાર થતો નથી. જ્યારે સાધુઓ તરસ વગેરેથી પીડિત હતાં, તળાવનું પાણી સ્વાભાવિક રીતે પોતાના આયુષ્યના ક્ષયથી અચિત્ત થયું હતું, ત્યારે પણ શ્રીવર્ધમાનસ્વામીએ તે પાણી વાપરવાની અનુજ્ઞા આપી ન હતી. કારણ કે આ રીતે પાણી અચિત્ત થયું એ છદ્મસ્થોને માટે દુર્લક્ષ્ય છે. તેથી જો એક વાર પોતે એ પાણી વાપરવાની અનુજ્ઞા આપે તો, સર્વત્ર સચિત્ત એવા તળાવના પાણીમાં પણ પાછળના સાધુઓની પ્રવૃત્તિ થાય. ભાવથી અચિત્ત થવું એટલે પૂર્વના વર્ણ વગેરનો ત્યાગ કરીને બીજા વર્ણ વગેરેરૂપ થવું.

હવે અચિત્ત તેજસ્કાય પિંડ કહે છે –

**ઓદન, વ્યંજન, પાનક, ઓસામણ, ઉષ્ણોદક, અડદ,**



**डगलगसरक्ख सूई पिप्पलआई उ उवओगो।।४८।।**

व्याख्या– ओदनः शाल्यादिभक्तम्, व्यञ्जनं पत्रशाकतीमनादि, पानकं काञ्जिकम्, तत्र हि अवश्रावणं प्रक्षिप्यते, ततस्तदपेक्षया काञ्जिकस्य अग्निकायता, आयामम् अवश्रावणम्, उष्णोदकम्-उद्वृत्तं त्रिदण्डम्, एतेषां च पदानां समाहारद्वन्द्वः, चकारो मण्डकादिसमुच्चयार्थः, कुल्माषाः पक्वमाषाः, एते च ओदनादयोऽग्निनिष्पन्नत्वेन अग्निकार्यत्वाद् अग्नयो व्यपदिश्यन्ते, भवति च तत्कार्यत्वात् तच्छब्देन व्यपदेशः, यथा द्रम्मो भक्षितोऽनेन इत्यादौ, ओदनादयश्च अचित्तास्तत एतेषां अचित्ताग्निकायत्वेन अभिधानं न विरुध्यते, तथा डगलकाः पक्वेष्ट-



**પાકેલી ઈંટના ટુકડાઓ, રાખ, સોય, કંઈક વાંકો અસ્ત્રો ઈત્યાદિ તેનો ઉપયોગ છે.**

વ્યાખ્યા :- ઓદન એટલે શાલિ વગેરે ભોજન. વ્યંજન એટલે ભાજી, શાક,કઢી વગેરે, પાનક એટલે રાબ, તેમાં ઓસામણ નાખવામાં આવે છે. માટે તેની અપેક્ષાએ રાબ અગ્નિકાય છે. આયામ એટલે ઓસામણ. ઉષ્ણોદક એટલે ત્રણ ઉકાળા આવ્યા હોય એવું પાણી.

આ પદોનો અહીં સમાહાર દ્વન્દ્વ સમાસ છે. 'ચ'કાર ખાખરા વગેરેનો સમુચ્ચય કરવા માટે છે. કુલ્માષ એટલે પાકેલા અડદ. આ ઓદન વગેરે અગ્નિથી બને છે, તેથી તે અગ્નિનું કાર્ય છે, માટે તેને પણ અગ્નિ કહેવાય છે. જે જેનું કાર્ય હોય, તેને તે શબ્દથી વ્યપદિષ્ટ કરી શકાય. જેમ કે એણે દ્રમ્મ ખાધો. (કોઈ એક રૂપિયાની ખાદ્ય વસ્તુ ખાઈ જાય, તો એક રૂપિયો ખાઈ ગયો એવું કહેવાય છે.)

ઓદન વગેરે અચિત્ત છે. માટે તેને અચિત્ત અગ્નિકાય કહેવું ઉચિત જ છે.

તથા ડગલક એટલે પાકેલી ઈંટોના ટુકડાઓ, રજવાળી હોય

काखण्डानि सरजस्को भस्म, सूची लोहमयी वस्तु, सीवनिका, अथवा 'सरक्खसूयत्ति' रक्षाभस्म, सह रक्षया वर्त्तते इति सरक्षाः सूची। किमुक्तं भवति – रक्षा च सूची चेति, पिप्पलकः, किञ्चिद् वक्रः क्षुर-विशेषः, आदिशब्दात् नखरदनिकापरिग्रहः, एतानि डगलकादीनि पूर्वम् अग्निरूपतया परिणतान्यासीरन्, ततो भूतपूर्वगत्या सम्प्रति अपि अग्नि-कायत्वेन व्यपदिश्यन्ते, अचित्तानि च। न च एतेषाम् अचित्ताग्नि-कायत्वाभिधानविरोधः। यश्च आक्रान्तादिक आक्रान्तपङ्कादिसमुत्थ-प्रभृतिकः पञ्चप्रकारो वक्ष्यमाणस्वरूपो वातः सोऽचित्त इति, आक्रान्तादि-स्वरूपमेव आह–

**"अक्कंतधंतघाणे देहाणुगए य पीलि-पाईसु य।**



તે રાખ, સોય એટલે લોખંડની વસ્તુ-સીવવાનું સાધન. રાખ સાથેની સોય. પિપ્પલક એટલે થોડો વાંકો અસ્ત્રો. આદિ શબ્દથી નખકાતરણી વગેરે સમજવા.

આ ડગલક વગેરે પહેલા અગ્નિરૂપે પરિણત હતા, માટે ભૂતપૂર્વ ગતિથી વર્તમાનમાં પણ અગ્નિકાયરૂપે વ્યપદેશ કરાય છે. અને તે અચિત્ત છે. માટે તેને અચિત્ત અગ્નિકાય કહેવામાં કોઈ વિરોધ નથી.

જે આક્રાન્ત વગેરે છે – અર્થાત્ આક્રાન્ત પંક વગેરેમાંથી ઉત્પન્ન થાય છે, તે પાંચ પ્રકારનો વાયુ છે. તે અચિત્ત છે. આક્રાન્તાદિનું સ્વરૂપ કહે છે –

આક્રાન્ત, ધ્માત, ઘાણીનો વાયુ, શરીરાંતર્ગત અને નિચોવાતું વસ્ત્ર વગેરેમાંનો વાયુ અચિત્ત વાયુકાય છે, એવું આઠ કર્મનો નાશ કરનારા જિનેશ્વરોએ કહ્યું છે.

પગથી કાદવ દબાય ત્યારે 'चित्' એવા શબ્દ સાથે જે વાયુ ઉછળે છે તે આક્રાન્ત છે. જે મોટાના વાયુથી ભરેલી દતિ, ફુગ્ગા વગેરેમાં છે, તે ધ્માત છે. જે ઘાણીમાં = તલ પીલવાનાં યંત્રમાં તલ



**अचित्तवाउकाओ भणिओ कम्मट्ठमहणेहिं।।१।।"**

आक्रान्ते पादेन आक्रान्तकर्दमादौ यो वातः, चिदिति शब्दं कुर्वन् समुच्छलति। यश्च ध्मातः मुखवातभृते दृत्यादौ वर्तते, यो वा 'घाणे' तिलपीडनयन्त्रे तिलपीडनयन्त्रवशात्, सशब्दं निर्गच्छन्नुपलभ्यते, यश्च देहानुगतः, शरीराश्रितः, उच्छ्वासनिःश्वासनिसर्गरूपः, पीलितं सजलं निश्चोत्यमानं वस्त्रादि, आदिशब्दात् तालावृन्तादिपरिग्रहः, तेषु च यः सम्भवति वातः, एष पञ्चप्रकारोऽपि वातः कर्माष्टकमथनैरचित्तः प्रतिपादितः, मिश्रो म्लानलोट्टादिः, तत्र म्लानः सर्वोऽपि वनस्पतिकायो-ऽर्द्धशुष्को ज्ञेयः, तत्र योंऽशः शुष्कः, सोऽचित्तः, शेषस्तु सचित्त इति मिश्रः, लोटः बरट्यादिचूर्णः, तत्र काश्चिन् नखिकाः सम्भवन्ति। ताश्च सचित्ताः शेषस्तु अचित्त इति मिश्रः। आदिशब्दात् तत्कालदलित-कणक्कादि-परिग्रहः, तत्रापि कियन्तोऽवयवा अद्यापि अपरिणताः, इति सचित्ताः, कियन्तस्तु अचित्ता इति मिश्रता, साम्प्रतमचित्तवनस्पतिकायमाह-



પીલવાના કારણે શબ્દ સાથે નીકળતો જણાય છે તે. જે શરીરમાં રહેલો ઉચ્છ્વાસ-નિઃશ્વાસરૂપ વાયુ છે, તે દેહાનુગત છે. ભીનું કપડું નીચોવાતું હોય, ત્યારે જે વાયુ થાય તે પીલિત વાયુ છે, આદિ શબ્દથી પંખા વગેરે સમજવા. એમાં જે વાયુ સંભવે છે, તે પાંચે પ્રકારના વાયુને જિનેશ્વરોએ અચિત્ત કહ્યો છે.

મ્લાન, લોટ્ટ વગેરે મિશ્ર છે. તેમાં અડધી સુકાયેલી સર્વ વનસ્પતિ મ્લાન સમજવી. તેમાં જે અંશ સુકાયેલો હોય, તે અચિત્ત છે અને શેષ સચિત્ત છે, માટે તે મિશ્ર છે. લોટ એટલે બરટી વગેરેનું ચૂર્ણ (બરટનો અર્થ છે એક જાતના અડદ) તેમાં કેટલીક નખિકા (?) સંભવે છે. તે સચિત્ત છે. બાકીનો ભાગ અચિત્ત છે. માટે તે મિશ્ર છે. આદિ શબ્દથી તત્કાળ દળેલો લોટ વગેરે સમજવા. તેમાં પણ કેટલાક અવયવો હજી અપરિણત હોય, માટે સચિત્ત છે. કેટલાંક અવયવો અચિત્ત છે, માટે

**“पुप्फाणं पत्ताणं सरडुफलाणं तहेव हरियाणं।**
**विण्टंमि मिलाणंमि नायव्वं जीवविप्पजढं।।१।।”**

व्याख्या– पुष्पाणां पत्राणां शरडुफलानां कोमलफलानां, तथा हरितानां व्रीहिकानां वृन्ते प्रसवबन्धने, म्लाने शुष्कप्राये ज्ञातव्यं जीवविप्रमुक्तम्। इह औषधानि केवलहरीतक्यादीनि, भेषजानि तु तेषामेव द्व्यादीनाम् एकत्र मीलित्वा चूर्णानि, यथा(द्वा) अन्तरुपयोगीनि औषधानि, बहिरुपयोगीनि प्रलेपादीनि भेषजानि। इति पृथिव्यादीनां पञ्चानामपि अचित्तत्वविचारः।।८२।।

ननु– इन्द्रियाणां पञ्चानां कियान् विषयः ? उच्यते पुष्पमालासूत्र-वृत्त्योः स्पष्टं यः प्रतिपादितः, स एव, तथा च तत्सूत्रवृत्ती–

**“बारसहिं जोयणेहिं सोअं परिगिण्हइ सद्दं।**
**रूवं गिण्हइ चक्खू जोअणलक्खाओ साहिरेगाओ।।१।।”**

विशेषोपनिषद्

મિશ્રપણું છે. હવે અચિત્ત વનસ્પતિકાય કહે છે –

પુષ્પ, પત્ર, કોમળફળ અને ડાંગરનું ડીંટડુ મ્લાન થઈ જાય, સુકાઈ ગયા જેવું થઈ જાય ત્યારે તે અચિત્ત સમજવું.

અહીં ઔષધિઓ કેવળ હરડે વગેરે સમજવી. ભેષજ એટલે તે ઔષધિઓ જ બે વગેરે સંખ્યામાં મેળવીને કરેલું ચૂર્ણ. જેમ કે (અથવા તો) શરીરની અંદર ઉપયોગી હોય તે ઔષધ છે અને બહાર ઉપયોગી હોય તે પ્રલેપ વગેરે ભેષજ છે.

આ રીતે પૃથ્વીકાય વગેરે પાંચેના અચિત્તપણાનો વિચાર કહ્યો. ॥૮૨॥

(૮૩) **પ્રશ્ન** :- પાંચે ઈન્દ્રિયોનો વિષય કેટલો ?

**ઉત્તર** :- **પુષ્પમાલાસૂત્ર-વૃત્તિ**માં તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે - - શ્રોત્ર ૧૨ યોજન દૂરથી આવેલા શબ્દનું ગ્રહણ કરે છે. ચક્ષુ સાધિક લાખ યોજન દૂરના રૂપનું ગ્રહણ કરે છે. ગંધ, રસ અને



**गंधं रसं च फासं जोअण नवगाउ सेसाणि।।**
**पण्णसयसत्ततीसा चउतीस सहस्स लक्ख इगवीसा।।**
**पुक्खरदीवड्ढनरा पुव्वेण अवरेण पिच्छंति।।३।।**

व्याख्या– श्रोत्रं द्वादशयोजनेभ्यः शब्दं मेघगर्जनाशब्दरूपं गृह्णाति, चक्षुः सातिरेकयोजनलक्षात् रूपं गृह्णाति, विष्णुकुमारादेरिव स्वचरणपुरोवर्त्तिगर्ताद्यन्तर्गतलोष्टादिदर्शनात्, इदम् अभास्वरपदार्थाऽपेक्षया, भास्वरपदार्थापेक्षया तु ‘पण्णसयत्ति’ गाथोक्तम्, पटुघ्राणादिशक्तेर्देवादि-कर्पूरादीनाम् इव, योजननवकात् गन्धादिग्रहणम्, श्रीविशेषावश्यकेऽपि पञ्चेन्द्रियाणां विषय एवमेव, तथा नयनस्य विषयः प्रकाश्यवस्तु

विशेषोपनिषद्

સ્પર્શ ૯ યોજનથી ગૃહીત થાય છે. પુષ્કરાર્ધ દ્વીપના મનુષ્યો પૂર્વ અને પશ્ચિમમાં ૨૧,૩૪,૫૩૭ યોજન દૂર રહેલા સૂર્યને પૂર્વ અને પશ્ચિમમાં જોવે છે. **વ્યાખ્યા** :- શ્રોત્ર ૧૨ યોજન દૂરથી મેઘગર્જનાના અવાજરૂપ શબ્દનું ગ્રહણ કરે છે. ચક્ષુ સાધિક એક લાખ યોજન દૂરથી રૂપનું ગ્રહણ કરે છે. જેમ કે વિષ્ણુકુમારે એક લાખ યોજનનું રૂપ કર્યું, ત્યારે તેઓ પોતાના પગની આગળ ખાડા વગેરેમાં રહેલા ઢેફા વગેરેને જોઈ શકતા હતાં. આ વાત અભાસ્વર વસ્તુની અપેક્ષાએ સમજવી. ભાસ્વર = પ્રકાશમાન વસ્તુની અપેક્ષાએ તો પુષ્કરાર્ધદ્વીપના મનુષ્યોની દૃષ્ટિનો વિષય કહ્યો, તે મુજબ સમજવું. આગળ પણ તે ફરી કહેવાશે. ઘ્રાણ વગેરેની સારી શક્તિથી દેવ વગેરેના (?) કપૂર વગેરેની જેમ નવ યોજનથી ગંધનું ગ્રહણ કરી શકે છે. (આટલે દૂરથી આવેલા ગંધયુક્ત પુદ્ગલોના સંપર્કથી ઘ્રાણેન્દ્રિય તેનું જ્ઞાન કરી શકે છે.)

**શ્રીવિશેષાવશ્યક**માં પણ પાંચ ઈન્દ્રિયોનો વિષય આ મુજબ જ કહ્યો છે. તથા પ્રકાશ્ય (અભાસ્વર) એવી પર્વત વગેરે વસ્તુને આશ્રીને ચક્ષુનો વિષય આત્માંગુલથી સાધિક લાખ યોજન સમજવો.

पर्वतादि आश्रित्य आत्माङ्गुलेन सातिरेकं योजनलक्षं भवति। प्रकाशके तु आदित्यचन्द्रादौ अधिकमपि विषयपरिमाणं स्यात्, नात्र सिद्धान्त-प्रणीतोऽपि निर्णयो निर्दिष्टोऽस्ति। श्रोत्रस्य विषयः द्वादशयोजनानि मेघगर्जनादौ, घ्राणरसनस्पर्शनानां नवयोजनानि, नयनवर्जेन्द्रियाणां जघन्यस्तु विषयोऽसङ्ख्याततमाङ्गुलासङ्ख्येयभागाद् आगतं गन्धादिकं घ्राणादीनि गृह्णन्ति, एवं रूपः नयनस्य अत्यासन्नरजोमलादेस्तेनाग्रहणादङ्गुला-सङ्ख्येयभागात् परतः स्थितं वस्तु नेत्रं पश्यति, इत्येवं रूपो विषयो जघन्यः, मनसस्तु केवलज्ञानस्येव, समस्तमूर्त्तामूर्त्तवस्तुविषयत्वेन क्षेत्रतो नास्ति विषयप्रमाणम्, मनसोऽप्राप्यकारित्वाद्, विषयपरिमाणं च सर्वत्र आत्माङ्गुलेन ज्ञेयम्, द्रव्येन्द्रियेषु प्रमाणं तु इदम्–

विशेषोपनिषद्

પ્રકાશક એવા સૂર્ય ચન્દ્રને આશ્રીને તો અધિક પણ વિષયપ્રમાણ હોઈ શકે. તેમાં આટલી જ મર્યાદા છે. એવો શાસ્ત્રકૃત નિર્ણય નથી.

શ્રોત્રનો વિષય મેઘગર્જના વગેરે શબ્દને આશ્રીને ૧૨ યોજન છે. ઘ્રાણ-રસન-સ્પર્શનનું વિષય પ્રમાણ ૯ યોજન છે. ચક્ષુ સિવાયની ઈન્દ્રિયોનો જઘન્ય વિષય અસંખ્યાતતમ (?) અંગુલના અસંખ્યાતમાં ભાગથી આવેલી ગંધ વગેરેનું ઘ્રાણ વગેરે ઈન્દ્રિયો ગ્રહણ કરે છે. તે રીતે રૂપ નયનનો વિષય છે. નયન અત્યંત નજીક રહેલા રજ, મલ વગેરેનું ગ્રહણ નથી કરી શકતું. માટે અંગુલના અસંખ્યાતમાં ભાગથી દૂર રહેલી વસ્તુ હોય, (અંગુલના સંખ્યાતમાં ભાગના અંતરે રહેલી વસ્તુ હોય, તેને જ ચક્ષુ જોઈ શકે છે.) આ રીતે રૂપનો વિષય કહ્યો.

મનનો વિષય તો કેવળજ્ઞાનની જેમ સકળ મૂર્ત-અમૂર્ત વસ્તુ છે. માટે ક્ષેત્રથી તેનું વિષયપ્રમાણ નથી. કારણ કે મન અપ્રાપ્યકારી છે, વસ્તુ સાથે સંપર્ક કર્યા વિના જ તેનું જ્ઞાન કરે છે.

અહીં વિષયપ્રમાણ સર્વત્ર આત્માંગુલથી સમજવું. દ્રવ્યેન્દ્રિયોમાં



**“बाहल्लओ अ सव्वाइं अंगुल–असंखभागं एमेव य पुहत्तओ नवरं अंगुलपुहत्त रसणं।।१।।”**

स्पर्शनेन्द्रियम् उत्सेधाङ्गुलेनैव मीयते, अन्यानि तु इन्द्रियाणि आत्माङ्गुलेनैव इति। मलयगिरिणाऽपि श्रीआवश्यकपीठिकावृत्तावपि प्रोचे–

**“लक्खेहिं इक्कवीसाहिं साइरेगेहिं पुक्खरद्धम्मि।**
**उदए पिच्छंति नरा सूरं उक्कोसए दिवसे।।१।।”**
**‘इगवीसं खलु लक्खा चउवीसं चेव तह सहस्साइं।**
**तह पंच सया भणिया सत्ततीसा य अइरित्ता।।२।।”**
**पुक्खरवरदीवड्ढे उभयतो वि दिट्ठिविसओ।**

पुष्करद्वीपार्द्धमानुष्योत्तरपर्वतसमीपे मनुष्याः कर्कसङ्क्रान्तौ प्रमाणा-

विशेषोपनिषद्

પ્રમાણ આ મુજબ છે –

જાડાઈથી સર્વ ઈન્દ્રિયો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. એ જ રીતે પહોળાઈથી પણ સમજવું. માત્ર રસનેન્દ્રિય અંગુલ-પૃથક્ત્વપ્રમાણ (૨ થી ૯ આંગળ) છે.

સ્પર્શનેન્દ્રિય ઉત્સેધાંગુલથી જ મપાય છે. અન્ય ઈન્દ્રિયો આત્માંગુલથી જ મપાય છે.

**શ્રીમલયગિરિસૂરિ**એ પણ **શ્રીઆવશ્યકપીઠિકાવૃત્તિ**માં કહ્યું છે-

ઉત્કૃષ્ટ દિવસ (સૌથી લાંબો દિવસ હોય ત્યારે) પુષ્કરાર્ધદ્વીપમાં મનુષ્યો સૂર્યોદય સમયે સાધિક ૨૧ લાખ યોજનના અંતરે સૂર્યને જુએ છે. ૨૧,૨૪,૫૩૭ યોજનનું એ અંતર હોય છે. આ પુષ્કરદ્વીપાર્ધમાં સૂર્યોદય અને સૂર્યાસ્તે પૂર્વ-પશ્ચિમ બંને દિશામાં દૃષ્ટિવિષય હોય છે.

પુષ્કરદ્વીપાર્ધમાં માનુષોત્તરપર્વતની સમીપ રહેલા મનુષ્યો કર્કસંક્રાન્તિના દિવસે પ્રમાણાંગુલથી નિષ્પન્ન એવા સાધિક ૨૧ લાખ યોજન દૂર રહેલા સૂર્યને જુએ છે. (અહીં પુષ્પમાલાના પાઠમાં

ङ्गुलभवैः सातिरेकैः एकविंशतियोजनलक्षै– र्व्यवस्थितं रविं पश्यन्ति, इति पञ्चेन्द्रियानां विषयविचारः।।८३।।

ननु– कुणालानगरीविनाशकारकौ साधू तदानीमेव पञ्चदशदिनवृष्ट-मुसलधारमेघवृष्टिपूरैः प्लाव्यमानौ मृत्वा दुर्गतिं जग्मतुः, किं वा कालान्तरे ? उच्यते तद्व्यतिकरात् तृतीयवर्षे, यदुक्तं श्रीतिलकाचार्यकृतायां श्रीआवश्यकवृत्तौ तथाहि–

**कुरुटोत्कुरुटौ साधू, मातृष्वस्त्रेयकौ मिथः।**
**भ्रातरौ ब्राह्मणावध्यापकावात्तार्हतव्रतौ।।१।।**
**अभूत् पुर्याः कुणालाया-स्तयोर्निर्गमनाग्रतः।**
**वर्षासु वसतिर्नीरैः, प्लाव्यताम् एति देवता।।२।।**
**अटालयत् कुणालाया, वृष्टिं ज्ञात्वा च तज्जनैः।**
**निःसार्येते स्म तौ साधू, क्रुद्धोऽथ कुरुटो ऽब्रवीत्।।३।।**

विशेषोपनिषद्

૨૧,૩૪,૫૩૭ યોજન કહ્યા છે. અને આવશ્યકના પાઠમાં ૨૧,૨૪,૫૩૭ કહ્યા છે. तत्त्वं बहुश्रुतगम्यम् આ રીતે પાંચે ઈન્દ્રિયોના વિષયનો વિચાર કહ્યો. ॥૮૩॥

**(૮૪) પ્રશ્ન** :- કુણાલા નગરીને વિનાશ કરનારા બે સાધુઓ ત્યારે જ ૧૫ દિવસ વરસેલા મુસળધાર મેઘની વૃષ્ટિના પૂરમાં તણાઈને દુર્ગતિમાં ગયાં કે કાળાન્તરે દુર્ગતિમાં ગયાં ?

**ઉત્તર** :- તે પ્રસંગ પછી ત્રીજા વર્ષે દુર્ગતિમાં ગયાં.

**શ્રીતિલકાચાર્ય** કૃત **શ્રીઆવશ્યકવૃત્તિ**માં કહ્યું છે –

કુરુટ અને ઉત્કુરુટ આ બંને મુનિઓ પરસ્પર માસિયાઈ ભાઈઓ હતા. તેઓ પૂર્વે બ્રાહ્મણ અધ્યાપકો હતા અને પાછળથી તેમણે જૈન દીક્ષા લીધી હતી. કુણાલા નગરીમાં તેઓ ચાતુર્માસ હતા. તેમની વસતિ પાણીથી આપ્લાવિત ન થઈ જાય એવા આશયથી દેવતાએ કુણાલામાં વરસાદનું નિવારણ કર્યું. એ જાણીને ત્યાંના



**वर्ष देव कुणालायामुवाचोत्कुरुटस्ततः।**
**दिनानि दश पञ्चाऽथ, पुनः कुरुट ऊचिवान्।।४।।**
**मुसलोपमधाराभिः, पुनरुत्कुरुटो ऽभ्यधात्।**
**यथा दिवा तथा रात्रा-वित्युक्त्वा तौ निरीयतुः।।५।।**
**कुणालाऽपि पञ्चदशदिनैरच्छिन्नवर्षणात्।**
**सार्द्धं जनपदेनाम्भः, पूरैः प्रावाह्यताऽखिला।।६।।**
**तृतीये वत्सरे तौ च, साधू साकेतपत्तने।**
**कालं कृत्वा सप्तमोर्व्यां, द्वाविंशत्यतरायुषौ।।७।।**
**कालाख्यनरकावासे, सञ्जायेते स्म नारकौ।**
**कुणालाया विनाशस्य, कालाद् वर्षे त्रयोदशे।।८।।**
**उत्पन्नं केवलं ज्ञानं, श्रीमद्वीरजिनेशितुः।**
**इत्यादीन्यनवद्यानि, श्रद्धेयानि मनीषिभिः।।९।।**

इति कुणालाया विनाशात्तृतीये वर्षे कुरुटोत्कुरुटसाध्वोर्नरकगमन-विचारः ।।८४।।

विशेषोपनिषद्

લોકોએ તે બંને સાધુઓને નગરીમાંથી કાઢી મુક્યા. કુરુટમુનિ ક્રોધે ભરાઈને બોલ્યા - 'મેઘ ! કુણાલામાં વરસો.' ઉત્કુરુટે કહ્યું - '૧૫ દિવસ સુધી'. ફરી કુરુટે કહ્યું - 'મુસળધાર વરસો' ફરી ઉત્કુરુટે કહ્યું 'જેમ દિવસે, તેમ રાતે' એમ કહીને તેઓ જતાં રહ્યાં.

કુણાલા નગરીમાં સતત ૧૫ દિવસ વરસાદ થયો. આખી નગરી લોકો સાથે પાણીના પૂરથી તણાઈ ગઈ. ત્રીજા વર્ષે તે બંને સાધુ સાકેતપુરમાં કાળ કરીને સાતમી નરકમાં કાલ નામના નરકાવાસમાં ૨૨ સાગરોપમ આયુષ્યવાળા નારક થયા. કુણાલાના વિનાશ પછી તેરમે વર્ષે શ્રી વીર જિનેશ્વરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. આવા સત્યદૃષ્ટાન્તો પર મતિમાનોએ શ્રદ્ધા કરવી જોઈએ.

આ રીતે કુણાલાના વિનાશ પછી ત્રીજા વર્ષે કુરુટ-ઉત્કુરુટ

ननु– साधूनां पौषधे कृते श्राद्धानां च **“संथाराउवट्टणकिई परिअट्टणकिई आउट्टणकिई पसारणकिई छप्पइयासंघट्टणकिई अचक्खु-विसयकायकिई”** इति पदषट्कं कथ्यते तस्य कोऽर्थः, कुत्र च प्रतिपादितोऽस्ति ? उच्यते श्रीतरुणप्रभसूरिभिः श्रीषडावश्यकबालावबोधे पदषट्कं वार्त्तया व्याकृतम् अस्ति। तत्पाठस्तु तत एव अवसेयः। इति संथाराउवट्टणकिईति पदषट्कव्याख्याविचारः।।८५।।

ननु– साम्प्रतं साधवः कटौ दवरकं बध्नन्ति, स कुत्र प्रतिपादितोऽस्ति ? उच्यते साधूनां चतुर्दशोपकरणमध्ये नास्ति दवरकः, परं औपग्रहिकरूपः प्रमादहेतुरपि वृद्धसम्प्रदायाद् बध्यते, श्रीआवश्यकचूर्णौ अपि श्रीआर्यरक्षितसूरिसम्बन्धे, दवरकेन कटिपट्टको बद्धः प्रोक्तोऽस्ति, तथाहि **“अन्नेण कडिपट्टओ पुरओ काऊण दोरेण बद्धो इति”** एवं

विशेषोपनिषद्

મુનિઓ નરકે ગયા, તે વિચાર કહ્યો. ॥૮૪॥

**(૮૫) પ્રશ્ન** :- સાધુઓને અને જેમણે પૌષધ કર્યો છે એવા શ્રાવકોને સંથારા વગેરે છ પદો કહેવાય છે, તેનો અર્થ શું છે ? અને તે અર્થ ક્યાં કહેવાયો છે ?

**ઉત્તર** :- **શ્રીતરુણપ્રભસૂરિ**એ શ્રી **ષડાવશ્યક બાલાવબોધ**માં આ છ પદ વાર્તાથી કહ્યું છે, તેનો પાઠ તેમાંથી જ જાણવો. આ રીતે સંથારા ઉવટ્ટણકિઈ વગેરે છ પદની વ્યાખ્યાનો વિચાર કહ્યો. (શ્રી આવશ્યકસૂત્ર પગામસિજ્જા ટીકા/ અનુવાદથી પણ આ અર્થ જાણી શકાય.) ॥૮૫॥

**(૮૬) પ્રશ્ન** :- વર્તમાનમાં સાધુઓ કંદોરો બાંધે છે, તેનું વિધાન ક્યાં કરેલું છે ?

ઉત્તર :- સાધુઓની ૧૪ પ્રકારની ઉપધિ કહી છે, તેમાં કંદોરો નથી. પણ ઔપગ્રાહિક ઉપધિ તરીકે કંદોરો વપરાય છે. તે પ્રમાદનું કારણ છે. આમ છતાં પણ વૃદ્ધસંપ્રદાયથી તેને બાંધવામાં આવે છે.



तरुणप्रभसूरिभिरपि षडावश्यकबालावबोधे ‘साधूण गोयरगो’ इति पदव्याख्याने प्रोक्तः, तथाहि– अत्र साधु महात्मा पूर्वहिं अप्रमादि प्रवृत्तिनिमित्त, अगौयरओ धरता किसउ अर्थ वाम कुहणी चापीकरी चोलपटकुराहवता जुसु अगोयरओ कहियइ, इसउ आम्नायबइसु अगौयरओ दुषमानुभावइ तउ वुछिन्नउ विछेद गयओ प्रमाद बहुलकालभाविकरी साधु चोलपट्टकु दवरकादि तणाइ आधारिधरि वालागा इत्यादि।

एवं श्रीउत्तराध्ययनवृत्तौ द्वितीयाध्ययने अचेलपरीषहे श्रीआर्यरक्षितसूरिपितृसोमदेवसम्बन्धे, तथाहि तत्र तस्य अन्येन साधुना मानोपेतवासः कटिपट्ट इव कृत्वा दवरकेण बद्धमिति। एवं साहूण गोयरओ इत्यत्रापि व्याख्यातम् अस्ति। पूर्वं साधुभिरप्रमत्ततया चोलपट्टको वामकूर्परेण ध्रियमाण आसीत्, साम्प्रतं तु दुःषमानुभावात्, तस्मिन् धरणविधौ

विशेषोपनिषद्

**શ્રીઆવશ્યકચૂર્ણિ**માં પણ શ્રીઆર્યરક્ષિતસૂરિના સંબંધમાં દોરાથી ચોલપટ્ટો બાંધ્યો એવું કહ્યું છે – તથા અન્યએ ચોલપટ્ટો આગળ કરીને દોરાથી બાંધ્યો. આ રીતે **તરુણપ્રભસૂરિ**એ પણ **ષડાવશ્યક બાલાવબોધ**માં ‘साधूण गोयरगो’ આ પદની વ્યાખ્યામાં કહ્યું છે. તે આ પ્રમાણે – અહીં સાધુ મહાત્મા પૂર્વે અપ્રમાદની પ્રવૃત્તિ માટે અગૌચરઓ ધારણ કરતાં, એટલે કે ડાબી કોણીથી ચોલપટ્ટાને દબાવીને ધારણ કરી રાખતા. એ આમ્નાયના કારણે ‘અગૌચરઓ’ કહેવાય. દુઃષમાકાળના પ્રભાવે તેનો વિચ્છેદ થયો છે. આ પ્રમાદબહુલ કાળ છે. તેથી સાધુ ચોલપટ્ટાને કંદોરાથી બાંધીને ધારણ કરી રાખે છે.

આ રીતે **શ્રીઉત્તરાધ્યયનસૂત્ર–વૃત્તિ**માં દ્વિતીય અધ્યયનમાં અચેલપરીષહના અધિકારમાં શ્રીઆર્યરક્ષિતસૂરિના પિતા સોમદેવના સંબંધમાં કહ્યું છે – ત્યાં અન્ય સાધુએ પ્રમાણયુક્ત કપડાને ચોલપટ્ટા જેવો કરીને દોરાથી બાંધી દીધો. આ રીતે ‘साधूण गोयरगो’ અહીં

व्यवच्छिन्ने साम्प्रतीनैः साधुभिः प्रमादबाहुल्यात् दवरको ध्रियमाणोऽस्ति।

ननु– अन्यगच्छीयसाधुभिर्बहुतरैः चोलपट्टोपरि दवरको बध्यते, श्रीखरतरगच्छीयसाधुभिर्नेति कथम् 'उच्यते' श्रीआर्यरक्षितसूरिपरम्पराम् अनुसरद्भिर्बध्यते, वयं तु श्रीआर्यसुहस्तिसूरिपरम्परानुगाः इति वृद्धवादः। इति साधूनां कटौ दवरकबन्धनविचारः।।८६।।

ननु– **"झाणंतरियावट्टमाणस्स केवलवरणाणदंसणे समुप्पन्ने।"**

इति कोऽर्थः ? उच्यते शुक्लध्यानस्य चत्वारो भेदाः। पृथक्त्व-वितर्कसविचार १ एकत्ववितर्कस(अ)विचार २ सूक्ष्मक्रियानिवृत्ति ३ उपर-तक्रियाप्रतिपातिलक्षणाः ४ तत्र आद्यभेदद्वयं व्यतिक्रान्तस्य तृतीयभेदम्

विशेषोपनिषद्

પણ વ્યાખ્યા કરી છે – પહેલા સાધુઓ અપ્રમત્તપણે ડાબી કોણીથી ચોલપટ્ટાને ધારણ કરી રાખતા હતાં. હવે તો દુઃષમા કાળના પ્રભાવે તેવી રીતે ધારણ કરી રાખવાની ક્રિયાનો વ્યવચ્છેદ થયો છે. તેથી વર્તમાનના સાધુઓ પ્રમાદબહુલ હોવાથી દોરાને ધારણ કરી રાખે છે.

શંકા :- અન્ય ગચ્છના ઘણા સાધુઓ ચોલપટ્ટા પર કંદોરો બાંધે છે. શ્રીખરતરગચ્છના સાધુઓ નથી બાંધતા, તેનું શું કારણ ?

સમાધાન :- જેઓ શ્રીઆર્યરક્ષિતસૂરિની પરંપરાને અનુસરે છે, તેઓ કંદોરો બાંધે છે, આપણે તો શ્રીઆર્યસુહસ્તિસૂરિની પરંપરાને અનુસરનારા છીએ, એવો વૃદ્ધવાદ છે. આ રીતે સાધુઓની કટિ પર કંદોરો બાંધવાનો વિચાર કહ્યો. ।।૮૬।।

(૮૭) **પ્રશ્ન** :- ધ્યાનાન્તરમાં રહેલા પ્રભુને કેવલવરજ્ઞાનદર્શન ઉત્પન્ન થયા એનો શું અર્થ છે ?

**ઉત્તર** :- શુક્લધ્યાનના ચાર ભેદો છે. (૧) પૃથક્ત્વવિતર્કસવિચાર (૨) એકત્વવિતર્કઅવિચાર (૩) સૂક્ષ્મક્રિયાનિવૃત્તિ (૪) ઉપરતક્રિયા-પ્રતિપાતી. તેમાં પ્રથમ બે ભેદ પસાર થઈ ગયા હોય, અને ત્રીજા



असम्प्राप्तस्य अत्रान्तरे तदुत्पत्तिः। यदुक्तं श्रीहरिभद्रसूरिभिः श्रीआवश्यक-बृहद्वृत्तौ ध्यानशतके धर्मध्यानाधिकारे तथाहि–उक्ता धर्मध्यानस्य ध्यातारः, साम्प्रतं शुक्लध्यानस्य आद्यभेदद्वयस्य अविशेषेण एते एव यतो ध्यातारः, इत्यतो मा भूत् पुनरभिधेया भविष्यतीति लाघवार्थं चरमभेदद्वयस्य च प्रसङ्गत एतानेव अभिधित्सुराह–

**"एते च्चिअ पुव्वाणं पुव्वधरा सुप्पसत्थसंघयणा।**
**दुण्हि सजोगाऽजोगा सुक्कझाणपरा केवलिणो।।३१।।"**

व्याख्या– एते एव ये अनन्तरम् एव धर्मध्यानस्य ध्यातारः उक्ताः, पूर्वयोरित्याद्ययो-र्द्वयोः शुक्लध्यानभेदयोः पृथग्वितर्कसविचारम् १ एकत्ववितर्कमविचारम् २ इत्यनयोः ध्यातार इति गम्यते। अयं

विशेषोपनिषद्

ભેદને પ્રાપ્ત ન કર્યો હોય, ત્યારે કેવળજ્ઞાન-કેવળદર્શનની ઉત્પત્તિ થાય છે.

**શ્રીહરિભદ્રસૂરિએ આવશ્યકબૃહદ્વૃત્તિમાં ધ્યાનશતક**માં ધર્મધ્યાનના અધિકારમાં કહ્યું છે – ધર્મધ્યાનના ધ્યાતાઓનું સ્વરૂપ કહ્યું. શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોના ધ્યાતા પણ સમાનરૂપે તેઓ જ છે. માટે પુનરુક્તિ ન થાય એ માટે લાઘવ માટે હવે છેલ્લા બે ભેદોના પ્રસંગથી તેમનું જ નિરૂપણ કરવા માટે કહે છે –

સુપ્રશસ્ત સંઘયણવાળા પૂર્વધરો શુક્લધ્યાનના પહેલા બે ભેદોના ધ્યાતા છે. છેલ્લા બે ભેદોના ધ્યાતા સયોગી અને અયોગી એવા શુક્લધ્યાનમાં પરાયણ એવા કેવલીઓ છે.

વ્યાખ્યા :- જેઓ હમણા જ ધર્મધ્યાનના ધ્યાતા તરીકે કહ્યા, તેઓ જ શુક્લધ્યાનના પહેલા બે ભેદ- (૧) પૃથક્ વિતર્કસવિચાર અને (૨) એકત્વ વિતર્કઅવિચાર આ બંનેના પણ ધ્યાતા છે. તેમાં

पुनर्विशेषः पूर्वधराश्चतुर्द्दशपूर्वविदस्तदुपयुक्ताः, इदं च पूर्वधरविशेषणम् अप्रमादवतामेव वेदितव्यम्, न निर्ग्रन्थानाम्, माषतुषमरुदेव्यादीनाम् अपूर्वधराणामपि तदुपपत्तेः सुप्रशस्तसंहनना इत्याद्यसंहननयुक्ताः, इदं पुनरोघत एव विशेषणमिति, तथा द्वयोः शुक्लयोः परयोः उत्तरकाल-भाविनोः प्रधानयोर्वा सूक्ष्मक्रियानिवृत्त्युपरतक्रियाप्रतिपातिलक्षणयोर्यथासङ्ख्यं सयोगा अयोगाः केवलिनो ध्यातारः इति योगः, एवं च गम्मए सुक्क-झाणाइदुगं बोलीणस्स ततियमप्पत्तस्स एताए झाणंतरिआए वट्टमाणस्स केवलणाण मुप्पजइ, केवली अ सुक्कलेस्सो अझाणी अ जावं सुहुम-किरियमणिअट्टत्ति, इति गाथार्थः। 'इति झाणंतरिआवट्टमाणस्स अर्थविचारः ।।८७।।

विशेषोपनिषद्

આ વિશેષ છે - પૂર્વધર એટલે ૧૪ પૂર્વમાં ઉપયોગ ધરાવતા હોય, આ પૂર્વધર વિશેષણ અપ્રમાદવાળાઓનું જ સમજવું, અર્થાત્ સાતમા ગુણસ્થાનકે રહેલા હોય તેમનું વિશેષણ સમજવું. નિર્ગ્રંથો - ૧૧-૧૨ ગુણસ્થાનકે રહેલાનું નથી. કારણ કે આ રીતે જ - માષતુષ મુનિ, મરુદેવી માતા વગેરેએ શુક્લધ્યાન કર્યું હતું - તેની સંગતિ થઈ શકે છે.

સુપ્રશસ્ત સંઘયણવાળા એટલે પ્રથમ સંઘયણથી યુક્ત. આ વિશેષણ સર્વસામાન્ય સમજવું. શુક્લધ્યાનના બે ચરમભેદો = પછીના સમયે થનારા અથવા તો પ્રધાન ભેદો- મુખ્ય ભેદો (૧) સૂક્ષ્મક્રિયાનિવૃત્તિ (૨) ઉપરતક્રિયાપ્રતિપાતિ તેમના ધ્યાતા ક્રમશઃ સયોગી અને અયોગી કેવળીઓ હોય છે.

આ રીતે જણાય છે કે શુક્લધ્યાનના પ્રથમ બે ભેદને ઓળંગીને ત્રીજા ભેદને પ્રાપ્ત કર્યો ન હોય, તે ધ્યાનાંતરમાં વર્તમાન એવા જીવને કેવળજ્ઞાન થાય છે. કેવળજ્ઞાની સૂક્ષ્મક્રિયાનિવૃત્તિ સુધી શુક્લલેશ્યાવાળા અને ધ્યાનરહિત હોય છે, એવો ગાથાર્થ છે.

આ રીતે ધ્યાનાંતરમાં વર્તમાનનો અર્થ કહ્યો. ।।૮૭।।



ननु- अष्टादशभारा वनस्पतीनां प्रोच्यन्ते, तत्र भारः किमुच्यते ? उच्यते।

**शून्यसप्ताङ्कहस्ताश्च चन्द्रेन्दुवसुवह्नयः,**
**एतत्सङ्ख्याकनिर्दिष्टो (३८११२९७०) वनभारः प्रकीर्त्तितः।।१।।**
**चत्वारः पुष्पिता भारा अष्टौ च फलपुष्पिताः।**
**वल्लयो भारषट्कं च वासुदेवप्रकीर्त्तिताः।।२।।**

अष्टादशभाराः पुनरनेन प्रकारेण-कल्पवृक्ष-पारिजात-मन्दार-हरिचन्दन-सन्तान-वट-पिप्पल-पिम्पर-उदम्बर-निर्बीज-बीजभोज्य-वृक्ष-फलभोज्य-मूलभोज्य-सर्वभोज्य-काष्ठभोज्य-पुष्पभोज्य-पत्रभोज्या इति। पुनः तत्स्वरूपं प्रकरणान्तरेण आह–

**तिन्नि कोडि इक्यासी लाख बार सहस्स एक सो भाषि।**
**इतलें रुक्खानो इक भार एहवी वणसइभार अढार।।१।।**
**च्यार भार फूलां विणहोइ, फलविण आठभार जगजोई,**

विशेषोपनिषद्

**(૮૮) પ્રશ્ન** :- વનસ્પતિના અઢાર ભાર કહેવાય છે, તેમાં ભાર શું છે ?

**ઉત્તર** :- ૩,૮૧,૧૨,૯૭૦ આ સંખ્યાનો વનભાર કહ્યો છે. ૪ પુષ્પિત ભાર છે, ૮ ફલપુષ્પિત ભાર છે અને ૬ વલ્લીભાર છે, એવું વાસુદેવે કહ્યું છે. ૧૮ ભાર આ પ્રકારે છે – કલ્પવૃક્ષ, પારિજાત, મંદાર, હરિચંદન, સંતાન, વડ, પીપળો, પિંપર, ઊંબરો, નિર્બીજ, બીજભોજ્ય, વૃક્ષ, ફળભોજ્ય, મૂલભોજ્ય, સર્વભોજ્ય, કાષ્ઠભોજ્ય, પુષ્પભોજ્ય, પત્રભોજ્ય.

ફરી તેનું સ્વરૂપ બીજા પ્રકારે કહે છે –

૩,૮૧,૧૨,૧૦૦ એટલી વનસ્પતિનો એક ભાર એવી ૧૮ ભાર વનસ્પતિ. તેમાં ચાર ભાર ફૂલ વિના છે. ૮ ભાર ફળ વિનાના છે. ફળ ફૂલે ૬ ભાર છે. આ રીતે ૧૮ ભાર વનસ્પતિ છે.

**फलफूले षट्भारविचार, एहवी वणसइ भार अढार।।२।।**

**तिअ अरब कोड इगसी, बारह लक्खा य सहस बहुत्तरयं, नव नव सत्तरिरुक्खं जाई इगपत्त इगभारं।।३।।**

इदम् अष्टादशभारस्वरूपं लौकिकं वा शैवशास्त्रानुसारि च दृश्यते, जैनमते तु न तादृग् स्वरूपं दृष्टं श्रुतं वा। इति अष्टादशभारवनस्पतिस्वरूपविचारः।।८८।।

ननु– मरुदेवी नाभिकुलकरपत्नी नाभेश्च पञ्चविंशत्यधिकानि पञ्चधनुशतानि तनुमानं तदेव मरुदेवाया अपि 'संघयणं संठाणं उच्चत्तं चेव कुलगरेहिं समं' इति वचनात् मरुदेवा भगवती च सिद्धा, ततः कथं पञ्चधनुःशतप्रमाणा उत्कृष्टा अवगाहना घटते ? अत्रोच्यते, मरुदेवाया नाभेः किञ्चिद् ऊनप्रमाणत्वात्। स्त्रियो हि उत्तमसंस्थानेभ्यः

विशेषोपनिषद्

૩,૮૧,૧૨,૭૨,૯૭૯ આટલા વૃક્ષો એક પત્ર એક ભારમાં થાય છે.

૧૮ ભારનું આવું સ્વરૂપ લૌકિક કે શૈવશાસ્ત્રાનુસારી દેખાય છે. જૈન મતમાં તો એવું સ્વરૂપ જોયું કે સાંભળ્યું નથી. આ રીતે ૧૮ ભાર વનસ્પતિના સ્વરૂપનો વિચાર કહ્યો. ।।૮૮।।

(૮૯) **પ્રશ્ન** :- મરુદેવા માતા નાભિકુલકરના પત્ની હતા. નાભિરાજાનું શરીરપ્રમાણ ૫૨૫ ધનુષ્ય હતું. મરુદેવા માતાનું પણ તે જ હતું. કારણ કે એવું વચન છે કે કુલકરોની પત્નીનું સંઘયણ, સંસ્થાન અને ઉચ્ચત્વ કુલકરોની સમાન હોય છે. મરુદેવા ભગવતી સિદ્ધ થયા હતા. તો ૫૦૦ ધનુષ્ય પ્રમાણ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના શી રીતે ઘટે?

**ઉત્તર** :- મરુદેવા નાભિરાજાથી કાંઈક ન્યૂન પ્રમાણવાળા હતા. ઉત્તમસંસ્થાનવાળા પુરુષોની (ઉત્તમસંસ્થાનાદિવાળી) સ્ત્રીઓ સ્વસ્વકાળની અપેક્ષાએ પુરુષોથી કાંઈક ન્યૂનપ્રમાણવાળી હોય છે. માટે મરુદેવા પણ ૫૦૦ ધનુષ્યપ્રમાણવાળા હતાં, માટે દોષ નથી.



स्वस्वकालापेक्षया किञ्चिद् ऊनप्रमाणा भवन्ति। ततो मरुदेवाऽपि पञ्चधनुःशतप्रमाणा इति न दोषः, अपि च हस्तिनः स्कन्धारूढा सङ्कुचिताङ्गी मरुदेवा सिद्धा, ततः शरीरसङ्कोचभावात् नाधिकावगाहना सम्भवति इत्यविरोधः, अथवा यद् इदम् आगमे पञ्चधनुःशतानि उत्कृष्टप्रमाणम् उक्तं, तद् बाहुल्यापेक्षया, अन्यथा पञ्चविंशत्यधिकपञ्चधनुःशतप्रमाणा उत्कृष्टावगाहना सा च मरुदेवीकालवर्त्तिनाम् अवसेया। मरुदेव्या अपि आदेशान्तरेण नाभिकुलकरतुल्यत्वात्, तदुक्तं सिद्धप्राभृतटीकायां 'मरुदेवीवि आएसंतरेण नाभितुल्लत्ति' सिद्धप्राभृतसूत्रेऽपि उक्तम्–

**'ओगाहणा जहन्ना रयणाण दुगं पुणो य उक्कोसा।**
**पञ्चेव धणुसयाइं धणुहपहुत्ताणि अहियाणि।।"**

एतट्टीका व्याख्या– पृथक्त्वशब्दो बहुत्ववाची, बहुत्वं च इह पञ्चविंशतिरूपं द्रष्टव्यम्, इति श्रीप्रवचनसारोद्धारे। इति मरुदेवीदेह-

વિશેષોપનિષદ્

વળી મરુદેવા હાથીના સ્કંધ પર આરુઢ હતાં, તેથી સંકુચિત શરીરવાળા હતા. અને તે દશામાં સિદ્ધ થયા. માટે શરીરનો સંકોચ થવાથી વધારે અવગાહના સંભવતી નથી, તેથી વિરોધ નથી.

અથવા તો આગમમાં જે ૫૦૦ ધનુષ્યપ્રમાણ ઉત્કૃષ્ટ અવગાહના કહી છે તે બાહુલ્યની અપેક્ષાએ છે. અન્યથા મરુદેવા માતાના સમકાલીન મનુષ્યોની ૫૨૫ ધનુષ્યપ્રમાણ ઉત્કૃષ્ટ અવગાહના (સિદ્ધ થનારાઓની) સમજવી. કારણ કે બીજા આદેશથી મરુદેવી માતા પણ નાભિ કુલકરની તુલ્ય છે. **શ્રીસિદ્ધપ્રાભૃતટીકા**માં કહ્યું છે – મરુદેવી માતા પણ અન્ય આદેશથી નાભિસમાન છે. **સિદ્ધપ્રાભૃતસૂત્ર**માં પણ કહ્યું છે – જઘન્ય અવગાહના બે હાથ છે, ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્ય + ધનુષ્ય પૃથક્ત્વ છે.

વ્યાખ્યા :- અહીં પૃથક્ત્વ શબ્દનો અર્થ બહુત્વ કરવાનો છે.

मानविचारः।।८९।।

ननु– **न दुक्करं वारणपासमोयणं गयस्स मत्तस्स वणम्मि रायं।"**

इत्यत्र वारणेति पदेन गजशब्दस्य कथं पौनरुक्त्यम् ?, अत्रोच्यते, अयं पाठो न भवति, **"न दुक्करं वा नरपासमोयणं"** इति शुद्ध-पाठसद्भावात् यदुक्तं श्रीसूत्रकृताङ्गनिर्युक्तौ वृत्तौ च तथा 'न दुक्कर-मित्यादि' न दुक्करं, एतत् नरपाशैर्बद्धमत्तवारणविमोचनं वने राजन्--नैतद् न मे प्रतिभाति। दुष्करं यच्च तत्र आवलितेन तन्तुना बद्धस्य मम प्रतिमोचनम् इति। स्नेहतन्तवो हि जन्तूनां दुश्छेदा भवन्तीति भावः, इति न दुक्करं वा नरपासमोयणं इतिशुद्धपाठविचारः।।९०।।

विशेषोपनिषद्

અને બહુત્વ અહીં '૨૫' રૂપ સમજવું. એવું **પ્રવચનસારોદ્ધાર**માં કહ્યું છે. આ રીતે મરુદેવીના શરીરપ્રમાણનો વિચાર કહ્યો. ॥૮૯॥

(૯૦) **પ્રશ્ન** :- 'હે રાજન્ ! મદોન્મત્ત હાથીના ગજપાશને છોડાવવો એ દુષ્કર નથી.' આ પંક્તિમાં હાથી શબ્દથી ગજ (વારણ અને ગજ) શબ્દની પુનરુક્તિ શા માટે કરી છે ?

**ઉત્તર** :- આ પાઠ બરાબર નથી. કારણ કે 'અથવા તો મનુષ્યોએ બાંધેલ પાશથી છોડાવવું એ દુષ્કર નથી' આવો શુદ્ધ પાઠ મળે છે. **શ્રીસૂત્રકૃતાંગનિર્યુક્તિ** અને **વૃત્તિ**માં કહ્યું છે - દુષ્કર નથી ઈત્યાદિ.... હે રાજન્ ! આ મનુષ્યોના પાશોથી બંધાયેલા મદોન્મત્ત હાથીને વનમાં છોડાવવો એ મને દુષ્કર નથી લાગતું. પણ વળેલા તંતુઓથી હું બંધાયેલો હતો. તેમાંથી છૂટવું મને દુષ્કર લાગતું હતું. જીવો સ્નેહતંતુઓને સહેલાઈથી તોડી શકતા નથી, એવો અહીં આશય છે. આ રીતે - અથવા તો મનુષ્યોના પાશથી છોડાવવું દુષ્કર નથી, એવા શુદ્ધ પાઠનો વિચાર કહ્યો.

(એવો ન્યાય છે કે વિશિષ્ટવાચક શબ્દોની સાથે જો વિશેષણ



ननु– मिथ्यात्वस्य कथं गुणस्थानत्वम् ? उच्यते श्रीगुणस्थान-क्रमारोहसूत्रवृत्तौ च तस्य साक्षेपं भणितम् अस्ति, तथाहि–

**अनाद्यव्यक्तमिथ्यात्वं जीवेऽस्त्येव सदा परम्।**

**व्यक्तमिथ्यात्वधीप्राप्तिर्गुणस्थानतयोच्यते १**

अनादि च तद् अव्यक्तं च 'अनाद्यव्यक्तं' तच्च तन्मिथ्यात्वं च, अनाद्यव्यक्तमिथ्यात्वम्, जीवे प्राणिनि, अव्यवहारराशिवर्त्तिनि, 'सदा' सर्वदा अस्त्येव, परं व्यक्तमिथ्यात्वस्य पूर्वोक्तस्वरूपस्य धीर्बुद्धिस्तस्याः प्राप्तिरेव गुणस्थानतया उच्यते इति। ननु 'सव्वजियठाणमिच्छे' इति

विशेषोपनिषद्

હોય, તો એ વિશિષ્ટવાચક શબ્દોનો અર્થ સામાન્યવાચક શબ્દ કરવો. જેમ કે 'तेपे' નો અર્થ છે (તેણે) તપ કર્યો. જો એવું વાક્ય આવે કે 'तपः तेपे' ત્યાં तेपे નો અર્થ માત્ર 'કર્યો' એવો કરાય છે. એટલે તેણે તપ કર્યો આવો જ અર્થ થશે. એ જ રીતે वारि એટલે ગજબંધન એવો અર્થ થાય છે. પણ જ્યારે गजानां वारि આવો શબ્દ આવે ત્યારે वारि નો અર્થ માત્ર 'બંધન' કરવામાં આવે છે. આ રીતે પુનરુક્તિ દોષ આવતો નથી. એ જ રીતે પ્રસ્તુતમાં 'वारणपाश' શબ્દથી ગજ શબ્દની પુનરુક્તિ નથી. એ રીતે પણ સંગતિ થઈ શકે.) ॥૯૦॥

(૯૧) **પ્રશ્ન** :- મિથ્યાત્વને ગુણસ્થાનક શી રીતે કહેવાય ?

ઉત્તર :- **શ્રીગુણસ્થાનક્રમારોહસૂત્ર-વૃત્તિ**માં પૂર્વપક્ષ સાથે આ ઉત્તર આપ્યો છે –

જીવમાં અનાદિ અવ્યક્ત મિથ્યાત્વ સદા હોય છે. પણ વ્યક્ત મિથ્યાત્વની બુદ્ધિ પ્રાપ્ત થાય, તેને ગુણસ્થાન કહેવાય છે.

જે અનાદિ અને અવ્યક્ત એવું મિથ્યાત્વ છે, તે અવ્યવહારરાશિમાં રહેલા જીવને સર્વદા છે જ. પણ પૂર્વે જેનું સ્વરૂપ કહ્યું છે, તેવા વ્યક્ત મિથ્યાત્વની બુદ્ધિની પ્રાપ્તિ થાય, તે જ ગુણસ્થાનરૂપે કહેવાય છે.

मिथ्यादृष्टौ सर्वाणि अपि जीवस्थानानि लभ्यन्ते, तत्कथं व्यक्तमिथ्यात्व-धीप्राप्तिरेव प्रथमगुणस्थानताम् आप्नोति, इत्यत्रोच्यते– 'सर्वे भावाः सर्वजीवैः प्राप्तपूर्वा अनन्तशः' इति वचनात् ये प्राप्तव्यक्तमिथ्यात्वबुद्धयो जीवा व्यवहारराशिवर्त्तिनस्ते एव प्रथमगुणस्थानस्था लभ्यन्ते। न तु अव्यवहारराशिवर्त्तिनः, तेषाम् अव्यक्तमिथ्यात्वस्य एव सद्भावाद् इत्यदोषः, श्रीतिलकाचार्यकृतावश्यकवृत्तौ त्वेवम्, मिथ्या अतथ्योऽर्हद्धर्म इति, दृष्टिर्दर्शनं यस्य स मिथ्यादृष्टिः। तर्हि कथम् अस्य गुणस्थानता ? उच्यते, कस्यापि वचनादेर्जिनमतानुसारित्वाद् गुणस्थानता, यथा सूत्रोक्ताक्षरैकारोचनेऽपि मिथ्यादृष्टिः, शेषरोचनात्तु गुणस्थानता। एकेन्द्रियाणां तु

विशेषोपनिषद्

શંકા :- સર્વ જીવસ્થાન મિથ્યાદષ્ટિમાં છે. આ રીતે મિથ્યાદષ્ટિમાં સર્વ જીવસ્થાનો ઉપલબ્ધ થાય છે. તો પછી વ્યક્ત મિથ્યાત્વની બુદ્ધિની પ્રાપ્તિ જ પ્રથમ ગુણસ્થાનક છે, એવું કેમ કહેવાય ?

સમાધાન :- સર્વ જીવોએ સર્વ ભાવોને અનંત વાર પ્રાપ્ત કર્યા છે. એ વચનથી જેમણે વ્યક્ત મિથ્યાત્વબુદ્ધિને પ્રાપ્ત કરી છે તેવા વ્યવહારરાશિમાં રહેલા જીવો પ્રથમગુણસ્થાનકે રહેલા છે. અવ્યવહારરાશિમાં રહેલા જીવો નહીં. કારણ કે તેમને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે. માટે દોષ નથી.

**શ્રીતિલકાચાર્યકૃત આવશ્યકનિર્યુક્તિ**માં તો આ મુજબ કહ્યું છે – 'આર્હત ધર્મ ખોટો છે.' આવી જેની દષ્ટિ છે, તે મિથ્યાદષ્ટિ છે.

શંકા :- તો પછી તેને ગુણસ્થાનક કેમ કહો છો ?

સમાધાન :- તેના કોઈ પણ વચન વગેરે જિનવચનને અનુસરતા હોવાથી તે ગુણસ્થાનક છે. જેમ કે સૂત્રમાં કહેલા એક અક્ષરની પણ રુચિ ન કરે તો મિથ્યાદષ્ટિ છે, બાકીના અક્ષરોની રુચિ કરે, તેથી ગુણસ્થાનક છે. એકેન્દ્રિયોને ચૈતન્ય માત્ર ગુણની અપેક્ષાએ ગુણસ્થાનક છે.



चैतन्यमात्रगुणापेक्षया। एवं श्रीकर्मग्रन्थचतुर्दशसहस्रीवृत्तावपि, तथाहि-ननु यदि मिथ्यादृष्टिस्ततः कथं गुणस्थानसम्भवः, गुणा हि ज्ञानादिरूपास्तत्कथं ते दृष्टौ विपर्य्यायां भवेयुरिति। उच्यते– इह यद्यपि सर्वथा अतिप्रबलमिथ्यात्वमोहनीयोदयाद्, अर्हत्प्रणीतजीवाजीवादिवस्तुप्रतिपत्तिरूपा दृष्टिरसुमतो विपर्यस्ता भवति। तथापि काचिन्मनुष्यपश्वादिप्रतिपत्ति-रपि (प्य ?) विपर्यस्ता, ततो निगोदावस्थायामपि तथाभूताव्यक्तस्पर्शमात्र-प्रतिपत्तिरपि (प्य) विपर्यस्ताऽपि भवति। अन्यथा अजीवत्वप्रसङ्गात्, यद् आगमः–

**"सव्वजीवाणं पि अक्खरस्स अणंतो भागो निचुग्घाडिओ चिट्ठइ, जइ पुण सो वि आवरिज्जा ता णं जीवो अजीवत्तणं**

विशेषोपनिषद्

એ જ રીતે **શ્રીકર્મગ્રંથ**ની ૧૪૦૦૦ શ્લોકપ્રમાણ વૃત્તિમાં પણ કહ્યું છે –

શંકા :- જો મિથ્યાદષ્ટિ છે, તો તેનું ગુણસ્થાનક શી રીતે સંભવે ? ગુણો તો જ્ઞાન વગેરે છે. તો વિપરીત દષ્ટિમાં જ્ઞાન વગેરે શી રીતે હોઈ શકે ?

સમાધાન :- અહીં ભલે સર્વથા અતિ પ્રબળ એવા મિથ્યાત્વ મોહનીયના ઉદયથી અરિહંતપ્રણીત જીવ-અજીવ વગેરે વસ્તુના સ્વીકારરૂપ જીવની દષ્ટિ વિપર્યસ્ત થાય છે. છતાં પણ મનુષ્ય, પશુ વગેરેની પ્રતિપત્તિ (જ્ઞાન) અવિપર્યસ્ત પણ હોય છે. 'આ મનુષ્ય છે' એટલા અંશનું તો મિથ્યાત્વીનું જ્ઞાન પણ સમ્યક્ જ હોય છે. નિગોદની અવસ્થામાં પણ તેવા પ્રકારનું અવ્યક્ત સ્પર્શમાત્રનું જ્ઞાન પણ અવિપર્યસ્ત-યથાર્થ હોય છે. જો આટલું જ્ઞાન પણ જીવ ન કરી શકે, તો તે અજીવ થઈ જાય એવી આપત્તિ આવશે. આગમમાં કહ્યું છે - - સર્વે ય જીવોને અક્ષરનો અનંતમો ભાગ હંમેશા ઉઘાડો રહે છે. જો તે પણ ઢંકાઈ જાય, તો જીવ અજીવ બની જાય. ઈત્યાદિ - આ રીતે

**पाविज्ज त्ति।"**

इत्यादि, इति मिथ्यात्वस्य गुणस्थानत्वविचारः।।९१।।

ननु– भगवान् श्रीमहावीरदेवो दीक्षानन्तरं छद्मस्थावस्थायां कदापि कस्मिन्नपि निमित्ते ऊचिवान् नवा ? उच्यते, वारद्वयं, यदुक्तं श्रीआचाराङ्ग-प्रथमश्रुतस्कन्धे नवमेऽध्ययने द्वितीयोद्देशके श्रीमहावीरस्य छद्मस्थावस्था-वर्णने, तथाहि **"अबहुवाई अबहुभाषी"** एकद्विव्याकरणं क्वचिन् निमित्ते कृतवान् इति भावः। एवम् अत्रैव अग्रेतनालापके।

**"अयमंतरंसि को एत्थ अहमसि त्ति भिक्खू अहट्टु अयमुत्तमे सो।"**

अयमन्तर्मध्ये कोऽत्र व्यवस्थितः, एवं सङ्केतं गता दुश्चारिणः

विशेषोपनिषद्

મિથ્યાત્વના ગુણસ્થાનકપણાનો વિચાર કહ્યો. [શ્રીહરિભદ્રસૂરિમહારાજાએ કહ્યું છે કે– મિથ્યાત્વીનું ગુણસ્થાનક કહેવાય છે, તે ગૌણ છે. સાન્વર્થ નથી. પણ જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવ મિત્રા દૃષ્ટિને પામે છે ત્યારે તેનું ગુણસ્થાનક મુખ્ય બને છે. કારણ કે તેને ગુણોની પ્રાપ્તિ થઈ હોવાથી તે ગુણસ્થાનક સાન્વર્થ છે.(યોગદૃષ્ટિ સમુચ્ચય-૪૦)]॥૯૧॥

**(૯૨) પ્રશ્ન** :- ભગવાન શ્રીમહાવીરસ્વામી દીક્ષા પછી છદ્મસ્થ અવસ્થામાં ક્યારે પણ કોઈ પણ નિમિત્તે બોલ્યા હતા ?

**ઉત્તર** :- બે વાર બોલ્યા હતાં. **શ્રીઆચારાંગ** પ્રથમશ્રુતસ્કન્ધમાં નવમા અધ્યયનમાં બીજા ઉદ્દેસામાં શ્રીમહાવીરની છદ્મસ્થઅવસ્થાના વર્ણનમાં કહ્યું છે– અલ્પ વદનાર = અલ્પ બોલનાર. અર્થાત્ કોઈ નિમિત્તથી એક-બે વચન બોલ્યા હતા.

તથા અહીં જ અગ્રેતન આલાપકમાં કહ્યું છે. પરસ્પર સંકેત કરેલા દુરાચારીઓ કે નોકરો પૂછે છે - અહીં આ અંદર કોણ છે ? અથવા તો ત્યાં નિત્ય રહેનારા દુષ્ટ મનવાળા જીવો આ રીતે કહે છે. તેઓ આવું પૂછે અને ભગવાન મૌન રહે તો વધારે દોષો થાય, માટે



पृच्छन्ति। कर्मकरादयो वा तत्र नित्यवासिनो दुःप्रणिहितमानसाः पृच्छन्ति। तत्र चैवं पृच्छताम् एषां भगवतां तूष्णीभावम् एव जाते, क्वचिद् बहुतरदोषापनयनाय जल्पति अपि, कथमिति दर्शयति, अहं भिक्षुरस्मि, इत्येवम् उक्ते, यदि तेऽवधारयन्ति, ततः तिष्ठत्येव, अभिप्रेतार्थव्याघातात् कषायिता मोहान्धाः साम्प्रतेक्षितया एवं ब्रूयुः, यथा तूर्णम् अस्मात् स्थानात् निर्गच्छ, ततो भगवान् अचित्तावग्रह इति कृत्वा निर्गच्छत्येव, यदि वा निर्गच्छत्येव भगवान् किन्तु सोऽयम् उत्तमः प्रधानो धर्म आचार इति कृत्वा सकषायितेऽपि तस्मिन् गृहस्थे तूष्णींभावव्यवस्थितो यद्भविष्यतया ध्यायत्येव, न ध्यानात् प्रच्यवते।

एवं श्रीआवश्यकचूर्ण्यादावपि द्वित्रिस्थानेषु। इति छद्मस्थावस्थायां श्रीमहावीरदेवस्य उक्तिविचारः।।९२।।

विशेषोपनिषद्

ભગવાન તેવા અવસરે બોલે પણ ખરા, કેવી રીતે એ બતાવે છે - 'હું ભિક્ષુ છું' આ રીતે કહે ત્યારે તેઓ સ્વીકારે, 'ભલે' એમ કહે, તો ભગવાન ત્યાં જ રહે. પણ જો તેઓને ઈચ્છિત વસ્તુનો વ્યાઘાત થવાથી ગુસ્સો આવે, અને તે મોહાંધ માત્ર વર્તમાનને જોનારા (પરલોકને નહીં જોનારા) લોકો એમ કહે કે 'જલ્દીથી આ સ્થાનમાંથી નીકળ.' તો ભગવાન 'બીજાની અપ્રીતિ થાય તેવો આ અવગ્રહ છે.' એવું જોઈને નીકળી જ જાય છે.

અથવા તો ભગવાન નીકળી જ જાય છે, પણ આ ઉત્તમ ધર્મ છે, એમ માનીને કષાયવાળા ગૃહસ્થ પ્રત્યે પણ મૌન રહે છે. કાંઈ બોલતા નથી. અને જે થવું હોય તે થાય, એમ માનીને ધ્યાન જ કરે છે - ધ્યાનથી ચલિત થતા નથી.

આ જ રીતે આવશ્યક ચૂર્ણિમાં પણ બે-ત્રણ સ્થાનોમાં કહ્યું છે. આ રીતે છદ્મસ્થ અવસ્થામાં શ્રીમહાવીરદેવના વચનનો વિચાર કહ્યો. ॥૯૨॥

ननु- अपवादपदे गीतार्था अपि अशुद्धं सचित्तम् आधाकर्मादिदोषदुष्टम् आहारं गृह्णन्ति न वा ? उच्यते गृह्णन्त्येव, यदुक्तं श्रीआचाराङ्गे द्वितीयश्रुतस्कन्धे प्रथमालापकव्याख्यानप्रान्ते, तथाहि- तथाप्रकारम् एवञ्जातीयम् अशुद्धम् अशनादि चतुर्विधमपि आहारं परहस्ते परपात्रे वा स्थितम्, अप्रासुकं सचित्तम्, अनेषणीयम् आधाकर्मादिदोषदुष्टम्, इत्येवं मन्यमानो भिक्षुः सत्यपि लाभे न प्रतिगृह्णीयाद् इत्युत्सर्गतः, अपवादतस्तु द्रव्यादि ज्ञात्वा गृह्णीयादपि, तत्र द्रव्यं दुर्लभं द्रव्यम्, क्षेत्रं साधारणद्रव्यलाभरहितं सरजस्कादिभावितं वा, कालो दुर्भिक्षादिः, भावो ग्लानतादिः, इत्यादिभिः कारणैरुपस्थितैरल्पबहुत्वं पर्यालोच्य गीतार्थो गृह्णीयादपि। इति अपवादे सचित्ताधाकर्माहार-

विशेषोपनिषद्

(९३) **પ્રશ્ન** :- ગીતાર્થો અપવાદમાર્ગે અશુદ્ધ, સચિત્ત, આધાકર્મ વગેરે દોષોથી દૂષિત એવો આહાર લે કે નહીં ?

**ઉત્તર** :- લે જ છે. શ્રી**આચારાંગ**ના દ્વિતીય શ્રુતસ્કંધ પહેલા આલાવાની ટીકામાં છેલ્લે કહ્યું છે – એવા પ્રકારનો અશન વગેરે ચારે પ્રકારનો આહાર, બીજાના હાથમાં કે બીજાના ભાજનમાં રહેલો હોય, અપ્રાસુક હોય એટલે કે સચિત્ત હોય, અનેષણીય હોય એટલે કે આધાકર્મ વગેરે દોષોથી દૂષિત હોય, એ સમજીને ભિક્ષુ લાભ થતો હોવા છતાં પણ ન વહોરે, આ વિધાન ઉત્સર્ગથી સમજવું. અપવાદથી તો દ્રવ્ય વગેરે જોઈને વહોરે પણ ખરા, તેમાં દ્રવ્યથી તે વસ્તુ દુર્લભ હોય, ક્ષેત્ર એવું હોય કે સાધારણ દ્રવ્ય પણ ન મળતું હોય, અથવા તો સંન્યાસી વગેરેથી ભાવિત હોય, (તે ક્ષેત્રમાં ન વહોરવાથી કદાચ એવો લોકપ્રકોપ થવાની શક્યતા હોય કે અમારા ગુરુ તો આ વહોરે છે, તો શું તમે એમને પાપી પુરવાર કરવા માંગો છો ? કે તેમનાથી ય ઊંચા છો ? કે આ વહોરતા નથી ?) કાળ દુર્ભિક્ષ વગેરે, ભાવ ગ્લાનતા વગેરે. ઈત્યાદિ કારણો ઉપસ્થિત થાય



ग्रहणविचारः।।९३।।

ननु- मरिचप्रमुखं कुत्र ग्राह्याग्राह्यत्वेन प्रोक्तम् अस्ति ? उच्यते श्रीआचाराङ्गे द्वितीयश्रुतस्कन्धे प्रथमाध्ययनेऽष्टमोद्देशके, तथाहि- “**से भिक्खू भिक्खुणी वा जाव पवेसमाणे सेज्जं पुण जाणेज्जा, पिप्पलिं वा पिप्पलिचुण्णं वा, मिरियं वा मिरियचुण्णं वा, सिंगवेरं वा सिंगवेरचुण्णं वा, अण्णयरं वा, तहपगारं आमगं असत्थपरिणयं अफासुअं लाभे संते नो पडिग्गहेज्जा।**”

व्याख्या- पिप्पलीमरिचे प्रतीते, शृङ्गवेरमार्द्रकं, तथाप्रकारम् आमलकादि, आमं अशस्त्रोपहतं नो प्रतिगृह्णीयादिति।

एवमेव श्रीनिशीथचूर्णौ एकादशोद्देशकेऽपि, तथाहि- “**जे भिक्खू वा भिक्खूणी वा पारियासियं, पिप्पलिं वा, पिप्पलिचुण्णं वा,**

विशेषोपनिषद्

ત્યારે અલ્પબહુત્વનો વિચાર કરીને ગીતાર્થ ગ્રહણ પણ કરે. આ રીતે અપવાદ માર્ગે સચિત્ત આધાકર્મ વહોરવાનો વિચાર કહ્યો. ।।૯૩।।

(૯૪) **પ્રશ્ન** :- મરી વગેરે લેવા કે ન લેવા ? તેનો નિર્દેશ ક્યાં શાસ્ત્રમાં કર્યો છે ?

ઉત્તર :- **શ્રીઆચારાંગ**માં દ્વિતીય શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયનના આઠમા ઉદ્દેસામાં કહ્યું છે –

ભિક્ષુ કે ભિક્ષુણી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં જાણે કે પીપર, પીપરનું ચૂર્ણ હોય, મરી કે મરીનું ચૂર્ણ હોય, આદુ હોય કે આદુનું ચૂર્ણ હોય, તે તેવા પ્રકારનું બીજું કાંઈક હોય, કે જે કાચું હોય, શસ્ત્ર પરિણત ન હોય, સચિત્ત હોય, તે મળતું હોય તો ન વહોરવું.

વૃત્તિ :- અહીં પીપર અને મરી પ્રતીત છે. શૃંગબેર એટલે આદુ. તેવા પ્રકારનું એટલે આમળા વગેરે. તે કાચુ, અશસ્ત્રોપહત હોય તે ન વહોરવું.

એ રીતે **શ્રીનિશીથચૂર્ણિ**માં ૧૧ મા ઉદ્દેસામાં પણ કહ્યું છે -

**मरियं वा, मरियचुण्णं वा, सिंगबेरं वा, सिंगबेरचुण्णं वा, विलं लोणं वा, उब्भियं वा लोणं आहारेइ"** इत्यादि **'पारियासियं, नाम राइपज्जुसियं, अभिन्ना पिप्पली, सा एव सुहुम भेदकया चुण्णो, एवं मरियं सिंगवेरं सुंठिं जत्थ विसए लोणं नत्थि, तत्थ उ सो पच्चइ, तं बिडलोणं भण्णइ, उब्भेयमं पुण सयंरुहं जहा समुद्दं सेंधवं वा एवमादि पारियासियं, आहारे तस्स आणादी दोसा चउगुरुणं चेति,** इति पिप्पलीमरिचग्राह्याग्राह्यत्वविचारः।।९४।।

ननु– साधूनां ग्राह्याग्राह्याणि वस्त्राणि, कुत्र सूत्रे प्रतिपादितानि सन्ति ? उच्यते आचाराङ्गसूत्रे द्वितीयश्रुतस्कन्धे पञ्चमाध्ययने प्रथमोद्देशके, तथाहि **'से भिक्खू वा भिक्खुणी वा अभिकंक्खेज्जा,**

विशेषोपनिषद्

જે ભિક્ષુ કે ભિક્ષુણી પર્યુષિત (વાસી) એવું પીપર, પીપરચૂર્ણ, મરી, મરીનું ચૂર્ણ, આદુ, આદુનું ચૂર્ણ, બિડ જાતનું મીઠુ કે ખાણમાં થતાં મીઠાને ખાય- ઈત્યાદિ. પર્યુષિત એટલે રાતનું વાસી. અખંડ પીપર હોય કે તેનો ઝીણો ભૂકો કર્યો હોય, તેવું ચૂર્ણ હોય. એમ મરી, આદુ, સૂંઠ વગેરે સમજવા. જે દેશમાં મીઠુ ન હોય, ત્યાં તે પકાવવામાં આવે છે, તેને બિડલવણ કહેવાય છે. ઉદ્ભિજ એટલે સ્વયં થતું મીઠું. જેમ કે સમુદ્રનું મીઠું કે સિંધવ ઈત્યાદિ પર્યુષિત છે. તેને ખાવામાં આજ્ઞાભંગ-અનવસ્થા-મિથ્યાત્વ-વિરાધના આ દોષો થાય છે અને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ આવે છે. આ પ્રમાણે પીપરના ગ્રાહ્ય-અગ્રાહ્યપણાનો વિચાર કહ્યો. ॥૯૪॥

(૯૫) **પ્રશ્ન** :- સાધુઓને ગ્રાહ્યાગ્રાહ્ય વસ્ત્રો કયાં કહ્યા છે ?

ઉત્તર :- **આચારાંગસૂત્ર**ના બીજા શ્રુતસ્કંધમાં પાંચમા અધ્યયનનાં પહેલા ઉદ્દેસામાં કહ્યું છે –

જે ભિક્ષુ કે ભિક્ષુણી વસ્ત્રની એષણા કરવા ઇચ્છે તે એવા પ્રકારનું વસ્ત્ર જાણે, કે જે જંગમ ઊંટ વગેરેના ઉનમાંથી બન્યું હોય,



**वत्थं एसित्तए से जं पुण वत्थं जाणिज्जा, तंजहा– जंगियं वा भंगिअं वा साणगं वा पोत्तगं वा खोमिअं वा तूलकडं वा तहपगारं वत्थं, जे निग्गंथे तरुणे जुगवं बलवं अप्पायंके थिरसंघयणे से एगं वत्थं धारेज्जा, नो वित्तिअं जा निग्गंथी सा चत्तारीसंघाडीओ धारेज्जा, एगं दोहत्थं वित्थारं दो तिहत्थवित्थाराओ, एगं चउहत्थं वित्थारं, एतेहिं वत्थेहिं अविज्जमाणेहिं अह पच्छा एगमेगं संसीवेज्जा।**

व्याख्या– स भिक्षुरभिकाङ्क्षेद् वस्त्रम् अन्वेष्टुम्, अत्र पुनर्यद् एवं वस्त्रं जानीयाद्, तद्यथा 'जंगियंति' जङ्गमोष्ट्राद्यूर्णानिष्पन्नं १ तथा 'भंगिअंति' नानाभङ्गिकविकलेन्द्रियलालानिष्पन्नं २, तथा 'साणियंति' २ सणवल्कलनिष्पन्नं ३ 'पोत्तगंति' ताल्यादिपत्रसङ्घातनिष्पन्नं ४ 'खोमियंति' कार्पासिकं ५ तूलगडंति, अर्कादितूलनिष्पन्नं ६ एवं तथाप्रकारम् अन्यदापि वस्त्रं धारयेद् इत्युत्तरेण सम्बन्धः, येन साधुना यावन्ति धारणीयानि, तद् दर्शयति, तत्र च यः तरुणो निर्ग्रन्थः साधुः यौवने वर्त्तते बलवान्, समर्थोऽल्पातङ्कोऽरोगी, स्थिरसंहननो दृढकायो,

विशेषोपनिषद्

અનેક પ્રકારના વિકલેન્દ્રિયોની લાળથી બન્યું હોય, શણની છાલથી બન્યું હોય, તાડ વગેરેના પાંદડાઓના સમૂહથી બન્યું હોય, કપાસમાંથી બન્યું હોય, આકડાના રૂમાંથી બનેલું, તથા આવા પ્રકારનું અન્ય પણ વસ્ત્ર.. ધારણ કરે એમ આગળના પદ સાથે સંબંધ છે. જે સાધુએ જેટલા વસ્ત્રો ધારણ કરવા જોઈએ, તે કહે છે - તેમાં જે તરુણ નિર્ગ્રંથ સાધુ હોય, તે યૌવનમાં વર્તમાન હોય, બળવાન અને નીરોગી હોય, તેવા સાધુ ત્વચાના રક્ષણ માટે એક વસ્ત્રને ધારણ કરે, બીજું નહીં.

જો આચાર્ય વગેરેને માટે બીજું વસ્ત્ર રાખે, તો તેને પોતે ન વાપરે. જે બાળ, દુર્બળ કે વૃદ્ધ હોય, યાવત્ મજબૂત શરીરવાળો ન

दृढधृतिश्च, स एवंभूतः साधुरेकं वस्त्रं प्रावरणं त्वग्-रक्षणार्थं धारयेत्, न द्वितीयमिति। यद् अपरम् आचार्यादि कृते बिभर्ति, तस्य स्वयं परिभोगं न कुरुते, यः पुनर्बालो दुर्बलो वृद्धो वा यावद् अल्पसंहननः, स यथासमाधिकं द्व्यादिकम् अपि धारयति, जिनकल्पिकस्तु यथा-प्रतिज्ञातमेव धारयेन् न तत्रापवादोऽस्ति। या पुनर्निर्ग्रन्थिः सा चतस्रः सङ्घाटिका धारयेत्, तद् यथा एकां द्विहस्तपरिमाणां यां प्रतिश्रये तिष्ठन्ती धारयेत्। द्वे त्रिहस्तपरिमाणे, तत्र एकाम् उज्ज्वलां भिक्षाकाले प्रावृणोति, अपरां बहिर्भूमिगमनावसरे इति। तथा अपरां चतुर्हस्तविस्तरां समवसरणादौ, सर्वशरीरप्रच्छादिकां प्रावृणोति, तस्याश्च यथाकृताया अलाभे, अथ पश्चाद् एकम् एकेन सार्धं सीव्येदिति, **“से भिक्खू भिक्खुणी वा से जाइं पुण वत्थाइं जाणेज्जा, विरूवरूवाइं महद्धणमोल्लाणि, तंजहा अजिणाणि वा सहिणाणि वा, २ सहिणकल्लाणाणि वा ४ आयाणि वा, काइकाणि वा, खोमियाणि वा, दुगुल्लाणि वा, पट्टाणि वा, मलयाणि वा, पन्नुणाणि वा,**

———— विशेषोपनिषद् ————

હોય, તે સમાધિને અનુસારે બે કપડા-ત્રણ કપડા વગેરે પણ રાખે. જિનકલ્પિત તો પોતે જે રીતની પ્રતિજ્ઞા કરી હોય, તે મુજબ વસ્ત્ર ધારણ કરે, તેમાં અપવાદ નથી.

જે શ્રમણી હોય, તે ચાર સંઘાટી ધારણ કરે. એક બે હાથ પ્રમાણ હોય. ઉપાશ્રયમાં હોય ત્યારે તે પહેરે. બે ત્રણ હાથ પ્રમાણ હોય, તેમાં એક ઉજ્જ્વળ હોય તે ભિક્ષાકાળે ઓઢે અને બીજી બહિર્ભૂમિ જતી વખતે ઓઢે. અને ચોથી સંઘાટી ચાર હાથના વિસ્તારવાળી હોય, તેનાથી સર્વશરીર આચ્છાદિત થઈ જાય. તે સમવસરણ વગેરેમાં ઓઢે. અને તે સંઘાટી તેવા પ્રમાણની સ્વાભાવિક ન મળે, તો પછી એકને બીજી સંઘાટી સાથે સીવી લે.

ભિક્ષુ કે ભિક્ષુણી એવા વસ્ત્રોને જાણે, કે જે ચિત્ર-વિચિત્ર



**असंआणि वा, चीणंसुआणि वा, अन्नयराणि वा, तहप्पगाराइं वत्थाइं महद्धणमोल्लाणि लाभे संते नो पडिग्गहेज्जा”।**

व्याख्या– स भिक्षुर्यानि पुनर्महाधनमूल्यानि जानीयात्, तद्यथा ‘अजिनानि’ मूषकादिचर्मनिष्पन्नानि, श्लक्ष्णकानि सूक्ष्माणि च तानि वर्णच्छव्यादिभिश्च कल्याणानि शोभनानि च, सूक्ष्मकल्याणानि ‘आयाणि-यत्ति’ क्वचिद्देशविशेषे अजाः सूक्ष्मरोमवन्त्यो भवन्ति, तत्पक्ष्म-निष्पन्नानि, अजानिकानि भवन्ति। तथा क्वचिद् देशे इन्द्रनीलवर्णः कर्पासो भवति, तेन निष्पन्नानि, कायिकानि क्षौमिकं सामान्यकार्पासिकम्, दुकूलं गौडविषयविशिष्टकार्पासिकं, पट्टसूत्रनिष्पन्नानि पट्टानि, मलयानि मलयज-सूत्रोत्पन्नानि ‘पन्नुन्नंति’ वल्कलतन्तुनिष्पन्नम् अंशुकम्, चीनांशुकादीनि नानादेशेषु प्रसिद्धाभिधानानि, तानि च महार्घमूल्यानीति कृत्वा एहिका-मुष्मिकापायभयात् लाभे सति न प्रतिगृह्णीयादिति। इति साधूनां ग्राह्याग्राह्यवस्त्रविचारः।।९५।।

———— विशेषोपनिषद् ————

હોય, મહામૂલ્યવાન હોય, જેમ કે ઉંદર વગેરેના ચામડાથી બનેલા હોય, ઝીણા હોય, ઝીણા હોવા સાથે રંગ, કાન્તિ (બ્રાઈટનેસ) વગેરેથી સુંદર હોય, કોઈક દેશમાં બકરી ઝીણા રોમવાળી હોય, તેમાંથી બનેલા કપડા હોય. કોઈક દેશમાં ઈન્દ્રનીલમણિ જેવા (નીલ) વર્ણનું કપાસ હોય છે. તેમાંથી બનેલા હોય તે = કાયિક. ક્ષૌમિક એટલે સામાન્ય કપાસનું બનેલ વસ્ત્ર, દુકૂલ એટલે ગૌડ દેશના કપાસનું વસ્ત્ર, રેશમી તંતુમાંથી બનેલા રેશમી વસ્ત્રો, ચંદનના તંતુમાંથી બનેલા વસ્ત્રો, વલ્કલ તંતુમાંથી બનેલું વસ્ત્ર, ચીની વસ્ત્ર વગેરે અનેક દેશોમાં પ્રસિદ્ધ નામવાળા વસ્ત્રો. તે મહામૂલ્યવાળા હોય છે. માટે ઐહિક-આમુષ્મિક અપાયના ભયથી તે મળતા હોય, તો ન વહોરવા. (આલોકમાં ચોરી વગેરેનો અપાય થાય અને મમત્વ, સંક્લેશ વગેરેને કારણ પારલૌકિક અપાય થાય.) આ રીતે સાધુએ લેવા યોગ્ય અને ન લેવા યોગ્ય વસ્ત્રનો વિચાર કહ્યો. ॥૯૫॥

ननु– कल्पसूत्रे पञ्चमसामाचार्यां **'वासावासं पज्जोसवियाणं नो कप्पइ निग्गंथाण वा निग्गंथीणं वा हट्ठाणं तुट्ठाणं आरोगाणं बलियसरीराणं इमाओ नवरसविगइओ अभिक्खणं २ आहारित्तए। तंजहा खीरं दहिं नवणीयं सप्पिं तिल्लं गुडं महुं मज्जं मंसं।** इत्युक्तं तत्कथं घटते, मद्यादिविकृतीनाम् अभक्ष्यत्वेन जावज्जीवं साधूनां वर्जितत्वात् ? उच्यते, यद्यपि साधूनां तद्वर्जनम् अस्त्येव, परं कदाचिद् अत्यन्तापवाददशायां ग्रहणेऽपि कृतपर्युषणानां सर्वथां निषेधः। तत्र तासां परिभोगो बहिः परिभोगार्थे ज्ञेयः। यदुक्तं श्रीआचाराङ्गे द्वितीयश्रुतस्कन्धे प्रथमोद्देशके, तथाहि 'से भिक्खू वा से जं पुण जाणेज्जा बहुअट्ठियं वा मंसं वा मच्छगं वा बहुकंटयं, अस्सिं खलु पडिग्गहियंसि अप्पे सिया भोयणजाए बहुउज्झियधम्मिए तह पगारं

विशेषोपनिषद्

(९९) **પ્રશ્ન** :- **કલ્પસૂત્ર**માં પાંચમી સામાચારીમાં એમ કહ્યું છે કે – ચોમાસામાં સાધુ કે સાધ્વી, જે હૃષ્ટ-પૃષ્ટ, નીરોગી, બળવાન શરીરવાળા હોય, તેમને આ નવ રસવાળી વિગઈઓ વારંવાર વાપરવી ન કલ્પે. તે વિગઈઓ આ પ્રમાણે છે – દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, મધ, માંસ.

આ વચન શી રીતે ઘટે ? કારણ કે મધ વગેરે વિગઈઓ તો અભક્ષ્ય હોવાથી, સાધુને યાવજ્જીવ બંધ જ છે.

**ઉત્તર** :- જો કે સાધુઓને તે વિગઈઓ બંધ જ છે. તો પણ ક્યારેક અત્યંત અપવાદ દશામાં તેનું ગ્રહણ કરતાં હોય, તો પણ ચોમાસામાં તેનો સર્વથા નિષેધ છે. વળી તેનું ગ્રહણ કરે ત્યારે પણ તેનો ઉપયોગ બાહ્ય પરિભોગ માટે કરે છે, એમ સમજવું. **શ્રીઆચારાંગ**માં બીજા શ્રુતસ્કંધના પહેલા ઉદ્દેસામાં કહ્યું છે –

ભિક્ષુ કે ભિક્ષુણી એવું જાણે કે ઘણા હાડકાવાળું માંસ છે કે ઘણા કંટકવાલું માછલું આ ભાજનમાં છે. તેમાં ઉપભોજ્ય અંશ



बहुअट्ठियं वा मंसं मच्छगं वा बहुकंटयं लाभे संते, नो पडिग्गहेज्जा, से भिक्खू वा २ जाव समाणे सिया णं परो बहुअट्ठिएणं मंसेणं मच्छेणं वा उवनिमंतेज्जा आउसंतो समणा अभिकक्खंसि बहुअट्ठिअं मंसं पडिग्गहित्तए तंजहा तहपगारं निग्घोसं सुच्चा निसम्म से पुव्वामेव आलोएज्जा, आउसोत्ति वा, भइणी वा नो खलु मे कप्पइ बहुअट्ठिअं मंसं पडिग्गहितए, अभिकक्खंसि मे दाउं जावइयं तावइयं पुग्गलं दलयाहि मा अट्ठियाइं से एवं वयंतस्स परो अभिहट्टु अंतो पडिग्गहगंसि बहुअट्ठियं मंसं पडिभाएत्ता नीहट्टु दलेज्जा, तहपगारं पडिग्गहगं परहत्थंसि परपायंसि वा अफासुयं जाव नो पडिग्गए, से य आहच्च पडिगाहिए सिया, तं नो हित्ति वएज्जा, नो अणहित्ति वएज्जा, से तमादाय एगंतमवक्कमेज्जा, अहे आरामंसि वा अहे उवस्सगंसि वा, अप्पंडे जाव असंताणए वा, मंसगं २ मच्छगं २ भुत्ता, अट्ठियाइ कंटगे

विशेषोपनिषद्

ઓછો છે અને ફેંકી દેવાનું ઘણુ છે. તે મળતું હોય, તો તેનું ગ્રહણ ન કરે.

ભિક્ષુ કે ભિક્ષુણી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે, ત્યારે તેને ગૃહસ્થ ઘણા હાડકાવાળા માંસ કે માછલીની વિનંતિ કરે, કે હે આયુષ્માન્ શ્રમણ ! ઘણા હાડકાવાળુ માંસ વહોરવા ઈચ્છો છો ? તેવી વિનંતિ સાંભળીને શ્રમણ પૂર્વે જ જોઈ/વિચારી લે આયુષ્માન્ ! કે બહેન ! ઘણા હાડકાવાળું માંસ લેવું મને કલ્પતું નથી. તમે મને જેટલું આપવા ઈચ્છતા હો, તેટલું માંસ જ આપો, હાડકા નહીં. આમ કહેતા શ્રમણને ગૃહસ્થ અંદર જઈને બહાર નીકળીને ઘણા હાડકાવાળું માંસ આપે તેવા પ્રકારનું તે દ્રવ્ય બીજાના હાથમાં કે બીજાના ભાજનમાં હોય, અપ્રાસુક, અનેષણીય હોય, તેનું ગ્રહણ ન કરવું. જો તે ક્યારેક વહોરી લીધું હોય, તો હિ (ખરાબ કર્યું) એવું ન કહે. અણહિ (સારું કર્યું ?) એવું પણ ન કહે. એ તે લઈને

गहाय, से तमायाय एगंतमवक्कमेज्जा, अहे झामथंडिल्लंसि वा जाव पमज्जिय २ परिठ्ठवेज्जा" एवं मांससूत्रमपि ज्ञेयम्। अस्य च उपादानं क्वचिद् लूताद्युपशमनार्थं सद्वैद्योक्तं, देशतो बाह्यपरिभोगेन स्वेदादिना ज्ञानाद्युपकारकत्वात् फलवद्, दृष्टं भुजिश्च अत्र बहिः परिभोगार्थे न अभ्यवहारार्थे पदातिभोगवत्, एवं गृहस्थामन्त्रणादिविधिपुद्गलसूत्रमपि सुगमम्, इति तदेवम् आदिना छेदसूत्राभिप्रायेण ग्रहणे सत्यपि कण्टकादि-परिष्ठापनविधि- रपि सुगमः। इति बहिः-परिभोगार्थे साधूनां मांसादि-ग्रहणविचारः।।९६।।

विशेषोपनिषद्

એકાંતમાં જાય કોઈ ઝાડ નીચે કે ઉપાશ્રયના છાપરા નીચે જ્યાં ઈંડા ન હોય, યાવત્ સંતાન (ત્રસ જીવો) ન હોય, ત્યાં માંસ-માછલીનો પરિભોગ કરીને, હાડકા વગેરે કંટકો લઈને કુંભારનો નિભાડો વગેરે અચિત્ત સ્થંડિલમાં પ્રમાર્જી પ્રમાર્જીને પરઠવે. આ જ રીતે માંસસૂત્ર પણ સમજવું.

આનું ઉપાદાન કોઈ સારા વૈદના કથનથી ચામડીનો રોગ વગેરે મટાડવા માટે થાય છે. આંશિક બાહ્ય પરિભોગથી પરસેવો થવાથી રોગોપશમથી જ્ઞાનાદિમાં ઉપકારક હોવાથી સફળ છે. અહીં સૂત્રમાં 'भुत्ता' એવો પ્રયોગ કર્યો છે, 'भुजि' ધાતુ બાહ્ય પરિભોગના અર્થમાં હોય, ભોજનના અર્થમાં ન હોય, એવું પણ જોવાયું છે. જેમ કે રાજા સૈનિકનો પરિભોગ કરે છે. (તેની સેવાને અનુભવે છે.)

એ જ રીતે ગૃહસ્થ વિનંતિ કરે છે, વગેરે માંસસૂત્ર પણ સુગમ છે. અને આદિથી છેદસૂત્રના અભિપ્રાયથી ગ્રહણ કર્યા પછી કંટક વગેર પરઠવવાનો વિધિ પણ સુગમ છે.

આ રીતે બાહ્ય પરિભોગ માટે સાધુઓને માંસ વગેરેના ગ્રહણનો વિચાર કહ્યો. ॥૯૬॥



ननु– प्रातः स्वाध्यायकरणानन्तरं यस्य शय्यातरगृहं कृतं भवति, तस्य गृहे आहारोपधिरूप एव पिण्डो न गृह्यते, किंवा तृणादिकमपि न ? उच्यते तृणादिकं वस्तु बाह्यं गृह्यत एव, यदुक्तं श्रीस्थानाङ्गे पञ्चमस्थानस्य द्वितीयोद्देशके, तथाहि–सागारियपिंडं भुंजमाणो त्ति, अगारं गृहं सह तेन वर्तते इति सागारः स एव सागारिकः शय्यातरः, तस्य पिण्डः आहारोपध्यादिरूपः। अन्यस्तु असौ न भवति, उक्तं च-

**तण-छार-डगलमल्लग सज्जा संथार पीढलेवाई।**
**सिज्जायरपिंडो सो न होइ सो होइ बहिओत्ति।।१।।**

इति शय्यातरगृहेऽपि पीठफलकादिग्रहणविचारः।।९७।।

ननु– तृषातुराणां पानीयपानात् तदुच्छेदनेन महान् उपकारो जायते,

विशेषोपनिषद्

(૯૭) **પ્રશ્ન** :- સવારે સ્વાધ્યાય કર્યા પછી જે શય્યાતરનું ઘર કર્યું હોય, તેના ઘરે આહાર-ઉપધિરૂપ જ પિંડ ન લેવાય ? કે પછી તૃણ વગેરે પણ ન લેવાય ?

**ઉત્તર** :- તૃણ વગેરે બાહ્ય વસ્તુ તો લેવાય જ છે. **શ્રીસ્થાનાંગ**માં પાંચમા સ્થાનના બીજા ઉદ્દેસામાં કહ્યું છે – 'સાગારિકના પિંડને વાપરતો' - અહીં અગાર = ઘર. ઘર સહિત હોય, તે સાગાર. તે જ સાગારિક શય્યાતર છે, તેનો પિંડ આહાર-ઉપધિ વગેરે પિંડ તે સાગારિકપિંડ છે. તે સિવાયની વસ્તુ સાગારિકપિંડ ન કહેવાય. કહ્યું પણ છે – તૃણ, રાખ, પાકેલી ઈંટના ટુકડા, કોડિયું, શય્યા, સંથારો, પીઠક, (ગાડાના પૈડાનો) લેપ- આ વસ્તુઓ બાહ્ય છે. તે શય્યાતરપિંડ નથી.

આ રીતે શય્યાતરના ઘરે પણ પીઠ-ફલક વગેરે લેવાનો વિચાર. ॥૯૭॥

(૯૮) **પ્રશ્ન** :- તરસ્યા લોકોને પાણી પાવાથી તૃષ્ણાનો વિચ્છેદ થવાથી મોટો ઉપકાર થાય છે. એ જલપાનનું મૂળ છે કૂવા-તળાવ

तन्मूलं च कूपतडागादिखननम्, ततः साधुस्तत् खननोपदेशं दद्याद् न वा ? उच्यते नैतद् उपदेशदानं साधुजनानां युक्तं नापि तन्निषेधः, उभयथापि सिद्धान्ते सदोषत्वेन निषिद्धत्वाद्, यदुक्तं श्रीआचाराङ्गसूत्रवृत्त्योः प्रथमश्रुतस्कन्धे षष्ठाध्ययने पञ्चमोद्देशके तथाहि अन्यान् वा सामान्येन प्राणिनो भूतान् जीवान् सत्त्वान् नो अशातयेत् बाधयेत्, तदेवं स मुनिः स्वतोऽनाशातकः परैरनाशातयत्, तथा परानाशातयतोऽननुमन्यमानोऽपरेषां बध्यमानानां प्राणिनां भूतानां जीवानां सत्त्वानां यथा पीडा नोत्पद्यते, तथा धर्मं कथयेत्, तद् यथा– यदि लौकिककुप्रावचनिकपार्श्वस्थादिनानि प्रशंसन्ति, अवटतटाकादीनि वा, ततः पृथ्वीकायिकादयो वा व्यापादिता भवेयुः। अथ दूषयति ततोऽपरेषाम् अन्तरायापादनेन तत्कृतो बन्धविपाकानुभवः। उक्तं च–



વગેરે ખોદાવવા. તો સાધુ તેનો ઉપદેશ આપે કે નહીં ?

**ઉત્તર** :- સાધુઓ તેનો ઉપદેશ આપે એ ઉચિત નથી. તેઓ તેનો નિષેધ કરે તે પણ ઉચિત નથી. કારણ કે એ બંનેમાં દોષ હોવાથી આગમમાં તે બંનેનો નિષેધ કર્યો છે. **શ્રીઆચારાંગસૂત્ર**-વૃત્તિમાં પ્રથમ શ્રુતસ્કંધમાં છટ્ઠા અધ્યયનના પાંચમા ઉદ્દેસામાં કહ્યું છે-

અથવા તો અન્ય એવા સામાન્યથી પ્રાણી, ભૂત, જીવો, સત્ત્વોને પીડા ન કરે, તે જીવ પોતે અપીડક છે. બીજા દ્વારા પીડા કરાવતો નથી. અને બીજા પીડા કરતા હોય તેની અનુમોદના કરતો નથી. બીજા બંધાતા પ્રાણી, ભૂત, જીવો, સત્ત્વોને જે રીતે પીડા ન થાય, તે રીતે ધર્મ કહે. તે આ રીતે- લૌકિક કુપ્રાવચનિક-પાર્શ્વસ્થ વગેરેને આપેલા દાનની પ્રશંસા કરે, અથવા તો કૂવા-તળાવોની પ્રશંસા કરે, તો પૃથ્વીકાય વગેરેનો વધ થાય. અને જો એ દાનની અથવા તો કૂવા-તળાવોની નિંદા કરે તો બીજાઓને અંતરાય કરવાથી કર્મબંધ થાય અને તેના વિપાકને અનુભવવો પડે. કહ્યું પણ છે – જેઓ



**जे उ दाणं पसंसंति वहं इच्छंति पाणिणं।**
**जे तु णं पडिसेहंति वित्तिच्छेयं करिंति ते।।**

तस्मात् तद्दानावटतटाकादिविधिप्रतिषेधव्युदासेन यथाऽवस्थितं दानं शुद्धं प्ररूपयेत्। इति साधूनां कूपतटाकादिखनने उपदेशो न देयो, न निषेधनीय इति विचारः।।९८।।

ननु– साधवः आम्रं प्रासुकं गृह्णन्तो दृश्यन्ते तत्कुत्र प्रतिपादितम् अस्ति ? उच्यते श्रीआचाराङ्गद्वितीयश्रुतस्कन्धे सप्तमाध्ययने द्वितीयोद्देशके, तथाहि **“से भिक्खू वा भिक्खूणी वा सेज्जं पुण अम्बं जाणेज्जा, अप्पडं जाव संताणगं तिरिच्छछिन्नं वुच्छिन्नं फासुयं जाव पडिग्गहेज्जा।”**

व्याख्या– स भिक्षुः अल्पाण्डम् अल्पसन्तानकं तिरश्चीनच्छिन्नं तथा व्यवच्छिन्नं यावत् प्रासुकम्, कारणे सति गृह्णीयादिति। साधूनाम्



દાનની પ્રશંસા કરે છે, તેઓ જીવોનો વધ ઇચ્છે છે અને જેઓ દાનનો પ્રતિષેધ કરે છે, તેઓ બીજાની જીવિકાનો ઉચ્છેદ કરે છે.

માટે લૌકિકાદિને દાન, કૂવા-તળાવ વગેરેના વિધાન-પ્રતિષેધ બંનેને છોડીને યથાવસ્થિત શુદ્ધ દાનની પ્રરૂપણા કરવી જોઈએ. આ રીતે સાધુઓએ કૂવા-તળાવને ખોદાવવા વિષે ઉપદેશ ન દેવો, અને તેનો નિષેધ પણ ન કરવો, એ વિચાર કહ્યો. ।।૯૮।।

(૯૯) **પ્રશ્ન** :- સાધુઓ અચિત્ત કેરી વહોરે છે, એવું દેખાય છે. તેની અનુજ્ઞા ક્યાં શાસ્ત્રમાં આપી છે ?

**ઉત્તર** :- **શ્રીઆચારાંગ**માં બીજા શ્રુતસ્કંધમાં સાતમા અધ્યયનમાં બીજા ઉદ્દેસામાં કહ્યું છે – ભિક્ષુ કે ભિક્ષુણી ગૃહસ્થના ઘરે પ્રવેશ કરે, ત્યારે એવી કેરી જાણે કે જે સૂક્ષ્મ ઈંડા વગેરેથી રહિત હોય યાવત્ ત્રસ જીવોથી રહિત હોય, આડો છેદ કરેલી હોય, વિશેષથી શસ્ત્રછિન્ન હોય, (તેથી) અચિત્ત હોય યાવત્ તે વહોરે. અર્થાત્ પુષ્ટ

आम्रग्रहणविचारः ।।९९ ।।

ननु– गच्छवासिनः साधवो वस्त्राणि क्षालयन्ति तत्कुत्र प्रतिपादितम्? उच्यते, एतदपि आचाराङ्गद्वितीयश्रुतस्कन्धे पञ्चमाध्ययने प्रथमोद्देशके तथाहि–

**"से भिक्खू वा २ नो नवए मे वत्थेत्तिकट्टु णो बहुदेसिएण सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, जाव धोएज्जा वा।"**

स भिक्षुः यद्यपि मलोपचितत्वाद् दुर्गन्धवस्त्रं स्यात्, तथापि तदपनयनार्थं सुगन्धद्रव्योदकादिना नो धावनादि कुर्याद् गच्छनिर्गतः, तदन्तर्गतस्तु यतनया प्रासुकोदकादिना लोकोपघातसंशक्तिभयात्, मलापनयनं कुर्यादपि। इति गच्छवासिसाधूनां वस्त्रधावनविधिविचारः।।१००।।



કારણ હોય ત્યારે તેનું ગ્રહણ કરે. આ રીતે સાધુઓને કેરી વહોરવાનો વિચાર કહ્યો. ।।૯૯।।

(૧૦૦) **પ્રશ્ન** :- ગચ્છવાસી સાધુઓ કપડાં ધોવે છે. તેનું પ્રતિપાદન ક્યાં શાસ્ત્રમાં છે ?

**ઉત્તર** :- આ પણ **શ્રીઆચારાંગ**ના બીજા શ્રુતસ્કંધમાં પાંચમા અધ્યયનના પહેલા ઉદ્દેસામાં કહ્યું છે –

ભિક્ષુ કે ભિક્ષુણી મારું વસ્ત્ર નવું નથી એમ માનીને સુગંધી દ્રવ્યથી શીત વિકટ જળથી કે ઉષ્ણ વિકટ જળથી યાવત્ ન ધોવે.

તે ભિક્ષુ ભલે મલોપચિત હોવાથી દુર્ગંધી વસ્ત્રવાળા હોય, તો પણ મલને દૂર કરવા માટે સુગંધીદ્રવ્ય, પાણી વગેરેથી કપડાનું ધાવન વગેરે ન કરે. આ વિધાન ગચ્છનિર્ગત-જિનકલ્પીને આશ્રીને છે. જે ગચ્છવાસી છે, તે તો લોકોપઘાત, (જીવની ?) સંશક્તિ (સસંક્તિ ?)ના ભયથી (અથવા રોગાદિ કારણે) અચિત્ત પાણી વગેરેથી મલ દૂર કરે પણ ખરા. આ રીતે ગચ્છવાસી સાધુઓને



**श्रीमत्खरतरगच्छे श्रीमज्जिनसिंहसूरिगुरुराजे।**
**साम्राज्यं कुर्वाणो युगप्रधानाख्यविरुदं धरे।।१।।**
**विक्रमसम्वति लोचनमुनिदर्शनकुमुदबान्धवप्रमिते।**
**(१६७२) श्रीपार्श्वजन्मदिवसे पुरे श्रीमेडतानगरे।।२।।**
**युगप्रधानपदवी श्रीअकब्बरसाहिना।**
**येभ्यो दत्ता महाभाग्याः श्रीजिनचन्द्रसूरयः।।३।।**
**तेषां शिष्यो मुख्यः स्वहस्तदीक्षितसकलचन्द्रगणिः।**
**तच्छिष्यसमयसुन्दरपाठकैरकृत शतकमिदम्।।४।।**

इति श्रीसमयसुन्दरोपाध्यायविरचितं विशेषशतकं सम्पूर्णम्।।

**मुनिवसुषोडशवर्षे गुर्जरदेशे च महति दुःकाले।**
**मृतकैरस्थिग्रामे जाते श्रीपत्तने नगरे।।१।।**
**भिक्षुभयात् कपाटे जटिते व्यवहारिभिर्भृशं बहुभिः।**
**पुरुषैर्माने मुक्ते सीदति सति साधुवर्गेऽपि।।२।।**



આશ્રીને વસ્ત્રધાવનનો વિચાર કહ્યો. ।।૧૦૦।।

'યુગપ્રધાન' બિરુદના ધારક એવા શ્રી જિનસિંહસૂરિ ગુરુરાજ શ્રીખરતરગચ્છમાં સામ્રાજ્ય કરતાં હતાં, ત્યારે વિ.સં. ૧૬૭૨ માં શ્રીપાર્શ્વનાથપ્રભુના જન્મદિને મેડતા નગરમાં જેમને શ્રીઅકબરસાહિએ યુગપ્રધાનની પદવી આપી હતી એવા મહાભાગ શ્રીજિનચન્દ્રસૂરિ હતા. તેમના મુખ્ય શિષ્ય અને તેમના હાથે જ દીક્ષિત એવા શ્રીસકલચન્દ્રગણિ હતાં. તેમના શિષ્ય સમયસુંદર ઉપાધ્યાયજીએ આ શતકની રચના કરી છે.

**ઈતિ શ્રીસમયસુંદર ઉપાધ્યાય વિરચિત વિશેષ શતક સંપૂર્ણ.**

વિ.સં. ૧૬૯૭ માં ગુજરાતમાં મોટો દુકાળ પડ્યો. પાટણ નગર મડદાઓથી જાણે અસ્થિગ્રામ બની ગયું હતું. ઘણા વેપારીઓ ભિક્ષુકના ભયથી દરવાજાને દઢ રીતે બંધ રાખતા હતાં. પુરુષોએ સ્વમાન

**जाते च पञ्च रजतैर्धान्यमाने सकलवस्तुनि महर्घ्ये।**
**परदेशगति लोके मुक्त्वा पितृमातृबन्धुजनान्।।३।।**
**हाहाकारे जाते मारिकृतानेकलोकसंहारे।**
**केनाप्यदृष्टपूर्वे निशि को(कौ)लिक(के) लुण्ट(ण्टि)ते नगरे।।४।।**
**तस्मिन्समयेऽस्माभिः केनापि च हेतुना च तिष्ठद्भिः।**
**श्रीसमयसुन्दरोपाध्यायै- र्लिखिता च प्रतिरेषा।।५।।**
**मुनिमेघविजयशिष्यो गुरुभक्तो नित्यपार्श्ववर्त्ती च।**
**तस्मै पाठनपूर्वं दत्ता प्रतिरेषा पठतु मुदा।।६।।**
**प्रस्तावोचितमेतत्तु श्लोकषट्कं मया कृतम्।**
**वाचनीयं विनोदेन गुणग्राहिविदांवरैः।।७।।**

विशेषोपनिषद्

છોડી દીધું હતું. અને સાધુવર્ગ પણ સીદાતો હતો. ધાન્યનું માન (મૂલ્ય ?) પાંચ રજત હતું. બધી વસ્તુઓ મોંઘી હતી. લોકો પિતા-માતા-બાંધવોને છોડીને પરદેશ જતા હતાં. મારિથી અનેક લોકોનો સંહાર થયો. હાહાકાર મચી ગયો. કોઈએ પણ પૂર્વે જોયું ન હતું તેવી દશા વાળા આ નગરમાં રાત્રે કોલિક (કૌલિક-પાખંડી ?) લૂંટ ચલાવતો હતો. તે સમયે કોઈ પણ હેતુથી આ નગરમાં રહેતાં મેં - શ્રી સમયસુંદરોપાધ્યાયે આ પ્રતિ લખી છે. મુનિ મેઘવિજય નામનો મારો શિષ્ય ગુરુભક્ત છે અને નિત્ય સેવામાં રહે છે. તેને ભણાવવાપૂર્વક આ પ્રતિ મેં આપી, તે આ પ્રતિને આનંદથી ભણે. આ અવસરોચિત છ શ્લોકો મેં બનાવ્યા છે. ગુણગ્રાહી વિદ્વદ્વર્યોએ તેને આનંદથી વાંચવા.

ઈતિ

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામિશાસને
વિરમગામ વિભૂષણ પરમકૃપાળુ શ્રી શાંતિનાથ ચૈત્ય સાન્નિધ્યે
શ્રી સદ્ગુરુની કૃપાથી વીરસંવત્ ૨૫૩૫ માં



તપાગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-
હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય આચાર્ય
વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સંસ્તૃત
વિશેષશતક-ભાવાનુવાદરૂપ
વિશેષોપનિષદ્